


મુનિરાજ શ્રી જયંતવિજયજી

नो वह्निर्नोरगेन्द्रा न च
विषम विषं शाकिनी नातिचण्डा,
नो मन्त्रा नैव तन्त्रा न च
सकलरिपुर्विग्रहो नो पिशाचाः।
नो व्याघ्रो नैव सिंहः प्रभवति
पुरुषं व्याधिरेकोऽपि नो तं,
श्रीमच्छङ्खेश्वरस्थं भुवनपतिनतं
यः स्मरेत पार्श्वनाथम्॥

ये जन्तवः स्तवपरास्तव विश्वनाथ!
शङ्खेश्वरे सुसमयं समयं नयन्ति।
ते मातुरातुरगवं न हि गर्भवास
क्लेशं विशन्ति मनुजा नत्
जातमोक्षाः।

शंखेश्वर महातीर्थ

मुनिराज श्री जयन्तविजयजी

શ્રીવિજયધર્મસૂરિ જૈન ગ્રન્થમાળા પુ. ૫૭

॥ अर्हम् ॥

શંખેશ્વર મહાતીર્થ

(ભાગ પહેલો–બીજો)

લેખક અને સંગ્રાહક:—

શાન્તમૂર્ત્તિ મુનિરાજ શ્રી જયન્તવિજયજી

પ્રથમ આવૃત્તિ ૧૦૦૦

વીર સં. ૨૪૬૮]   ધર્મ સં. ૨૦   [વિ. સં. ૧૯૯૮

કિંમત ૧—૪—૦

P21 : 8628 - 23593

પ્રકાશકઃ—
શ્રી દીપચંદજી બાંઠિયા
મંત્રી-
શ્રી વિજયધર્મસૂરિ જૈન ગ્રંથમાળા
ઉજ્જૈન (માળવા)

આર્થિક સહાયકઃ—
રાધનપુરનિવાસી શ્રેષ્ઠીવર્ય્ય
શ્રીયુત શેઠ જીવણલાલ કેશરીચંદના શ્રેયાર્થે
તેમના સુપુત્ર શેઠ ધીરજલાલ જીવણલાલ

આ પુસ્તકમાંનાં બધાં ચિત્રો
તથા જેકેટ એડવાન્સ પ્રિન્ટરીમાં
છપાયાં છે. ઠે. પાંચકુવા
દરવાજા બહાર : અમદાવાદ

મુદ્રકઃ—
કેશવલાલ સાંકળચંદ શાહ
ધી વીરવિજય પ્રિન્ટીંગ પ્રેસ
સલાપોસ ક્રોસરોડ, અમદાવાદ

પ્રકાશકનું નિવેદન

સ્વ૦ શાસ્ત્રવિશારદ જૈનાચાર્ય શ્રી વિજયધર્મસૂરિજી મહારાજના વિદ્વાન્ શિષ્યરત્ન શાન્તમૂર્તિ મુનિરાજ શ્રી જયન્તવિજયજીના નામથી હવે વિદ્વત્–જગત ભાગ્યે જ અજાણ્યું હશે.

તેમની પ્રૌઢ લેખિનીથી લખાયેલ વિહાર–વર્ણન, આબૂ (ગુજરાતી), બ્રાહ્મણવાડા, હેમચંદ્ર-વચનામૃત, અર્બુદ પ્રાચીન જૈન લેખ સંદોહ, વગેરે અનેક મહત્ત્વના ગ્રંથો અગાઉ પ્રકટ કરવા અમે ભાગ્યશાળી થયા છીએ. ત્યારપછી તેમનો આ મહાન્ ગ્રંથ પ્રગટ કરતાં ખરેખર, અમને ખૂબ આનંદ થાય છે.

શંખેશ્વરજી અતિ પ્રાચીન, મહાપ્રભાવક અને મહત્ત્વનું તીર્થ છે. ઇતિહાસવેત્તા મુનિરાજ શ્રી જયન્તવિજયજીએ તે મહાતીર્થનું શુદ્ધ ઐતિહાસિક દૃષ્ટિએ સુંદર વર્ણન કરી તેની મહત્તામાં વધારો કર્યો છે. અતિ પરિશ્રમ લઈને શોધખોળ પૂર્વક તૈયાર કરેલો તેમનો આ ગ્રંથ પુરાતત્ત્વવેતાઓ–વિદ્વાનો અને તીર્થપ્રેમીઓમાં આદરપાત્ર થઈ પડશે, તેમાં કંઈ શંકા નથી. શંખેશ્વર તીર્થ સંબંધી ફોટાઓ, પંચ-તીર્થીનો નકશો, સુંદર છપાઈ, પાકું બાઇન્ડીંગ અને જેકેટને લીધે પુસ્તકની બાહ્ય આકૃતિ પણ મનોહર બની છે. આવા મહાન્ ગ્રંથને પ્રકટ કરવાનું અમને જે સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયું છે, તે માટે અમે મુનિરાજ શ્રી જયન્તવિજયજીના અત્યંત આભારી છીએ.

પરમ ગુરુભક્ત સેવાભાવી શ્રીયુત વૃદ્ધિલાલ મગનલાલ વીર-વાડિયા અને તેમના મિત્રની પ્રેરણાથી દેવગુરુના પરમ ભક્ત શ્રાદ્ધવર્ય્ય સ્વ૦ શેઠ મોતીલાલ મૂળજીભાઈના શ્રેયાર્થે તેમના સુપુત્ર શ્રાદ્ધવર્ય્ય શેઠ શકરચંદ ભાઈએ તથા શ્રાદ્ધવર્ય્ય સ્વ૦ શેઠ જીવણલાલ કેશરી-ચંદના શ્રેયાર્થે તેમના સુપુત્ર શ્રીયુત શેઠ ધીરજલાલ ભાઈએ આ પુસ્તક છપાવવામાં અમને પાંચસો પાંચસો રૂપિયાની ઉદાર સહાયતા

આપીને અમારા પ્રકાશનકાર્યને જે ઉત્તેજન આપ્યું છે, તે માટે અમે તેમને અનેકશઃ ધન્યવાદ આપીએ છીએ, અને અન્ય સાહિત્યપ્રેમી સખી ગૃહસ્થોને તેમનું અનુકરણ કરવા માટે ભલામણ કરીએ છીએ.

શ્રાદ્ધવર્ય્ય સ્વ૦ શેઠ મોતીલાલ મૂળજીભાઈનું તથા શ્રેષ્ઠીવર્ય્ય સ્વ૦ શેઠ જીવણલાલ કેશરીચંદનું સંક્ષિપ્ત જીવનચરિત્ર અને તેઓની પ્રતિકૃતિ, આ પુસ્તકની પાંચસો પાંચસો નકલોમાં, તેઓની ઉદાર સહાયતા બદલ આપતાં અમને આનંદ થાય છે.

આ પુસ્તકમાં શંખેશ્વર મહાતીર્થનાં જે સુંદર ચિત્રો (ફોટાઓ) આપ્યાં છે તે, શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુ ઉપર અત્યંત શ્રદ્ધા રાખનાર, અમદાવાદનિવાસી, ગુજરાત ઇલેક્ટ્રીક કંપનીના માલિક શેઠ શ્રી બચુભાઈ નથ્થુભાઈએ લઈ આપ્યાં છે અને એ રીતે તેમણે એ મહાતીર્થ પ્રત્યે પોતાની ભક્તિ પ્રદર્શીત કરી છે તે માટે તેમને ધન્યવાદ આપવા સામે તેમનો આભાર માનીએ છીએ.

અંતમાં ગુરુદેવ અમને આવું લોકોપયોગી બીજું વધારે સાહિત્ય પ્રસિદ્ધ કરવાનું સામર્થ્ય આપે, એ જ મહેચ્છા.

—પ્રકાશક.

॥ अर्हम् ॥

श्री सकलशिष्टशिरोमणि—परमोपकारि—
शान्तरसाऽपारपारावार-जिननयचयचतुर-
योगीन्द्र-गुरु-गुरुश्रीवृद्धिचन्द्रमुनिमहात्मनां
स्तुतिरूपं श्लोकनवकम् ।

(१)

येनेयं पाविता पुरी प्रोद्धृता येन ये वयम् ।
संसाराऽसारपङ्कात् तं वृद्धिचन्द्रं गुरुं स्तुमः ॥

(२)

किं सार्वः किं सुधर्मा किमुत मुनिपतिः कम्बूकण्ठश्च जम्बूः ?,
किन्नु श्रीस्थूलभद्रः किमु जिननयविद् वादिवेतालशान्तिः ?।
किं वाऽयं सिद्धसेनः किमखिलगुणवान् हेमचन्द्रो मुनीन्द्रः ?,
नाना नाना न नाना श्रमणगणगुरु-र्वृद्धिचन्द्रोऽस्ति मूर्त्तौ ॥

(३)

यः शान्तमूर्त्तिस्ततकीर्त्तिवीथिर्गुणाकरो जैननयप्रचारी ।
जितेन्द्रियो लोकहितापतन्द्रो जीयात् स योगी गुरुवृद्धिचन्द्रः ॥

(४)

जिनागमापारसमुद्रसोमो निसर्गभक्त्यानतसार्वभौमः ।
मुनिप्रकाण्डं कृतमोक्षमुद्रो जीयात् स योगी गुरुवृद्धिचन्द्रः ॥

(५)

योऽस्मान् वराकानघपङ्कलिप्तान् सौवोपदेशोदकसेचनेन ।
प्रक्षाल्य पावित्र्ययुतांश्चकार कथं न ध्यायेम प्रभुं मुनिं तम् ॥

(६)

[illegible] भुवि भानुदेश्याः प्रकाशयन्ते गुरुनाम पूज्यम् ।
तत्रापि सूरिरतिरिच्यतेऽयं गुरूयमाणो जयधर्मसूरिः ॥

(७)

कीनाश ! दुष्टाधम ! किं कृतं रे ? प्राणा हृतास्तं हरता मुनीनम् ।
अस्तंगते भानुसमे मुनीशे मग्नं समग्रं जगदन्धकारे ॥

(८)

नो खेदं धत्त यूयं नहि निधनगतो वृद्धिचन्द्रो गुरुर्वः,
किं चायं लब्धलब्ध्या निजविमलवपुर्जीर्णमाबोध्य नव्यम् ।
रूपं श्रीधर्मरूपं विजयसहितमाबिभ्रदानन्दशाली,
हिंस्रेऽस्मिन् पूर्वदेशे विहरति सततं तं शरण्यं कुरुध्वम् ॥

(९)

प्रत्यूषखण्डं निशारत्नं यावद् भाति नभस्तले ।
यावद् वीरवचो जीयाद् तावत् कीर्त्तिर्विभो ! तव ॥

श्री यशोविजय जैन पाठशाला
वाराणसी
सं. १९६५ अक्षयतृतीया

श्रीवृद्धिचन्द्रगुरु-
चरणोपासिनो
वलभीयास्तव्याः श्राद्धाः



સૌરાષ્ટ્રદેશોદ્ધારક પરમપૂજ્ય સ્વ.

શાન્તમૂર્તિ શ્રી વૃદ્ધિચન્દ્રજી મહારાજ

वृद्धि सिद्धिप्रदाने यद्धिण्यशक्तिः प्रशस्यते ।
चन्द्रतुल्यः स शान्तात्मा द्रष्टाऽयं जगतो गुरुः ॥

समर्पणम् ।

सौराष्ट्रस्य सद्गुरूणां
संहर्ता पापवर्त्मनाः ।
आदर्शो साधुतायाश्च
चन्द्रवत् शान्तिदायकः ॥ १ ॥

तेषां मे पूज्यपादानां
वृद्धिचन्द्रमहात्मनाम् ।
समर्पये इमं ग्रन्थं
पवित्रे पाणिपङ्कजे ॥ २ ॥

—प्रशिष्याणु
जयन्तविजयः

जगत्पूज्य-शास्त्रविशारद-जैनाचार्य

श्री विजयधर्मसूरीश्वराणां

स्तुतिः ।

धर्मो विज्ञवरेण्यसेवितपदो
धर्मं भजे भावतः,
धर्मेणावधुतः कुबोधनिचयो
धर्माय मे स्यान्नतिः ।
धर्माच्चिन्तितकार्यपूर्तिरखिला
धर्मस्य तेजो महत्,
धर्मे शासनरागधैर्यसुगुणाः
श्रीधर्म ! धर्मं दिश ॥

(अनेकान्ती)



[illegible]

श्रीमद् विजयनेमसूरीश्वरजी महाराज

૨૩૫૮૫

યાત્રાળુઓએ તીર્થયાત્રામાં પાળવાના સામાન્ય નિયમો

૧. તીર્થસ્થાનમાં જઈ તીર્થનાં દર્શન, પૂજા, ભક્તિ વગેરેમાં ખૂબ તલ્લીન થવું.

૨. તીર્થસ્થાનમાં સ્નાત્રપૂજા, અભિષેક, મોટી પૂજા, આંગી, વરઘોડો તથા અઠ્ઠાઈ મહોત્સવ આદિ યથાશક્તિ કરવું, અને કરાવવું.

૩. ગુરુમહારાજને હંમેશાં વંદન કરવું.

૪. તીર્થ નિમિત્તે ઓછામાં ઓછો એક ઉપવાસ કરવો.

૫. સચિત્ત ભોજનનો ત્યાગ કરવો.

૬. રાત્રિભોજન તથા અભક્ષ્યનો ત્યાગ કરવો.

૭. બ્રહ્મચર્યનું પાલન કરવું.

૮. ભૂમિશયન કરવું.

૯. શક્તિ અનુસારે વ્રત-નિયમો લેવાં અને તેનું પાલન કરવું.

૧૦. જ્ઞાનદાન, સુપાત્રદાન તથા અનુકંપાદાન આપવું.

૧૧. સધર્મી બંધુઓની ભક્તિ કરવી.

૧૨. સવારે તથા સાંજે પ્રતિક્રમણ, સામાયિક, કાયોત્સર્ગ તથા ધ્યાન કરવું.

૧૩. તીર્થની અશાતના ન કરવી.

૧૪. પર્વતિથિએ પૌષધ કરવો.

૧૫. અવકાશના વખતે સારાં સારાં પુસ્તકો વાંચવાં.

૧૬. સાત વ્યસન તથા ચાર વિકથાનો ત્યાગ કરવો.

૧૭. જીવદયાનું રૂડી રીતે પાલન કરવું.

૧૮. ક્લેશ–કંકાસ કરવો નહિ.

૧૯. બીજા યાત્રાળુઓને દુઃખ થાય તેમ કરવું નહિ.

૨૦. મજૂરો, ગાડીવાળા કે કામ કરનારાઓને હેરાન કરવા નહિ, તેમની સાથે ઝઘડો કરવો નહિ; બે પૈસા વધારે આપીને પણ તેમને રાજી કરવા.

૨૧. બીજા યાત્રાળુઓ માટે સગવડ રાખીને પોતાને ખાસ જરૂર પુરતાં જ જગ્યા અને સાધનોથી કામ ચલાવવું.

૨૨. યાત્રા કરવા નીકળેલા સધર્મી બંધુઓનાં દુઃખ દૂર કરવાં, કરાવવાં અથવા તેમના દુઃખમાં ભાગ લેવો, એ ખરેખરું સધર્મીવાત્સલ્ય છે.

૨૩. તીર્થની રક્ષા માટે જે જે ખાતામાં જરૂર હોય તે તે ખાતામાં યથાશક્તિ દ્રવ્યની સહાયતા આપવી.

૨૪. જીર્ણોદ્ધાર તથા સાધારણ ખાતામાં મદદ કરવી.

૨૫. બીજી પણ દરેક ધાર્મિક સંસ્થાઓને મદદ આપવા ચૂકવું ન જોઇએ.

—લેખક

ધર્મજયન્તોપાસક

મુનિ વિશાળવિજયજી



સાવલપુરનિવાસી સ્વ.

શેઠ શ્રી છગનલાલ કેશરીચંદ

સ્વ૦ શેઠ શ્રી. જીવણલાલ કેશરીચંદની
ટૂંકી જીવન-રેખા

स जातो येन जातेन
याति वंशः समुन्नतिम् ।
परिवर्तिनि संसारे
मृतः को वा न जायते ? ॥

સંસારમાં તેનું જ જન્મવું સાર્થક છે કે જેના જન્મ લેવાથી વંશ ઉન્નતિને પામે; બાકી તો આ પરિવર્તનશીલ સંસારમાં કોણ નથી મરતું અને કોણ નથી જન્મ લેતું ?

સ્વ૦ શેઠ જીવાભાઈનો જન્મ વિ. સંવત્ ૧૯૩૪ ના અષાઢ વદિ ૨ ને સોમવારના દિવસે રાધનપુર ખાતે શેઠ કેશરીચંદ કસ્તુરચંદ કે જેઓ રાધનપુરમાં પ્રતિષ્ઠિત ગણાતા કુટુંબોમાંના એક કુટુંબના નબીરા હતા, તેમને ત્યાં થયો હતો. બાલ્યકાળ પસાર થયા પછી તેમને સમયાનુસાર સુંદર કેળવણી આપવામાં આવી હતી. અનુક્રમે તેમણે વ્યવહારમાં કુશળતા પ્રાપ્ત કરી હતી.

તેઓનું જીવન વિવિધ રંગોથી રંગાયેલ હતું. તડકો અને છાંયો તેમણે વેઠ્યો હતો. સંસારનું સ્વાર્થપણું અને નિ:સ્વાર્થ વૃત્તિ તેમણે અનુભવી હતી. અનેક પ્રકારના વિકટ

પ્રસંગોમાંથી પસાર થઈ તેઓશ્રી અનુભવી બન્યા હતા. રાધનપુરમાં મુત્સદ્દી ગણાતા આગેવાનોમાં તેઓશ્રીની એક આગેવાન તરીકે ગણતરી થતી હતી. જીવનની સાધારણ રીતે શરૂઆત કરી તેઓશ્રી ખૂબ આગળ વધ્યા હતા. તેમના જીવનમાં પુરુષાર્થ જ પ્રધાન સ્થાન ભોગવતો હતો.

દુનિયામાં એ બાબત તો જાણીતી જ છે કે જેમ જેમ માનવી ઉન્નત બનતો જાય છે, તેમ તેમ તેનામાં અભિમાનની માત્રા વધતી જાય છે. પણ આ કાંઇ એકાંત નિયમ નથી. તાડનું ઝાડ જેમ મોટું બનતું જાય છે તેમ ટટાર અને લાંબું બનતું જાય છે, જ્યારે આંબો જેમ જેમ વધે છે તેમ તેમ નમ્ર થતો જાય છે. એટલે આંબાનું સ્થાન દુનિયામાં અનોખું છે. શેઠ જીવાભાઈ પણ જેમ જેમ આગળ વધતા ગયા, તેમ તેમ આંબાની માફક તેમનામાં નમ્રતા પણ વધતી જ ગઇ. અભિમાનથી તેઓ સદા દૂર રહેતા. 'લઘુતામાં જ પ્રભુતા' એ કહેવતને તેમણે પોતાના જીવનમાં વણી લીધું હતું. તેઓશ્રીનું હૃદય પણ બહુ જ કોમળ હતું. કોઇપણ વ્યક્તિને દુ:ખી દેખી તેઓશ્રી દુ:ખી થતા હતા, અને તેમનું દુ:ખ મટાડવા કટિબદ્ધ રહેતા. તેમની પાસે મદદની આશાએ ગયેલ કોઈપણ વ્યક્તિ ખાલી હાથે પાછી ફરેલ સાંભળી નથી. 'ફૂલ નહીં તો ફૂલની પાંખડી' એ એમનો સિદ્ધાંત હતો. ગુપ્ત મદદમાં તેઓશ્રી ખૂબ માનતા હતા, અને જાહેરાતથી વેગળા રહેતા હતા. એટલે જ જાહેર જીવનમાં તેમણે કદી ઝંપલાવ્યું નહોતું.

મુંબઈના ચાંદી બજારમાં તેમનું સ્થાન અનોખું હતું. ચાંદીના વિષયમાં તેમનો અભિપ્રાય અજોડ મનાતો હતો. સત્યાસત્ય પારખવામાં તેઓશ્રી નિપુણ મનાતા હતા. એટલે બજારના આંતરિક ઝઘડાના નિકાલ માટે તેમને લવાદી સોંપવામાં વેપારીઓ પોતાની સલામતી સમજતા હતા. બંધારણની ગૂંચો ઉકેલવામાં તેઓશ્રી ખાસ નિષ્ણાત મનાતા હતા. તેઓશ્રીએ અનેક સંસ્થાઓમાં છૂટે હાથે દાન કર્યું છે.

રૂા. ૧૦૦૦૦) દસ હજાર શ્રી મહાવીર જૈન વિદ્યાલય મુંબઇને આપી તેઓશ્રી તેના માનવંતા પેટ્રન બન્યા હતા. શ્રી મુંબઇ જીવદયા મંડળી, શ્રી મુંબઇ જૈન માંગરોળ સભા, કાંદેવલી ગૌશાળા વગેરે સંસ્થાઓના પણ તેઓશ્રી પેટ્રન હતા. શ્રી વીરતત્ત્વ પ્રકાશક મંડળ શિવપુરી (ગ્વાલીયર)ના તેઓશ્રી વાઇસ ચેરમેન હતા. રાધનપુર ખાતે એક આલીશાન ધર્મ-શાળા બંધાવી કાયમને માટે યાત્રીઓની અગવડને તેઓ-શ્રીએ દૂર કરી હતી. આમ અનેક રીતે સેવા તેમજ દાનકાર્યથી પોતાની કારકીર્દી ઉજ્જવલ બનાવી વિ. સંવત્ ૧૯૯૫ના જેઠ વદિ ૬ ને મંગળવારે પ્રાતઃકાલે આ નશ્વર દેહનો ત્યાગ કરી તેમણે પરલોક તરફ પ્રયાણ કર્યું. મર્હુમના સ્વર્ગવાસથી જૈન સમાજને એક મુત્સદ્દી, નિઃસ્વાર્થી અને મૂંગા સેવકની, ન પૂરી શકાય તેવી, ભારે ખોટ પડી છે. તેમની પાછળ તેમનાં પત્ની શ્રીમતી તારાબેન એક સેવાભાવી વિદુષી તરીકે રાધનપુરની બ્હેનોમાં પ્રખ્યાત છે. તેમણે ધાર્મિક તેમજ સામાજિક ઉચ્ચ કેળવણી લીધેલ છે, અને એ જ સંસ્કાર–વારસો તેમનાં સંતા-નોમાં જોવામાં આવે છે. સંતતિમાં તેઓશ્રીને એક પુત્રી

શ્રીમતી કંચન બ્હેન અને ત્રણ પુત્રો શ્રીયુત ધીરજલાલ, હિમ્મતલાલ અને સેવન્તીલાલ છે. તેઓશ્રીના મોટા પુત્ર શ્રીયુત ધીરજલાલભાઈ સમાજને માટે આશા આપતા એક ઉછરતા યુવાન છે. પોતાના સ્વ૰ પિતાનું સ્થાન તેઓશ્રી સંભાળી તેમનાથી સવાયા થાઓ, એ આશા સાથે અમે વિરમીએ છીએ.

—પ્રકાશક.

यक्षराट् श्रीमणिभद्रो विजयतेतराः ।

કિંચિદ્ વક્તવ્ય

ઉદ્‌ભવ:—પાલણપુરમાં ચોમાસું પૂર્ણ કરીને ત્યાંથી વિ. સં. ૧૯૮૮ માં સિદ્ધાચળજી જતાં માર્ગમાં મેત્રાણા, પાટણ અને ચારૂપની યાત્રા કરી, અમો શ્રી શંખેશ્વરજી ગયા હતા. પરમ શાંતિદાયક આ તીર્થની યાત્રા કરતાં અમને અપૂર્વ આનંદ આવ્યો. આ તીર્થ અતિ પ્રાચીન અને અપૂર્વ પ્રભાવિક હોવા છતાં અહીંની ઐતિહાસિક અને વાર્તમાનિક તમામ હકીકત યાત્રાળુઓના જાણવામાં આવે એવું કંઈપણ સાધન નહિ હોવાથી[1] ઐતિહાસિક દૃષ્ટિથી અને એક ભોમિયાની ગરજ સારે તેવું, આ તીર્થના અંગે એક પુસ્તક લખવાનો વિચાર મને ઉદ્‌ભવ્યો. અહીંના તે વખતના મુનીમ શાહ વાડીલાલ દેવસીભાઈ લીંબડીવાળા (જેઓ હાલ ભોયણી તીર્થમાં મુનીમ છે) અને રાધનપુરનિવાસી શ્રીયુત વૃદ્ધિલાલ મગનલાલ વીરવાડિયાની આ માટે વિશેષ પ્રેરણા થવાથી, વિહારની તાકીદ હોવા છતાં, બાર દિવસની અહીં સ્થિરતા કરીને આ તીર્થ સંબંધી ઘણી ખરી નોંધો કરી લીધી. જરૂરી કેટલાક શિલાલેખો પણ ઉતારી લીધા. ત્યાંથી વિહાર કર્યા બાદ ગ્રંથો અને ભંડારોમાંથી શ્રી શંખેશ્વરજી સંબંધીનું અન્વેષણ કરવાનું ચાલુ રાખ્યું. વિ. સં. ૧૯૯૦ માં અમદાવાદમાં મળેલ

---

૧. શ્રીયુત મણિલાલ ન્યાલચંદ શાહે લખેલ "શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ" નામક એક પુસ્તક જૈન સસ્તી વાંચનમાલા તરફથી પહેલાં પ્રકટ થયું હતું, જે હાલ અલભ્ય છે. એ પુસ્તક નવલકથા યા વાર્તા રૂપે હતું. જ્યારે આ પુસ્તક તેનાથી જુદી જ ઢબે ઘણી જ શોધખોળપૂર્વક ઐતિહાસિક દૃષ્ટિથી લખાયેલું છે.

મુનિસમ્મેલન પૂર્ણ થતાં ત્યાંથી વિહાર કરીને રાધનપુર ચોમાસું કરવા જતાં અને ત્યાં ચોમાસું પૂર્ણ કરીને ત્યાંથી પાછા ફરતાં સં. ૧૯૯૧ માં આ તીર્થની યાત્રા કરી હતી. તે વખતે અહીં બે-ત્રણ માસની સ્થિરતા કરી, અહીંથી ઝીંઝુવાડા, ઉપરિયાળા અને સમી સુધી વિહાર (ભ્રમણ) કરી આવીને શંખેશ્વરજી જવાના રસ્તાઓ અને તેમાં વચ્ચે આવતાં તમામ ગામોની હકીકત મેળવી લીધી. તે દરમ્યાન અહીંના જૂના તથા નવા મંદિરના બાકી રહેલા તમામ શિલાલેખો ઉપરાંત ધર્મશાળા અને સરઈ (સુરભી)ના શિલાલેખો પણ ઉતારી લીધા. આમાં આપેલ મૂર્તિઓની સંખ્યા, વ્યવસ્થા, મેળા વગેરેની વિશેષ હકીકત પણ સં. ૧૯૯૧ માં લખી લીધી હતી. ત્યારપછી કરાંચીથી પાછા ફરતાં કચ્છમાં થઈ, આદીસરનું રણ ઊતરી કાઠિયાવાડ જતાં સં. ૧૯૯૫ ના વૈશાખ માસમાં આ તીર્થની યાત્રા કરી હતી. તે વખતે ચમત્કારો સંબંધી દંતકથાઓ અને જાણવા યોગ્ય બીજી વિશેષ હકીકતો નોંધી લીધી હતી. તથા ખારસોલ, તળાવ, ઝંડકૂવો, બગીચો, ઉંટવાળિયું ખેતર વગેરે સ્થાનોની માહિતી મેળવી હતી. દરેક વખતે વિશેષ હકીકત જાણવામાં આવી તે નોંધી લીધી હતી. શ્રી અર્બુદ પ્રાચીન જૈન લેખ સંદોહનું કાર્ય પૂર્ણ થતાં આ પુસ્તક લખવાનું કામ હાથમાં લેવામાં આવ્યું હતું, અને શ્રી શંખેશ્વર પાર્શ્વ-પ્રભુજીના અધિષ્ઠાયક દેવોની પ્રસન્નતાથી જ તે કામ આજે પૂર્ણ થઈ ગ્રંથરૂપે પ્રસિદ્ધ થાય છે.

પદ્ધતિ:—આ પુસ્તકના બે ભાગ પાડવામાં આવ્યા છે: તેમાં પહેલા ભાગમાં આ તીર્થનું ઐતિહાસિક અને વર્તમાનકાલિક વર્ણન આપવામાં આવ્યું છે. આ પ્રથમ ભાગમાં ૧૬ પ્રકરણો આપવામાં આવ્યાં છે. તે પ્રકરણોનાં નામ ઉપરથી જ તેમાં શું હકીકત આપી છે?–તે સમજી શકાય તેમ છે. તેની પછી ત્રણ પરિશિષ્ટો આપ્યાં છે. તેમાંના પહેલા પરિશિષ્ટમાં અહીંના તમામ (૬૫) શિલાલેખો ગુજરાતી ભાષાંતર સાથે આપેલા છે. બીજા પરિશિષ્ટમાં શંખેશ્વરજીની

પંચતીર્થી અને માર્ગમાં આવતાં ગામોની હકીકત અને ત્રીજામાં શ્રી શંખેશ્વરજીની ત્રણ પ્રદક્ષિણા અને તેમાં આવતાં ગામોનું વર્ણન આપેલું છે. તેને છેડે થોડી પુરવણી અને પુરવણીનું અનુસંધાન આપેલ છે. પ્રકરણો છપાઇ ગયા પછી જે જાણવામાં આવ્યું તે આ પુરવણીમાં આપેલ છે.

બીજા ભાગના, ૧ પ્રાકૃત–સંસ્કૃત વિભાગ, ૨ પ્રાકૃત–સંસ્કૃત ઉદ્ધૃત વિભાગ, ૩ ગુજરાતી–હિન્દી વિભાગ, અને ૪ ગુજરાતી–હિન્દી ઉદ્ધૃત વિભાગ, આમ મુખ્ય ચાર વિભાગો પાડવામાં આવ્યા છે. તે દરેકમાં થોડા થોડા પેટા વિભાગો પણ રાખવામાં આવેલ છે. જે જે વિભાગોનું મેટર છપાઈ ગયા પછી તે તે વિભાગોનું નવું મેટર પાછળથી મળ્યું તેને 'અનુપૂર્તિ' નામનો પાંચમો વિભાગ રાખીને વિભાગના અનુક્રમ પ્રમાણે આપવામાં આવ્યું છે. અને અનુપૂર્તિનું મેટર પણ પ્રેસમાં મોકલી આપ્યા પછી જે કંઈ મેટર મળ્યું તે વિભાગના અનુક્રમ વિના જ તેને છેડે આપ્યું છે.

શ્રી શંખેશ્વરજી સંબંધી જે જે કલ્પો, સ્તોત્રો, સ્તુતિ, શ્લોકો, છંદ, સ્તવનાદિ સંપૂર્ણ કે અપૂર્ણ મળ્યું છે, તેને બીજા ભાગમાં તે તે ભાષાના વિભાગમાં કૃતિઓ તરીકે આપેલ છે, અને બીજા ગ્રંથોમાંથી શ્રી શંખેશ્વરજી સંબંધી જે જે ઉલ્લેખો મળી આવ્યા તે, તે તે ભાષાના ઉદ્ધૃત વિભાગોમાં આપેલ છે. આ બીજા ભાગમાં સ્તુતિ–સ્તોત્રાદિ કૃતિઓ બધી મળીને કુલ ૧૨૪ અને બીજા ગ્રંથો-માંથી ઉતારેલ ઉતારા ૬૦ આપેલા છે.

આમાં આપેલાં સ્તુતિ–સ્તોત્રાદિ કૃતિઓ અને ઉતારામાંથી કેટલાંક આ તીર્થ સંબંધી ઐતિહાસિક સામગ્રી પૂરી પાડે છે, કેટલાંક સ્તુતિપ્રધાન જ છે, જ્યારે કેટલાંકમાંથી તે બન્ને વસ્તુ મળી આવે છે. આમાંની કેટલીક સ્તુતિ–સ્તોત્રાદિ કૃતિઓ સુંદર રીતે કાવ્યની દૃષ્ટિથી રચાયેલી છે, જ્યારે કેટલીક ભાષાની દૃષ્ટિએ સામાન્ય હોવા

છતાં ભક્તિપ્રધાન જરૂર છે. સ્તોત્રાંક ૧૫૯ ની કડી ૭ થી ૧૨ વિશેષે કરીને ઉર્દૂ-ફારસી શબ્દોથી જ ભરપૂર છે, અર્થાત્ ઉર્દૂ ભાષાની કવિતાથી પ્રભુસ્તુતિ કરેલી છે.

૧૬ મી શતાબ્દિ પછીથી બનેલી અને લખાયેલી જૂની-નવી ગુજરાતી કે હિન્દી ભાષાની કૃતિઓમાં હ્રસ્વ, દીર્ઘ, અનુસ્વાર અને જોડણી વગેરેની બહુ ભૂલો જોવામાં આવે છે. તેમાંની ખાસ ખાસ સ્થળે ક્વચિત જ ભૂલો સુધારી છે. બાકીની ભૂલો, માત્રામેળ અનુપ્રાસ કે છંદોમાં ભંગ થઈ જવાના ભયથી તથા તેમાં કૃત્રિમતા ન આવી જાય એ માટે એમને એમ રહેવા દીધી છે.

૪૫ ગ્રંથોમાંથી ૬૦ ઉતારા લઈને આ પુસ્તકમાં આપેલ છે, તેમાંથી ૪૩ ગ્રંથોનો રચનાકાળ મળ્યો છે, જ્યારે ૨ ગ્રંથોનો મળ્યો નથી. જે જે ગ્રંથોનો રચનાકાળ મળ્યો છે, તે ગ્રંથોમાંથી સૌથી જૂનામાં જૂનો ગ્રંથ વિક્રમની પાંચમી શતાબ્દિનો (શત્રુંજય માહાત્મ્ય સ્તો. ૧૭) છે. અને નવામાં નવો ગ્રંથ સં. ૧૮૮૨ માં રચાયેલો (પૃથ્વીચંદ્ર ચરિત્ર, ગદ્ય-સ્તો. ૧૭૪) છે. આમાં કલ્પ, સ્તુતિ, સ્તોત્ર, સ્તવનાદિ મળીને કુલ કૃતિઓ ૧૨૪ આપેલ છે, તેમાંથી ૮૫ નો રચનાસમય મળ્યો છે, ૩૯ નો મળ્યો નથી. જેનો રચનાસમય મળ્યો છે, તેમાં સૌથી પ્રાચીન ૧૩મી સદીની આસપાસની (આલ્હાદન મંત્રીકૃત શ્રી પાર્શ્વનાથ સ્તોત્રં, સ્તો. ૨૬) છે, અને નવામાં નવી કૃતિ મારા પૂજ્ય ગુરુદેવ સ્વર્ગસ્થ શ્રીમાન્ વિજયધર્મસૂરીશ્વરજી મહારાજે સં. ૧૯૬૦ ની આસપાસમાં રચેલ શ્રી શં. પા. નું સંસ્કૃત અષ્ટક (સ્તો. ૧૨) અને સં. ૧૯૭૭ ની આસપાસમાં બનાવેલ શં. પા. નું ગુજરાતી સ્તવન (સ્તો. ૧૦૭) છે. એટલે સં. ૧૯૭૭ સુધીની બનેલી કૃતિઓ આમાં આપેલી છે. પરન્તુ સ્વર્ગસ્થ કવિઓની જ કૃતિઓ આમાં આપેલી છે. વિદ્યમાન કવિઓની સ્તવનાદિ એક પણ કૃતિ આમાં આપેલી નથી.

જે જે ગ્રંથોમાંની ઉતારા લઈને આમાં આપ્યા છે, તે તે ગ્રંથોની (કર્તાનાં નામ સાથે), તથા જે જે કૃતિઓ આમાં આપી છે, તે તે કૃતિઓની (કવિઓનાં નામો સાથે) સાલવાર અનુક્રમણિકા આમાં જુદી આપેલ છે. ૧૬ કવિઓની એક કરતાં વધારે કૃતિઓ આમાં આપેલી છે, જ્યારે બીજી દરેક કૃતિઓ (કે જેના રચયિતાનાં નામો મળ્યાં છે) ભિન્ન ભિન્ન કવિઓની રચેલી છે. ફક્ત ૧૩ કૃતિઓના કર્તાનાં નામો જાણવામાં આવ્યાં નથી, જે કૃતિઓ તથા કવિઓની સાલવાર અનુક્રમણિકાથી જાણી શકાશે.

જૂની ગુજરાતી ભાષાનાં સ્તવનો વગેરે જે મળેલ છે તેને આમાં ગુજરાતી વિભાગમાં અને ગુજરાતી ટાઈપમાં જ આપેલ છે.

ખાસ હિન્દી ભાષાની કૃતિઓ બહુ ઓછી મળી છે. ફક્ત દસ જ સ્તવનો મળ્યાં છે, તે બહુ થોડાં હોવાથી ગુજરાતી સ્તવનોને છેડે હિન્દી વિભાગમાં આપેલાં છે. હિન્દી ભાષાનું એક પદ પાછળથી મળેલું તે ગુજરાતીની સાથે આપેલું હોવાથી ગુજરાતી ટાઈપોમાં આપ્યું છે.

આમાં આપેલા ઉતારા ઘણે ભાગે છાપેલા ગ્રંથોમાંથી લીધેલા છે. જે જે ગ્રંથોમાંથી લીધેલા છે, તે તે ગ્રંથોનાં નામો તે તે સ્થળે આપેલાં છે.

સંપૂર્ણ કૃતિઓનો ઘણો ભાગ હસ્તલિખિત પ્રતિઓ પરથી ઉતારેલ છે, તેમાંની કોઈ કોઈ કૃતિઓ કદાચ એક યા વધારે સ્થળે છપાઈ પણ ગયેલ હશે. છતાં મેં જે જે ભંડારની હસ્તપ્રત પરથી ઉતારેલ છે, તેનું જ નામ આપેલ છે. જે થોડો ભાગ છાપેલી પ્રતિઓ કે બૂકો પરથી ઉતાર્યો છે, તેમાંથી કોઈ કોઈ કૃતિઓ કદાચ એક યા વધારે સ્થળે પણ છપાયેલ હશે, પરન્તુ મેં જે પ્રતિ કે ગ્રંથ પરથી ઉતારેલ છે, તેનું જ નામ મુખ્ય રીત્યા આપ્યું છે, છતાં તે કૃતિ બીજા કોઈ મુખ્ય ગ્રંથમાં છપાયાનું મારા જાણવામાં આવ્યું હશે, તો ત્યાં તે ગ્રંથનું નામ પણ જોડે આપી દીધેલ છે.

નાની નાની છંદ, સ્તુતિ, સ્તવન વગેરે મળીને કુલ ૧૬ કૃતિઓ ઉતારતી વખતે તે ક્યા પુસ્તકમાંથી ઉતારી ?—તેની નોંધ કરવી રહી ગઈ હોવાથી તે તે પુસ્તકોનું નામ તેની નીચે આપી શકાયું નથી. પ્રાયઃ આ કૃતિઓ બહુ પ્રચલિત હોઈ ઘણાં પુસ્તકોમાં છપાણી હશે, એમ જાણીને તે જેમાંથી ઉતારી હશે, તે પુસ્તકોનાં નામ લખી લેવાની તે વખતે જરૂર નહિ લાગી હોય તેથી જ લખ્યાં નહિ હોય એમ લાગે છે.

મારા ધારવા પ્રમાણે શ્રી પાર્શ્વનાથ પ્રભુજીનાં બીજાં તીર્થો કરતાં શ્રી શંખેશ્વર પાર્શ્વનાથજીનાં સ્તુતિ—સ્તોત્રાદિ વધારે પ્રમાણમાં જરૂર બન્યાં હશે.

મેં તો ફક્ત ૭—૮ ભંડારોમાંથી જ સંગ્રહ કર્યો છે. હજુ નાના મોટા સેંકડો ભંડારો છે, તેમાં જોવાથી શ્રી શંખેશ્વર પાર્શ્વનાથજી સંબંધી અનેક કૃતિઓ મળી આવવાની સંભાવના છે, પરન્તુ આ પુસ્તક બહુ મોટું થઈ જવાના ડરથી બીજા ભંડારો તપાસીને તેમાંથી સંગ્રહવાનું મારે મુલતવી રાખવું પડ્યું હતું.

આદિ અંત કે મધ્યમાં મંગલાચરણ રૂપે શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુજીની સ્તુતિ જેમાં કરી હોય એવા ગ્રંથો તો ઘણા જ હશે. પણ મેં તો વાનકી રૂપે થોડાક ગ્રંથોનું મંગલાચરણ આમાં આપેલ છે. તે ઉપરાંત નાની મોટી કૃતિઓ પણ ઘણી જ હશે. આવી કેટલીક કૃતિઓની પ્રેસ કોપી મારી પાસે મૌજૂદ હોવા છતાં તે કૃતિઓ બહુ મોટી હોઈ, આ પુસ્તકનું કદ વધી જવાના ભયથી તેને મેં આમાં આપેલ નથી.

ભાવના:—અનેક વાર શંખેશ્વરજી જઈ, ત્યાં વધારે વખત સુધી સ્થિરતા કરી, ત્યાંની વર્તમાન સ્થિતિનો અનુભવ કરીને તથા અનેક ગ્રંથો અને શિલાલેખોનું અવલોકન કરીને તેમાંથી શંખેશ્વરજી સંબંધી ઐતિહાસિક વર્ણન મેળવીને તે બધું આ પુસ્તકના પહેલા

ભાગમાં પ્રકરણો પાડીને આપવામાં આવ્યું છે. જ્યારે અનેક ભંડારો-માંની હસ્તલિખિત પ્રતિઓ કે પાનાંમાંથી તથા છપાયેલાં પુસ્તકો-માંથી પણ શ્રી શંખેશ્વરજી સંબંધીની કૃતિઓ મેળવી તેના વિભાગો પાડીને આ પુસ્તકના બીજા ભાગમાં આવેલ છે. તે ઉપરાન્ત પરિ-શિષ્ટો, શિલાલેખો અને તેનું ભાષાંતર વગેરે આપીને તથા વિષયાનુ-ક્રમણિકા, ગ્રંથો તેમજ કૃતિઓની (કર્તાઓનાં નામો સાથે) સાલવાર અનુક્રમણિકા, ઉપયોગમાં લીધેલા ગ્રંથોનાં નામ, સાંકેતિક શબ્દોનો ખુલાસો વગેરે આપીને તેમજ ત્યાંના ભવ્ય જિનમંદિરનાં પંદર મનોહર ચિત્રો આપીને આ ગ્રંથને યથાસાધ્ય સુંદર અને ઉપયોગી બનાવવા પ્રયત્ન કર્યો છે. આ તીર્થ પર શ્રદ્ધા અને ભક્તિ રાખનારા સજ્જનોને તો આ ગ્રંથ ઉપયોગી થશે જ. ઉપરાન્ત પ્રાચીન ભાષા, રીત-રિવાજો, શિલાલેખો, કૃતિઓ અને પ્રાચ્ય વિદ્યા ઉપર પ્રેમ ધરાવનારા અને તેને જાણવાની ઇચ્છા ધરાવનારા સજ્જનોને પણ આ ગ્રંથ થોડે ઘણે અંશે ઉપયોગી થશે, એમ હું માનું છું. શ્રી શંખેશ્વરજીની યાત્રાએ જનારા યાત્રાળુઓને આ પુસ્તક ત્યાંની બધી માહિતી પૂરી પાડતું હોવાથી સહાયક થશે જ, પરન્તુ આ પુસ્તકને ઘરે બેઠાં બેઠાં વાંચ-નારાઓને પણ શ્રી શંખેશ્વરજીની યાત્રાનો આનંદ થોડે ઘણે અંશે તો જરૂર મળશે જ. આ રીતે આ પુસ્તક જૈન સમાજને થોડે ઘણે અંશે પણ ઉપયોગી થશે, તો હું મારો પરિશ્રમ સફળ થયો માનીશ.

સમસ્ત જૈન સમાજની, તેમાં પણ ખાસ કરીને રાધનપુર, પાટણ અને શંખેશ્વરજીની આસપાસનાં ગામોના જૈનોની આ તીર્થ પર વિશેષ શ્રદ્ધા અને ભક્તિ હોવાથી આ પુસ્તકની પહેલી આવૃત્તિ જલદીથી ખલાસ થઈ જવાની સંભાવના હોવાથી આની બીજી આવૃત્તિ તાકીદે બહાર પાડવી પડશે, એમ લાગે છે. જો એમ થશે તો તે દરમ્યાન શ્રી શંખેશ્વરજી સંબંધી જે કાંઈ વિશેષ હકીકત અને નવી નવી કૃતિઓ પ્રાપ્ત થશે, તે પણ તેમાં દાખલ કરવામાં આવશે.

જો અનુકૂલ સંયોગો પ્રાપ્ત થશે તો આ પુસ્તકના પહેલા ભાગમાંથી સંક્ષેપમાં ઐતિહાસિક વર્ણનની અને બીજા ભાગમાંથી પ્રચલિત કૃતિઓને ચૂંટી કાઢીને તેની નાની નાની ટ્રેક્ટ બૂકો પ્રકટ કરાવવાની ભાવના છે.

ધન્યવાદ :—આ પુસ્તકના મેટરને સુંદર રીતે ગોઠવવામાં, પ્રુફ સંશોધનમાં અને પુસ્તકને દરેક રીતે આકર્ષક બનાવવાના કાર્યમાં પૂર્ણ સહકાર આપનાર સાયલા (હાલ અમદાવાદ) નિવાસી ન્યાય-તીર્થ તર્કભૂષણ પં. રતિલાલ દીપચંદ દેસાઇને, ભંડારો અને ગ્રંથો-માંથી કૃતિઓ તથા ઉતારા મેળવવામાં સહાય કરનાર મુનિ વિશાલ-વિજયજીને, શુદ્ધિપત્રક બનાવી આપનાર લોંગડી (ભાવનગર સ્ટેટ) નિવાસી વ્યાકરણતીર્થ પંડિત અમૃતલાલ તારાચંદને, મૂ. ના. શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુજીના એક જ જાતના બે અલભ્ય જૂના ફોટા મેળવી આપનાર રાધનપુરનિવાસી શ્રીયુત જેશિંગલાલ નેમચંદ ધામીને, સેવાભાવે શ્રી શંખેશ્વરજીની પંચતીર્થીનો નકશો બનાવી આપનાર વળાનિવાસી ભાવનગર સ્ટેટના એન્જીનીયર શ્રીયુત મહેતા શાંતિલાલ ગંભીરચંદ રાયચંદને, જે જે ભંડારોની હસ્ત પ્રતિઓ પરથી કૃતિઓ ઉતારીને આમાં આપવામાં આવી છે તે તે મુનિરાજો અને ભંડારોના કાર્યવાહકોને, જે જે ગ્રંથો અને પુસ્તકોમાંથી લઇને આમાં ઉતારા તથા કૃતિઓ આપવામાં આવી છે, તે તે ગ્રંથોના કર્તા, સંગ્રાહકો, સંપાદકો અને પ્રકાશકોને, તેમજ આ પુસ્તકને અંગે શ્રી શંખેશ્વરજીમાં દરેક બાબતોની માહિતી મેળવવામાં મદદ આપનારા અને આ પુસ્તક લખાતું હતું તે દરમ્યાન વખતો વખત જે જે બાબ-તોના ખુલાસા પૂછવામાં આવતા તેના વિગતવાર ચીવટથી જવાબ આપનારા શ્રી શંખેશ્વરજી કારખાનાના હાલના મુખ્ય મુનીમ વસોવાળા શા. બાલાભાઈ જોઈતાદાસ, દોસી સરૂપચંદ મોમાયા ફીલીદાર, શા. જીવરાજ વખતચંદ આંગી કારકૂન અને પલાંસવા (કચ્છવાગડ) વાળા શા. અદેસંગ મંગળજી વાસણ–ગોદડાં કારકૂન તેમજ હરકોઈ રીતે

પણ આમાં મદદ આપનારા બીજા સજ્જનોને ધન્યવાદ આપવાનું કે તેમનો યથોચિત આભાર માનવાનું મારે ભૂલવું ન જોઈએ.

આ પુસ્તકમાં શંખેશ્વરના જિનમંદિરનાં જુદાં જુદાં સુંદર ચિત્રો આપ્યાં છે તેની સાથે શ્રી મૂળનાયકજી ભગવાનનું સુંદર ચિત્ર આપવાની ઘણી જ ઇચ્છા હતી. પણ શ્રી જેશિંગલાલ ધામી પાસેથી મળેલ ફોટા ઉપરથી સારો બ્લોક બની શકે એમ ન હોવાથી અને શંખેશ્વર તીર્થની પેઢીવાળાને તથા અમદાવાદની કમિટિને પુછાવવા છતાં નવો ફોટો લેવાની રજા ન મળવાથી એ ઇચ્છા જતી કરવી પડી છે.

અંતે:—પૂજ્યપાદ મારા દાદા ગુરુ અને પૂજ્યપાદ મારા ગુરુવર્યની અસીમ કૃપાથી આ પુસ્તકને પૂર્ણ કરીને હું જૈન સમાજ સમક્ષ રજૂ કરવા ભાગ્યશાળી થયો છું. તેમના ચરણોને વારંવાર નમન કરતો અને શ્રી શંખેશ્વરજી સંબંધી તથા બીજાં તીર્થો સંબંધી પણ આથીયે સુંદરતમ સાહિત્ય તૈયાર કરીને પ્રકટ કરાવવાનું સામર્થ્ય અર્પે એવી તે પૂજ્યો પાસે પ્રાર્થના કરતો હું મારું વક્તવ્ય અહીં જ સમાપ્ત કરું છું.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

વલભીપુર–વળા (કાઠિયાવાડ) જ્ઞાનપંચમી વીર સં. ૨૪૬૮, ધર્મ સં. ૨૦	વૃદ્ધિ–ધર્મ–ચરણોપાસક– **મુનિ જયંતવિજય.**

શંખેશ્વર મહાતીર્થ ભાગ ૧-૨ ની

અનુક્રમણિકા

પ્રકાશકનું નિવેદન વગેરે : કુલ પૃષ્ઠ ૪૮

ભાગ પહેલો : ઇતિહાસવર્ણન-આદિ : કુલ પૃષ્ઠ ૧૮૮

ભાગ બીજો : કલ્પ-સ્તોત્રાદિ-સંદોહ : કુલ પૃષ્ઠ ૩૦૪

આ પુસ્તકમાં જે ગ્રન્થોના ઉતારા આપ્યા છે, તે ગ્રન્થોની સાલવાર (કર્તાનાં નામ સાથે) અનુક્રમણિકા

સંવત્	ગ્રન્થનું નામ	કર્તા	સ્તોત્રાંક
૪૭૭ (?)	શત્રુંજય માહાત્મ્ય, પદ્ય	ધનેશ્વરસૂરિ	૧૭
૧૩૦૦ ની આસપાસ	અષ્ટોતરી તીર્થમાળા	મહેન્દ્રસિંહસૂરિ	૧૪
૧૩૬૧	પ્રબન્ધચિંતામણિ	મેરુતુંગાચાર્ય	૪
૧૩૭૧ લગભગ	સમરારાસુ	અંબદેવસૂરિ	૧૩૬
૧૩૯૩	નાભિનન્દનજિનોદ્ધાર પ્રબંધ	ઉપકેશગચ્છીય કક્કસૂરિ	૨૨
૧૪ મી સદી	જગડૂચરિત્ર મહાકાવ્ય	સર્વાણંદસૂરિ	૪૦
૧૪ મી સદી ઉત્તરાર્ધ	વિવિધતીર્થકલ્પ	જિનપ્રભસૂરિ	૧,૨,૧૫
૧૪૦૫	પ્રબન્ધ કોશ (ચતુર્વિંશતિ પ્રબન્ધ)	શ્રીરાજશેખરસૂરિ	૩૧
૧૪–૧૫મીસદી	વસ્તુપાલ તેજપાલ પ્રબન્ધ		૩૨
૧૪૯૭	વસ્તુપાલચરિત્ર	જિનહર્ષગણિ	૧૮,૧૯, ૨૦,૨૧
૧૫ મી સદી ઉત્તરાર્ધ	જયાનંદકેવલીચરિત્ર પદ્ય	મુનિસુન્દરસૂરિ	૧૭૨
૧૫૦૬	શ્રાદ્ધવિધિ	રત્નશેખરસૂરિ	૩૮
૧૫૫૫	ઉપદેશકલ્પવલ્લી	ઇંદ્રહંસગણિ	૨૩
૧૬૬૦	પાંડવચરિત્ર, ગદ્ય	પં. દેવવિજયગણિ	૩૯
૧૬૭૫ લગભગ	હીરસૌભાગ્ય મહાકાવ્ય	દેવવિમળ	૨૪

સંવત્	ગ્રન્થનું નામ	કર્તા	સ્તોત્રાંક
૧૬૮૮ લગભગ	વિજયપ્રશસ્તિ મહાકાવ્ય	હેમવિજયગણિ–ગુણવિજયગણિ	૨૫
૧૬૮૯	ઉત્તરાધ્યયન સૂત્રવૃત્તિ	પં. ભાવવિજયગણિ	૧૭૮
૧૬૯૮	નેમિનાથચરિત્ર, ગદ્ય	ગુણવિજય	૩૪,૩૫
૧૭૦૭	પાર્શ્વનાથચરિત્ર (શં. પા. પ્રબન્ધ)	જ્ઞાનકુશળ	૧૩૯
૧૭૦૮	દ્રવ્યલોકપ્રકાશ	ઉપા. વિનયવિજયજી	૧૫૪,૧૬૫
૧૭૦૮	ક્ષેત્રલોકપ્રકાશ	,,	૧૬૬,૧૬૭,૧૬૮
૧૭૦૮	કાલલોકપ્રકાશ	,,	૧૬૯
૧૭૦૮	ભાવલોકપ્રકાશ	,,	૧૭૦,૧૭૧
૧૭૧૭	ચંદરાજાનો રાસ	વિદ્યારુચિ મુનિ	૧૮૦
૧૭૧૭	ચિત્રસેન પદ્માવતી રાસ	હસ્તિરુચિ મુનિ	૧૮૧
૧૭૨૧ પહેલાં	રાજસાગરસૂરિનિર્વાણ-રાસ	મુનિ હેમસૌભાગ્ય	૧૮૨
૧૭૨૧	પાર્શ્વનાથ નામમાળા	ઉપા. મેઘવિજય	૧૩૭,૧૩૮
૧૭૨૧	વસ્તુપાલ–તેજપાલ રાસ	મેરુવિજય	૧૪૪
૧૭૨૨	ચૈત્યપરિપાટી	પં. મહિમા	૧૪૦
૧૭૨૭	દેવાનંદ મહાકાવ્ય	ઉપા. મેઘવિજય	૨૭,૨૮,૧૭૫
,, આસપાસ	ઉદયદીપિકા	,,	૩૦
,, ,,	દિગ્વિજય મહાકાવ્ય	,,	૧૫૬
૧૭૩૯	ચિત્રસેન–પદ્માવતી ચોપાઈ	દીપસૌભાગ્યમુનિ	૧૮૩
૧૮ મી સદીનો પ્રારંભ	શ્રી ભાનુચન્દ્રચરિત્ર	સિદ્ધિચન્દ્રગણિ	૧૭૯

સંવત્	ગ્રન્થનું નામ	કર્તા	સ્તોત્રાંક
૧૮ મી સદી પૂર્વાર્ધ	તપાગણપતિગુણપદ્ધતિ	ઉપા. ગુણવિજય	૩૬–૩૭
૧૭૫૧	ગુણાવલી રાસ	જિનવિજય	૧૮૪
૧૭૫૯	અમરસેન જયસેન રાસ	જિનહર્ષ	૧૪૧
૧૭૬૯	શ્રી વૃદ્ધિવિજયજી રાસ	સુખસાગર	૧૪૫
૧૭૮૨	શ્રી શત્રુંજયમાહાત્મ્ય, ગદ્ય	હંસરત્નકવિ	૩૩
૧૮૪૩	ઉપદેશપ્રાસાદ	વિજયલક્ષ્મીસૂરિ	૧૫૫,૧૭૬
૧૮૮૨	પૃથ્વીચન્દ્રચરિત્ર, ગદ્ય	પં.રૂપવિજયગણિ	૧૭૪
,, આસપાસ	પદ્મવિજયજીનિર્વાણ રાસ	,,	૧૪૨
૧૯ સી સદી	જયાનંદકેવલિચરિત્ર, ગદ્ય	પં.પદ્મવિજયગણિ	૧૭૩
	સૂક્તસંચય	સંગ્રા. મંગલવિજયજી	૧૭૭
	કેવલનાણી બૃહત્ ચૈત્ય-વંદન		૧૪૬

આ પુસ્તકમાં શંખેશ્વર પાર્શ્વનાથ સંબંધી જે કૃતિઓ આપી છે, તેની સાલવાર (કર્તાનાં નામ સાથે) અનુક્રમણિકા

સંવત્	કૃતિનું નામ	કર્તા	સ્તોત્રાંક
૧૮મી સદી પૂર્વાર્ધ	શં. પા. સ્તવન	મુનિ ધર્મવન્ત	૫૮
,, ,,	શં. પા. સ્તવન	પં. ચારિત્રસાગર	૮૦
,, ,,	શં. પા. રાજગીતા	વાચક ઉદયવિજય	૧૩૨
૧૭૫૯ની આસ-પાસ (?)	શં. પા. છંદ	જિનહરખ	૪૫
,, ,, (?)	શં. પા. સ્તોત્ર	,,	૫૨
,, ,, (?)	શં. પા. સ્તવન	,,	૧૬૪
૧૭૬૧	શં. પા. સ્તવન	મુનિ અમરચંદ્ર	૧૧૧
૧૭૬૯	શં. પા. શલોકો	ઉપા. ઉદયરત્ન	૪૧
,,	શં. પા. અષ્ટક	મુનિ સુખસાગર	૧૫૦
૧૭૭૯ પહેલાં	શં. પા. સ્તવન	વિજયાણંદસૂરિશિષ્ય-	૬૮
૧૭૮૨ આસપાસ	શં. પા. સ્તોત્ર	હંસરત્ન	૫
,, ,,	શં. પા. છંદ	,,	૭
૧૭૮૪ લગભગ	શં. પા. સ્તવન	મુનિ દીપવિજય	૭૧
૧૭૮૪	શં. પા. શલોકો	મુનિ દીપવિજય	૪૨
૧૭૮૬ પહેલાં	શં. પા. છંદ	શીલમુનિ	૧૫૭
૧૭૮૯	શં. પા. છંદ	જીવનવિજય	૪૭
૧૭૯૦	શં. પા. સ્તવન	મુનિ લબ્ધિવિજય	૮૨
૧૮મી સદી	શં. પા. સ્તોત્ર	ઉપા. યશોવિજય	૬
,, ,, (?)	શં. પા. સ્તવન	,, ,, (?)	૮
,, ,,	શં. પા. સ્તવન	ઉપા. ઉદયવિજયગણિ	૧૬
,, ,,	શં. પા. સ્તવન	જ્ઞાનવિમલસૂરિ	૭૩ થી ૭૯
,, ,,	શં. પા. સ્ત૦ (હિન્દી)	ઉપા. યશોવિજય	૧૧૪
,, ,,	શં. પા. સ્તુતિ	નયવિમલ	૧૨૬

સંવત્	કૃતિનું નામ	કર્તા	સ્તોત્રાંક
૧૮મી સદી ઉત્તરાર્ધ	શં. પા. ચોઢાળિયું સ્તવન	રત્નવિજય	૫૫
,, ,,	શં. પા. સ્તવન	,,	૮૪
૧૮૧૮	શં. પા. છંદ	કનકરત્ન	૫૦
૧૮૩૦	શં. પા. સ્તવન	ઉપા૦ રાજવિજયગણિ	૬૭
૧૮૩૪	શં. પા. સ્તવન	પં. પદ્મવિજયગણિ	૮૫
૧૮૪૬	શં. પા. સ્તવન	પં. મલુકચંદ	૮૭
૧૮૫૨	શં. પા. સ્તવન	રંગવિજયમુનિ	૯૧
૧૮૫૨ આસપાસ	શં. પા. સ્તુતિ	,,	૧૨૯
,, ,,	શં. પા. સ્ત૦ (હિન્દી)	માણિક્યવિજય	૧૧૫
,, ,, (?)	શં. પા. કવિત્ત	રંગવિજય	૧૩૫
૧૮૭૭	શં. પા. સ્તવન	પં. વીરવિજયગણિ	૯૩
૧૮૭૭ આસપાસ	શં. પા. પદ	,,	૧૩૩
૧૮૭૭ ,,	શં. પા. સ્તવન	,,	૯૨,૯૫
૧૮૭૮	શં. પા. સ્તવન	,,	૯૪
૧૮૮૧	પાર્શ્વનાથજી છંદ	ઉત્તમવિજય	૧૪૮
૧૮૮૨ આસપાસ	શં. પા. લાવણી	પં. રૂપવિજયગણિ	૧૩૧
,, ,,	શં. પા. સ્તવન	,,	૯૬ થી ૯૯
,, ,,	શં. પા. સ્તવન	,,	૬૯,૧૧૭
,, ,,	શં. પા. ચૈત્યવંદન	,,	૫૩
૧૮૮૮ પહેલાં	શં. પા. સ્તવન	કુંવરવિજયશિષ્ય	૬૨
૧૮૮૯	પંચકલ્યાણકપૂજાનો કલશ	પં. વીરવિજયગણિ	૧૪૭
૧૯મી સદી	શં. પા. સ્તવન	કૃષ્ણવિજયશિષ્ય	૧૦૦
૧૯મી સદી ઉત્તરાર્ધ	શં. પા. સ્તવન	મોહનવિજય	૭૨

સંવત્	કૃતિનું નામ	કર્તા	સ્તોત્રાંક
૧૯૦૦ આસપાસ	શં. પા. સ્ત૦ (હિન્દી)	ચિદાનંદજી	૧૧૯
૧૯૪૪	શં. પા. સ્ત૦ (હિન્દી)	હર્ષવિજયજી	૧૨૩
૨૦મી સદી પૂર્વાર્ધ	શં. પા. સ્તવન (હિન્દી)	વિજયાનંદસૂરિ (આત્મારામજી મ.)	૧૨૦, ૧૨૧,૧૨૨
૧૯૬૦	શં. પા. અષ્ટક	વિજયધર્મસૂરિજી	૧૨
૧૯૭૭	શં. પા. સ્તવન	,,	૧૦૭
	શં. પા. જિનસ્તવ		૯,૧૦
	ચૈત્યવંદન		૧૧
	શં. પા. સ્તુતિ શ્લોક		૧૩
	શં. પા. છંદ	પં. સુખચંદ	૪૮
	શં. પા. છંદ	મુનિ મેઘરાજ	૪૯
	શં. પા. છંદ		૫૧
	શં. પા. સ્તવન	સકલચંદ્ર	૫૭
	શં. પા. સ્તવન	મોતિસાગરમુનિ	૬૬
	શં. પા. સ્તવન	દાનવિજય	૭૦
	શં. પા. સ્તવન	અમરરત્નસૂરિ	૮૩
	શં. પા. સ્તવન	કાંતિવિજય	૮૬
	શં. પા. સ્તવન	મુનિ રંગવિજય	૮૮, ૮૯,૯૦
	શં. પા. સ્તવન	ન્યાયસાગર	૧૦૧
	શં. પા. સ્તવન	પુણ્યસાગરસૂરિ	૧૦૨
	શં. પા. સ્તવન	દેવો	૧૦૪
	શં. પા. સ્તવન	ધર્મચન્દ્ર	૧૦૫
	શં. પા. સ્તવન	ખુશાલચંદ	૧૦૬
	શં. પા. સ્તવન		૧૦૮
	શં. પા. સ્તવન		૧૦૯

સંવત્	કૃતિનું નામ	કર્તા	સ્તોત્રાંક
	શં. પા. સ્તવન		૧૧૦
	શં. પા. સ્તવન (હિન્દી)	રંગવિજય	૧૧૬
	શં. પા. સ્તવન (હિન્દી)	શ્રી પ્રભુ	૧૧૮
	શં. પા. સ્તુતિ	હંસરત્ન (?)	૧૨૫
	શં. પા. સ્તુતિ	ઉપા. તેજરુચિ	૧૨૭
	શં. પા. સ્તુતિ	નયવિજય	૧૨૮
	શં. પા. સ્તુતિ	તત્ત્વવિજય	૧૩૦
	શં. પા. વિનતિ		૧૩૪
	શં. પા. અષ્ટક	ભાવપ્રભસૂરિ	૧૪૯
	શં. પા. સ્તુતિ		૧૫૧
	શં. પા. સ્તુતિ		૧૫૨
	શં. પા. સ્તવ		૧૫૩
	શં. પા. છંદ	નયપ્રમોદ	૧૫૯
	શં. પા. છંદ	મુનિ લાભવૃદ્ધ	૧૬૦
	શં. પા. છંદ		૧૬૨
	શં. પા. સ્તુતિ	લક્ષ્મીરત્ન	૧૬૩
	શં. પા. સ્તવન	ભાવપ્રભસૂરિશિષ્ય પુણ્ય	૧૪૩

ઉપયોગમાં લીધેલા ગ્રન્થોની યાદી

૧ અષ્ટોત્તરી તીર્થમાળા
૨ અમરસેન જયસેન રાસ
૩ અભિધાનચિન્તામણિ સટીક
૪ અંચળગચ્છીય પંચપ્રતિ-ક્રમણસૂત્ર
૫ અંચળગચ્છીય બૃહત્ પટ્ટા-વલી, ભાષાન્તર
૬ ઉપદેશકલ્પવલ્લી
૭ ઉપદેશપ્રાસાદ, ભા૦ ૧
૮ ઉપદેશપ્રાસાદ ભા૦ ૪
૯ ઉદયદીપિકા
૧૦ ઉત્તરાધ્યયન સૂત્રવૃત્તિ (પં૦ ભાવવિજય ગણી)
૧૧ ઐતિહાસિક રાસ સંગ્રહ, ભા. ૩ (ય. વિ. ગ્રં.)
૧૨ કલ્પસૂત્ર મૂળ, પાર્શ્વ. ચ.
૧૩ કાલલોકપ્રકાશ
૧૪ ગુર્જર સાહિત્ય સંગ્રહ
૧૫ ગુજરાતનાં ઐતિહાસિક સા-ધનો, વિભાગ ૧-૨
૧૬ ચઉપન્ન મહાપુરિસ ચરિયં પ્રાકૃત (શીલાંગાચાર્ય)
૧૭ ચૈત્યવંદન સ્તુતિ સ્તવનાદિ સંગ્રહ ભા. ૧ (શિ. લું.)
૧૮ ચૈત્યવંદન સ્તુતિ સ્તવનાદિ સંગ્રહ ભા. ૩ (શિ. લું.)
૧૯ ચૈત્યવંદન સમુચ્ચય (જાલોર)
૨૦ ચૈત્યપરિપાટી
૨૧ જગડુચરિત્ર મહાકાવ્ય
૨૨ જયાનંદકેવલિચરિત્ર, ગદ્ય
,, પદ્ય
૨૩ જેસલમેર શિલાલેખ સંગ્રહ (પૂ. ના.)
૨૪ જૈન સ્તોત્ર સંગ્રહ, ભા. ૨ (ય. વિ. ગ્રં.)
૨૫ જૈન પ્રબોધ, ભા. ૧
૨૬ જૈન ગુર્જર કવિઓ, ભા. ૧
૨૭ ,, ભા. ૨
૨૮ જૈન રાસમાળા, ભા. ૧ (સં. મો. દ. દે.)
૨૯ જૈન સાહિત્ય સંશોધક, ભા. ૧ અંક ૧-૪ (ત્રિમાસિક)
૩૦ જૈન સત્ય પ્રકાશ વર્ષ ૧, અંક ૫ (માસિક)
૩૧ જૈન શ્વે. કૉ. હેરલ્ડ, સચિત્ર ખાસ ઐતિહાસિક-સાહિત્ય અંક, જુલાઈ-ઑક્ટોબર. ૧૯૧૫.
૩૨ જૈન સ્તોત્ર સંદોહ, ભા. ૧ (પ્ર. સા. ન.)

૩૩ જૈન સ્તોત્ર સંદોહ, ભા. ૨ (પ્ર. સા. ન.)
૩૪ જૈન કાવ્ય પ્રકાશ, ભા. ૧ (ભી. મા.)
૩૬ જૈન વાર્ષિક ઉત્તમ પર્વો (મા. ઉ. રા.)
૩૭ જૈન યુગ, પુસ્તક ૪ (માસિક)
૩૭ જૈન સાહિત્ય સંશોધક, ખંડ ૧ અંક ૨ (માસિક)
૩૮ જૈન સાહિત્ય સંશોધક, ખંડ ૧ અંક ૩ (માસિક)
૩૯ જૈન પ્રશસ્તિ સંગ્રહ, ભા. ૧
૪૦ ,, ,, ,, ભા. ૨
૪૧ જૈન ધર્મ પ્રકાશ પુ. ૫૬, અંક ૧૦ (માસિક)
૪૨ ટ્રીગ્નોમેટ્રીકલ સર્વેનો અંગ્રેજી નકશો (English Map)
૪૩ તપાગણપતિગુણપદ્ધતિ
૪૪ તપાગચ્છ પટ્ટાવલી
૪૫ તીર્થંકર ચરિત્ર (અમરચંદ્રસૂરિ)
૪૬ તીર્થ ગાઈડ
૪૭ ત્રિ. શ. પુ. ચ. મહાકાવ્ય, પર્વ ૧ (હેમચંદ્રાચાર્ય)
૪૮ ત્રિ. શ. પુ. ચ. મહાકાવ્ય, પર્વ ૮ (હેમચંદ્રાચાર્ય)
૪૯ ત્રિ. શ. પુ. ચ. મહાકાવ્ય, પર્વ ૯ (હેમચંદ્રાચાર્ય)
૫૦ ત્રૈલોક્યપ્રકાશ (હેમપ્રભસૂરિ)
૫૧ દિગ્વિજયમહાકાવ્ય (અપ્રકટ)
૫૨ દીક્ષાવિધિ (ય. વિ. ગ્રં.)
૫૩ દેવવંદનમાળા
૫૪ દેવાનંદ મહાકાવ્ય (સં. બે. જી. દોસી)
૫૫ દ્રવ્યલોકપ્રકાશ
૫૬ નાભિનંદનજિનોદ્ધાર પ્રબંધ
૫૭ નેમિનાથચરિત્ર, પ્રાકૃત, હસ્તલિખિત (મલધારી હેમચંદ્ર)
૫૮ નેમિનાથ ચરિત્ર, ગદ્ય (ગુણવિજય)
૫૯ નેમિનાથ ચરિત્ર, પદ્ય (ઉપા. કીર્તિવિજયજી)
૬૦ નેમિનિર્વાણ (વાગ્ભટ)
૬૧ પટ્ટાવલીસમુચ્ચય ભા. ૧
૬૨ પત્તનસ્થ જૈન ભાંડાગારીય ગ્રન્થસૂચિ
૬૩ પદ્મવિજયજી નિર્વાણ રાસ
૬૪ પંચ પ્રતિક્રમણ સૂત્ર (અ. જ્ઞા. પ્ર. મં.)
૬૫ પાંડવચરિત્ર મહાકાવ્ય (પં. શુભવર્ધન ગણી)

૬૬ પાંડવચરિત્ર મહાકાવ્ય (મલધારી શ્રીદેવપ્રભસૂરિ) પાર્શ્વનાથ નામમાળા
૬૭ પાંડવચરિત્ર, ગદ્ય (ય.વિ.ગ્રં.)
૬૮ પાર્શ્વનાથચરિત્ર (શં. પા. પ્રબન્ધ) (જ્ઞાનકુશળ)
૬૯ પુરાતન પ્રબન્ધ સંગ્રહ (સં. જિ. વિ.)
૭૦ પૃથ્વીચંદ્રચરિત્ર, ગદ્ય
૭૧ પ્રબન્ધ કોશ–ચતુર્વિંશતિ પ્રબન્ધ (સં. જિ. વિ.)
૭૨ પ્રબન્ધચિન્તામણિ, ભા. ૧ (સં. જિ. વિ.)
૭૩ પ્રકરણાદિ વિચારગર્ભિત સ્તવન સંગ્રહ(જૈ. ધ. પ્ર. સ.)
૭૪ પ્રદ્યુમ્નચરિત્ર (રત્નચંદ્રગણી)
૭૫ પ્રવચનસારોદ્ધાર સટીક
૭૬ પ્રગટપ્રભાવી પાર્શ્વનાથ
૭૭ પ્રાચીન જૈન લેખ સંગ્રહ, ભા. ૨ (સં. જિ. વિ.)
૭૮ પ્રાચીન ગુર્જર કાવ્ય સંગ્રહ
૭૯ પ્રાચીન સ્તવન રત્નસંગ્રહ, ભા. ૧ (શેઠ જ. ભ.)
૮૦ પ્રાચીન તીર્થમાળા સંગ્રહ, ભા. ૧ (ય. વિ. ગ્રં.)
૮૧ ભાવલોકપ્રકાશ
૮૨ ભાનુચંદ્ર ચરિત્ર (સં. મો.દ. દે.)
૮૩ મણિભદ્રાદિકોના છંદો,ભા. ૧
૮૪ મન્ત્રાધિરાજ ચિન્તામણિ (પ્ર. સા. ન.)
૮૫ માધવાનલ ચતુષ્પદી
૮૬ રત્નસાગર, ભા. ૧
૮૭ રાસમાળા (ડૉ. ફાર્બસ)
૮૮ વસ્તુપાલચરિત્ર (જિન-હર્ષગણિ)
૮૯ વસ્તુપાલપ્રબન્ધ
૯૦ વસ્તુપાલ–તેજપાલ રાસ (મેરુવિજય)
૯૧ વિજયપ્રશસ્તિ મહાકાવ્ય
૯૨ વિજયદેવસૂરિ માહાત્મ્ય,ભા.૧
૯૩ વિચાર સાર પ્રકરણ (પ્રદ્યુમ્નસૂરિ)
૯૪ વિવિધતીર્થકલ્પ (એ. સો. બેંગાલ, સિં. ગ્રં.)
૯૫ વિવિધ પૂજા સંગ્રહ
૯૬ વિહાર વર્ણન, ભા. ૨ (જ.વિ. અપ્રકટ)
૯૭ વીરવિજય રાસ
૯૮ વીરવંશાવળી
૯૯ વૃદ્ધિવિજયજી રાસ (કવિ સુખલાલ)
૧૦૦ વૈરાગ્ય ભાવના
૧૦૧ શત્રુંજયમાહાત્મ્ય, ગદ્ય
૧૦૨ શત્રુંજય માહાત્મ્ય, પદ્ય

१०३ શલોકા સંગ્રહ (ભી. મા.)
१०४ શંખેશ્વર પાર્શ્વનાથ (મ. ન્યા. શાહ)
१०५ શં. પા. પંચકલ્યાણુક ગર્ભિત પ્રતિષ્ઠા કલ્પ, હસ્તલિખિત
१०६ શિલાલેખ સંગ્રહ (પૂ. ના.)
१०७ શ્રાદ્ધવિધિ
१०८ સમરારાસુ
१०९ સૂક્તસંચય (સંગ્રાહક મંગળવિજયજી)
११० સ્તવનાદિ સંગ્રહ (સં. પો. સા. શાહ)
१११ સ્તોત્ર સમુચ્ચય (સં. ચતુરવિજયજી)
११२ હીરસૌભાગ્ય મહાકાવ્ય
११३ ક્ષેત્રલોકપ્રકાશ.

સાંકેતિક શબ્દોનો ખુલાસો

અ. – અક્ષર
અ. જ્ઞા. પ્ર. મં. – અધ્યાત્મ જ્ઞાન પ્રસારક મંડળ
અં. – અંક
આ. મ. – આચાર્ય મહારાજ
આ. શ્રી. – આચાર્યજી શ્રીમાન્
ઉ.; ઉપા. – ઉપાધ્યાય
એ. સો. બેં. – એસિયાટીક સોસાયટી ઑફ બેંગાલ
ઐ. ગુ. હ. વિ. – ઐતિહાસિક ગુજરાતી હસ્તલિખિત વિષયાદિ
કા. – કારતક માસ
ગ. – ગણિ
ગ્રં. – ગ્રંથાગ્રં–કુલ શ્લોક સંખ્યા.
ગા. ઓ. સિ. – ગાયકવાડ ઓરિયન્ટલ સીરીઝ.
ચ. – ચરિત્ર
જ. ભ. – શેઠ જમનાભાઈ ભગુભાઈ
જ. વિ. – જયન્તવિજય
જિ. વિ. – શ્રીમાન્ જિનવિજયજી
જૈ. ધ. પ્ર. સ. – જૈનધર્મ પ્રસારક સભા
જૈ. શ્વે. મૂ. – જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક
જૈ. શ્વે. કૉ. – જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સ
ઠે. – ઠેકાણું
તા. – તારીખ
ત્રિ. શ. પુ. ચ. – ત્રિષષ્ટિ શલાકા પુરુષ ચરિત્ર.
નં. – નંબર
પરિ. – પરિશિષ્ટ
પં. – પંડિત, પંન્યાસ.
પા. જૈ. ભં. ડી. કૅટા. વૉ. – પાટણ જૈન ભંડાર ડીરેક્ટરી કૅટલોગ વોલ્યુમ.
પુ. – પુસ્તક
પૂ. ના. – બાબૂ પૂરણચંદ્રજી નાહર
પૃ. – પૃષ્ઠ
પો. સા. – પોપટલાલ સાકરચંદ શાહ

પ્ર.; પ્રકા. – પ્રકાશક

બે. જી. – પં. બેચરદાસ જીવરાજ દોસી

ભ. – ભગવાન્

ભા. – ભાગ.

ભી. મા. – ભીમસિંહ માણેક

મ. – મહારાજ

મ. ન્યા. – મણિલાલ ન્યાલચંદ શાહ

મા. ઉ. રા. – માસ્તર ઉમેદચંદ રાયચંદ

મુ,; મુ. મ. – મુનિમહારાજ

મૂ. ના. – મૂળ નાયકજી

મો. દ. દે. – શ્રી મોહનલાલ દલીચંદ દેસાઈ

ય. વિ. ગ્રં. – યશોવિજય જૈન ગ્રંથમાળા.

રૂ. – રૂપિયા

લિ. – લિખિતં

લે.; લે. નં. – લેખ નંબર

વ. – વદિ

વા. – વાચનાચાર્ય, વાચક

વિ. – વિજય

વિ. સં. – વિક્રમ સંવત્

શં.; શંખે. – શંખેશ્વર

શં. પા.; શંખે. પાર્શ્વ. – શંખેશ્વર પાર્શ્વનાથજી

શં. મ. પ્ર. ભા. શંખેશ્વર મહાતીર્થ પ્રથમ ભાગ

શા.; સા. – શાહ

શિ. લું. – શા. શિવનાથ લુંબાજી

શ્લો. – શ્લોક

શ્રી. – શ્રીમાન્, શ્રીયુત

સં. – સંપાદક

સં. – સંવત્

સંગ્રા. – સંગ્રાહક

સા. ન. – સારાભાઈ મણિલાલ નવાબ

સિં. ગ્ર. – સિંઘી જૈન ગ્રન્થમાળા

સુ. – સુદિ

સ્ત. – સ્તવન

સ્તો. – સ્તોત્રાંકગ્રંથોના ઉતારા અને કૃતિઓને આપેલ નંબર

સ્વ. – સ્વર્ગસ્થ


હ. લિ. – હસ્તલિખિત

જ્ઞા. વિ. સૂ. જ્ઞા. ભં. – શ્રી જ્ઞાનવિમલસૂરિ જ્ઞાનભંડાર


शङ्खेश्वर महातीर्थ

भाग पहेलो

[इतिहास – वर्णन – आदि]



મહાતીર્થનાં વિવિધ જાતનાં મનોહર શિખરો | મંદિરના મુખ્ય પ્રવેશદ્વારની છત ઉપરથી લીધેલ બન્ને સભા મંડપો, રંગ મંડપ, મૂળ મંદિર તથા ભમતીની દેરીઓ ઉપરના વિવિધ શિખરોનું દૃશ્ય. જુઓ પૃ ૧૧-૫૪ |



દેવવિમાન જેવું મનોહર જિનમંદિર [કમ્પાઉન્ડની જમણી બાજુના નગારખાના ઉપરથી લીધેલ દૃશ્ય. જુઓ પ્ર. ૧૧]

श्रीशंखेश्वरपार्श्वनाथाय नमो नमः।
श्रीमद्विजयधर्मसूरिगुरुभ्यो नमः।

शङ्खेश्वर महातीर्थ

[भाग प्रथम]

પ્રકરણ પહેલું : તીર્થ

જે તારે તે તીર્થ અથવા જેનાથી તરીને સામે કિનારે પહોંચાય તેનું નામ તીર્થ. જેમ સરોવર કે નાની નદીઓ ત્રાપા કે તુંબડાથી પાર કરી શકાય છે, મોટી નદીઓ કે સમુદ્ર ઉપર બાંધેલા પુલ મારફત તેને સામે કાંઠે પહોંચી શકાય છે તેમ ભવ્ય પ્રાણીઓ જેનાથી સંસારરૂપી સમુદ્રને તરીને સામે કાંઠે અર્થાત્ મોક્ષમાં પહોંચી શકે તેનું નામ **તીર્થ** કહેવાય છે. તીર્થ બે પ્રકારનાં છે : એક જંગમ તીર્થ અને બીજું સ્થાવર તીર્થ. શ્રી તીર્થંકર ભગવંતોએ સ્થાપન કરેલ ગણધર ભગવંતો અને ચતુર્વિધ શ્રીસંઘ એ જંગમતીર્થ છે, જ્યારે ચોવીશે તીર્થંકર ભગવંતોનાં પાંચે કલ્યાણકની ભૂમિઓ, તીર્થંકર મહારાજાઓનાં ચરણકમળોથી પવિત્ર થયેલી

ભૂમિઓ, ઘણા જીવોના આત્મકલ્યાણમાં સાધનભૂત બનેલી ભૂમિઓ અને જિનેશ્વર ભગવંતોનાં મંદિરો વગેરે સ્થાવર તીર્થ છે. સ્થાવર તીર્થોમાં અત્યારે **૧ શત્રુંજય, ૨ ગિરિનાર, ૩ અર્બુદાચળ** (આબુ), **૪ સમ્મેતશિખર** અને **૫ અષ્ટાપદ**–આ પાંચ સર્વશ્રેષ્ઠ મહાતીર્થો ગણાય છે; જ્યાંથી ઘણા તીર્થંકર ભગવંતો, ગણધર મહારાજો અને મુનિમતંગજો મોક્ષે ગયા છે અને ઘણા ભવ્ય પ્રાણીઓએ પોતાનું આત્મકલ્યાણ સાધ્યું છે.

તે ઉપરાંત જે મંદિરોમાંની શ્રી જિનેશ્વર ભગવંતોની મૂર્તિઓ ઘણા કાળની જૂની હોય, દેવોથી પ્રાપ્ત થઈ હોય, જેના અધિષ્ઠાયક દેવો જાગતા હોય અર્થાત્ ભક્તોનાં વિઘ્નોને દૂર કરીને તેમના ઇચ્છિત મનોરથોને પૂર્ણ કરતા હોય તે પણ મહાતીર્થો કહેવાય છે. ભારતવર્ષમાં આ કાળમાં આવાં મહાતીર્થોમાં **શ્રી શંખેશ્વર** મહાતીર્થ અગ્ર સ્થાન ભોગવે છે. આ તીર્થ ક્યાં આવ્યું છે અને એ શાથી મહાતીર્થ મનાય છે? વગેરે હકીકત આગળનાં પ્રકરણો વાંચવાથી જાણવામાં આવશે.

પ્રકરણ બીજું : શંખેશ્વર ગામ

ઉત્તર ગુજરાતમાંનો થોડો ભાગ **વઢિયાર**[1] (વૃદ્ધિકાર) દેશ એ નામથી બહુ પ્રસિદ્ધિમાં આવેલો છે. તેનું મુખ્ય શહેર **રાધનપુર** છે. તે રાધનપુર સ્ટેટના મુંજપુર મહાલમાં **શંખેશ્વર** નામનું પ્રાચીન, સુંદર અને રળિયામણું ગામ આવેલું છે. આ ગામનું **શંખપુર** એવું નામ ઘણા પ્રાચીન શિલાલેખો અને ગ્રંથોમાં[2] મળે છે. એટલે મૂળ તો આ ગામનું નામ **શંખપુર** હોવું જોઇએ, પરંતુ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથનો મહિમા બહુ વિસ્તાર પામવાથી આ ગામનું નામ પાછળથી **શંખપુરને** બદલે **શંખેશ્વર** પડી ગયું હોય એમ લાગે છે. **શંખેશ્વર** નામ ક્યારથી પડ્યું તે નક્કી કહી શકાય તેમ નથી; કેમકે છેલ્લા કેટલાક સૈકાઓથી આ ગામનું નામ **શંખેશ્વર** ચાલુ હોવા છતાં પણ આનું શાસ્ત્રીય નામ **શંખપુર** હોવાથી આધુનિક લેખકો પણ પોતાના ગ્રંથો કે સ્તવનાદિમાં **શંખપુર** તરીકે પણ આ ગામનો ઉલ્લેખ કરે છે.

ગામની પ્રાચીનતા અને જાહોજલાલી–

શ્રી શંખેશ્વર મહાતીર્થનો ઐતિહાસિક કાળ, મહામંત્રી **સજ્જનશાહે** વિ. સં. ૧૧૫૫ માં શંખેશ્વરજીમાં મંદિર

---

૧ 'અંચળગચ્છીય બૃહત્ પટ્ટાવલી' ભાષાન્તર. પૃ. ૭૪, તથા સ્તોત્રાંક–૪૧, ૪૨, ૪૭, ૫૦, ૫૩, ૫૪, ૯૮, ૧૬૩ વગેરે અનેક સ્તોત્રો અને ગ્રંથોમાં **વઢીઆર** દેશનો ઉલ્લેખ મળી આવે છે.

૨ સ્તોત્રાંક–૧, ૨, ૩૫, ૧૩૯, ૧૪૮, ૧૫૧, ૧૫૩, ૧૫૮ વગેરે ઘણે ઠેકાણે **શંખપુર** નામ આપેલ છે.

બંધાવ્યું ત્યારથી શરૂ થાય છે. પરંતુ તે પહેલાં પણ **શંખેશ્વર** ગામની જાહોજલાલી બહુ સારી હતી, એમ નીચેની બીનાથી જાણી શકાય છે.

ચરમ તીર્થનાયક, શ્રી **વીર** ભગવાનથી ૩૫મી પાટે થયેલા અને જેઓ વિ. સં. ૯૯૪ માં વિદ્યમાન હતા તે શ્રીમાન્ **ઉદ્યોતનસૂરિજી**ના પરિવારમાંના, ચોરાસી આચાર્યોમાંથી તેમના મુખ્ય પટ્ટધર શ્રીમાન્ **સર્વદેવસૂરિજી** સપરિવાર વિહાર કરતા કરતા અહીં (શંખેશ્વર) આવીને (લગભગ વિ. સં. ૧૦૨૦માં) ચોમાસું રહ્યા હતા. તેમણે પોતાની છેલ્લી જીંદગી કદાચ **શંખેશ્વર**માં જ વીતાવી હશે, અથવા તો ત્યાંના શ્રાવકોના આગ્રહથી તેઓ વખતોવખત ત્યાં પધારતા હશે. તેથી તેમની પરંપરાના મુનિઓ **શંખેશ્વરગચ્છીય** તરીકે ઓળખાવા લાગ્યા. અર્થાત્ આ **શંખેશ્વર** ગામના નામ ઉપરથી **શંખેશ્વર ગચ્છ** નીકળ્યો.

આ શ્રીમાન્ **સર્વદેવસૂરિજી** શ્રી શંખેશ્વરજીમાં ચોમાસું રહ્યા હતા, તે વખતે તેમણે **લોહિયાણપુર** (મારવાડ) ના ત્યાં આવેલા રાજાને ચમત્કાર દેખાડી, પ્રતિબોધ કરી શ્રાવક બનાવીને બાર વ્રત ઉચ્ચરાવ્યાં હતાં.

પાંચ વર્ષ બાદ તે રાજા પાછો મિથ્યાત્વી થઈ જવાનું સાંભળવાથી **શ્રી સર્વદેવસૂરિજી** મહારાજે પોતાની આકર્ષણી વિદ્યાના બળથી તે રાજાને **શંખેશ્વર** ગામમાં પોતાના ઉપાશ્રયમાં આકર્ષી મંગાવીને ઉપદેશ આપી તેનું મિથ્યાત્વ દૂર કરાવી ફરીને તેને જૈનધર્મમાં દૃઢ કર્યો. પછી તેણે સારાં સારાં ધર્મકાર્યો કર્યાં.

એ ચાલ્યા આવતા **શંખેશ્વર ગચ્છના**, સો એક વર્ષ પછી, **નાણુક ગચ્છ** અને **વલ્લભી ગચ્છ** એમ બે વિભાગો થયા.[1]

યશોધન ભણુશાલીના વંશના **શંખેશ્વરીયાની** ઓડકવાળાઓ, જ્યારે પોતાને ત્યાં પુત્ર જન્મે ત્યારે, શ્રી શંખેશ્વરજીના જિનમંદિરમાં ત્રણ ગજ કપડાની ઝોળી બાંધી તેમાં એક શ્રીફળ, સાત સોપારી, બે માણુ ચોખા નાખી તેમાં તે બાળકને હીંચોળે છે. અને તે બાળકના મસ્તક ઉપર સાથીઓ કરી ચોખાથી વધાવે છે. મોટા પુત્રનો એક કાન વીંધે છે. ફુઈને ચાર ફદીયાં (પૈસા) તથા સાત સોપારી આપે છે અને ગોરણીઓ (કન્યાઓ) જમાડે છે.[2]

આ ઉપરથી, શ્રમણ ભગવાન્ શ્રી **વીર** પ્રભુની ૩૬ મી પાટે થયેલા શ્રીમાન્ **સર્વદેવસૂરિજી** મહારાજ (જેમનો સત્તાસમય વિ. સં. ૧૦૨૦ આસપાસનો છે) પરિવાર સાથે અહીં વખતોવખત પધારતા હતા અને ચોમાસાં પણ કરતા હતા. અને તેમના પરિવારના મુનિઓનો **શંખેશ્વર ગચ્છ**

---

૧ જુઓ : 'અંચળગચ્છીય બૃહત્ પટ્ટાવલી' ભાષાંતર, પૃ. ૭૪, ૭૫, ૭૬, ૧૧૭. આ પટ્ટાવલીના ભાષાંતરમાં આચાર્ય મહારાજાઓના જીવનપ્રસંગોમાં જે સંવતો આપ્યા છે તેમાં ઐતિહાસિક વિદ્વાનોની અત્યારની ચાલુ માન્યતા પ્રમાણે લગભગ ૩૦૦ વર્ષનો ફરક પડે છે. જેમકે શ્રી **સર્વદેવસૂરિજીએ લોહીઆણપુરના** રાજાને પ્રતિબોધીને વિ. સં. ૭૨૩ના માગશર સુદ ૧૦ ને દિવસે શ્રાવક બનાવ્યાનું તેમાં લખ્યું છે, પરંતુ ત્યાં લગભગ વિ. સં. ૧૦૨૩ જોઇએ. એ અરસામાં ઉક્ત આચાર્ય મહારાજ વિદ્યમાન હતા.

૨. 'અંચળગચ્છીય બૃહત્ પટ્ટાવળી' ભાષાંતર, પૃ૦ ૮૭

થયો હતો. એટલે ૧૧મી શતાબ્દિમાં પણ અહીં શ્રાવકોનાં ઘણાં ઘર, દેરાસર, ઉપાશ્રય અને જૈન ધર્મશાળા વગેરે પણ હશે, તથા શ્રાવકો ભક્તિવાળા હશે એમ સહેજે જાણી શકાય છે. વળી **યશોધન** ભણશાળીના વંશના માણસોની **શંખેશ્વ-રીયા**ની ઓડક થઈ હતી, એટલે ૧૧મી સદી પછી પણ અહીં શ્રાવકોની વસ્તી સારા પ્રમાણમાં હશે, અને **શંખેશ્વર** ગામની જાહોજલાલી પણ સારી હશે, એ વાત સમજી શકાય તેવી છે.

શંખેશ્વરની વસ્તી

ફાર્બસ ગુજરાતી સભા મુંબઈ તરફથી સંવત્ ૧૯૮૪માં પ્રકટ થયેલ "ગુજરાતનાં ઐતિહાસિક સાધનો" ભાગ ૧–૨, પૃ. ૨૨૦ માં **શંખેશ્વર** ગામની જાતિવાર ઘરની સંખ્યા આપેલી છે, તે આ પ્રમાણે છે:–

ઘર	જાતિ	ઘર	જાતિ
૨૫	વાણિયાનાં	૪	કુંભારનાં
૪૦	બ્રાહ્મણનાં	૧	ઘાંચીનું
૪૦	નાડોદાનાં	૧	ભાડભુંજાનું
૧૨	કણબીનાં	૪	સુતારનાં
૧૨	ગોસાઈનાં	૧	દરજીનું
૭	ચારણના	૩	લુહારનાં
૧૦	રજપુતનાં	૬	હજામનાં
૧૦	ભરવાડનાં	૫	સીપાઈનાં
૨૫	ભાટનાં	૩૦	ઢેઢ, ચમાર, વાઘરી, તૂરીનાં
૧૦૦	કોળીનાં		

કુલ ઘર–૩૩૬

ઉપરોક્ત ગ્રંથના લેખક નર્મદાશંકર વલ્લભજી દ્વિવેદીએ ઉપરની હકીકત, બારોટ ફત્તેસિંહે ફાર્બસ સાહેબ યા અન્ય કોઇને લખાવેલી નોંધને આધારે, લખી હોય તેમ જણાય છે, અને તે પચાસેક વર્ષ પહેલાંની વાત હોય તેમ લાગે છે. અત્યારે **શંખેશ્વર** ગામમાં છેલ્લી સન ૧૯૪૧ ની વસ્તી-ગણત્રી પ્રમાણે કુલ ૩૮૦ ઘર અને લગભગ ૧૨૫૦ માણસની વસ્તી છે. તેમાં શ્રાવક વાણિયાનાં માત્ર દસ જ ઘર છે. તે બધાં વીશા શ્રીમાળી છે.

તેમાં શાહ **નાગજી ઉગરચંદ** મુખ્ય છે. દસ ઘરમાં પણ ૫–૬ ઘર તો એકલ–ડોકલ જેવાં છે. મતલબ કે અહીં શ્રાવક વાણિયાની વસ્તી સાવ ઘટી ગઈ છે. આગળ કોઇ જમાનામાં શ્રી શંખેશ્વર તીર્થનો વહીવટ અહીંના શ્રાવકો જ કરતા હશે, જ્યારે અત્યારે અહીંના જૈનોની આવી સ્થિતિ છે. અને ગામની વસ્તી પણ ઘણી જ ઘટી ગઇ છે, તોપણ અહીં શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુનું તીર્થધામ હોવાથી અત્યારે **શંખેશ્વર** ગામ ૩૮૦ ઘરનું ગામડું હોવા છતાંય બીજાં ગામોની અપેક્ષાએ પૂર્વકાળની માફક તેની આબાદી સારી છે, લોકો સુખી છે અને વેપાર–વણજ પણ સારો છે.

આ શ્રી **શંખેશ્વર** ગામના મધ્ય ભાગમાં શ્રી **શંખેશ્વર પાર્શ્વનાથ** પ્રભુના પશ્ચિમ સન્મુખ જૂના મંદિરનું એક વિશાળ ખંડિયેર ઊભું છે, અને ગામના પશ્ચિમ તરફના ઝાંપામાં શ્રી **શંખેશ્વર પાર્શ્વનાથ** પ્રભુનું તીર્થધામ આવેલું છે. તેમાં શ્રી **પાર્શ્વ** પ્રભુજીનું પૂર્વ સન્મુખ નવું મંદિર દેવ-વિમાન જેવું શોભી રહ્યું છે (સ્તો. ૧૨૯). તેનું વિશેષ વર્ણન આગળ આપવામાં આવશે.

પ્રકરણુ ત્રીજું : રસ્તા

શંખેશ્વર મધ્યવર્તી ગામ હોવાથી પગે ચાલીને કે ગાડારસ્તે જનારાઓ માટે સર્વ દિશાઓમાંથી **શંખેશ્વર** જવાના રસ્તા છે. [1]

---

૧ આમાંથી કેટલાક રસ્તાઓ મારા 'વિહારવર્ણુન' ભાગ બીજામાં ઘણી માહિતી સાથે આપ્યા છે. જેમકે-

૧ રાધનપુરથી માંડવી, સમી, મુંજપુર થઇને શ્રી શંખેશ્વરજીનો.

૨ રાધનપુરથી ગોચનાથ, કનીજ, દુધકા, લોલાડા થઈને શંખેશ્વરજીનો.

૩ રાધનપુરથી નજુપુરા, ગોધાણા, ચંદુર (નાની), લોલાડા થઇને શંખે૦ નો.

૪ ડીસાથી ભીલડિયા, થરા, ઊણુ, સમી થઇને શંખે૦નો.

૫ પાલણપુરથી પાટણ, હારીજ, મુંજપુર થઇને શંખે૦નો.

૬ ભોયણીથી રાંતેજ, શંખલપુર, ટુવડ, કુંવારદ થઇને શંખે૦નો.

૭ ઉપરીઆળાથી માંડલ, દસાડા, વડગામ, પંચાસર થઇને શંખે૦નો.

૮ ઉપરીઆળાથી પાટડી, દસાડા, પંચાસર થઇને શંખે૦નો.

૯ વઢવાણ કેંપથી બજાણા, પાટડી, જૈનાબાદ, વડગામ, પંચાસર થઈ ને શંખેશ્વરજીનો.

૧૦ સાંતલપુરથી વારાહી, ગોતરકા, વેડ, રાફુ, ચંદુર (નાની) લોલાડા થઇને શંખેશ્વરનો.

૧૧ ઝીંઝુવાડાથી ધામા, આદરિયાણા થઇને શંખે૦નો.

'વિહારવર્ણુન'નો આ બીજો ભાગ ઘણું કરીને સં. ૧૯૯૮ માં પ્રગટ થશે.

પરંતુ રેલ્વે કે મોટરસર્વીસ મારફત **શંખેશ્વર** જનારાઓ માટે મુખ્ય પાંચ રસ્તા છે, તે અનુક્રમે નીચે આપવામાં આવ્યા છે :

(૧–૨) બી. બી. એન્ડ સી. આઈ. રેલ્વેના **વીરમગામ** સ્ટેશનથી **શંખેશ્વર** થઇને **રાધનપુર** સુધીની મોટર સર્વીસ ચાલુ છે. **વીરમગામ** સ્ટેશનથી વાયવ્ય ખૂણામાં ૩૧ માઈલ અને **રાધનપુર**થી અગ્નિ ખૂણામાં ૩૦ માઇલની દૂરીપર **શંખેશ્વર** ગામ આવેલું છે. **વીરમગામ** સ્ટેશનથી મોટરસર્વીસનો ખટારો હમેશાં સવારે લગભગ નવ વાગ્યે ઉપડી **માંડલ, પંચાસર** થઈને બપોરે લગભગ ૧૧⟋⟋ વાગ્યે **શંખેશ્વરજી** પહોંચી ત્યાંના પેસેંજરોને ઉતારીને ત્યાંથી લગભગ ૧૧⟋⟋ વાગ્યે ઊપડીને **મુંજપુર, સમી** થઈને **રાધનપુર** આશરે ૨⟋⟋ વાગ્યે પહોંચે છે.

રાધનપુરથી બીજો ખટારો શિયાળામાં બપોરે ૧૨ વાગ્યે ઊપડી **સમી, મુંજપુર** થઇને લગભગ ૨⟋⟋ વાગ્યે **શંખેશ્વરજી** પહોંચી ત્યાંના પેસેન્જરોને ઉતારી **વીરમગામ**ના પેસેંજરોને લઈને ત્યાંથી ૨⟋⟋⟋ વાગ્યે ઊપડી **પંચાસર, માંડલ** થઈને **વીરમગામ** સ્ટેશને લગભગ ૪⟋⟋ વાગ્યે પહોંચે છે. એટલે ત્યાંથી કાઠીઆવાડ અને ગુજરાત તેમજ મુંબાઈના પેસેંજરોને રેલ્વે બરાબર લાગુ થાય છે.

આથી શિયાળામાં **વીરમગામ**થી આવતા પેસેંજરોને **શંખેશ્વરજી**માં ત્રણ કલાક રોકાઇ દર્શન સેવા પૂજા કરીને એ જ દિવસે પાછા જવું હોય તો જવાની અનુકૂળતા રહે છે. પરંતુ ઉનાળામાં તેમ બનતું નથી. કારણ કે–ઉનાળામાં **રાધનપુર**થી ખટારો સવારે ૯ વાગ્યે ઊપડીને **શંખેશ્વરજી**

બપોરે લગભગ ૧૧ાા વાગ્યે પહોંચીને ત્યાંથી ૧૧ાા વાગ્યે ઊપડીને લગભગ ૨ાા વાગ્યે **વીરમગામ** સ્ટેશને પહોંચી જાય છે. ઉનાળામાં બન્ને ખટારા શંખેશ્વરજીમાં બપોરે ૧૧ાા વાગે ભેગા થાય છે.

વીરમગામથી શંખેશ્વરજી સુધીનું મોટરભાડું રૂા. ૧–૮–૦ છે. તેમજ **રાધનપુરથી** શંખેશ્વરજી સુધીનું મોટર-ભાડું પણ રૂા. ૧–૮–૦ છે. પરંતુ જો વીરમગામથી રાધનપુર સુધીની અથવા તો રાધનપુરથી વીરમગામ સુધીની સળંગ ટીકીટ લીધી હોય તો રૂા. ૨–૮–૦ લાગે છે. સળંગ ટીકીટ લીધી હોય તો વચ્ચે શંખેશ્વરજીમાં ઊતરીને રોકાઈ શકાતું નથી. પરંતુ પેસેંજરોની દર્શન કરવાની ઇચ્છા હોય તો શંખેશ્વરજીમાં આવતા અને જતા બન્ને ખટારા વીશ મીનીટ ઊભા રાખે છે. તેથી પેસેંજરો દર્શનનો લાભ લઈ શકે છે.

વરસાદના દિવસોમાં મોટરસર્વીસ બંધ રહે છે. આ મોટરસર્વીસમાં ફર્સ્ટ કલાસ કે સેકંડ કલાસ નથી; બધી બેઠકો સરખી જ હોય છે. તેમ રીટર્ન ટીકીટ મળતી નથી.

વીરમગામ મોટું શહેર છે. સ્ટેશન ઉપર સાર્વજનિક ધર્મશાલા અને વીશીઓ છે. ગામમાં શ્રાવકોનાં ઘર ૪૦૦, ભવ્ય દેરાસરો ૬, મોટા ઉપાશ્રયો ૨, (ઉપરાંત નાના ઉપા-શ્રયો ઘણા છે.) પૂજ્યપાદ ગુરુદેવ **શ્રી વિજયધર્મસૂરીશ્વરજી** મહારાજના ઉપદેશથી સ્થપાયેલ શ્રી જૈનધર્મવિજય પુસ્તકાલય અને જૈનપાઠશાલા, ઝવેરી તરફથી નવી થયેલી જૈનધર્મશાલા (ઉપાશ્રય)માં જૈન સંસ્કૃત પાઠશાલા, જૈનધર્મશાલા, મોટી પાંજરાપોળ વગેરે છે. દેરાસરો દર્શન કરવા યોગ્ય છે.

માંડલ વીરમગામ તાબાનું સારું ગામ છે. વેપારનું સામાન્ય મથક છે. અહીં વીશા શ્રીમાળી શ્રાવકોનાં ઘર ૩૦૦, ભવ્ય દેરાસરો ૫, નાના મોટા ઉપાશ્રયો ૭, જૈન સંસ્કૃત પાઠશાલા, જૈનશાલા, જૈન ધર્મશાલા, મોટી પાંજરાપોળ વગેરે છે. દેરાસરો દર્શન કરવા લાયક છે.

પંચાસર રાધનપુર સ્ટેટનું ઘણું પ્રાચીન, ઐતિહાસિક ગામ છે. અહીં હાલમાં વીશા શ્રીમાળી શ્રાવકોનાં ઘર ૧૯, દેરાસર ૧, ઉપાશ્રય ૨ વગેરે છે. ગામના પશ્ચિમ તરફના ઝાંપામાં એક જૂનું જૈન દેરાસર જીર્ણ દશામાં ખાલી ઊભું છે. આ દેરાસર પણ અર્વાચીન છે. **પાટણ**માં પંચાસર પાર્શ્વનાથ પ્રભુનું જિનાલય છે, તે મૂર્ત્તિ પંચાસરના ભંગ વખતે અહીંથી ત્યાં લઈ જઈને બિરાજમાન કરવામાં આવી હતી.[1]

---

૧ **પંચાસર**થી પૂર્વ દિશામાં ચાર માઈલ દૂર **એરવાડા** નામનું ગામ છે. તે ગામમાં એક મકાનનો પાયો ખોદતાં લગભગ દશેક વર્ષ ઉપર જમીનમાંથી શ્રી **આદીશ્વર** ભગવાનની મોટી મૂર્ત્તિ પંચતીર્થી પરિકર સાથે નીકળી છે. તે મૂર્ત્તિની ગાદી પર વિ. સં. ૧૧૦૭નો સુસ્પષ્ટ લેખ છે. તે લેખ પરથી જણાય છે કે તે મૂર્ત્તિ એરવાડા ગામના દેરાસરમાં જ મૂલનાયક તરીકે પહેલાં બિરાજમાન હતી. મુસલમાની રાજ્યકાળમાં લડાઈના ભયને લીધે જમીનમાં ભંડારી દીધી હશે. આ મૂર્ત્તિ જમીનમાંથી કાઢતી વખતે ગામડાના લોકોથી ગરદનથી ખંડિત થયેલી છે. પણ કાઉસગ્ગીયા તથા પરિકર બરાબર સાબુત છે. એરવાડામાં અત્યારે શ્રાવકનું એક ઘર નથી. ઉક્ત મૂર્ત્તિ એરવાડાના ઠાકરમંદિરમાંની એક ઓરડીમાં ગામના લોકોએ રાખી છે. ત્યાંનો પૂજારી ધૂપ-દીપની પૂજા કરે છે. એરવાડા વણોદ સ્ટેટનું ગામ છે. સાંભળ્યું છે કે-વણોદના નવાબ ઉક્ત મૂર્ત્તિને બહારગામ લઈ જવાની ના કહે છે; એરવાડામાં જ દેરાસર કરીને પધરાવવાનું કહે છે.

રાધનપુર રાધનપુર સ્ટેટનું મુખ્ય શહેર છે. સામાન્ય શહેર છે. અહીં પહેલાં શ્રાવકોની વસ્તી વધારે હતી. અત્યારે પણ શ્રાવકોનાં ઘર ૭૦૦, દેરાસર ૨૬, ઘણા ઉપાશ્રયો, જૈન પાઠશાલાઓ, જૈન કન્યાશાલાઓ, શ્રાવિકાશાલા, જૈન વિદ્યાર્થીભવન, આયંબિલ–વર્ધમાનતપ ખાતું, જૈન દવાખાનું, જૈન સેનેટોરીયમ, જૈન ધર્મશાલા, જૈન જ્ઞાનભંડારો, વિજયગચ્છ અને સાગરગચ્છની પેઢીઓ વગેરે છે. ખાસ યાત્રા કરવા લાયક છે.

સમી રાધનપુર સ્ટેટના એક મહાલનું મુખ્ય ગામ છે. અહીં શ્રાવકનાં ઘર ૮૫, શ્રી મહાવીરસ્વામી ભગવાનનું ભવ્ય દેરાસર ૧, ઉપાશ્રયો ૪, જૈન પાઠશાલા ૧, જૈન શ્રાવિકા અને કન્યાશાલા ૧, શ્રી જૈન ધર્મભક્તિ જ્ઞાનમંદિર વગેરે છે. યાત્રા કરવા યોગ્ય છે.

મુંજપુર રાધનપુર સ્ટેટના એક મહાલનું મુખ્ય ગામ છે. અહીં શ્રાવકનાં ઘર ૨૨, દેરાસર ૨, ઉપાશ્રય ૧, જૈન ધર્મશાલા ૨ છે. બન્ને જૈન ધર્મશાળાનું સમારકામ થવાની જરૂર છે. ગામ પ્રાચીન છે. દેરાસરો દર્શન કરવા લાયક છે.

(૩) **હારીજ** સ્ટેશનથી નૈઋત્ય ખૂણામાં **શંખેશ્વરજી** ૧૫ માઈલ દૂર થાય છે. હારીજથી **મુંજપુર** થઈને શંખેશ્વર જવાય છે.

હારીજ ગાયકવાડ સ્ટેટના તાલુકાનું ગામ છે. ગામ ઠીક છે. વેપારનું મથક છે. અહીં જૈન ધર્મશાલા એક છે, તેમાં એક દેરાસર અને એક ઉપાશ્રય છે. યાત્રાળુઓને માટે સર્વ પ્રકારની સગવડ છે. અહીં શ્રાવકોનાં ઘર ૪૦ છે. અહીંથી

ગાડાં, ઊંટ, ઘોડા વગેરે વાહનોની સગવડ સારી થઈ શકે છે. સ્પેશીયલ મોટર પણ મળી શકતી નથી. જૂના હારીજમાં પડી ગયેલાં મોટાં બે જૈન મંદિરોનાં ખંડિયરો છે.

(૪) **બહુચરાજી** સ્ટેશનથી પશ્ચિમ દિશામાં **શંખેશ્વર** ૧૮ માઈલ થાય છે. બહુચરાજીથી **શંખલપુર**, **ટુવડ**, **કુંવારદ** થઈને શંખેશ્વર જવાય છે.

બહુચરાજી હિંદુઓનું તીર્થ છે. ત્યાં મૂળીવાળા શ્રાવક શા. મોહનલાલ માધવજીની દુકાન છે. તે સિવાય ત્યાં શ્રાવકોનાં ઘર, દેરાસર, ઉપાશ્રય વગેરે કંઈ પણ નથી.

શંખલપુર ગાયકવાડ સ્ટેટના ચાણસ્મા તાલુકાનું ગામ છે. ગામ પ્રાચીન છે. પહેલાં શંખલપુર મોટું નગર હતું એમ કહેવાય છે. અહીં હાલમાં શ્રાવકોનાં ઘર ૪૦, ભવ્ય દેરાસર (ભોંયરું અને બે માળવાળું) ૧ શિખરબંધી, ઉપાશ્રય ૨ વગેરે છે. અહીં પહેલાં દેરાસર નહિ હોવાથી સં. ૧૮૪૯ માં ઈંટોના મકાનના કોઈ ખંડિયેરમાંથી ખોદીને ઈંટો કાઢતાં એક ભોંયરું નીકળ્યું, જેમાંથી ૧૫૦–૨૦૦ જિન-મૂર્ત્તિઓ, ૨૦૦–૩૦૦ પરિકર અને કાઉસગ્ગીયા વગેરે તથા દીવીઓ, અંગલુહણાં, ઓરસીઆ, સુખડ વગેરે નીકળ્યું. ત્યારપછી અત્યારે વિદ્યમાન છે તે દેરાસર બંધાવવાનું શરૂ કરીને ત્રણ માળનું દેરાસર તૈયાર થતાં સં. ૧૯૦૫ ના જેઠ વદિ ૮ ને દિવસે પ્રતિષ્ઠા કરાવીને તેમાં ૫૪ મૂર્ત્તિઓ બિરા-જમાન કરી બાકીની મૂર્ત્તિઓ બહાર ગામોમાં આપી અને પરિકરો તથા કાઉસગ્ગીયા વધ્યા હતા તે બધા કદંબગિરિમાં આપ્યા. આવું મોટું ભોંયરું અને આટલી મૂર્તિઓ વગેરે

નીકળ્યું તે ઉપરથી જણાય છે કે **શંખલપુર**માં પહેલાં ભવ્ય દેરાસરો હશે. પરંતુ મુસલમાની રાજ્યકાળમાં લડાઈના ભયથી બધી મૂર્તિઓ વગેરે ભોંયરામાં ભંડારી દીધું હશે. ખાસ યાત્રા કરવા યોગ્ય છે. બહુચરાજી સ્ટેશનથી શંખલપુર લગભગ બે માઇલ થાય છે.

દુવડમાં દશા શ્રીમાલી શ્રાવકોનાં ઘર ૮, દેરાસર ૧, ઉપાશ્રય ૨ છે.

કુંવારદમાં શ્રાવકનાં ઘર ૪, દેરાસર ૧, ઉપાશ્રય ૧ છે.

આ બન્ને ગામો નાનાં છે, પણ તેમાં દેરાસરો સારાં છે.

(૫) **પાટડી** સ્ટેશનથી **શંખેશ્વર** ઉત્તર દિશામાં ૨૨ માઈલ થાય છે. પાટડીથી **દસાડા પંચાસર** થઈને શંખેશ્વર જવાય છે.

પાટડી [1] નાનું સ્ટેટ છે. ગામ ઠીક છે. વેપારનું સામાન્ય મથક છે. અહીં શ્રાવકોનાં ઘર ૭૨ દેરાસર ૨ શિખર-

---

૧ **પાટડી**થી પૂર્વ દિશામાં સાત માઈલ દૂર **ઉપરીઆળા** તીર્થ આવેલું છે. આ ગામ બજાણા સ્ટેટનું છે. ગામ પ્રાચીન છે. અહીં શ્રી **આદીશ્વર** ભગવાનનું શિખરબંધી દેરાસર એક છે. તેમાં મૂળ-નાયકજી વગેરે ત્રણ મૂર્તિઓ પીળા આરસની અને એક મૂર્તિ શ્યામ આરસની છે. મૂર્તિઓ મનોહર છે. એ ચારે મૂર્તિઓ સં. ૧૯૧૯માં જમીનમાંથી પ્રગટ થઈ હતી. ત્યારપછી દેરાસર કરાવીને તેમાં પધ-રાવેલ છે. અઢારમી શતાબ્દિની બનેલી તીર્થમાળાઓમાં ઉપરીઆ-ળામાં દેરાસર હોવાનું લખ્યું છે. એટલે ઉક્ત મૂર્તિઓ અહીંના જ દેરાસરની હશે, એમ માની શકાય છે. અહીં ધર્મશાળા અને કારખાનું છે, યાત્રાળુઓને સર્વ પ્રકારની સગવડ છે. શ્રાવકનું ઘર એક જ છે. અવશ્ય યાત્રા કરવા લાયક છે.

બંધી, ઉપાશ્રય ૩, જૈન પાઠશાલા અને કન્યાશાલા, પાંજરાપોળ વગેરે છે. યાત્રા કરવા લાયક છે.

દસાડા કાઠીઆવાડમાં આવેલું નવાબોનું એક સ્ટેટ છે. દસાડામાં વીશા શ્રીમાળી શ્રાવકોનાં ઘર ૪૦, દેરાસર ૧, ઉપાશ્રય ૨, જૈન ધર્મશાળા ૧, જૈન પાઠશાલા ૧ વગેરે છે.

આ પાંચ રસ્તાઓમાંથી **વીરમગામ, રાધનપુર,** અને **હારીજ**ના રસ્તા જ યાત્રાળુઓને વધારે અનુકૂળ થઈ પડે, કેમકે વીરમગામ અને રાધનપુરથી મોટરસર્વીસ ચાલુ છે અને હારીજથી વાહનોની સગવડ મળી શકે છે. પાટડી અને બહુચરાજીમાં વાહનો મેળવવામાં મુશ્કેલી નડે છે.

---

૨ **પંચાસર**થી ૪॥ માઈલ અને દસાડાથી ૪ માઈલ દૂર **વડગામ** તીર્થ આવેલું છે. વડગામ દસાડા સ્ટેટનું ગામ છે. અહીં શ્રાવકોનાં ઘર ૪, ભવ્ય શિખરબંધી દેરાસર ૧, ઉપાશ્રય ૧ અને ધર્મશાલા ૧ છે. યાત્રાળુઓને માટે સગવડ છે. મૂળનાયક શ્રી **આદીશ્વર** ભગવાનની મૂર્તિ ચમત્કારિક મનાય છે. એવી દંતકથા છે કે–અહીં મૂળનાયકજી પાસે એક હજાર વરસથી અખંડ દીવો બળે છે. એટલે આ ગામ એથી પ્રાચીન હોવું જોઈએ. વિદ્યમાન દેરાસરની પ્રતિષ્ઠા સં. ૧૯૦૫ માં થઈ છે. તીર્થ અવશ્ય યાત્રા કરવા લાયક છે.

પ્રકરણ ચોથું : તીર્થની ઉત્પત્તિ

આજથી ૮૭૪૦૭ વર્ષ પહેલાં શ્રી **અરિષ્ટનેમિકુમાર** (શ્રી **નેમિનાથ** ભગવાન)ના કાકા **વસુદેવ**ના પુત્ર નવમા વાસુદેવ શ્રીકૃષ્ણને **રાજગૃહી**ના મહારાજા નવમા પ્રતિ-વાસુદેવ **જરાસંધ** સાથે, **દ્વારિકા** નગરીથી ઇશાન ખૂણામાં આવેલા વઢિયાર દેશમાં શ્રીકૃષ્ણના તાબાના દેશને સીમાડે સરસ્વતી નદીની નજીકમાં આવેલ **સેનપલ્લી**[1] ગામની પાસે મહાભયંકર યુદ્ધ થયું હતું[2]. શ્રી**દીપવિજયજી**કૃત 'શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ શલોકા' (સ્તો૦ ૪૨)ની કડી ૨૫, ૨૬, ૨૭ માં; ઉડું (ઓડુ), **પંચાસર**, **જિંજપર** (ઝીંઝુવાડા), **ધામા**, **મેમાણું**, (મેમણુ), **લોલાણું** (લોલાડા)

---

૧ ટ્રીગ્નોમેટ્રીકલ સર્વેના ઇંગ્લીશ નકશામાં શંખેશ્વરની પાસે અત્યારે **સેનપલ્લી** અથવા તેને મળતા નામનું કોઇ ગામડું નથી. ફક્ત **આદરિયાણા**થી ઇશાન ખૂણામાં બે માઇલ અને શંખેશ્વરથી નૈઋત્ય ખુણામાં ૭ માઇલ દૂર **સલી** નામનું એક ગામ છે. એ જ કદાચ આગળનું **સેનપલ્લી** હોય. અથવા તો એ **સેનપલ્લી** ગામને ઠેકાણે જ શંખપુર (શંખેશ્વર) નગર વસાવ્યું હોય.

૨ 'શ્રી પાંડવ ચરિત્ર મહાકાવ્ય'માં લખ્યું છે કે–શ્રીકૃષ્ણના તાબાના દેશને સીમાડે **સરસ્વતી** નદીના કિનારે આ મહાયુદ્ધ થયું હતું. સરસ્વતી નદી **સમી** ગામની નજીકમાં વહે છે. એટલે આ યુદ્ધ **સમી**, **હારીજ** અને **શંખેશ્વર**ની આસપાસમાં થયાની ખાત્રી થાય છે. યુદ્ધના વર્ણન માટે જુઓ સ્તોત્રાંક–૧૭, ૩૩, ૪૧, ૪૨.

આવરિયાણા (આદરિયાણા), **જાડીયાણા, મહુઆ, રાણી** વગેરે ગામોની પાસે શ્રીકૃષ્ણના લશ્કરનો પડાવ હોવાનું; **વાઘેલ** ગામની પાસે **જરાસંધના** લશ્કરનો પડાવ હોવાનું અને **મુંજપર, સમી,**[1] **લુંટાના** (લોટી) વગેરે ગામો પાસે બન્ને સૈન્યોએ સામસામા યુદ્ધ કર્યાનું લખ્યું છે. આમાંથી ફક્ત **મહુઆ** અને **રાણી**[2] એ બે ગામો સિવા-

---

૧ ઉપરોક્ત બધાં ગામો ટ્રીગ્નોમેટ્રિકલ સર્વેના નકશામાં આ પ્રમાણે આપેલાં છેઃ—

ઓડુ	શંખેશ્વરથી	દક્ષિણ દિશામાં	૨૦॥	માઇલ	દૂર છે.
પંચાસર	,,	,,	૬	,,	,,
ઝીંઝુવાડા	,,	નૈઋત્ય ખૂણામાં	૧૪	,,	,,
ધામા	,,	,,	૧૦॥	,,	,,
આદરિયાણા	,,	,,	૭॥	,,	,,
જાડિયાણા	,,	,,	૬	,,	,,
લોલાડા	,,	પશ્ચિમ દિશામાં	૬॥	,,	,,
મેમણા	,,	વાયવ્ય ખૂણામાં	૭	,,	,,
સમી	,,	ઉત્તર દિશામાં	૧૨	,,	,,
મુંજપુર	,,	ઈશાન ખૂણામાં	૬॥	,,	,,
વાઘેલ	,,	,,	૧૩	,,	,,

૨ **મહુઆ** અને **રાણી** આ બે ગામોનો યા તો સાવ નાશ થઇ ગયો હોય અથવા તો તેનાં નામોનું સંપૂર્ણ પરિવર્તન થઇ ગયું હોય. શ્રી **શંખેશ્વરથી** ઉત્તરમાં પાંચ માઇલ દૂર અને **મુંજપુરથી** દક્ષિણમાં ૧॥ માઇલ દૂર **લોટી** નામનું ગામ છે. તેની પાસે લોટેશ્વર મહાદેવનું સ્થાન છે. એ જ **લુંટાના** ગામ હશે એમ લાગે છે.

યનાં બધાં ગામો અત્યારે વિદ્યમાન છે. જે ગામનાં નામોમાં થોડો ફેરફાર થયો છે, તે કૌંસમાં આપેલ છે.

આ ઉપરથી જણાય છે કે–તે સ્થાનની પશ્ચિમ અને દક્ષિણ દિશામાં શ્રીકૃષ્ણના લશ્કરનો પડાવ તથા પૂર્વ અને ઉત્તર દિશામાં **જરાસંધ**ના લશ્કરનો પડાવ હતો.

જરાસંધ પ્રતિવાસુદેવ હોવાથી ભરતક્ષેત્રના લગભગ તમામ રાજાઓ અને **વૈતાઢય** પર્વતના વિદ્યાધરો પણ તેના પક્ષમાં હતા. જ્યારે શ્રીકૃષ્ણના પક્ષમાં ૫૬ કુળકોટી યાદવો, પાંડવો, કેટલાક રાજાઓ અને કેટલાક વિદ્યાધરો હતા. ઘણા લાંબા વખત સુધી ખૂનખાર લડાઈ ચાલ્યા પછી શ્રીકૃષ્ણના સૈન્યે જરાસંધના લશ્કરને પરાસ્ત કરી નાખ્યું, તેથી જરાસંધે બળથી નહીં પહોંચી શકવાથી પ્રપંચ કરીને વગર મહેનતે વિજય મેળવવાની ઇચ્છાથી પોતે પહેલાં સાધી રાખેલી **જરા** નામની વિદ્યાને શ્રીકૃષ્ણના સમસ્ત સૈન્ય ઉપર મોકલી. **જરા** વિદ્યાના પ્રભાવથી શ્રીકૃષ્ણના સૈન્યના તમામ માણસો વૃદ્ધ અને રોગી થઇ ગયા. ખાધું પચે નહીં, વારંવાર જંગલ (દિશાએ) જવું પડે, કોઇ પણ શસ્ત્રો ઉપાડી શકે નહીં અને કોઇ પણ લડવાની હિમ્મત કરી શકે નહીં. શ્રીકૃષ્ણ વાસુદેવ, **રામ** બળદેવ અને શ્રી**અરિષ્ટનેમિ** કુમાર આ ત્રણે મહાપુણ્યશાળી પુરુષો હોવાથી જરા વિદ્યાની તેમના ઉપર કશી અસર થઈ ન હતી. પ્રાતઃકાળમાં શ્રીકૃષ્ણને, પોતાના સૈન્યની આવી સ્થિતિ જોઈ, ઘણી ચિંતા થવાથી તેમણે શ્રી**અરિષ્ટનેમિ**-કુમારને પૂછ્યું કે “ ભાઇ ! આ શું થયું ? આનું નિવારણ કરવાનો ઉપાય કંઈ છે ? આપણો જય કેવી રીતે થશે ?

આના ઉત્તરમાં શ્રી **અરિષ્ટનેમિ**કુમારે કહ્યું કે-"હે ભાઇ! જરાસંઘે પ્રપંચ કરીને જય મેળવવા માટે જરા વિદ્યા તમારા સૈન્ય ઉપર મોકલી છે. નાગરાજ ધરણેન્દ્રના ભવન (આવાસ)માંના જિનાલયમાં ભાવી તીર્થંકર **શ્રીપાર્શ્વનાથ** પ્રભુની પ્રાચીન અને મહાપ્રભાવશાળી મૂર્તિ છે. અઠ્ઠમની તપસ્યા કરી ધરણેન્દ્રને આરાધી તેમની પાસેથી તે મૂર્તિ મેળવો. તે મૂર્તિનું સ્નાત્રજળ (સ્નાનજળ) આખા સૈન્ય ઉપર છાંટો. તેનાથી જરા વિદ્યા પરાસ્ત થઇને નાસી જશે, અને તમોને જય મળશે." આ સાંભળી ખુશી થયેલ શ્રીકૃષ્ણે ફરીને પૂછ્યું કે-"હું અઠ્ઠમ કરીને ધરણેન્દ્રની આરાધના કરું ખરો, પણ એ ત્રણ દિવસમાં આપણા સૈન્યની શી દશા થાય? તેનું રક્ષણ કોણ કરશે?" એટલે શ્રી **અરિષ્ટનેમિ**કુમારે કહ્યું કે "ત્રણ દિવસ સુધી આપણા સૈન્યની હું રક્ષા કરીશ." આ ઉત્તરથી આનંદ પામેલા શ્રીકૃષ્ણે પોતાના નિવાસસ્થાનની અંદર એકાંતમાં જઈ ડાભનું આસન લગાવી અઠ્ઠમ (ત્રણ ઉપવાસ) કરીને શાંત ચિત્તથી નાગરાજ ધરણેન્દ્રનું આરાધન કરવા માંડયું.

આ તરફથી શ્રીકૃષ્ણના સૈન્યને વૃદ્ધ અને રોગી થઈ ગએલું જાણીને **જરાસંધે** પોતાના તાબાના સૈન્ય સહિત લાખો રાજાઓને દુશ્મનોના સૈન્ય ઉપર તૂટી પડવાની આજ્ઞા કરી. એટલે સુધર્મ (પહેલા) દેવલોકથી સૌધર્મેન્દ્રે મોકલેલા માતલી-સારથી સાથેના રથમાં બેસીને શ્રી **અરિષ્ટનેમિ**કુમારે જબર-દસ્ત શંખનાદ કર્યો. તેના નાદમાત્રથી દુશ્મનોના સૈન્ય સહિત લાખો રાજાઓ અત્યંત ક્ષોભ પામ્યા. માતલી સારથીએ શ્રી કૃષ્ણના સૈન્યની ચારે તરફ પોતાનો રથ અતિ ઝડપથી

ફેરવવા માંડયો. અને શ્રીઅરિષ્ટનેમિકુમારે લઘુ–લાઘવી કળાથી હજારો બાણોનો વરસાદ વરસાવી તે રાજાઓમાંથી કેટલાકનાં મુગટ, કુંડળ, છત્ર, ચામર અને કેટલાકનાં રથનાં પૈડાં, કળશ, ધજા વગેરે છેદી નાંખ્યાં. પણ અરિષ્ટનેમિકુમાર મહાદયાળુ હોવાથી કોઇ પણ મનુષ્ય કે પશુઓના શરીરને નુકશાન પહોંચાડયું નહીં. શ્રીઅરિષ્ટનેમિકુમારનો તાપ સહન નહીં કરી શકવાથી થાકીને તેઓ પોતાના પડાવમાં પાછા ગયા. એમ ત્રણ દિવસ સુધી તેમણે શ્રીકૃષ્ણના સૈન્યની રક્ષા કરી. ત્રીજા દિવસની મધ્ય રાત્રિએ **ધરણેન્દ્ર**ની આજ્ઞાથી **પદ્માવતી** દેવીએ પ્રત્યક્ષ થઇને શ્રીકૃષ્ણની યાચના મુજબ શ્રી**પાર્શ્વનાથ** ભગવાનની પ્રાચીન પ્રતિમા (પોતે તેની પૂજા કરતી હોવાથી પોતાની ઇચ્છા નહીં હોવા છતાં શ્રીકૃષ્ણના આગ્રહથી) તેમને આપી.[1] આ મૂર્તિના દર્શનથી શ્રીકૃષ્ણને અત્યંત આનંદ થયો. પ્રાતઃકાળમાં તે મૂર્તિનું બહુ ભક્તિપૂર્વક પ્રક્ષાલન કરીને તે સ્નાનનું જળ શ્રીકૃષ્ણે પોતાના આખા સૈન્ય

---

૧ આ મૂર્તિ શ્રીકૃષ્ણને નાગરાજ ધરણેન્દ્રે આપ્યાનું સ્તો. ૨, ૩૪, ૩૮, ૪૧, ૪૨, ૪૬, ૫૦, ૫૪, ૫૬, ૯૮, ૧૦૨, ૧૦૩, ૧૦૬ વગેરે ઘણાં સ્તોત્રોમાં લખ્યું છે. સ્તો. ૧૭, ૩૩, ૩૯, ૬૬, ૯૩, ૯૪, ૧૪૧ વગેરે સ્તોત્રોમાં ધરણેંદ્રની આજ્ઞાથી પદ્માવતી દેવીએ પ્રકટ થઇને આપ્યાનું તથા સ્તોત્રાંક ૧૮માં શ્રીકૃષ્ણને તપના પ્રભાવથી પાતાળમાંથી પ્રાપ્ત થયાનું લખ્યું છે. જ્યારે ફક્ત એક જ સ્તોત્ર (નં. ૧) માં લખ્યું છે કે–આ મૂર્તિ સૌધર્મ દેવલોકમાં પૂજાતી હતી. શ્રી**અરિષ્ટનેમિ** કુમાર શ્રીકૃષ્ણને આ મૂર્તિ સંબંધી વાત કરતા હતા, તે અવધિજ્ઞાનથી જાણીને સૌધર્મેન્દ્રે માતલી સારથી અને રથ સાથે આ મૂર્તિ શ્રીકૃષ્ણને મોકલી આપી.

ઉપર છંટાવ્યું, જેથી **જરા** વિદ્યા નાસી ગઈ.[૨] શ્રીકૃષ્ણનું બધું સૈન્ય હતું તેવું તૈયાર થઇ ગયું. ફરી મહાભયંકર યુદ્ધ

---

૨ કલિકાલસર્વજ્ઞ **શ્રીહેમચંદ્રાચાર્ય** મહારાજે 'ત્રિષષ્ટિ શલાકા પુરુષ ચરિત્ર,' પર્વ ૮, સર્ગ ૭-૮માં શ્રીકૃષ્ણજરાસંધના યુદ્ધના પ્રસંગમાં શ્રીકૃષ્ણે **દ્વારિકાથી** ઈશાન ખૂણામાં ૪૫ યોજન× (યોજન=ચાર ગાઉ) દૂર જઇને **સેનપલ્લી** ગામની પાસે પોતાના સૈન્યનો પડાવ નાખ્યો. તેનાથી એક યોજન દૂર **જરાસંધના** સૈન્યનો પડાવ હતો. મહાભયંકર યુદ્ધ થયું. પાંડવોએ કૌરવોને માર્યા. **અરિષ્ટનેમિ** કુમારે લાખો રાજાઓને હરાવ્યા. **જરાસંધના** પક્ષની ઘણી જ અને શ્રીકૃષ્ણના પક્ષની પણ થોડીક ખુવારી થઇ. અંતે જરાસંધ શ્રીકૃષ્ણના હાથે મરાયો, અને શ્રીકૃષ્ણનો જય થયો. તેથી તેના સૈન્યના માણસો ત્યાં આનંદથી કૂદવા લાગ્યા, એટલે શ્રીકૃષ્ણે ત્યાં **આનંદપુર** નામનું નગર વસાવ્યું-વગેરે લખ્યું છે. પણ જરાસંધે **જરા** વિદ્યા મૂકયાની, **જરાનું** નિવારણ કર્યાની અને **શ્રીશંખેશ્વર** તીર્થની ઉત્પત્તિ સંબંધીની વાત અંશમાત્ર પણ આમાં લખી નથી.

તેમજ (૧) શ્રીમાન્ **શીલાંકાચાર્ય**વિરચિત 'ચઉપન્ન મહાપુરિસચરિયં' નામના પ્રાકૃત ગ્રંથમાંના **શ્રીનેમિનાથ** પ્રભુ તથા શ્રીકૃષ્ણ ચરિત્રમાં (૨) **મલધારી શ્રીદેવપ્રભસૂરિજી**કૃત 'પાંડવ ચરિત્ર પદ્ય મહાકાવ્ય'માં; અને (૩) **મલધારી શ્રીહેમચંદ્રસૂરિ**-રચિત પ્રાકૃત 'શ્રીનેમિનાથચરિત્ર'માં શ્રીકૃષ્ણ અને જરાસંધના યુદ્ધના પ્રસંગમાં **શ્રીશંખેશ્વર પાર્શ્વનાથ** તીર્થની ઉત્પત્તિ સંબંધી કંઈ પણ ઉલ્લેખ નથી. પ્રથમના બે ગ્રંથોમાં શ્રીકૃષ્ણ-યાદવોનો વિજય થયો તે સ્થાનનો **આનંદપુર** તરીકે ઉલ્લેખ કર્યો છે. અર્થાત્ આનંદપુર પાસે વિજય પ્રાપ્ત થયાનું લખ્યું છે.

× ગુજરાતમાં પાટણ તરફમાં ૧ાા માઈલનો ગાઉ અને કોઈ કોઈ ઠેકાણે તો એક માઈલનો ગાઉ ગણાતો હોવાથી તે હિસાબે ૪૫ યોજન ઘટી શકે છે.

ચાલ્યું. અંતે પ્રતિવાસુદેવ **જરાસંધ**, તેના પુત્રો અને કેટલાક રાજાઓ મરાયા. શ્રીકૃષ્ણનો વિજય થયો, એટલે તે ઠેકાણે શ્રીકૃષ્ણે હર્ષને જણાવનારો શંખનાદ કર્યો. શ્રીકૃષ્ણના સૈન્યના બધા માણસો આનંદને લીધે નાચવા કૂદવા લાગ્યા.

શ્રીકૃષ્ણે ઉદારતા રાખી **જરાસંધ**ના પુત્રો **કુમુદ**, **સહદેવ** વગેરેને **રાજગૃહી**નું રાજ્ય આપ્યું.

મહાપ્રાભાવિક **પાર્શ્વનાથ** પ્રભુની મૂર્તિના માહાત્મ્ય-પ્રભાવથી જરા નષ્ટ થઈ હોવાથી શ્રી**અરિષ્ટનેમિ** કુમાર (શ્રીનેમિનાથ ભગવાન્)ની સૂચનાથી[1] (સ્તો. ૧) **સેન-પલ્લી**[2] ગામને ઠેકાણે, જ્યાં પોતાનો જય થયો હતો તેની પાસે એક નવું નગર વસાવ્યું. જય થવાથી પોતે ત્યાં શંખ વગાડેલો[3] તેથી તે નગરનું નામ **શંખપુર** રાખ્યું. તેમાં

---

૧ 'પદ્માવતી દેવીની સૂચનાથી' સ્તો૦ ૮૦

૨ સ્તો૦ ૩૫માં **સેનપલ્લી** ગામને ઠેકાણે જ **શંખપુર** નગર વસાવ્યાનું લખ્યું છે. અત્યારે **શંખેશ્વર**ની આસપાસમાં **સેનપલ્લી** નામનું કોઇ ગામ વિદ્યમાન નથી. તેથી સેનપલ્લીને ઠેકાણે જ શંખપુર વસાવ્યું હોય એ વધારે બંધબેસતું જણાય છે.

૩ સ્તો૦ ૩૩, ૪૨, ૪૫, ૬૭, ૯૪, ૧૦૩, ૧૦૬, ૧૪૧ વગેરેમાં શ્રીકૃષ્ણે વગાડેલા શંખના નિમિત્તે અને સ્તો૦ ૨, ૧૮, ૨૨, ૨૪ વગેરેમાં શ્રી**અરિષ્ટનેમિ** કુમારે સૈન્યનું રક્ષણ કરતી વખતે વગાડેલ શંખના નિમિત્તે નવા વસાવેલા નગરનું નામ **શંખપુર** પાડયાનું લખ્યું છે. એ બેમાંથી ગમે તેણે પણ જીતની ખુશાલીના પ્રસંગે વગાડેલા શંખના નિમિત્તે નવીન વસાવેલ નગરનું નામ **શંખપુર** રાખવામાં આવ્યું હતું, અને એ જ કારણથી ધરણેન્દ્ર નાગરાજે આપેલ મહાપ્રાભાવિક શ્રી**પાર્શ્વનાથ** પ્રભુજીની આ મૂર્ત્તિનું શ્રી**શંખેશ્વર પાર્શ્વનાથ** નામ પ્રસિદ્ધિમાં આવ્યું (સ્તો૦ ૬૭, ૮૦, ૯૮, ૧૦૩).

શ્રીકૃષ્ણે અતિ મનોહર નવીન જિનાલય[4] બંધાવીને તેમાં **શ્રી નેમિનાથ** ભગવાનની સૂચનાથી[5] ઉક્ત, શ્રી પાર્શ્વનાથ પ્રભુજીની મહાપ્રાભાવિક મૂર્તિને પોતે બિરાજમાન કરી.[6]

---

૪ સ્તો૦ ૨૪ માં લખ્યું છે કે–શ્રી**કૃષ્ણે શંખેશ્વર** ગામમાં શ્રીશંખેશ્વર **પાર્શ્વનાથ**નું જિનાલય ઘણા પરિશ્રમપૂર્વક એવી બાંધણીથી બંધાવ્યું હતું કે પોતે **દ્વારિકા** નગરીના પોતાના મહેલમાંથી શ્રીશંખેશ્વર પાર્શ્વનાથજીનાં હમેશાં દર્શન કરી શકતા હતા. તેમજ સ્તો૦ ૮૦ માં લખ્યું છે કે–શ્રીકૃષ્ણે શંખેશ્વરમાં શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુનું મંદિર એવી બાંધણીથી બંધાવ્યું હતું કે તે મંદિરની ઉપર ફરકતી ધ્વજા શ્રીકૃષ્ણ દ્વારિકા નગરીમાંના પોતાના મહેલમાં બેઠા બેઠા જોઇ શકતા હતા. ઉપર આવેલી બન્ને સ્તોત્રોની વાત મહાપ્રાભાવિક તીર્થ ઉપરની પવિત્ર ભક્તિને લીધે ઉત્પન્ન થયેલી–ચાલી આવતી દંતકથાઓ સાંભળીને તેના લેખકોએ લખી હશે, એમ જણાય છે.

૫ 'યાદવોની પ્રેરણાથી'. સ્તો. ૩૯

૬ ધરણેન્દ્રે શ્રીકૃષ્ણને આપેલી શ્રી**પાર્શ્વ**પ્રભુની અસલ મૂર્તિને **શંખપુર** (શંખેશ્વર)માં સ્થાપન કર્યાનું ઘણાં જ સ્તોત્રો વગેરેમાં લખ્યું છે. જ્યારે ફક્ત એક જ કલ્પ (સ્તોત્ર નં. ૧)માં લખ્યું છે કે શ્રીકૃષ્ણે **શંખપુર** નગર વસાવી, તેમાં નવીન જિનાલય બંધાવીને તેમાં શ્રી પાર્શ્વનાથ પ્રભુજીની નવી મૂર્તિ કરાવીને સ્થાપન કરી, અને સૌધર્મેન્દ્રે આપેલી અસલ મૂર્તિને પોતાની સાથે લઇ જઇને **દ્વારિકા** નગરીમાં મનોહર નવીન જિનાલય બંધાવીને તેમાં સ્થાપન કરીને ૭૦૦ વર્ષ સુધી તેમણે અતિ ભક્તિપૂર્વક પૂજી. આ ઉપરાંત આ કલ્પમાં લખ્યું છે કે–આ મૂર્તિએ અનેક ઠેકાણે દર્શન દીધાં છે, અનેક ઠેકાણે પૂજાણી છે, હજી પણ અનેક ઠેકાણે પૂજાશે. અને આ મૂર્તિથી જ **સ્તંભન** પાર્શ્વનાથ અને **શંખેશ્વર** પાર્શ્વનાથ વગેરે તીર્થો થયાં છે, વગેરે. પરંતુ શ્રી**નેમિનાથ** પ્રભુજીએ અવધિજ્ઞાનથી દ્વારિકા નગરીનો નાશ

તેની સામે ભક્તિથી નમ્ર એવી પોતાની મૂર્તિ પણ ત્યાં શ્રીકૃષ્ણે સ્થાપન કરી (સ્તો. ૧૭–૩૩–૩૯), અને તે શંખપુર નગર શ્રીપાર્શ્વપ્રભુજીની પૂજા વગેરેના ખર્ચ માટે શ્રીપાર્શ્વપ્રભુજીને અર્પણ કર્યું. (સ્તો. ૧૭, ૩૩, ૩૯).

ઉક્ત **શ્રીપાર્શ્વનાથ** પ્રભુજીની આ મૂર્તિ સાત ફણાવાળી હતી,[૭] અને અત્યારે પણ સાત ફણાવાળી છે.

શ્રીકૃષ્ણે આ **શંખપુર** નગર ગઢ, મઠ, મંદિરો, ધર્મ-શાળાઓ, પોળોની લાઇનો, દરવાજા અને તોરણોથી યુક્ત વસાવ્યું હતું. ગામની બહાર બાગ–બગીચા, વાડીઓ, મોટાં વૃક્ષોનાં વનો, અને તે બધામાં લોકોને બેસવા માટે સ્થાનો પણ કરાવ્યાં હતાં. જેથી ત્યાં દેવ જેવા શોભતા મોટા ધનાઢ્ય વહેપારીઓ અને બીજા પણ મીર, પીર, હમીર, મોટા વીર, સુભટો વગેરે લોકો પણ ત્યાં રહેવા આવ્યા (સ્તો. ૮૦). ત્યારપછી દિન પ્રતિદિન **શંખપુર** નગરની જાહોજલાલી વધતી ગઈ અને **શ્રીશંખેશ્વર પાર્શ્વનાથ**જીના ઉપરોક્ત ચમત્કારની વાત ચારે દિશામાં ફેલાઇ જવાથી દેશોદેશથી તે

થવાનું જાણીને ધરણેન્દ્રે આપેલી અસલ મૂર્તિને શ્રી **શંખેશ્વર**જીમાં જ પધરાવવાની સૂચના કરી હોય અને તેથી અસલ મૂર્તિ શંખેશ્વર-જીમાં જ પધરાવી હોય એ વધારે સંગત–ઠીક જણાય છે. સ્તો. ૯૮ની ૧૦મી કડીમાં પણ એ જ પ્રમાણે લખ્યું છે કે–દ્વારિકાની અસ્થિરતા જાણીને શ્રીકૃષ્ણે **વઢીઆર** દેશમાં **શંખેશ્વર** ગામમાં ઉક્ત અસલ મૂર્ત્તિને બિરાજમાન કરી.

૭ આ મૂર્ત્તિ સ્તો. ૬, ૪૬, ૫૧, ૧૦૩માં પણ સાત ફણાવાળી અને સ્તો. ૧૩૬ માં ઘણી ફણાવાળી હોવાનું લખ્યું છે.

તીર્થની યાત્રા કરવા માટે સંઘો આવવા લાગ્યા. શ્રી **શંખેશ્વર પાર્શ્વનાથ** પ્રભુની વિવિધ પ્રકારે પૂજા થવા લાગી. હમેશાં, ગીત, ગાન, સંગીત, નૃત્ય વગેરે થવા લાગ્યું.[1] આ પ્રમાણે ઘણા કાળ સુધી ચાલતું રહ્યું.

---

૧ આ "તીર્થની ઉત્પત્તિ" નામક પ્રકરણમાં ઉપર જે હકીકત આપેલી છે તેમાંથી કોઈ કોઈમાં કાંઈક કાંઈક ઓછા–વધતા પ્રમાણમાં પણ લગભગ તેને મળતી જ હકીકત નીચે આપેલા નંબરોવાળાં બધાં સ્તોત્રોમાં આપેલી છે: સ્તો. નં. ૧, ૨, ૩, ૭, ૧૭, ૧૮, ૨૨, ૩૩, ૩૪, ૩૫, ૩૮, ૩૯, ૪૧, ૪૨, ૪૩, ૪૬, ૪૮, ૫૦, ૫૧ થી ૫૪, ૫૬, ૬૦, ૬૧, ૬૩, ૬૬, ૭૦, ૭૧, ૭૩, ૭૮, ૮૦, ૮૩, ૮૪, ૮૬, ૮૮, ૯૨ થી ૯૪, ૯૭, ૯૮, ૧૦૦, ૧૦૨, ૧૦૩, ૧૦૫, ૧૦૬, ૧૦૮, ૧૨૦, ૧૨૩, ૧૨૯, ૧૩૧, ૧૩૪, ૧૪૧, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૧૫૫, ૧૫૭, ૧૬૦, ૧૬૧.

પ્રકરણ પાંચમું

મૂર્ત્તિની ઉત્પત્તિ અને તેનો પ્રાચીન ઇતિહાસ

આ મૂર્તિની ઉત્પત્તિ

ગુજરાતમાં આવેલા **વઢીઆર** દેશમાં **શ્રીશંખેશ્વર**-તીર્થની ઉત્પત્તિ ક્યારે અને શા કારણથી થઈ તે આપણે ગયા પ્રકરણમાં જોયું. હવે મૂળનાયક **શ્રીશંખેશ્વર** પાર્શ્વનાથ પ્રભુજીની મૂર્તિની ઉત્પત્તિ ક્યારે થઈ?, તે કેટલી પ્રાચીન છે?, તે ક્યાં ક્યાં પૂજાણી?, અને તે સંબંધમાં ગ્રંથકારો શું કહે છે? તે આપણે આ પ્રકરણમાં જોઇએ.

આ પુસ્તકના સ્તોત્રાંક ૪૬, ૫૦, ૫૫, ૬૬, ૭૧, ૮૬, ૯૩, ૯૪, ૯૮, ૧૦૨માં લખ્યું છે કે–ગઈ ચોવીશીમાં થયેલા નવમા[1] તીર્થંકર **શ્રીદામોદર** જિનેશ્વર પ્રભુને તેમના ભક્ત સમકિતી અને વ્રતધારી **આષાઢી** નામના શ્રાવકે પોતાને સંસારમાં કેટલા કાળસુધી ભ્રમણ કરવાનું બાકી છે, તે જાણવાની ઇચ્છાથી પૂછ્યું કે "હે ભગવન્! મારી મુક્તિ ક્યારે અને કોના સમયમાં થશે?" ત્યારે તે દયાળુ પ્રભુએ ઉત્તર આપ્યો

---

૧ સ્તો. ૪૬ માં ગઈ ચોવીશીના શ્રીદામોદરજિનને આઠમા લખ્યા છે, તે ઠીક નથી. સ્તો. ૫૦, ૯૮, ૧૦૨ માં તથા 'અભિધાન ચિન્તામણિ' કોષ, દેવાધિદેવકાંડ, શ્લો. ૫૧; 'પ્રવચનસારોદ્ધાર' દ્વાર ૭, ગાથા ૨૯૦; શ્રીપ્રદ્યુમ્નસૂરિકૃત 'વિચારસારપ્રકરણ' ગાથા ૫૬ વગેરે ગ્રંથોમાં પણ નવમા જણાવેલ છે.

કે "આવતી ચોવીશીમાં ચોથા આરામાં ત્રેવીશમા તીર્થંકર **શ્રીપાર્શ્વનાથ** પ્રભુ થશે તેમના તમે **આર્યઘોષ**[1] નામના ગણધર થઇને એ જ ભવમાં મોક્ષે જશો." આ વાત સાંભળીને અત્યંત ખુશી થયેલા **આષાઢી** શ્રાવકે ભાવી ત્રેવીશમા તીર્થંકર **શ્રીપાર્શ્વનાથ** પ્રભુ પોતાના ખાસ ઉપકારી થશે એમ સમજીને તેમની સુંદર મનોહર પ્રતિમા નવી કરાવી અને પોતે બંધાવેલા જિનાલયમાં શુભ મુહૂર્તે પ્રતિષ્ઠિત કરાવીને પોતે હમેશાં તેમની ભક્તિપૂર્વક ત્રિકાળ પૂજા કરવા માંડી. કાળાન્તરે તેમણે, વૈરાગ્ય ઉત્પન્ન થવાથી, ગૃહસ્થાશ્રમ છોડી ચારિત્ર લીધું. નિરતિચાર (શુદ્ધ) ચારિત્ર પાળી અનશન

---

૧ 'ત્રિ૦ શ૦ પુ૦ ચરિત્ર', પર્વ ૯, સર્ગ ૩જામાં શ્રી **પાર્શ્વનાથ** પ્રભુના ગણધરોનાં નામો આપ્યાં છે તેમાં, પ્રથમ ગણધરનું નામ **આર્યદત્ત** જણાવ્યું છે. પણ **આર્યઘોષ** નામ આપેલ નથી. 'શ્રી કલ્પસૂત્ર', સપ્તમ ક્ષણ, 'શ્રી પાર્શ્વનાથચરિત્ર' મૂળ સૂત્રમાં **શ્રીપાર્શ્વનાથ** પ્રભુના આઠે ગણધરોનાં નામો આપેલાં છે. તેમાં **આર્યઘોષ** નામ બીજું આપેલું છે. અર્થાત્ તેમને બીજા ગણધર કહ્યા છે. જ્યારે આ પુસ્તકના સ્તો. ૫૪ માં "તમો આઠમા ગણધર થઇને મુક્તિમાં જશો," અને સ્તો. ૪૬માં "તમે **આર્યઘોષ** નામના ગણધર થઇને મુક્તિમાં જશો." એમ કહેલું છે. આ ઉપરથી **આષાઢી** શ્રાવકનો જીવ સુધર્મ દેવલોકમાં વૈમાનિકદેવ અને ત્યાર પછી સૌધર્મેન્દ્ર થઈને પછી શ્રીપાર્શ્વનાથ ભગવાનના **આર્યઘોષ** નામના ગણધર થઇને મુક્તિમાં ગયા જણાય છે.

સ્તો. ૭૧માં ગઈ ચોવીશીમાં થયેલા શ્રી **દામોદર**જિનના સમયમાં **તેસલી જીવ ગણધરે** આ મૂર્તિ ભરાવ્યાનું અને સ્તો. ૯૮ માં **પેઢાલ** શ્રાવકે ભરાવ્યાનું લખ્યું છે, પરંતુ તે બરાબર ઠીક જણાતું નથી.

(આહાર-પાણીના ત્યાગ) પૂર્વક મૃત્યુ પામીને પહેલા દેવલોકમાં તે વૈમાનિકદેવપણે ઉત્પન્ન થયા. ત્યાં તેમણે અવધિજ્ઞાનથી પોતાનો પૂર્વભવ જોઈ **આષાઢી** શ્રાવકના ભવમાં પોતે કરાવેલી શ્રીપાર્શ્વનાથ ભગવાનની તે પ્રતિમાને ત્યાંથી દેવલોકમાં લાવીને પોતાના વિમાનમાં રાખીને હમેશાં ઘણા કાળસુધી ભક્તિ પૂર્વક ત્યાં પૂજી.

જ્યારે સ્તોત્રાંક ૪૧, ૪૨, ૫૪, ૫૬, ૮૦, ૧૪૧ માં લખ્યું છે કે-વર્તમાન ચોવીશીમાં થયેલા આઠમા તીર્થંકર શ્રી**ચંદ્રપ્રભ** ભગવાનને પહેલા દેવલોકના તેમના સમયના સૌધર્મેન્દ્રે પૂછયું કે-"હે ભગવન્! મારો મોક્ષ ક્યારે થશે ?" તેના જવાબમાં ભગવાને કહ્યું કે-" ચાલુ ચોવીશીમાં ત્રેવીશમા તીર્થંકર શ્રી**પાર્શ્વનાથ** જિનેશ્વર થશે તેમના તમે આઠમા ગણધર થઈને એ જ ભવમાં મોક્ષે જશો." આ વાત સાંભળીને અત્યંત ખુશી થયેલા સૌધર્મેન્દ્રે દેવલોકમાં જઈને શ્રી પાર્શ્વનાથ પ્રભુની અતિ મનોહર મૂર્ત્તિ નવી કરાવી અને પોતાના વિમાનમાં સ્થાપન કરીને હમેશાં ભક્તિપૂર્વક તેમની પૂજા કરવા માંડી. એમ ઇંદ્ર-ઇંદ્રાણી વગેરેએ ઘણા કાળ સુધી એ મૂર્ત્તિને ત્યાં પૂજી.

ઉપર જણાવ્યા પ્રમાણે ગઈ ચોવીસીના નવમા શ્રી **દામોદર** જિનેશ્વર ભગવાનના સમયમાં આ મૂર્ત્તિની ઉત્પત્તિ થયાનું જે જે સ્તોત્રોમાં લખ્યું છે, તેમાં સૌથી પ્રાચીન 'શ્રી શં. પા. છંદ' (સ્તો. ૪૬) વિ. સં. **૧૭૪૫**માં બનેલ છે. જ્યારે વર્તમાન ચોવીશીના આઠમા શ્રી**ચંદ્રપ્રભ** પ્રભુજીના સમયમાં આ મૂર્ત્તિની ઉત્પત્તિ થઈ, એમ જે જે સ્તોત્રોમાં

લખ્યું છે, તેમાં સૌથી પ્રાચીન ' શ્રી શં. પા. ઉત્પત્તિ સ્તવન ' (સ્તો. ૫૬) વિ. સં. ૧૬૧૦ માં બનેલ છે. એટલે સ્તોત્રાંક ૪૬વાળા છંદ કરતાં સ્તો. ૫૬વાળું સ્તવન ૧૩૫ વર્ષ પહેલાં બનેલું છે, તેથી તેને વધારે મહત્ત્વ આપી શકાય. છતાં અત્યારે જૈન સમાજમાં **શ્રીશંખેશ્વર** પાર્શ્વનાથ પ્રભુજીની મૂર્ત્તિ **શ્રીદામોદર** જિનેશ્વરના સમયમાં **આષાઢી** શ્રાવકે ભરાવ્યાની વાત વધારે પ્રસિદ્ધ હોવાથી તેને પ્રથમ સ્થાન આપ્યું છે.

વળી આ બન્ને વાતોનો સમન્વય પણ થઇ શકે એમ લાગે છે. પહેલા પ્રેરૈઆફમાં **આષાઢી** શ્રાવકે અને બીજા પ્રેરૈઆફમાં **સૌધર્મેન્દ્રે** મૂર્ત્તિ ભરાવ્યાનું લખ્યું છે. એ **આષાઢી** શ્રાવક અનશન પૂર્વક મૃત્યુ પામીને વૈમાનિક દેવ થયેલ[1]. ત્યારપછી કેટલાક ભવો કરીને **શ્રીચંદ્રપ્રભ** ભગવાનના સમયમાં **આષાઢી** શ્રાવકનો જીવ સૌધર્મેન્દ્ર થયેલ હોય અને તેણે જ શ્રીચંદ્રપ્રભ ભગવાનને પોતાની મુક્તિસંબંધી પૂછયું હોય તો તે સંભવિત છે. અને તેથી સૌધર્મેન્દ્રના પૂર્વ ભવના જીવ **આષાઢી** શ્રાવકે **શ્રીદામોદર** જિનને પ્રશ્ન કરીને મૂર્ત્તિ ભરાવેલી હોવાથી એ મૂર્તિ સૌધર્મેન્દ્રે પણ ભરાવેલી કહી શકાય.

જેમને પ્રશ્ન કર્યો છે તે તીર્થંકર પ્રભુની સંખ્યાનો નંબર એકમાં નવમો અને બીજામાં આઠમો છે, એટલે તેમાં

---

૧ **આષાઢી** શ્રાવક અનશનપૂર્વક મૃત્યુ પામીને સ્તો. ૫૦માં પહેલા-સૌધર્મ દેવલોકમાં દેવ થયાનું અને સ્તો. ૯૪માં તે વૈમાનિકદેવ થયાનું લખ્યું છે.

વધારે ફરક નથી. ત્યારે ખાસ કરીને ફરક માત્ર "ગઈ ચોવીશીના કે વર્તમાન ચોવીશીના" એટલો જ રહ્યો છે. પરંપરા અને દંતકથાઓની સાંભળેલી વાતોના આધારથી લખવામાં એવો ફરક રહી જાય એ અસંભવિત નથી.[1]

શ્રીમાન્ **જિનપ્રભસૂરિજી**એ વિ. સં. ૧૩૬૦ ની આસપાસમાં રચેલ "**श्रीपार्श्वनाथस्य कल्पसंक्षेपः**" (સ્તો. ૧)માં આ મૂર્તિની ઉત્પત્તિ વગેરે વિષયમાં ઉપર જણાવેલ બન્ને માન્યતાઓ કરતાં જુદી જ રીતે વર્ણન આપેલું છે. તેમાં લખ્યું છે કે–"શ્રી**મુનિસુવ્રત**સ્વામીના વખતમાં, શ્રી**પાર્શ્વનાથ** પ્રભુજીની સુંદર મનોહર કાંતિવાળી આ મૂર્તિ **ચંપાનગરી** પાસેના સમુદ્રના કિનારે જિનાલયમાં પૂજાતી

---

૧. શ્રી**શંખેશ્વર** પાર્શ્વનાથ પ્રભુજીની મૂર્તિની ઉત્પત્તિ સંબંધી બન્ને પ્રકારની માન્યતાઓ જે જે છંદ, રાસ, શલોકા અને સ્તવનોને આધારે ઉપર લખી છે, તે બધાં છંદાદિ સ્તોત્રો, ગુજરાતી ભાષામાં વિ. સં. ૧૬૧૦માં અને ત્યારપછી બનેલાં છે. ઘણી તપાસ કરવા છતાં તેનાથી પ્રાચીન પ્રાકૃત, સંસ્કૃત કે અપભ્રંશ ભાષાના મૂળ ગ્રંથોમાં આ મૂર્તિની **આષાઢી** શ્રાવકથી થયેલી ઉત્પત્તિ સંબંધી કશો ઉલ્લેખ મારા જોવામાં આવ્યો નથી. ગ્રંથો અપાર છે અને તે બધાય મારા જોવામાં ન આવે તે સ્વાભાવિક છે. માટે ઉપર આપેલી ઉત્પત્તિની હકીકત પ્રાચીન મૌલિક કયા ગ્રંથોમાંથી આવી તે માટે વિદ્વાનોએ વિશેષ શોધખોળ કરવાની ખાસ જરૂર છે. અને જેમના જાણવામાં આવે તેમણે આ પુસ્તકના લેખક કે પ્રકાશકને જણાવવા માટે અવશ્ય કૃપા કરવી.

અલબત્ત, આ મૂર્તિ ઘણે ઘણે ઠેકાણે ઘણા કાળ સુધી પૂજાણી છે, એવા ઉલ્લેખો તો પ્રાચીન ગ્રંથોમાંથી પણ મળી આવ્યા છે જ.

હતી. **શક્રેન્દ્ર**ના **કાર્તિકશેઠ**ના ભવના એકસો **અભિગ્રહો** (સો વખત પડિમા વહન) આ મૂર્ત્તિના ધ્યાનથી પૂર્ણ થયા હતા. કાર્તિક શેઠે દીક્ષા લીધા પછી શક્રેન્દ્ર, આ મૂર્ત્તિને પ્રાભાવિક જાણીને પોતાના સ્થાનમાં લઈ જઇને ભક્તિથી પૂજવા લાગ્યા. દરમ્યાન **રામ લક્ષ્મણ** વનવાસમાં હતા તે વખતે તેઓને દર્શન–પૂજન કરવા માટે આ મૂર્ત્તિ શક્રેન્દ્રે દંડકારણ્યમાં શ્રી**રામચંદ્ર**જીને મોકલી આપી. ત્યાં **સીતાજી** વગેરેએ પૂજી. તેમનો વનવાસ પૂરો થતાં આ મૂર્ત્તિ શક્રેન્દ્ર સૌધર્મ દેવલોકમાં પાછી લઇ ગયા. એ રીતે શ્રી**મુનિસુવ્રત** સ્વામીના નિર્વાણ (મોક્ષ) પછી લગભગ ૧૧ લાખ વર્ષ સુધી આ પ્રતિમાજીને શક્રેન્દ્રે સૌધર્મ દેવલોકમાં પૂજી. ત્યારપછી શક્રેન્દ્રે આ મૂર્ત્તિ, શ્રીકૃષ્ણ–**જરાસંધ**ના યુદ્ધ પ્રસંગે શ્રી કૃષ્ણને મોકલી આપી. આ મૂર્ત્તિના સ્નાનજળનો છંટકાવ કરવાથી શ્રીકૃષ્ણના સૈન્ય ઉપર મુકાયેલી **જરા** વિદ્યા નાસી ગઈ. યુદ્ધમાં **જરાસંધ** મરાયો. શ્રીકૃષ્ણનો જય થયો. તેથી ત્યાં **શંખપુર** નામનું નગર વસાવીને તેમાં પોતે કરાવેલા નવીન જિનાલયમાં શ્રી**પાર્શ્વ** પ્રભુજીની મનોહર નવી મૂર્ત્તિ કરાવીને પોતે ભક્તિપૂર્વક પધરાવી, અને સૌધર્મેન્દ્રે આપેલી અસલ મૂર્ત્તિ પોતાની સાથે લઇ ગયા. ત્યાં સુંદર નવીન મંદિર બંધાવીને તેમાં ઉક્ત મૂર્ત્તિને સ્થાપન કરીને શ્રીકૃષ્ણે લગભગ સાતસો વર્ષ સુધી તેને ભક્તિથી પૂજી. પછી આખી **દ્વારિકા** નગરીનો દાહ થયો, ત્યારે આ મૂર્ત્તિના પ્રભાવથી આ મંદિરનો નાશ ન થયો. પછી સમુદ્રના અધિષ્ઠાયક દેવે આ મંદિર, મૂર્ત્તિ અને દ્વારિકાના સ્થાનને સમુદ્રના પાણીમાં ડૂબાડી દીધાં. ત્યાં સમુદ્રમાં આ મૂર્ત્તિને નાગેન્દ્રે હજારો

વર્ષો સુધી અને ત્યાર પછી વરુણ દેવે ચાર હજાર વર્ષ સુધી પૂજી. કાળક્રમે એ મૂર્ત્તિ પદ્માવતીદેવીએ **ધનેશ્વર-સાર્થવાહને** આપી. તેણે **કાંતિનગરી**માં જિનાલય કરાવી સ્થાપન કરીને બે હજાર વર્ષ સુધી પૂજી. એ જ મૂર્ત્તિના પ્રભાવથી સ્તંભન તીર્થ થયું. **સ્તંભનતીર્થ** (**ખંભાત**)માં હાલ (સં. ૧૩૯૦ ની આસપાસમાં) તે પૂજાય છે, અને હવે પછી પણ આ મૂર્તિ ઘણા કાળ સુધી ઘણે ઠેકાણે પૂજાશે, વગેરે વગેરે. "

પરંતુ એ જ શ્રીમાન્ **જિનપ્રભસૂરિજી**એ લગભગ એ જ અરસામાં રચેલ " **श्रीशङ्खपुरकल्पः** " (સ્તો૦ ૨)માં લખ્યું છે કે–" નાગરાજ ધરણેન્દ્રના આવાસમાં ઘણા કાળથી પૂજાતી મહાપ્રાભાવિક **શ્રીપાર્શ્વનાથ** પ્રભુની આ પ્રતિમા શ્રી કૃષ્ણ–**જરાસંધ**ના યુદ્ધ સમયે શ્રીકૃષ્ણે કરેલી આરાધનાથી સંતુષ્ટ થઈને ધરણેન્દ્રે શ્રીકૃષ્ણને આપી. આ મૂર્ત્તિના સ્નાન-જળનો છંટકાવ કરવાથી શ્રીકૃષ્ણના સૈન્ય ઉપર જરાસંધે મૂકેલી જરા કુળદેવી નાસી ગઇ. શ્રીકૃષ્ણનો જય થયો. તેથી શ્રીકૃષ્ણે ત્યાં **શંખપુર** નગર નવું વસાવ્યું. તેમાં મનોહર નવીન મંદિર બંધાવીને **ધરણેન્દ્રે આપેલી શ્રીપાર્શ્વ-પ્રભુજીની અસલ મૂર્ત્તિને તેમાં ભક્તિપૂર્વક પધરાવી.**

આમ એક જ આચાર્યે બનાવેલા બે કલ્પોમાંથી પહે-લામાં ' શ્રી **શંખપુર**માં નવી મૂર્ત્તિ કરાવીને પધરાવી અને અસલ મૂર્તિ સાથે લઇ જઇ **દ્વારિકા**માં પધરાવ્યાનું ' અને બીજા ' શ્રીશંખપુર કલ્પ'માં 'અસલ મૂર્ત્તિ જ શંખપુરમાં પધ-રાવ્યાનું ' લખેલું હોવાથી વાચકોને સંશય ઉત્પન્ન થાય એ

સ્વાભાવિક છે. પણ વાચકોએ ધ્યાનમાં રાખવું જોઇએ કે બીજા કોઈ પણ પૂર્વાચાર્ય મહારાજે બનાવેલ 'શ્રીપાર્શ્વનાથ પ્રભુજીના બૃહત્ કલ્પ'માંથી સારાંશ ગ્રહણ કરી શ્રીમાન્ **જિનપ્રભસૂરિજી**એ પહેલો સંક્ષિપ્ત કલ્પ બનાવેલો છે. એટલે મોટા કલ્પમાં જે વાત લખી હોય, તેને અનુસારે આ સંક્ષિપ્ત કલ્પમાં પણ તે વાત લખવામાં આવી હોય, તે બનવા યોગ્ય છે. જ્યારે બીજો 'શ્રીશંખપુર કલ્પ' શ્રીમાન્ **જિનપ્રભસૂરિજી**એ, ગુરુપરંપરાથી હકીકત જાણીને પોતે સ્વતંત્ર રીતે રચ્યો છે. એટલે આ બીજા કલ્પમાં જે વાત લખી છે, તે શ્રી**જિનપ્રભસૂરિજી** મહારાજને વધારે માનનીય હોય એ વાત સમજી શકાય તેવી છે.

'શ્રી જૈન સત્ય પ્રકાશ' (અમદાવાદ)ના વર્ષ ૧ અંક ૫ માં "શ્રીસ્તંભન પાર્શ્વનાથ" નામના લેખમાં તેના લેખક શ્રીમાન્ ઉ. **પદ્મવિજયજી** ગણી (હાલ આ. શ્રીવિજયપદ્મ-સૂરિજી) મહારાજે લખ્યું છે કે—"**ખંભાત**માં આવેલા શ્રી**સ્તંભન પાર્શ્વનાથ**પ્રભુજીના જિનાલયમાં બિરાજમાન મૂળનાયક શ્રીસ્તંભન પાર્શ્વનાથના નીલમ મણિમય બિંબની બાજુના શ્રીપાર્શ્વનાથજીના વિશાળ બિંબ પરના લેખથી જાણી શકાય છે કે–ગઇ ચોવીશીના સોળમા તીર્થંકર શ્રી**નમિનાથ** (નિમીશ્વર)[૧] ભગવાનના નિર્વાણ પછી ૨૨૨૨ વર્ષ વીત્યા બાદ **આષાઢી** નામના શ્રાવક થયા. તેમણે શ્રી**પાર્શ્વનાથ**

---

૧ 'અભિધાન ચિંતામણિ'. દેવાધિદેવકાંડ, શ્લોક ૫૨માં તથા શ્રી **પ્રદ્યુમ્નસૂરિ**કૃત 'વિચારસારપ્રકરણ' ગાથા ૫૭માં સોળમા **નેમિનાથ** નહીં પણ **નેમીશ્વર** કહેલ છે.

પ્રભુજીનાં ત્રણ બિંબો ભરાવ્યાં. જેમાંથી એક **ચારૂપ** તીર્થમાં, બીજું **શંખેશ્વર** તીર્થમાં, અને ત્રીજું **સ્તંભન** તીર્થમાં હાલ મોજૂદ છે.[1]

આમ આ મૂર્તિની ઉત્પત્તિના વિષયમાં ભિન્ન ભિન્ન મતો જોવાય છે. પરંતુ તેને ભરાવનાર તરીકેનો યશ, મારા સમજવા પ્રમાણે, વિશેષ રૂપમાં **આષાઢી** શ્રાવકને ફાળે જાય છે. છતાં આ મૂર્તિ ગમે તેણે અને ગમે ત્યારે ભરાવી હોય તો પણ ચૌદમી શતાબ્દિમાં થયેલા શ્રી**મુનિચંદ્રસૂરિ**જીએ રચેલ 'શ્રીશંખેશ્વર પાર્શ્વનાથ સ્તવનમ્' (સ્તો૦ ૩); ચૌદમી શતાબ્દિમાં થયેલ શ્રી**જિનપ્રભસૂરિ**જીએ રચેલ 'શ્રીશંખપુરકલ્પ' (સ્તો. ૨) અને 'શ્રીશત્રુંજય માહાત્મ્ય' (સ્તો. ૧૭) વગેરે અનેક ગ્રંથો, કલ્પો, શલોકા, છંદો, સ્તોત્રો સ્તવનાદિ ઉપરથી એ તો સ્પષ્ટ જાણી શકાય છે કે—આ મૂર્તિ ઘણી પ્રાચીન અને પ્રભાવશાલી હોવા સાથે ઘણે ઘણે ઠેકાણે પૂજાણી છે, તેના પ્રભાવથી ઘણા ઘણાનાં કષ્ટો દૂર થયાં છે અને ઘણા ઘણાના મનોરથો પૂર્ણ થયા છે.

ઈતિહાસ

ગઈ ચોવીશીમાં થયેલા નવમા શ્રી**દામોદર** જિનેશ્વર ભગવાનના સમયમાં **આષાઢી** શ્રાવકે શ્રી**પાર્શ્વનાથ** પ્રભુજીનું આ બિંબ ભરાવ્યા પછી પોતે ગૃહસ્થાશ્રમમાં રહ્યા ત્યાં સુધી

---

૧ **ખંભાત**નો આ શિલાલેખ મારા વાંચવામાં આવ્યો નથી. જો ઉક્ત લેખ પૂરો વાંચવામાં આવે તો તેમાં આપેલી બીના માટે પાકી ખાત્રી થાય. અને તેમાંથી કાંઈક વિશેષ જાણવાનું પણ મળી શકે.

તેણે તે બિંબની ભક્તિપૂર્વક ત્રિકાલપૂજા કરી. ત્યારપછી **આષાઢી** શ્રાવક દીક્ષા લઈ, શુદ્ધ ચારિત્ર પાળી અનશનપૂર્વક કાળધર્મ (મૃત્યુ) પામીને પહેલા (સુધર્મ) દેવલોકમાં વૈમાનિક દેવપણે ઉત્પન્ન થયા. ત્યાં તેમણે અવધિજ્ઞાનથી પોતાનો પૂર્વભવ જોઈ, પોતાના પરમ ઉપકારી શ્રી**પાર્શ્વનાથ** પ્રભુજીના પોતે ભરાવેલ બિંબને દેવલોકમાં લાવીને પોતાના વિમાનમાં રાખીને યાવજ્જીવ સુધી તેણે તે બિંબની પૂજા કરી. ત્યારપછી સૌધર્મેન્દ્રે તે બિંબની ઘણા કાળ સુધી પૂજા કરી. ત્યારબાદ તેમણે તે બિંબ સૂર્યને આપ્યું. શ્રી **સુરેન્દ્ર**જિનના વચનથી આ બિંબને પ્રાભાવિક જાણીને સૂર્યે પોતાના વિમાનમાં ૫૪ લાખ વર્ષ સુધી તેની પૂજા કરી. ત્યારપછી ચંદ્રે પોતાના વિમાનમાં ૫૪ લાખ વર્ષ સુધી પૂજા કરી. પછી આ બિંબ પહેલા (સુધર્મ) દેવલોકમાં, બીજા (ઈશાન) દેવલોકમાં, દશમા (પ્રાણત) દેવલોકમાં, બારમા (અચ્યુત) દેવલોકમાં, લવણોદધિ સમુદ્રમાં, ભવનપતિઓના આવાસમાં, વ્યંતરોના નગરોમાં, **ગંગા** નદીમાં, **યમુના** નદીમાં વગેરે અનેક ઠેકાણે પૂજાણું. લવણ સમુદ્રમાં વરુણદેવ અને નાગકુમારો વગેરેએ પૂજ્યું. કાળક્રમે શ્રી**ઋષભદેવ** ભગવાનના સમયમાં નાગરાજ **ધરણેન્દ્રે** આ મૂર્ત્તિ ચમત્કારિક જાણીને **નમિ-વિનમિ** વિદ્યાધરોને આપી. તેમણે વૈતાઢ્ય પર્વત ઉપર આ મૂર્ત્તિની યાવજ્જીવ સુધી પૂજા કરી.

શ્રી**ચંદ્રપ્રભ** ભગવાનના સમયમાં તે વખતના **સૌધર્મેન્દ્રે** શ્રીચંદ્રપ્રભસ્વામીના વચનથી શ્રી**પાર્શ્વનાથ** ભગવાનના સમયમાં પોતાની મુક્તિ સાંભળીને તથા શ્રીપાર્શ્વનાથ પ્રભુ-

જીની ઉક્ત મૂર્ત્તિ ઘણી પ્રાભાવિક જાણીને તે મૂર્ત્તિને પોતાના વિમાનમાં લાવીને તેમણે તથા ઇંદ્રાણીઓએ ૫૪ લાખ વર્ષ સુધી પૂજી. ત્યારપછી તે મૂર્તિને તેમણે **રેવંત-ગિરિ** (ગિરિનાર પર્વત)ની **કંચનબલાનક** નામની સાતમી ટૂંક પર સ્થાપન કરી. ત્યાં નાગકુમાર વગેરે દેવોએ ઘણાં વર્ષો સુધી તેની પૂજા કરી. વર્તમાન સમયના સૌધર્મેન્દ્રના પૂર્વભવમાં–**કાર્ત્તિક** શેઠના ભવમાં કાર્તિક શ્રેષ્ઠીએ આ મૂર્ત્તિના પ્રભાવ–માહાત્મ્યથી શ્રાવકોની ૧૧ પ્રતિમાનું એક સો વખત વહન–આરાધન નિર્વિઘ્નપણે કર્યું હતું.

શ્રી**મુનિસુવ્રત**સ્વામી તીર્થંકર ભગવાનના સમયના **સૌધર્મેન્દ્રે** ઉક્ત પ્રતિમાજીને લાવીને પોતાના વિમાનમાં પધરાવીને તેમને ઘણા કાળ સુધી પૂજી. પછી શ્રી**રામચંદ્ર**જીના વનવાસ વખતે તેમને દર્શન–પૂજાદિ કરવા માટે સૌધર્મેન્દ્રે આ મૂર્ત્તિને રથમાં પધરાવીને બે દેવોની સાથે દંડકારણ્યમાં શ્રી**રામચંદ્ર**જીને મોકલી આપી. ત્યાં રામચંદ્રજી અને **સીતા**જીએ આ પ્રતિમાજીને ભાવપૂર્વક પૂજી. વનવાસ પૂરો થતાં આ પ્રતિમાજીને સૌધર્મેન્દ્રે પાછી મંગાવી લઈ પોતાના વિમાનમાં બિરાજમાન કરીને ઘણા કાળ સુધી ત્યાં પૂજી. ત્યાંથી તેમણે પાછી **ગિરિનાર** પર્વતની **કંચનબલાનક** નામની સાતમી ટૂંકે પધરાવી. ત્યાં નાગકુમાર વગેરે દેવો તેની પૂજા કરતા હતા. ત્યારપછી કોઇ જ્ઞાની પુરુષના વચનથી આ મૂર્ત્તિને ઘણી જ ચમત્કારિક જાણીને તે સમયના નાગરાજ **ધરણેન્દ્રે** ઉક્ત પ્રતિમાજીને લાવીને પોતાના આવાસમાંના જિનભવનમાં પધરાવી. ત્યાં

પોતે તથા **પદ્માવતી** દેવી વગેરે દેવ-દેવીઓ ભક્તિ સહિત તેની પૂજા કરતાં હતાં.[1]

ત્યારપછી કાળક્રમે **શ્રીકૃષ્ણ-જરાસંધના** યુદ્ધ પ્રસંગે **શ્રીઅરિષ્ટનેમિ**કુમારના વચનથી શ્રીકૃષ્ણે અઠ્ઠમ કરીને **ધરણેન્દ્રની** આરાધના કરીને તે પ્રતિમાજીની માગણી કરવાથી નાગરાજ ધરણેન્દ્રે પ્રસન્ન થઇ તે મૂર્ત્તિ શ્રીકૃષ્ણને આપી. આ મૂર્ત્તિનાં દર્શનથી શ્રીકૃષ્ણ આદિ તમામ યાદવો ખુશી થયા. શ્રીકૃષ્ણે ભક્તિપૂર્વક વિધિ પ્રમાણે પૂજા કરીને પારણું કર્યું. આ પ્રતિમાજીના સ્નાત્ર (સ્નાન) જળનો તેના આખા સૈન્યમાં છંટકાવ કરવાથી જરાસંઘે મૂકેલી **જરા** વિદ્યા નાસી ગઈ. યુદ્ધમાં જરાસંધ મરાયો. શ્રીકૃષ્ણનો જય થયો. જયના હર્ષથી ત્યાં તેણે શંખ વગાડયો. **શ્રીનેમિનાથ** પ્રભુ (શ્રી **અરિષ્ટનેમિ**કુમાર)ના કહેવાથી શ્રીકૃષ્ણે ત્યાં જ જયના સ્થાને **શંખપુર** નામનું નવીન નગર વસાવીને તેમાં મનોહર નવું

---

૧ આ મૂર્ત્તિ કયે કયે ઠેકાણે અને કેટલા કેટલા કાળસુધી પૂજાણી છે?-તે માટે આ પુસ્તકના સ્તોત્રાંક-૧, ૩, ૨૨, ૨૪, ૪૨, ૪૬, ૫૦, ૫૪, ૫૬, ૬૬, ૮૦, ૮૬, ૯૩, ૯૪, ૯૮, ૧૦૨, ૧૪૧, ૧૫૫ વગેરેમાં થોડા થોડા ફેરફાર સાથે અને કાંઈક ઓછા વધતા પ્રમાણમાં વર્ણન આપેલ છે; તેમાંનાં કેટલાંકમાં તો વિસ્તારથી આપેલ છે. એ બધાનો ધ્વનિ એક જ છે કે આ મૂર્ત્તિ ઘણે ઠેકાણે ઘણા કાળ સુધી પૂજાણી છે. ત્યારપછી **શ્રીકૃષ્ણની** આરાધનાથી નાગરાજ **ધરણેન્દ્રે** શ્રીકૃષ્ણને આપી અને શ્રીકૃષ્ણે શ્રી **શંખપુર** (**શંખેશ્વર**) ગામમાં નવીન પ્રાસાદ બંધાવીને તેમાં તેને બિરાજમાન કરી. વિશેષ જાણવાની ઇચ્છાવાળાઓએ આ પ્રકરણમાં સ્તોત્રોના જેટલા નંબરો આપેલા છે, તે નંબરોવાળાં સ્તોત્રો જોઇ લેવાં.

જિનાલય બંધાવીને તેમાં તેમણે ઉક્ત મૂર્ત્તિને ભક્તિથી પધરાવી. શંખ વગાડવાના કારણે આ નગરનું નામ **શંખપુર** અને ઉક્ત પ્રતિમાજીનું નામ **શ્રીશંખેશ્વર પાર્શ્વનાથ** લોકોમાં પ્રસિદ્ધ થયું. ત્યારપછી આ પ્રતિમાજી લગભગ સાડી છયાસી હજાર વર્ષો સુધી **શ્રીશંખેશ્વર** ગામમાં રહી. કાળક્રમે વિક્રમ સંવત્ ૧૧૫૫માં શ્રીમાન્ **સજ્જન** શેઠે નવીન જિનપ્રાસાદ બંધાવીને **શ્રીશંખેશ્વર પાર્શ્વનાથજી**ની ઉક્ત પ્રતિમાજીને તેમાં પધરાવી, જે અત્યાર સુધી ત્યાં ભવ્ય પ્રાણીઓથી પૂજાય છે. વિ. સં. ૧૧૫૫ પછી આ જિનાલયના જીર્ણોદ્ધારો થયા છે. તેની હકીકત આગળ ઉપર ‘જીર્ણોદ્ધાર’ પ્રકરણમાં વિસ્તારથી આપી છે.

આ મૂર્ત્તિને ગઈ ચોવીશીમાં **આષાઢી** શ્રાવકે અથવા તો **સૌધર્મેન્દ્રે** ભરાવ્યાનું ઉપર જણાવવામાં આવ્યું છે પણ તેમાં એક પ્રશ્ન અવશ્ય ઊભો થાય છે અને તે એ કે—“ઔદારિક પૃથ્વીકાયનાં પુદ્‌ગલોથી બનેલી આ મૂર્ત્તિ લગભગ અઢાર કોડાકોડી સાગરોપમ કાળ સુધી રહી કેમ શકે ? આનો ખુલાસો, **તપાગચ્છીય મુનિ રત્નવિજયજી**એ રચેલ ‘શ્રીશંખેશ્વર પાર્શ્વનાથ ચોઢાળિયું સ્તવન’ (સ્તો૦ ૫૫)ની ચોથી ઢાળમાં સ્પષ્ટ રીતે આપ્યો છે કે–(૧) અધિષ્ઠાયક દેવોના પ્રભાવ–સંરક્ષણથી, (૨) તેવા પ્રકારના પ્રયોગો–પ્રયત્નોથી, (૩) લેપ વગેરે કરતા રહેવાથી અને (૪) પ્રાયોગિક પ્રદેશમાં (તેની રક્ષા થઇ શકે તેવા ભિન્ન ભિન્ન સ્થાનોમાં) જવાથી મૂર્તિઓ ઘણા કાળ સુધી પણ રહી શકે છે. ઉપર્યુક્ત પ્રશ્નનો ઉત્તર, ઉક્ત સ્તવનમાં આપેલા ખુલાસાથી સ્પષ્ટ રીતે મળી જાય છે.

પ્રકરણ છઠ્ઠું : પ્રભાવ–માહાત્મ્ય

વર્તમાનકાળની ચોવીશીના ચોવીશે તીર્થંકરોમાં **શ્રીપાર્શ્વનાથ** પ્રભુ વ્યાવહારિક અથવા લૈકિક દૃષ્ટિથી વિશેષ પ્રભાવશાળી ગણાય છે, અને તેથી તેમના નામની સાથે શાસ્ત્રોમાં પણ 'પુરુષાદાનીય' (જેમનું વચન લોકો માન–પ્રેમપૂર્વક સ્વીકારે તે) અને 'પ્રગટપ્રભાવી' વગેરે વિશેષણો વિશેષ પ્રકારે લગાડવામાં આવે છે. **શ્રીપાર્શ્વનાથ** ભગવાનનાં ૧૦૮ નામો છે.[1] ૧૦૦૮ નામો હોવાનું અને તે કોઈ ચોપડીમાં છપાયેલ હોવાનું પણ સાંભળ્યું છે. શ્રી પાર્શ્વનાથ પ્રભુનાં ઘણાં તીર્થો વિદ્યમાન છે, તેમાં **શ્રીશંખેશ્વર** તીર્થ ઘણું પ્રાચીન અને મહાપ્રભાવશાળી છે.

યદ્યપિ સર્વ તીર્થંકરોની જેમ **શ્રીપાર્શ્વ**પ્રભુજી પણ

---

૧ શ્રી**પાર્શ્વનાથ** ભગવાનનાં ૧૦૮ નામો 'પ્રગટ પ્રભાવી પાર્શ્વનાથ' નામના ચોપડીમાં વિસ્તૃત હકીકત સાથે પ્રગટ થયાં છે, તેમજ હાલમાં 'જૈન ધર્મ પ્રકાશ' (ભાવનગર) પુ. ૫૬, અં. ૧૦, પૃ. ૩૩૦માં પં. શ્રી**ખુશાલવિજયજી**ના શિષ્ય પં. શ્રી**ઉત્તમવિજય-જી**એ સં. ૧૮૮૧ ના ફાગણ વદિ ૨ ને દિવસે રચેલ 'શ્રીપાર્શ્વનાથ-જીનાં ૧૦૮ નામોનો છંદ' પ્રગટ થયેલ છે, તેમાં થોડા ફેરફાર સાથે ૧૦૮ નામો આપેલાં છે. તે બન્નેમાં **શંખેશ્વર પાર્શ્વનાથ** નામ ગણાવેલ છે. હાલમાં જ વળાનિવાસી કવિ દુર્લભદાસ ગુલાબચંદે શ્રીપાર્શ્વનાથ પ્રભુજીનાં ૧૦૮ નામો અકારાદિ અનુક્રમથી ગોઠ-વીને એક સુંદર છંદ બનાવેલ છે, જે કોઈ માસિક આદિમાં પ્રગટ થશે.

રાગ, દ્વેષ, મોહ, મમત્વાદિ સર્વ દૂષણોથી સર્વથા રહિત છે; અન્યતીર્થંકરોની જેમ તેઓ પણ કોઈના ઉપર પ્રસન્ન કે અપ્રસન્ન થતા નથી, તેમ કોઇને સુખી કે દુઃખી કરતા નથી, છતાં તેઓની નિરુપાધિમય વીતરાગપણાની મૂર્ત્તિનું શુદ્ધ અંતઃ-કરણથી ધ્યાન કરવાથી આપણું મન પવિત્ર થાય છે, અને તેથી જ આત્મકલ્યાણ થવા સાથે અનુક્રમે મોક્ષ પણ મેળવી શકાય છે. મોક્ષના અભિલાષી મુમુક્ષુ આત્માઓને પોતાનું ધ્યેય સિદ્ધ કરવા માટે આ સ્થાન શ્રેષ્ઠ છે. કેમકે–**શંખેશ્વર** ગામ નાનું અને રેલ્વેથી દૂર હોવાથી યાત્રાળુઓની અવરજવર ઘણી ઓછી, વળી સ્થાનિક શ્રાવકોની વસ્તી પણ થોડી, તેમજ આ ધામ ગામની મધ્યમાં નહીં પણ પશ્ચિમ તરફના ઝાંપામાં આવેલ હોઈ આ તીર્થધામ મુમુક્ષુ જનોને માટે બહુ જ ઉપકારક છે. બપોરના સમયે એકાંત શાંતિ મળતી હોવાથી દેરાસરમાં જઈ મૂળનાયકજી ભગવાનની સમીપે બેસી ધ્યાનમાં તલ્લીન થવાથી આત્મકલ્યાણની પ્રાપ્તિ સહજમાં થઈ શકે તેમ છે. આ રીતે આ સ્થળેથી ઘણા મુમુક્ષુઓનું આત્મકલ્યાણ થયું પણ છે. સ્તો. ૧૮માં લખ્યું છે કે–' આ તીર્થની સેવાથી ઘણા મુનિઓ મોક્ષે ગયા છે.'

જેમ આ તીર્થની સેવાથી મુમુક્ષુજનોને આત્મકલ્યાણની પ્રાપ્તિ થઈ છે અને થાય છે, તેમ પૌદ્ગલિક વસ્તુમાં–સાંસારિક સુખમાં આનંદ માનનારા લોકોને પણ આ તીર્થની સેવા–ભક્તિથી અભીષ્ટ પદાર્થોની પ્રાપ્તિ થઈ છે અને થાય છે.

આ તીર્થના પ્રભાવ–માહાત્મ્ય વિષે અનેક ગ્રંથો, કલ્પો સ્તવનો આદિમાં ઘણું ઘણું લખેલું છે. જેમકે–(૧) **પાવા-**

પુરી, અષ્ટાપદ, રૈવતગિરિ, સમ્મેતશિખર, વિમલાચલ, કાશી, નાસિક, રાજગૃહી, મીથિલા પ્રમુખ તીર્થોની યાત્રા-પૂજાથી મનુષ્ય જેટલું ફળ પામી શકે, તેટલું ફળ **પાર્શ્વનાથ** પ્રભુની આ મૂર્ત્તિનાં દર્શન કરવાથી પામી શકે. તેમજ આ મૂર્ત્તિનાં દર્શન, પૂજા, પુષ્પપૂજા, અષ્ટપ્રકારી પૂજા વગેરે કરવાથી અગણિત પુણ્ય, ફળ, લાભ થાય છે. વગેરે. (સ્તો૦ ૧); (૨) મુસલમાન રાજાઓ પણ આ તીર્થનો મહિમા કરે છે, કામિત તીર્થ છે. વગેરે. (સ્તો૦ ૨); (૩) કોઈ દિવસે શ્રાવક **દેલ્હણને શ્રીશંખેશ્વર પાર્શ્વનાથ** પ્રભુએ (તેમના અધિષ્ઠાયકદેવોએ) સ્વપ્ન આપ્યું કે " **પાટણ**માં કોકાવસતિના મૂળનાયક **શ્રીપાર્શ્વનાથ** પ્રભુની ૩૩ આંગળની મૂર્ત્તિ છે, તેની સન્નિહિત-તેમાં અધિષ્ઠિત-થઈને હમેશાં સૂર્યોદયથી ચાર ઘડી (લગભગ ૧॥ કલાક) સુધી હું રહીશ. માટે હમેશાં સૂર્યોદયથી ચાર ઘડીની અંદર ઉક્ત દેરાસરમાંની કોઇ પણ પ્રતિમાની પૂજા કરવાથી મારી પૂજા કરી એમ માનવું." આથી (શંખેશ્વરજી જવાની અશક્તિવાળા) લોકો, **શંખેશ્વરજી**ની યાત્રા, પૂજા વગેરેના અભિગ્રહો ત્યાં જ પૂર્ણ કરવા લાગ્યા અને કોકા પાર્શ્વનાથજીના (અધિષ્ઠાયક દેવો) પણ શંખેશ્વરજીની માફક લોકોને પરચા પૂરવા લાગ્યા (સ્તો. ૧૫). (આ ઉપરથી જાણી શકાય છે કે તે સમયમાં શંખેશ્વરજીનો પ્રભાવ જગતમાં ઘણો જ પ્રસરેલો હશે અને તેથી શંખેશ્વરજીનું અવતરણ બીજાં તીર્થોમાં પણ થવા લાગ્યું હતું.) (૪) આ તીર્થ પ્રાચીન છે, આ તીર્થની સેવા કરવાથી અનેક મુનિઓ મોક્ષે ગયા છે, આ મૂર્ત્તિ શાશ્વતપ્રાય: કહેવાય છે, દરેક પર્વોમાં **ધરણેન્દ્ર પદ્માવતી**

આવીને પૂજન કરે છે, **શ્રીનેમિનાથ** પ્રભુ અનેક મુનિઓ સાથે અહીં સમવસર્યા હતા, આ તીર્થની છ માસ સુધી નિરંતર એકાગ્ર મનથી સેવા કરવાથી અભીષ્ટ ફળ મળે છે, વગેરે. (સ્તો. ૧૮); (૫) શંખેશ્વરજીની સેવાભક્તિ કરવાવાળા શંખેશ્વરનિવાસી સાધુ–સંતો પણ હજુ સુધી સારી રીતે સુખી છે. (સ્તો૦ ૫૦); (૬) આ મૂર્ત્તિના પ્રભાવથી **શ્રીઅભયદેવસૂરિજી** મહારાજના કોઢ રોગનો નાશ થયો હતો. (સ્તો. ૬૩); (૭) અઢારે વર્ણના લોકો પૂજાની સામગ્રી લઈને આવીને સેવા કરે છે. (સ્તો. ૧૧૧, ૧૧૨); (૮) જગતની આશા પૂરવામાં ચિંતામણિરત્ન સમાન છે. (સ્તો. ૧૦૦); (૯) સ્તો૦ ૧૫૮ માં આપેલા ૩૧ કડીવાળા આખા છંદમાં પ્રાભાવિકતાનું આબેહૂબ રીતે વર્ણન આપેલું છે. આ ઉપરાંત, પ્રત્યક્ષ પરચા પૂરનાર, પરચાપૂરણપાસ, રોગાદિ સાત અથવા આઠ ભય નિવારક, પુરુષાદાણી,કામઘટ, ભવતારણ, ભયવારણ, સુખકારણ, અશરણશરણ, મનોરથપૂરક, શોક ભય મોહાદિ નાશક, પતિતપાવન, ભીડભંજન, કલ્પતરુ, ચિંતામણિ, કામકુંભ, કામધેનુ, મનોરથ પૂર્ણ કરનાર, સર્વનાં દુઃખ હરનાર, સમરતાં હમેશાં સહાય આપનાર, જેમને સુર નર વિદ્યાધર પૂજે છે, દેશોદેશના તથા ગામોગામના સંઘો અને જગતના અસંખ્ય મનુષ્યો જેમની યાત્રાએ આવે છે; વગેરે વગેરે તો ઘણું જ ગ્રંથો સ્તોત્રો સ્તવનો આદિમાં લખ્યું છે.[૧] આ ઉપરથી જણાય છે કે–આગળના લોકોની તો

૧ જુઓ સ્તોત્રાંક ૧, ૨, ૩, ૫, ૮ થી ૧૨, ૧૫, ૧૭, ૧૮, ૨૧, ૨૪, ૪૧, ૪૬, ૪૭, ૪૮, ૫૦, ૫૧, ૫૪, ૫૬ થી ૬૧, ૬૩ થી ૬૮, ૭૦, ૭૭ થી ૮૧, ૮૩, ૮૮, ૯૨, ૯૩, ૧૦૧, ૧૦૨, ૧૦૩,

આ તીર્થ ઉપર અપૂર્વ ભક્તિ–શ્રદ્ધા હતી જ, પરંતુ સં. ૧૧૫૫ પછી પણ સારી આલમની આ તીર્થ ઉપર શ્રદ્ધા–ભક્તિ એકધારી આજ સુધી ચાલી આવી છે. તો પછી આ તીર્થને પોતાનું માનનાર તમામ જૈનોની ભક્તિ હોય તેમાં તો આશ્ચર્ય જ શું છે ? આમાં આપેલાં સ્તોત્રો જ એ ભક્તિને પુરવાર કરી આપે છે. આમાં આપેલાં સ્તોત્રો અને તે ઉપરાંત બીજાં પણ અનેક ગ્રંથો સ્તોત્રો આદિના લેખકો આચાર્યો, મુનિરાજો અને ગૃહસ્થ કવિઓએ, કોઇએ આ તીર્થનો ઇતિહાસ લખીને, કોઇએ પ્રભાવ–માહાત્મ્ય લખીને, કોઇએ સ્તુતિ કરીને, કોઇએ વિસ્તૃત વર્ણન લખીને, કોઇએ નવાં સ્તોત્રો રચીને તો કોઇએ પોતાના ગ્રંથની આદિ, મધ્ય કે અંતમાં **શંખેશ્વરજી**નું સ્મરણ કરીને–નમસ્કાર કરીને–પોતાની ભક્તિ પ્રદર્શિત કરી છે. મહાસમર્થ વિદ્વાન્ શ્રીમાન્ **યશોવિજયજી** મહારાજે ભક્તિરસથી ભરપૂર સ્તુતિથી ભરેલું સંસ્કૃતમાં ૧૧૩ શ્લોકોનું મોટું સ્તોત્ર રચ્યું છે. આમાં તેમણે શ્રી **શંખેશ્વર** તીર્થની મુક્ત કંઠે સ્તુતિ કરી છે. વળી પ્રાયઃ એમણે જ સંસ્કૃતમાં રચેલ 'શ્રી શંખેશ્વર પાર્શ્વજિન સ્તવન' (સ્તો. ૮)માં શ્રી શંખેશ્વરજીની મૂર્ત્તિના પ્રભાવનું અદ્ભુત રીતે વર્ણન કરવા સાથે આખા સ્તોત્રમાં મૂર્ત્તિની જ સ્તુતિ કરેલી છે. આમાં આપેલાં સ્તોત્રાદિમાંથી કેટલાંકમાં વિશેષરૂપે તેમની પ્રાભાવિકતાનું વર્ણન કરેલું છે તો કેટલાંકમાં વિશેષ રૂપે સ્તુતિ કરેલી છે અને કેટલાંક સ્તોત્રોમાં

૧૦૮, ૧૦૯, ૧૧૧, ૧૧૨, ૧૨૩, ૧૨૯ થી ૧૩૨, ૧૩૪, ૧૩૫, ૧૩૮, ૧૪૧, ૧૪૫, ૧૪૮, ૧૪૯, ૧૫૦, ૧૫૨ થી ૧૫૫, ૧૫૭ થી ૧૬૨.

બન્ને બાબતો છે. પરંતુ લગભગ તે દરેક સ્તોત્રોમાં થોડે ઘણે અંશે સ્તુતિ તો અવશ્ય કરેલી છે જ.[૧] આ પ્રમાણે મુનિવર્ગે ગ્રંથો–સ્તોત્રાદિ રચીને, યાત્રા કરીને તથા યાત્રા–જીર્ણોદ્ધાર વગેરે કાર્યો માટે ઉપદેશ આપીને આ તીર્થની ભક્તિ કરી છે, જ્યારે ગૃહસ્થવર્ગે આ તીર્થના જીર્ણોદ્ધારો કરીને, યાત્રાસંઘો કાઢીને, યાત્રાઓ કરીને, આ તીર્થને અંગે દ્રવ્ય ખર્ચીને તન–મન–ધનથી આ તીર્થની ભક્તિ કરી છે. આ બધું તીર્થની પ્રાભાવિકતા વિના ન જ બની શકે. આ બધા ઉપરથી આ તીર્થનો પ્રભાવ–માહાત્મ્ય દુનિયામાં કેટલો પ્રસરેલો હશે ? તે સહજમાં સમજી શકાય તેમ છે.

શ્રીશંખેશ્વર **પાર્શ્વ** પ્રભુજીનું માહાત્મ્ય દુનિયામાં વિશેષ વિસ્તાર પામ્યું છે તેને નીચેની વાત પણ સંપૂર્ણ પુષ્ટિ આપે છે.

જેમ **ગોડીજી પાર્શ્વ** પ્રભુનાં દેરાસરો, મૂર્તિઓ, પાદુકાઓ ગામોગામ–ઘણાં ગામોમાં છે, તેમ શ્રીશં**ખેશ્વર પાર્શ્વનાથ**નાં પણ દેવાલયો, મૂર્તિઓ અને પાદુકાઓ બીજાં ઘણાં ગામોમાં હોવાનું સાંભળ્યું છે. તેમાંથી જેને માટે ગ્રંથોમાંથી ઉલ્લેખો મળ્યા છે અથવા તો જેને માટે પાકી ખાત્રી છે તેવા ૨–૪ દાખલા અહીં આપવા ઉચિત સમજું છું.

(૧) **શ્રીસર્વાનંદસૂરિ**વિરચિત ‘જગડૂચરિત’ મહાકાવ્ય, સર્ગ ૬, શ્લોક ૫૭ માં લખ્યું છે કે–“ **પૂર્ણિમા-**

૧ જુઓ સ્તોત્રાંક ૧, ૫, ૭ થી ૧૪, ૧૬, ૧૭, ૨૧, ૨૬ થી ૩૦, ૪૧, ૪૩ થી ૪૯, ૫૧ થી ૫૪, ૫૬ થી ૮૬, ૮૮ થી ૧૩૫, ૧૩૭, ૧૩૮, ૧૩૯, ૧૪૧, ૧૪૭ થી ૧૫૪, ૧૫૬ થી ૧૬૩.

પક્ષના આચાર્ય શ્રી **પરમદેવસૂરિજી** માટે જગડૂશાહે **ભદ્રાવતી**નગરી (કચ્છ–ભદ્રેશ્વર)માં બંધાવેલી પૌષધશાલામાં સૂરિજી વગેરેને દર્શન કરવા માટે ચાંદિના બે પાયાવાળું પિત્તલનું શ્રી શંખેશ્વર પાર્શ્વનાથજીનું ગૃહચૈત્ય–ઘરદેરાસર શ્રીમાન્ જગડૂશાહે કરાવ્યું હતું.

(૨) **તપાગચ્છીય** **શ્રીરંગવિજયજી**એ સં. ૧૮૪૯ માં રચેલ "શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ પંચકલ્યાણક ગર્ભિત પ્રતિષ્ઠાકલ્પ સ્તવન" (ઢાળ ૧૯, કડી ૨૬૦ના વિસ્તૃત સ્તવન)માં લખ્યું છે કે–**ભરૂચ**માં **ઊકેશ** લઘુશાખાના (દશા ઓસવાળ) શાહ **પ્રેમચંદ્ર**ના પુત્ર **ખુશાલચંદ્રે** અને તેના પુત્ર શાહ **સવાઇચંદ્રે** **શ્રીશંખેશ્વર પાર્શ્વનાથ** પ્રભુજીની મૂર્ત્તિ નવી કરાવીને, તે વગેરે બીજી ઘણી મૂર્તિઓની વિ. સં. ૧૮૪૯માં મહોત્સવપૂર્વક પ્રતિષ્ઠા કરાવીને ત્યાં (ભરૂચમાં) સ્થાપન કરી.

(૩) **સૂરત**માં **શ્રીશંખેશ્વર પાર્શ્વનાથ** પ્રભુજીનું દેરાસર છે. (સ્તો. ૮૭, ૧૨૯)

(૪) **ઉદયપુર** (મેવાડ)થી ત્રણ માઈલ દૂર **આઘાટ** (આહડ) નામનું ગામ છે, જ્યાં શ્રીમાન્ **જગતૂચંદ્રસૂરિ**-જીને **તપા** બિરૂદ મલ્યું હતું. તે આઘાટમાં **શ્રીશંખેશ્વર પાર્શ્વ**પ્રભુજીનું મંદિર સં. ૧૮૦૫ માં બનેલું મોજૂદ છે. (એક જૂની તીર્થ ગાઈડ).

(૫) **સિરોહી** (રાજપુતાના)માં પણ **શ્રીશંખેશ્વર પાર્શ્વ** પ્રભુજીનું એક મંદિર છે.

વિશેષ તપાસ કરવાથી જ્યાં **શ્રીશંખેશ્વર પાર્શ્વ-નાથજી**નાં દેરાસરો, મૂર્ત્તિઓ કે પાદુકા બિરાજમાન થયેલ હોય એવાં બીજાં ઘણાં સ્થાનો મળી શકે.

તેમજ પ્રગટપ્રભાવી **શ્રીશંખેશ્વર પાર્શ્વનાથ** પ્રભુજીના પ્રભાવથી લોકોની તેમના ઉપર વિશેષ ભક્તિ અને શ્રદ્ધા હોઈ લોકોમાં તેમનાં જુદાં જુદાં નામોની પણ પ્રસિદ્ધિ થઈ છે. શ્રદ્ધાવાળા ભક્તો માને છે કે શંખેશ્વર પાર્શ્વ પ્રભુજી હમેશાં ત્રણ રૂપ કરે છે. પ્રભાતે કુમાર અવસ્થાનું, મધ્યાહ્ને યુવાવસ્થાનું અને સાયંકાળે વૃદ્ધાવસ્થાનું. અને એને લઇને જ ઘણા લોકો પ્રભુજીને 'બહુરૂપી' કહે છે; તેમજ સાંજે ચોઘડિયાં વાગતાં હોય, દીવાબત્તી થઈ હોય, ધૂપ ઉખેવાતો હોય અને પ્રભુજીની આંગી પણ સુંદર બનેલી હોય તેવે વખતે ઘણે ભાગે લોકો વધારે દર્શન કરવા આવે છે, અને તે વખતે ભગવાનનું રૂપ વૃદ્ધાવસ્થા જેવું લાગતું હોવાથી લોકો તેમને 'ડોસલા પ્રભુ' પણ કહે છે. આ વાત માત્ર લોકોમાં જ પ્રસિદ્ધ છે એમ નહીં, પણ શંખેશ્વરજીના છંદો અને સ્તવનોમાં પણ ગૂંથાઇ ગઈ છે. જુઓ સ્તો. ૫૦, ૬૬.

શ્રીમાન્ **વિજયદેવસૂરિજી** મહારાજના પટ્ટધર શ્રી **વિજયસિંહસૂરિજી** મહારાજના શિષ્ય ઉપાધ્યાય **શ્રીઉદયવિજયજી**એ, પહેલાં ઘણા સમય સુધી, **શ્રીશંખેશ્વર પાર્શ્વ** પ્રભુજીની વિઘ્નો દૂર કરવા માટે અથવા તો ઐહિક કાર્ય સિદ્ધિની ઇચ્છાથી ખૂબ સેવા કરી હતી, પરંતુ પાછળથી તેમનાં જ્ઞાન-ચક્ષુ ખૂલી જવાથી અહિક કાર્યસિદ્ધિની ઇચ્છાને દૂર કરીને આત્મકલ્યાણ માટે જ ઘણા લાંબા કાળ સુધી તેમણે આ તીર્થની સેવા કરી. (સ્તો૦ ૧૩૨).

આ બધી બાબતો **શ્રીશંખેશ્વર પાર્શ્વનાથ** પ્રભુજીના પ્રભાવવંતા માહાત્મ્યને સચોટ રીતે પુરવાર કરી આપે છે.

પ્રકરણ સાતમું : ચમત્કાર

ગયા પ્રકરણમાં કહેવામાં આવ્યું તેમ શ્રીતીર્થંકર વીત-
ાગ પ્રભુ તો રાગ, દ્વેષ, મોહ, કષાય, હાસ્ય, રતિ, અરતિ,
ીડા, ઇચ્છા વગેરે તમામ દૂષણોથી રહિત હોઈ તેઓ
ોઇને સુખી કે દુઃખી કરતા નથી, તેમ કોઈને ચમત્કાર
તાવતા નથી કે પરચા પૂરતા નથી. પરંતુ જે તીર્થોના
ધિષ્ઠાયક દેવો જાગતા—અપ્રમાદી હોય છે, તેઓ સ્વઅધિ-
ષ્ઠેત તીર્થ-પ્રભુની સેવા—ભક્તિ થતી જોઇને સંતુષ્ટ થાય છે.
મને તેથી તેઓ સેવા—ભક્તિ—ધ્યાન કરનાર ભક્તજનોના
નોરથો પૂર્ણ કરે છે, વિઘ્નો દૂર કરે છે અને ચમત્કારો
પણ દેખાડે છે. આવાં જાગતા અધિષ્ઠાયક દેવોવાળાં તીર્થોમાં
શ્રીશંખેશ્વરજી પાર્શ્વનાથ તીર્થ અગ્રગણ્ય ગણાય છે.
મહીંના અધિષ્ઠાયક દેવોના ચમત્કારો સારી આલમમાં
પ્રસિદ્ધ છે. તેમાંના કેટલાક ચમત્કારોને પ્રાચીન—અર્વાચીન
અજૈન ગ્રંથકારોએ પોતાના ગ્રંથોમાં સ્થાન આપ્યું છે. તેમાંના
૨—૪ ઉલ્લેખો અહીં આપવા અનુચિત નહીં ગણાય.

(૧) **ઝાલા** રજપૂત મહામંડલેશ્વર રાણા **દુર્જનશલ્યને**[૧]
તેના રાજ્યકાળમાં ભયંકર કોઢ રોગ થયો હતો તેથી તે

---

૧ 'જગડૂચરિત' મહાકાવ્યના આધારે મહામંડલેશ્વર રાણા
દુર્જનશલ્યનો સત્તાસમય તેરમી સદીનો ઉત્તરાર્ધ અને ચૌદમી
સદીનો પૂર્વાર્ધ હોવાનું અને તેનો કોઢ રોગ વિ૦ સં૦ ૧૩૦૨ની
આસપાસમાં દૂર થયો હોવાનું જણાય છે. રાજા દુર્જનશલ્ય, ક્યા


બહુ દુઃખી–હેરાન થઈ ગયો હતો. તેણે અનેક ઉપચારો કરવા છતાં રોગ નહીં મટવાથી કોઈ દેવની આરાધના કર-

---

ગામનો હતો ?–તે ચોક્કસ જાણી શકાયું નથી, પરંતુ તે **ઝાલા** રજપૂત હતો, **ઝાલાવાડના ઝાલા** રજપૂતો સાથે તેનો વિવાહ સંબંધ હતો, **ઝીંઝુવાડાના** સૂર્યદેવની તેણે પહેલાં ઉપાસના કરી હતી અને ત્યારપછી તેની નજીકમાં આવેલ શ્રી**શંખેશ્વર** તીર્થની ઉપાસના કરી, સ્તો૦ ૫૦માં તે **ઝંઝુપુર** (ઝીંઝુવાડા) નો રહેવાસી હોવાનો ઉલ્લેખ છે, આ વગેરે કારણોથી તે ઝીંઝુવાડાનો રાજા હશે, એમ જણાય છે.


ઉપરની બન્ને વાતોને નીચેના પ્રમાણથી વધારે પુષ્ટિ મળે છે.

ગાયકવાડ ઓરિયેંટલ સીરીઝ તરફથી પ્રગટ થયેલ '**पत्तनस्थ जैन भांडागारीय ग्रंथसूची**' (પૃ૦ ૨૮૦–૨૮૧) માં **પાટણ** ખેતરવસીના પાડાના જૈન જ્ઞાનભંડારમાં રહેલી તાડપત્ર ઉપર લખાયેલી એક હસ્તપોથી ('યોગશાસ્ત્ર' દ્વિ. પ્ર. વિવરણ)ની અંતિમ પ્રશસ્તિ પ્રગટ થઈ છે. તેમાં લખ્યું છે કે–" વિધિધરોદ્ધારક **ચન્દ્રપ્રભસૂરિ**ના પટ્ટધર **ધર્મઘોષસૂરિ**ના પટ્ટધર **અભયઘોષસૂરિ**ના મુખ્ય શિષ્ય **વિદ્યાકુમાર**ના પ્રતિબોધથી જે **નીતલ્લદેવી**એ આ પ્રતિ લખાવી હતી, તે **નીતાદેવી**એ **પટ્ટરી** (પાટડી)માં **પાર્શ્વ** પ્રભુનું ચૈત્ય તથા પૌષધશાળા કરાવી હતી અને તે ક્ષત્રિયશિરોમણિ **સૂરાકના** ભાઈ **શાંતિમદેવ**ના પુત્ર ઝાલા **વિજયપાલ**ની પ્રિયતમા રાણી હતી. તેમનો પુત્ર રાણો **પદ્મસિંહ** હતો, અને તેમની શૂરવીર પુત્રી **રૂપલાદેવી** એ પ્રસ્તુત દુર્જનશલ્યની પ્રેમવતી પત્ની હતી. આ દુર્જનશલ્યને **શ્રીદેવી** (બીજી રાણી)ની કુક્ષિથી થયેલો **ઉદયસિંહ** નામનો પરાક્રમી પુત્ર હતો. આ ઘટના વિક્રમની તેરમી સદીના ઉત્તરાર્ધની છે. તેમજ ઉપર્યુક્ત **વિદ્યાકુમાર**ના દાદાગુરુ શ્રી**ધર્મઘોષ**-



મહાતીર્થનું ભવ્ય શિખર

જિનમંદિરના મુખ્ય ગભારા ઉપરનું શિખર તથા બન્ને બાજુના ગભારા ઉપરનાં બે શિખરો. વિવિધ પ્રકારની કોરણીયુક્ત આ ભવ્ય શિખર જૈન શિલ્પશાસ્ત્રના આદર્શ નમૂના રૂપ દેખાય છે. જુઓ પ્રકરણ ૧૬, પૃષ્ઠ ૯૬.



સભામંડપના શિખરમાંનું મનોહર સામરણ

પહેલા સભામંડપના આરસના ઘુમ્મટની અંદરની વિવિધ પૂતળીઓ અને ઝીણી કોરણીવાળા સામરણનું, સભા મંડપની એક બાજુથી, લીધેલ દૃશ્ય જુઓ પ્રકરણ ૧૧.

વાનો વિચાર કર્યો અને ઝંઝુપુર (ઝીંઝુવાડા)માંના સૂર્ય-નારાયણના મંદિરમાંના સૂર્યદેવની આરાધના કરવા માંડી.

સૂરિજી મહારાજા **સિદ્ધરાજ જયસિંહ**ના સમકાલીન અને સન્માનિત હતા, એવા ઉલ્લેખો મળે છે. **શંખેશ્વર પાર્શ્વનાથ** પ્રભુના મંદિરનો ઉદ્ધારક આ જ **દુર્જનશલ્ય** હોય તેમ જણાય છે. એટલે આ દુર્જનશલ્ય ઝીંઝુવાડાનો હોવાનું અને તેનો સમય વિક્રમની તેરમી સદીનો ઉત્તરાર્દ્ધ અને ચૌદમી સદીનો પૂર્વાર્દ્ધ હોવાનું માનવું ઉચિત જણાય છે.

ઝીંઝુવાડાનો પ્રાચીન કિલ્લો જે અત્યારે સાવ જીર્ણ દશામાં ઊભો છે, તે મહારાજા **સિદ્ધરાજ જયસિંહે** બંધાવ્યાનું ગુજરાતનાં ઐતિહાસિક ગુજરાતી પુસ્તકોમાં લખેલું જોવાય છે. તે જો સાચું હોય તો એવા અનુમાન ઉપર આવી શકાય કે-રાજા **દુર્જનશલ્ય** અને તેના પૂર્વજો ગુજરાતના મહારાજાઓના સામંત અને નિકટના સંબંધીઓ હોવા જોઈએ.

રાણા **દુર્જનશલ્ય**નો સત્તાસમય તેરમી શતાબ્દિનો ઉત્તરાર્દ્ધ અને ચૌદમી સદીનો પૂર્વાર્ધ હોવામાં તથા તે મહામંડલેશ્વર હોવામાં નીચેનાં પ્રમાણોથી વધારે પુષ્ટિ મળે છે. તે મહામાત્ય **વસ્તુપાલ તેજપાલ**નો સમકાલીન હોવાથી તે ગુજરાતના મહારાજા **ભીમદેવ** (બીજો) અને મહારાજા **વીરધવલનો** મહામંડલેશ્વર-મોટો સામંત હશે, એમ જણાય છે. વળી નીચે આપેલા પ્રમાણથી ચોકકસ રીતે સમજી શકાય છે કે-તેણે જૈનાચાર્ય શ્રી**દેવેન્દ્રસૂરિજી**ના શિષ્ય અને "ત્રૈલોકયપ્રકાશ" આદિ ગ્રંથોના કર્તા, જેમની ગ્રંથરચના વિ. સં. ૧૩૦૫ ની મળે છે, તે મહાપ્રતિભાશાળી શ્રીમાન્ **હેમપ્રભસૂરિજી**ને ગુરુ નિર્ધાર્યા હતા. એટલે પાછલી જિંદગીમાં (શ્રી**શંખેશ્વરજીના** પ્રભાવથી તેનો કોઢ રોગ દૂર થયો ત્યારથી) તેણે **જૈનધર્મ** સ્વીકાર્યો હશે, એમ ચોકકસ માની શકાય છે. તે પ્રમાણો આ પ્રમાણે છે:—

તેની આરાધનાથી સંતુષ્ટ થયેલ સૂર્યદેવે કોઇ એક દિવસની મધ્યરાત્રિએ તેને (સ્વપ્નમાં) કહ્યું કે–"તારો રોગ અસાધ્ય છે, તેને મટાડવાની મારામાં શક્તિ નથી, પરંતુ જો તું **શંખેશ્વર પાર્શ્વનાથ**ની આરાધના કરીશ તો તારો રોગ મટશે." આથી રાજા **દુર્જનશલ્ય** બહુ ખુશી થયો અને પરિવાર સાથે શ્રી શંખેશ્વરજી જઈ ત્યાં અમુક સમય માટે પડાવ નાંખી પોતે શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુજીની ભક્તિ અને શ્રદ્ધાપૂર્વક ઉપાસના કરવા લાગ્યો. તેમના પ્રભાવથી રાજા દુર્જનશલ્યનો કોઢ રોગ થોડા સમયમાં જ નષ્ટ થયો અને તેની કાયા કંચનવર્ણી થઈ ગઈ. તેથી ખુશી થયેલા રાજા દુર્જનશલ્યે શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુના દેરાસરનો જીર્ણોદ્ધાર કરાવીને દેવવિમાન જેવું દેરાસર કરાવ્યું. (જુઓ સ્તો૦ ૩, ૨૪A, ૨૪B, ૪૬, ૫૦.)

" कृतोऽयं [केवला]दर्शस्त्रैलोक्यस्य प्रकाशकः ।
श्रीमद्**देवेन्द्र**शिष्येण श्री**हेमप्रभ**सूरिणा ॥ ५७ ॥

इति प्रतिभासर्वज्ञ–त्रैविद्यवृन्दारक–महामंडलेश्वरराणकशल्य–श्री**दुर्जनशल्य**देव–गुरुभिः प्रणतपादश्री**देवेन्द्र**शिष्यैः श्री**हेमप्रभ**सूरिभिविरचिते त्रैलोक्यप्रकाशे **ज्ञान**दर्पणापरनाम्नि नव्यताजिके दिन–मास–वर्षा**र्घकाण्ड–मण्डलपद्धतिः** समाप्ता ।"

—**પાટણ** જૈન ભં. ડિ. કૅટ્યા. વૉ. ૨ (ગા. ઓ. સિ.)

" इति श्री**देवेन्द्रसूरि**शिष्यश्री**हेमप्रभसूरि**विरचितम**र्घकांडं** ॥
सं. १३०५ माघशुदि १३ गुरौ निष्प[न्न]मिदं **ताजिकं** ॥

—વડોદરા–પ્રાચ્યવિદ્યામંદિરની નં. ૧૨૦૮૭
સં. ૧૫૪૫ ની હ. લિ. પ્રતિ પત્ર ૧૮

વિક્રમની ચૌદમી સદીમાં **શ્રીસર્વાનંદસૂરિજીએ** રચેલ 'જગડૂચરિત' મહાકાવ્યના છઠ્ઠા સર્ગમાં લખ્યું છે કે—**પૂર્ણિમાપક્ષીય**, ચારિત્રલક્ષ્મીથી વિભૂષિત શ્રીમાન્ **પરમદેવસૂરિજીએ**[1] શ્રી **શંખેશ્વર પાર્શ્વ**પ્રભુનો આદેશ મેળવીને 'આચામ્લ વર્ધમાનતપ' કર્યું હતું અને તે નિર્વિઘ્ને પૂર્ણ કરીને તેનું પારણું વિ. સં. ૧૩૦૨ના માગશર સુ. ૫ ને દિવસે શ્રવણ નક્ષત્રમાં **કટપદ્ર** (કડોદ) ગામમાં **દેવપાલને** ઘેર કર્યું હતું. તેમણે શ્રીસંઘને વિઘ્ન કરનારા સાત યક્ષોને શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુના મંદિરમાં પ્રતિબોધ કર્યો હતો, અને એ જ સૂરિજીએ શ્રીશંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુનું આરાધન કરીને **દુર્જનશલ્ય** રાજાના કોઢ રોગને દૂર કરાવ્યો હતો. તેથી ઉક્ત સૂરિજી મહારાજનો ઉપદેશ પ્રાપ્ત કરીને—સૂરિજીના ઉપદેશથી રાજા દુર્જનશલ્યે શ્રીશંખેશ્વર પાર્શ્વ પ્રભુના મંદિરનો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો. (જુઓ સ્તો૦ ૪૦).

(૨) **ઓસવાલ**જ્ઞાતીય, સદાચરી, વ્રતધારી, ધનાઢ્ય શ્રાવક **સુભટ શાહ** નામનો એક ગૃહસ્થ **નાગપુર**માં રહેતો હતો. તેને **શંખેશ્વર** તીર્થની યાત્રા કરવાનો અભિગ્રહ હતો.

---

૧ **શ્રીસર્વાનંદસૂરિજીએ** વિક્રમની ચૌદમી સદીમાં રચેલ 'શ્રીજગડૂચરિત' મહાકાવ્યમાં લખ્યું છે કે—" આ **પરમદેવસૂરિજી** **જગડુશાહ**ના સમકાલીન હતા. તેણે તેઓશ્રીનો **ભદ્રાવતી** (કચ્છ—ભદ્રેશ્વર)માં પ્રવેશમહોત્સવ ધામધૂમથી કર્યો હતો, તેમની વિદ્યમાનતામાં જ તેમના પટ્ટપર **શ્રીષેણસૂરિજીને** એ જ શાહે મહોત્સવ કરીને સ્થપાવ્યા હતા. **જગડુશાહને** ભાવી દુષ્કાળની સૂચના તથા ત્યારપછી સંઘપતિનું તિલક પણ એ જ સૂરિજીએ કર્યું હતું.

તેથી કોઈ વખતે તે પોતાના કુટુંબ સાથે પોતાને ઉપયોગી વસ્તુઓ અને પૂજાની સામગ્રી ગાડામાં લઈને શંખેશ્વરજીની યાત્રા કરવા માટે નીકળ્યો હતો. રસ્તામાં જતાં જતાં એક રાત્રે ચોરોએ તેની બધી સામગ્રી લૂંટી લીધી. છતાં પોતાનો અભિગ્રહ પૂર્ણ કરવા માટે તે જેમ તેમ કરીને શ્રી શંખેશ્વરજી પહોંચ્યો. ત્યાં જઇ ભક્તિપૂર્વક શ્રી **પાર્શ્વ**પ્રભુજીની પૂજા કરીને પ્રભુસ્તુતિ કરતાં ભક્તિમાં મુગ્ધ બનેલ સુભટ શાહ કહેવા લાગ્યો કે—હે પ્રભુ! ભક્તોનાં તમામ વિઘ્નો દૂર કરનાર અને ઇચ્છિત મનોરથોને પૂર્ણ કરનાર આ કામિત તીર્થ છે, એવી તમારી ખ્યાતિ દેવતાઓ પણ ગાય છે. તમો સર્વનાં સંકટો દૂર કરવામાં સમર્થ છો. તમો દુનિયાના રોગ, શોક, આધિ, વ્યાધિ, ઉપાધિ, ચોર વગેરેના ભયો આદિનો નાશ કરવાની શક્તિ ધરાવો છો. છતાં તમો પોતાના ઘરની પણ રક્ષા કરી શકતા નથી. એટલે કામિતતીર્થપણાની તમારી જે ખ્યાતિ થઈ છે, તે નકામી છે—ખોટી પડે છે. જે મનુષ્ય કે દેવ પોતાના ઘરની રક્ષા કરી શકતા નથી તેની બહાર કંઇ પણ કિંમત અંકાતી નથી, બલ્કે પવન પણ તણખલાની માફક તેને ઉડાડી મૂકે છે.

સુભટશાહની ભક્તિ, શ્રદ્ધા અને ભક્તિમુગ્ધ સ્તુતિથી ખુશી થયેલ અધિષ્ઠાયક દેવે તેની ચોરાઈ ગયેલી બધી વસ્તુઓ ચોરો પાસેથી લાવીને તેના ગાડામાં મૂકી દીધી. એ જ વખતે સુભટશાહના પુત્રે આવીને વધામણી આપી કે પિતાજી! આપણી ચોરાઈ ગયેલી બધી વસ્તુઓ ગાડામાં જ છે. તે સાંભળીને શેઠ ઘણો જ ખુશી થયો. સાથે લાવેલ

સામગ્રી વડે ધામધૂમથી પ્રભુજીની પૂજા કરી. યાત્રા પૂર્ણ કરી તે કુટુંબ સાથે પોતાને સ્થાને ગયો અને જગતમાં **શંખેશ્વરજીનો** મહિમા વધ્યો (સ્તો. ૨૧).

(૩) વિ. સં. ૧૭૫૦માં **ખેડાના** એક ગૃહસ્થે કાઢેલ સંઘ સાથે કવિવર ઉપાધ્યાયજી **શ્રીઉદયરત્નજી**[1] **શ્રીશંખેશ્વર** તીર્થની યાત્રાએ પધાર્યા હતા. તે વખતે શંખેશ્વર પાર્શ્વપ્રભુની મૂર્ત્તિ ત્યાંના ઠાકોરોના કબજામાં હોઈ તેઓ એક સોનામહોર (ગીની) લીધા સિવાય કોઈને દર્શન કરવા નહીં દેતા. તેથી અથવા તો તે વખતે પૂજારીઓનું પ્રાબલ્ય વધી જવાથી મોડા આવેલા સંઘને દર્શન કરવા માટે દરવાજા

---

૧ તપાગચ્છીય શ્રીમાન્ **વિજયસેનસૂરિજીના** બીજા પટ્ટધર શ્રી**વિજયતિલકસૂરિના** પટ્ટધર શ્રી**વિજયાનંદસૂરિના** પરિવારમાં **વિજયરાજસૂરિ**શિષ્ય વિજયરત્નસૂરિશિષ્ય **હીરરત્નસૂરિ**શિષ્ય **લબ્ધિરત્ન**શિષ્ય **સિદ્ધરત્ન**શિષ્ય **મેઘરત્ન**શિષ્ય **અમરરત્ન**-શિષ્ય **શિવરત્નના** ઉપાધ્યાય શ્રી**ઉદયરત્નજી** શિષ્ય થાય છે. અને તેઓ અઢારમા સૈકાના ઉત્તરાર્ધમાં થયા છે. તેઓ **ખેડાના** રહીશ હતા અને ઘણેભાગે **મીઆગામમાં** તેઓ સ્વર્ગવાસી થયા છે. તેઓ મોટા કવિ હતા. તેમણે રાસો, શલોકા, છંદો, સ્તવનો, ચૈત્યવંદનો, સ્તુતિઓ, સજ્ઝાયો વગેરે નાની મોટી અનેક કૃતિઓ ગુજરાતી ભાષામાં રચી છે. તેમનો કાવ્યરચનાકાળ સં. ૧૭૪૯થી ૧૭૯૯ સુધીનો જણાય છે. તેમનામાં ઇંદ્રજાળની તથા ઔપદેશિક શક્તિ પણ સુંદર હતી. તેમણે ઘણા માણસોને નવા જૈન બનાવ્યા હતા. તેમની કૃતિઓ તથા તેમની શક્તિ માટે જુઓ "જૈન ગુર્જર કવિઓ" ભાગ બીજો, પૃષ્ઠ ૩૮૬ થી ૪૧૫.

ઉઘાડી નહીં આપ્યા હોય અને કવિવર **ઉદયરત્નજી** તથા શ્રીસંઘને દર્શન કર્યા પછી જ ભોજનાદિ લેવાની પ્રતિજ્ઞા હોઇ કવિવર ઉદયરત્નજીએ એકાગ્ર ચિત્તથી ભક્તિમાં તલ્લાલીન થઈને ત્યાં જ ઊભા ઊભા "પાસ સંખેસરા, સાર કર સેવકાં, દેવ કાં એવડી વાર લાગે;" (સ્તો. ૪૩) આ છંદની રચના કરીને સ્તુતિ કરવા લાગ્યા. તેમની ભક્તિ અને દૃઢતાથી પ્રસન્ન થઈને નાગરાજ **ધરણેન્દ્રે** તે પેટીનાં કમાડ અથવા તો દેરાસરનાં દરવાજાનાં કમાડ ઉઘાડી નાંખ્યાં.[1] સૌ સંઘે

---

૧ "શ્રીશંખેશ્વર પાર્શ્વનાથ" નામની ચોપડીમાં લખ્યું છે કે "કવિ **ઉદયરત્નજી** સંઘ સાથે જ્યારે **શંખેશ્વરજી** પહોંચ્યા ત્યારે દેરાસરનાં દ્વાર બંધ હતાં." જ્યારે માસ્તર **પોપટલાલ સાંકળચંદે** છપાવેલ "સ્તવનાદિ સંગ્રહ" (અર્થ સાથે) નામની ચોપડીમાં ઉક્ત સ્તવન (છંદ) છાપેલ છે, તેની નીચે ફુટનોટમાં તેમણે લખ્યું છે કે–"કવિ **ઉદયરત્નજી** સંઘ સાથે **શંખેશ્વરજી** પહોંચ્યા, તે વખતે શંખેશ્વરજી પાર્શ્વનાથ પ્રભુની મૂર્તિ ત્યાંના ઠાકોરોના કબ્જામાં હતી. તેઓ પેટીમાં રાખતા અને યાત્રાળુઓને એક સોનામહોર લઈને દર્શન કરાવતા." આ વાત કદાચ સાચી પણ હોય. ઉક્ત સ્તવન (છંદ)ની રચના જોતાં આ વાતની છાયા તેમાં હોય એવો પ્રતિભાસ થાય છે. સંભવ છે કે–ગામમાં જૂના મંદિરનું જે ખંડિયેર ઊભું છે, તેનો નાશ મોગલ બાદશાહ **ઔરંગઝેબની** મુસલમાન ફોજે કર્યો હોય, તે વખતે ગામના ઠાકોરોએ બચાવ માટે કાંઇક પ્રયત્ન કર્યો હોય, લડ્યા હોય, અને ઉક્ત મૂર્તિને સંતાડી દીધી હોય અને મંદિર તોડીને મુસલમાની ફોજ ગયા પછી ઉક્ત મૂર્તિને થોડાં વરસો સુધી પોતાના કબ્જામાં રાખીને યાત્રાળુઓ પાસેથી દર્શન કરાવવાના બદલામાં દ્રવ્ય લેતા હોય.

આનન્દપૂર્વક દર્શન–યાત્રા–સેવા પૂજા કરી. આ ચમત્કારથી ઠાકોરો **શંખેશ્વરજી** ઉપર શ્રદ્ધાવાળા થયા, તેમજ ગામના તથા દેશના લોકોમાં તીર્થનો મહીમા વધ્યો, અને તેઓ પણ આ તીર્થની પ્રેમભક્તિપૂર્વક ભક્તિ કરવા લાગ્યા. કવિવરે દર્શન થતાંજ હર્ષિત થઇને જોડેલાં બે પદ આ છે :

" આજ મ્હારે મોતીડે મેહ વુઠયા,
પ્રભુ પાસ **સંખેસરો** આપ તુઠયા. "

તેજ વખતે અથવા પાછળથી તેમણેજ બનાવેલ–

" સેવો પાસ **સંખેસરો** મન્ન શુદ્ધે,
નમો નાથ નિશ્ચે કરી એક બુધ્ધે; " (સ્તો. ૪૪)

આ છંદની પાછળ તેમણે જોડી દીધાં હોય તેમ લાગે છે.

(૪) પં. શ્રી**શુભવિજયજી**ના શિષ્ય કવિ પં. શ્રી **વીરવિજયજી**એ[1] રચેલ–

---

૧ પં. શ્રીશુભવિજયજીના શિષ્ય આ પં. **વીરવિજયજી** મહારાજ મોટા કવિ હતા. તેમણે ચોસઠપ્રકારી પૂજાઓ, નવાણુપ્રકારી પૂજા વગેરે અનેક પૂજાઓ, રાસો, ચૈત્યવંદનો, સ્તવનો, સજ્ઝાયો વગેરે અનેક સુંદર કૃતિઓ ગુજરાતી ભાષામાં રચી છે. તેમણે રચેલાં શ્રી**શંખેશ્વર પાર્શ્વનાથજી**નાં ચાર સ્તવનો અમને મળ્યાં છે, તે અમે આમાં સ્તોત્રાંક ૯૨, ૯૩, ૯૪, ૯૫ માં આપ્યાં છે. સ્તો. ૯૫ વાળું સ્તવન બહુ ગૂઢાર્થવાળું છે. તેમનો કાવ્યરચનાકાળ સંવત ૧૮૫૭ થી ૧૯૦૮ સુધીનો હોવાનું જણાય છે. સાંભળવા પ્રમાણે **પાટણ**માં શ્રીમાન્ પ્રવર્તકજી શ્રી**કાંતિવિજયજી** મહારાજશ્રીના પ્રશિષ્ય

" સાર કર સાર કર સ્વામી શંખેશ્વરા,
વિશ્વવિખ્યાત એકાંત આવો; "

આ સ્તવન (સ્તો. ૯૨) ઉપરથી જણાય છે કે તેઓ લઘુ વયમાંથી જ **શ્રીશંખેશ્વરજી** પર પૂર્ણ શ્રદ્ધા અને ભક્તિ રાખતા હતા. આ સ્તવનમાંથી આવી ઝલક નીકળતી જણાય છે કે–

" કવિવર પં. **વીરવિજયજી**ને (તેમનાથી વિરુદ્ધ પક્ષના કોઈ યતિ વગેરેના ઉશ્કેરવાથી) કોઇ રાજા અથવા મોટો અમલદાર ઉપદ્રવ કરતો હશે. તે ઉપદ્રવ દૂર કરવા માટે તેમણે **શંખેશ્વરજી**માં બાર માસ સુધી રહીને ધ્યાન કર્યું હતું. " તે પ્રસંગે આ સ્તવન રચેલું હોય એમ જણાય છે. તેમાં તેમનું કાર્ય સિદ્ધ થવાથી તેઓ શંખેશ્વરજી પર વધારે ભક્તિવાળા બન્યા હોય તેમ જણાય છે, અને તેને પરિણામે તેઓએ **અમદાવાદ**થી સં. ૧૮૭૭ અને ૧૮૭૮ માં મોટા સંઘો કઢાવીને ગુજરાતના બીજા સંઘોની સાથે શ્રીશંખેશ્વરજીની યાત્રાઓ મોટા આડંબરથી કરી હતી.

(૫) **એલગપુર** શહેરના મહારાજા **એલંગદેવ**ની કાયા શ્રીશંખેશ્વર **પાર્શ્વ**પ્રભુજીના પ્રભાવથી, તેમનું સ્નાત્ર-(સ્નાન)જળ શરીરે લગાવવાથી નીરોગી થઇ ગઇ (સ્તો. ૧૬૦).

મુનિરાજ શ્રીજશવિજયજી પં. શ્રી**વીરવિજયજી** મહારાજની કૃતિઓનો સંગ્રહ એકત્રિત કરી રહ્યા છે.

પં. શ્રી**વીરવિજયજી** મહારાજ માટેની વિશેષ હકીકત જાણવા માટે "જૈન ઐતિહાસિક ગુર્જર કાવ્યસંચય"માં છપાયેલ "શ્રીવીરવિજય રાસ" તથા 'જૈનયુગ' પૃ. ૪, પુ. ૧૩૨માં છપાયેલ રા. **ગિરજા-શંકરલાલ**નો 'પંડિત વીરવિજયજીનો ટૂંકો પ્રબંધ' જુઓ.

(૬) **ફાર્બસ ગુજરાતી સભા** (મુંબઈ) તરફથી વિ. સં. ૧૯૮૪માં પ્રગટ થએલ 'ગુજરાતનાં ઐતિહાસિક સાધનો' (વિભાગ ૧-૨)માં તેના પ્રસિદ્ધ લેખક **નર્મદાશંકર વલ્લભજી દ્વિવેદીએ** લખ્યું છે કે-" સં. ૧૧૭૨ની સાલમાં **મોનાજી ગંધારીઓ** નામનો વાણીઓ પોતાનાં વહાણો ભરીને સમુદ્ર માર્ગે જતો હતો, તેવામાં સમુદ્રમાં ખૂબ જ તોફાન થયું; વહાણો બચવાની કે જીવતા રહેવાની પણ આશા ન રહી. તેથી તેણે **શંખેશ્વર પાર્શ્વનાથનું** ભક્તિ પૂર્વક સ્મરણ કરીને પોતાનાં વહાણોમાંની કુલ મિલ્કતનો ચોથો ભાગ શંખેશ્વર તીર્થમાં ખરચવાની પ્રતિજ્ઞા કરી. શંખેશ્વરજીના પ્રભાવથી તેનાં વહાણો બચ્યાં. મિલ્કતનો હિસાબ ગણતાં ચોથા ભાગનું ધન નવ લાખ રૂપિયા થયું. તેટલા રૂપિયા ખર્ચીને તેણે **શંખેશ્વરજીનું** દેવાલય બંધાવ્યું.[1]

---

૧ **શંખેશ્વરજી** સંબંધી આ અને બીજી પણ કેટલીક હકીકત જે 'ગુજરાતનાં ઐતિહાસિક સાધનો' વિભાગ ૧-૨ માં આપેલી છે તે **ફાર્બસ ગુજરાતી સભા, મુંબઈ** તરફથી પ્રગટ થએલ " ફાર્બસ ગુજરાતી સભાનાં હસ્તલિખિત પુસ્તકોની સવિસ્તર નામાવલી " પૃ. ૨૭૬, અને અં. ૪૬—૧—૭૦ શંખેશ્વર ઐ૦ ગુ૦ હ૦ વિષયાદિ પૃ. ૧૭૦-૧ માં પણ આપેલી છે. આ બધી હકીકતો લેખકે, કેટલાંક વર્ષો પહેલાં બારોટ ફતેસિંહે લખાવેલી નોંધો ઉપરથી લખેલી છે, એટલે એમાં સંવતમાં કદાચ ફેરફાર હશે. નવું મંદિર બંધાવવાને બદલે કદાચ જીર્ણોદ્ધાર કરાવ્યો હશે અને એકલા જીર્ણોદ્ધારમાં જ નહીં તો કદાચ સંઘ કાઢીને યાત્રા કરવામાં, જીર્ણોદ્ધારમાં અને જીર્ણોદ્ધારના પ્રતિષ્ઠામહોત્સવ વગેરેમાં મળીને નવ લાખ રૂપિયા ખરચ્યા હશે. એ ગમે તેમ હોય પણ અન્ય ધર્માવલંબી

આવી રીતે જેમ કેટલાક ચમત્કારોનો ગ્રંથો અને સ્તવનાદિમાં ઉલ્લેખ થયો છે તેમ લોકોમાં પણ અનેક ચમત્કારોની વાતો બહુ પ્રચલિત છે. તેમાંથી પણ ૨—૪ દાખલા અહીં આપવા ઉચિત સમજું છું.

(૧) અહીંના લોકો દૃઢતાપૂર્વક માને છે કે-" **શંખેશ્વર**ની યાત્રાએ આવનારા કોઈ પણ યાત્રાળુઓ દુઃખી થતા નથી. દિવસે તો શું? રાત્રે પણ ચોર–ડાકુ વગેરે યાત્રાળુઓને લૂંટતા નથી.[1] કદાચ કોઇ એવા અજાણ્યા ચોરો લૂંટવા આવે તો શંખેશ્વરજીના ચમત્કારથી તેઓ નાસીપાસ થઈને ચાલ્યા જાય છે; ચોરોને પણ શાસનદેવ દુઃખી કરતા નથી, તેઓ ચાલ્યા જાય એટલે બસ.

પંચાસરની એક શ્રાવિકા બાઇને પુત્ર જનમ્યા પછી થોડા સમયમાં જ તેનો પતિ મરી ગયો. શ્રાવિકાએ પોતાના એકનાએક પુત્રની રક્ષા માટે **શ્રીશંખેશ્વરજી**ની યાત્રા કરીને પોતાના પુત્રની ભારોભાર રૂપિયા તોળીને શંખેશ્વરજીમાં

બારોટો પણ આ તીર્થની યશોગાથા ગાય છે–પ્રશંસા–સ્તુતિ કરે છે, અને તેને અન્યમતાવલંબી વિદ્વાન લેખકો પણ પોતાનાં પુસ્તકોમાં સ્થાન આપે છે, એ જ, આ તીર્થનો પ્રભાવ–ચમત્કાર આલમમાં કેટલો ફેલાયેલ છે, એ સ્પષ્ટ બતાવી આપે છે.

૧ અત્યારે પણ **શંખેસરજી**, **હારીજ**, **રાધનપુર**ની આસપાસમાં લોકો ગાડામાં દિવસ કરતાં વિશેષ ભાગે રાત્રે જ મુસાફરી કરે છે. આ પ્રદેશમાં ખાસ દુષ્કાળ સિવાય રાત્રે ચોર–લૂંટારુઓનો ભય જરા પણ નથી.

અર્પણ કરવાની પ્રતિજ્ઞા લીધી. છોકરો રાા વર્ષનો થયો એટલે પ્રતિજ્ઞા પૂર્ણ કરવા માટે માતા પોતાના પુત્રને તથા રૂપિયા સાથે લઇને શંખેશ્વરજી જવા નીકળી. આ વાતની કોઈ ચોરોને ખબર પડવાથી તેમણે જઇને માર્ગમાં ગાડાને અટકાવ્યું. ગાડામાંથી બાઇને ઉતારી મૂકી અને ગાડામાંની મિલ્કત ચોરો એકઠી કરીને ગાંસડી બાંધવા મંડ્યા. નિરાધાર બાઇએ શંખેશ્વરજીને વિનતિ કરી કે–"હે પ્રભુ! મારી માનતા પૂરી કરવા માટે હું આપની પાસે આવતી હતી, ત્યાં આ ચોરો મને લૂંટી લ્યે છે. આટલા રૂપિયા ફરીવાર લાવીને મારી માનતા હું પૂરી કરી શકું તેવી મારી સ્થિતિ નથી. મારી માનતા પૂરી કરાવવી અને લાજ રાખવી આપના હાથમાં છે." બસ થોડીવારમાં જ–તત્કાલ કોઈ મોટો ઘોડેસ્વાર ઘોડો દોડાવતો દોડાવતો ત્યાં આવ્યો. તેણે ચોરોને ધમકાવ્યા તેથી ચોરો નિરુત્સાહી થઇને ચાલ્યા ગયા. પેલો ઘોડેસ્વાર બાઇને ગાડા સહિત શંખેશ્વરજીના ઝાંપા સુધી પહોંચાડીને ક્યાંઈ ચાલ્યો ગયો. આ કિસ્સો શંખેશ્વરજીના વૃદ્ધ પુરુષો પાસેથી મેં સાંભળીને અહીં આપ્યો છે.

(૨) યાત્રાળુઓ રસ્તો ભૂલ્યા હોય તેને પણ સહાય કરે છે. તે માટે તાજો જ દાખલો છે કે–**રાધનપુર**ના શ્રાવકો શેઠ **હરગોવિંદ**............વગેરે રાત્રે **શંખેશ્વરજી** જતા હતા. અજવાળી રાત હતી, છતાં રસ્તો ભૂલ્યા. આડે રસ્તે ચાલતાં નદી આડી આવી. ગાડું કેમે ભેખ ઉપર ચડે નહીં. સાવ નિરાશ થઈ ગયા. થોડી વાર પછી એકદમ હિંમત આવી અને ભારી ગાડાને હાથોહાથ ભેખ ઉપર ચડાવી દીધું. પણ ઉપર

ચડ્યા પછી રસ્તો ન મળે. મૂંઝવણમાં પડ્યા. થોડી વારમાં એક કાળો ઘોડેસ્વાર આવ્યો, તેણે કહ્યું કે તમે રસ્તો ભૂલ્યા છો, મારી પાછળ પાછળ આવજો. તેની પાછળ પાછળ ઠેઠ શંખેશ્વરજીના ઝાંપામાં પહોંચ્યા, એટલામાં પેલો ઘોડેસ્વાર ક્યાંઈ અદૃશ્ય થઈ ગયો. આ કિસ્સો જેમને બન્યો હતો તે શ્રાવક **હરગોવિંદના મુખથી** જ મેં સાંભળીને અહીં આપેલ છે.

(૩) ઘણીવાર યાત્રાળુઓ અંધારી રાતે **શંખેશ્વરજી** આવતા હોય અને રસ્તો ભૂલવાથી ભય જેવું લાગતું હોય તો શંખેશ્વરજીના મંદિરના શિખર ઉપર જાણે સર્ચલાઈટ મૂકી હોય તેવો દીવો દેખાય છે અને તેનો પ્રકાશ ત્રણ ચાર ગાઉ સુધી પડે છે. તેના અજવાળાથી યાત્રાળુઓ ગામમાં પહોંચી જાય છે. ગામમાં પહોંચી ગયા પછી જુએ તો શિખર ઉપરનો દીવો કે તેનો પ્રકાશ કંઈ પણ મળે નહીં. આ કિસ્સાને નજરે જોયેલ શંખેશ્વરના વૃદ્ધ ચોકીદાર–રજપૂતો પાસેથી આ વાત મેં સાંભળીને અહીં લખી છે.

(૪) **શંખેશ્વર** ગામ બહાર ઉત્તર દિશામાં શ્મશાન તરફ હાલમાં એક મોટો ખાડો છે. પ્રાચીન કાળમાં આ ગામના રહીશ એક ગૃહસ્થની ગાય હમેશાં ચરીને ઘેર પાછા આવતી વખતે તે ખાડાને સ્થાને જતી, ત્યાં તેનું દૂધ ઝરી જતું. ઘેર આવ્યા પછી દૂધ ન નીકળે, ગોવાળીઆ સાથે વખતો વખત તકરાર થતાં થોડા દિવસ પછી તે માટે ખાત્રી કરવા ગાયની પાછળ પાછળ બરાબર તપાસ રાખતાં તે ખાડાના સ્થાને ગાયનું દૂધ ઝરી જતું જોયું. એટલે ત્યાં કોઇ ચમ-

ત્કારિક દેવ હોવાની લોકોને ખાત્રી થવાથી તે ખાડાવાળી જમીનને ખોદાવતાં ત્યાંથી **શ્રીશંખેશ્વર પાર્શ્વનાથ** પ્રભુની મૂર્ત્તિ નીકળી. એટલે શ્રીસંઘે ગામમાં નવું દેરાસર (ગામમાં જૂના દેરાસરનું ખંડિયેર છે તે) કરાવીને તેમાં બિરાજમાન કરી.

(૫) આજથી પંદરેક વર્ષ પહેલાં **ઝીંઝુવાડાથી શ્રીશંખેશ્વરજીની** યાત્રા કરવા માટે એક સંઘ નીકળ્યો હતો. આ સંઘમાં ઘણાં ગાડાં અને ઘણાં માણસો હતાં. આ સંઘ નીકળ્યાની વાત દૂર દૂરનાં ગામોમાં પણ ફેલાઇ ગઈ હતી. ઝીંઝુવાડાથી શ્રીશંખેશ્વરજી ફક્ત આઠ જ ગાઉ થતું હોવાથી, સંઘનું પ્રયાણ દિવસે જ કરવાનું હોવાથી તથા એ તરફમાં ચોર–ડાકુના ઉપદ્રવનો ભય ઓછો હોવાથી સંઘપતિએ વિશેષ ચોકીદારો સાથે લેવાની વ્યવસ્થા કરી નહોતી. આ વાતની છેટેના ગામડાંઓના લૂંટારુઓને ખબર પડવાથી તેની એક ટોળી મળીને તેણે આ સંઘને લૂંટવાનો નિર્ણય કર્યો. જ્યારે આ સંઘ **આદ્રિયાણા** અને **શંખેશ્વર** વચ્ચે આવેલી નદી પાસે આવી પહોંચ્યો, તેટલામાં તે ધાડપાડુઓની હથીઆરબંધ ટોળીને આવતી જોઈને સંઘના માણસો ભય પામ્યા, અને **શ્રીશંખેશ્વર પાર્શ્વનાથજીનું** સ્મરણ કરવા લાગ્યા. ધાડપાડુઓ નજીક આવીને સંઘના માણસોને ડરાવવા તથા લૂંટવાની તૈયારી કરવા લાગ્યા. પરંતુ થોડીવારમાં જ ભાવપૂર્વક કરેલા સ્મરણથી શંખેશ્વરજીની દિશા તરફથી ઘોડેસ્વારોની એક ટુકડી આવી પહોંચી. તેણે ધાડપાડુઓને ખૂબ ધમકાવ્યા, તેથી ધાડપાડુઓ ભાગવા લાગ્યા, ઘોડેસ્વારોની ટુકડી તેની પાછળ ગઈ. ધાડપાડુઓ ભાગી ગયા અને ઘોડેસ્વારની ટુકડી

ક્યાં અદૃશ્ય થઈ ગઈ તેની ખબર પણ ન પડી. સંઘ શ્રીશંખેશ્વરજી પહોંચી ગયો અને ત્યાં સૌએ આનંદપૂર્વક યાત્રા–સેવા–પૂજા–દર્શનાદિનો લાભ લીધો.[1]

(૬) આચાર્ય શ્રી**મતિસાગરસૂરિજી** અને શ્રીમાન્ પં. **માનસાગરજી** આદિ મુનિરાજો સં. ૧૯૯૬ ની સાલનું ચોમાસું **પાટણ** પાસે આવેલ **ચાણસ્મા** ગામમાં રહ્યા હતા. ત્યાં તેમના વ્યાખ્યાનમાં ચાણસ્માની નજીકના ગામડાનો રહીશ એક જૈન પાટીદાર અવારનવાર વ્યાખ્યાન સાંભળવા આવતો હતો. તે વખતે તેમણે વ્યાખ્યાનમાં પ્રસંગોપાત્ત **શ્રીશંખેશ્વર પાર્શ્વનાથજી**ના પ્રભાવનું વર્ણન કર્યું હતું. ચોમાસું પૂર્ણ થયા પછી તેઓ સર્વે વિહાર કરતાં કરતાં માઘ માસમાં **હારીજ** પધાર્યા હતા.

આ તરફથી પેલા પાટીદારને ઘેર એ અરસામાં તેનો કોઈ સગો–સંબંધી મહેમાન તરીકે આવ્યો હતો, તેની બન્ને આંખોમાં આવેલા મોતીયા પાકી ગયેલા હોવાથી તે કંઇ પણ દેખી શકતો નહોતો, તેમજ તેની આંખોમાં કંઈ રોગ હોવાથી ડૉક્ટરોએ તેના મોતીયા નહીં જ ઊતરી શકે એમ સ્પષ્ટ જણાવી દીધેલ હોવાથી તે ઘણો દુઃખી અને ચિંતાતુર હતો. ઘરધણી પાટીદારે તેને આશ્વાસન આપતાં **શ્રીશંખેશ્વરજી** તીર્થના પ્રભાવની વાત કરી; તેથી બન્ને જણની શ્રીશંખેશ્વરજી તીર્થની યાત્રા કરવાની ભાવના થવાથી શંખેશ્વરજી ગયા. ત્યાં શ્રદ્ધા અને ભક્તિપૂર્વક શ્રી**પાર્શ્વનાથ**

---

૧ આ વાત (સંસારીપણામાં **ઝીંઝુવાડાના** વતની) મુનિરાજ શ્રી**ભાનુવિજયજી** પાસેથી સાંભળીને લખી છે.

પ્રભુજીની યાત્રા–સેવા–પૂજા કરીને તેઓ ખૂબ ખુશી થયા. પહેલા પાટીદારની સૂચનાથી બીજો (મોતીયાવાળો) પાટીદાર **શ્રીપાર્શ્વ** પ્રભુજીનાં નમણ–સ્નાનનું જળ ત્રણ વાર પોતાની આંખોએ લગાડીને આંખોને ચોળવા લાગ્યો. ચોળતાં ચોળતાં તુરતજ–થોડી જ વારમાં બન્ને આંખોના નીકળી પડેલા ચણાની દાળ જેવડા મોતીયા પોતાના હાથમાં આવ્યા અને પોતે સાવ દેખતો થયો. ખુશી થયેલા તે બન્ને જણા ખૂબ આનંદ પૂર્વક યથાશક્તિ એ તીર્થની સેવા–ભક્તિનો લાભ લઈને પોતાને ગામ જવા માટે ત્યાંથી નીકળીને **હારીજ** આવ્યા. ત્યાં અગાઉથી પધારેલા આચાર્ય શ્રી**મતિસાગરસૂરિજી** મહારાજ આદિ મુનિરાજોનાં દર્શન થવાથી તેમની પાસે જઈ વંદના કરીને તે બન્ને પાટીદારોએ પોતે અનુભવેલા શ્રી**શંખેશ્વર પાર્શ્વનાથ** પ્રભુજીના માહાત્મ્યની બધી વાત કહી દેખાડી. આ વાત સાંભળીને બધા બહુ ખુશી થયા. આ વાત થતી હતી તે વખતે પંન્યાસ શ્રી**માનસાગરજી** પાસે બેઠેલા જ હતા અને તેમણે આ વાત સંપૂર્ણ સાંભળેલી હતી. તેમની પાસેથી **વળા** ગામમાં સાંભળીને આ ચમત્કારની વાત મેં અહીં આપેલ છે.

આ તીર્થના ચમત્કારોની આવી બહુ બહુ વાતો લોકોમાં ઘણી પ્રસિદ્ધ છે. તે બધી જો એકત્રિત કરવામાં આવે તો એક મોટું ખાસ્સું પુસ્તક ભરાય. આ ઉપરથી સહજમાં સમજી શકાય તેમ છે કે–આ તીર્થ અત્યંત પ્રાભાવિક અને ચમત્કારિક છે.

પ્રકરણ આઠમું : અધિષ્ઠાયક દેવો

તીર્થંકર-વીતરાગ પ્રભુના શાસન-તીર્થની રક્ષા કરનાર અને ભક્તોનાં વિઘ્નો દૂર કરીને અભિષ્ટ મનોરથોને પૂર્ણ કરનાર દેવોને અધિષ્ઠાયક દેવો કહેવામાં આવે છે. શ્રી**પાર્શ્વ** પ્રભુના તીર્થની-શાસનની રક્ષા કરનાર તરીકે **પાર્શ્વયક્ષ**, નાગરાજ **ધરણેન્દ્ર** અને **પદ્માવતી**દેવી અતિ પ્રસિદ્ધ છે. પરંતુ તે સિવાય પણ બીજાં કેટલાંક દેવ-દેવીઓ **પાર્શ્વ** પ્રભુના અધિષ્ઠાયકો-સેવકો હોવાનું કેટલાક ગ્રંથો અને સ્તોત્રાદિમાં લખ્યું છે. જેમકે-સ્તો. ૧ માં લખ્યું છે કે-"**પાર્શ્વયક્ષ, કમઠ, ધરણેન્દ્ર** વગેરે દેવો અને **પદ્માવતી, જયા, વિજયા, વૈરોટયા** તથા સોળ વિદ્યાદેવીઓ વગેરે દેવીઓ શ્રીપાર્શ્વ પ્રભુના અધિષ્ઠાયકો-સેવકો છે; તેમજ સ્તો. ૧૧ માં લખ્યું છે કે-૬૪ ઇંદ્રો, નાગરાજ ધરણેન્દ્ર, દસ દિક્પાલો, નવગ્રહો, યક્ષો, **વૈરોટયા, પદ્માવતી, જયા, અજિતા, વિજયા, અપરાજિતા** અને સોળ વિદ્યા દેવીઓ વગેરે દેવ-દેવીઓ શ્રીપાર્શ્વપ્રભુના અધિષ્ઠાયકો-સેવકો છે. આ બધા પાર્શ્વપ્રભુના અધિષ્ઠાયકો હોવાથી આ તીર્થની સેવા-ભક્તિ રક્ષાનો લાભ લે એ સંભવિત છે. પરંતુ વિશેષે કરીને આ તીર્થની રક્ષા કરવામાં, ભક્તોનાં વિઘ્નો દૂર કરવામાં, ભક્તોના વાંછિત પૂરવામાં, તીર્થનો મહિમા વધારવામાં અને ચમત્કારો દેખાડવામાં નાગરાજ ધરણેન્દ્રે, પદ્માવતીદેવીએ અને શ્રી**વર્ધમાનસૂરિ**જીએ (વ્યંતરદેવે) વધારે ભાગ લીધો હોય તેમ ગ્રંથકારો માને છે, અને તે

સંભવિત પણ છે, કેમકે–નાગરાજ ધરણેંદ્ર ઉપર પૂર્વ જન્મમાં **પાર્શ્વ** પ્રભુનો ઉપકાર, તેમજ ધરણેન્દ્ર અને પદ્માવતી દેવીએ જ શ્રીપાર્શ્વ પ્રભુની મૂર્ત્તિ પોતાના જિનાલયમાંથી શ્રીકૃષ્ણ વાસુદેવને આપેલી એ જ મૂર્ત્તિ અહીં બિરાજમાન હોવાથી, અને **શ્રીવર્ધમાનસૂરિજી** આ જ તીર્થના ધ્યાનથી વ્યંતરદેવ થયા છે, એટલે એઓ આ તીર્થની સેવા–ભક્તિ વધારે કરે તે બનવા યોગ્ય છે.

શ્રીજિનહર્ષગણીએ વિ. સં. ૧૪૯૭માં સંસ્કૃત ભાષામાં રચેલ "શ્રીવસ્તુપાલચરિત્ર"માં લખ્યું છે કે-**વૃદ્ધ** (વડ) ગચ્છાધિપતિ, **સંવિજ્ઞપાક્ષિક** (સંવેગી) શિરોમણિ, ચારિત્રપાત્ર **શ્રીવર્ધમાનસૂરિજીનો**[1] ઉપદેશ સાંભળીને મહામાત્ય **વસ્તુપાલ–તેજપાલે** શ્રીશંખેશ્વર તીર્થનો સંઘ કાઢયો હતો, અને **શંખેશ્વર પાર્શ્વ** પ્રભુના મંદિરનો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો. ત્યારબાદ કાળક્રમે **શ્રીવીર** પ્રભુના શાસનને ઉદ્યોત કરનાર મહામાત્ય **વસ્તુપાલ** સ્વર્ગવાસી થવાથી, જૈનશાસનના સ્તંભ સ્વરૂપ મહાપુરુષનો અભાવ થયેલો જોઇ શ્રીવર્ધમાનસૂરિજી મહારાજને વિશેષ વૈરાગ્ય ઉત્પન્ન થવાથી તેમણે નિરંતર 'આચામ્લ વર્ધમાન તપ' શરૂ કર્યું. સંઘે પારણું કરવા માટે ઘણો આગ્રહ કરવા છતાં શ્રીશંખેશ્વર તીર્થ પર વિશેષ ભક્તિના કારણે તેઓશ્રીએ શ્રીશંખેશ્વર પાર્શ્વ-પ્રભુનાં દર્શન કર્યા પછી જ પારણું કરવાનો દૃઢ અભિગ્રહ કર્યો. શ્રીશંખેશ્વરજીના ધ્યાનથી નિર્વિઘ્ને તપ પૂરું થતાં સંઘ

---

૧ શ્રીમાન્ **જગત્ચંદ્રસૂરીશ્વરજી** મહારાજાને **ચિતોડના** મહારાણાએ વિ. સં. ૧૨૮૫ માં **તપા** બિરુદ આપ્યું, તે વખતે આ. શ્રી **વર્દ્ધમાનસૂરીશ્વરજી** મહારાજ વિદ્યમાન હતા.

સાથે (ઘણું કરીને **પાટણનો** સંઘ હશે) તેઓશ્રી શ્રીશંખે-શ્વરજીની યાત્રાએ જવા નીકળ્યા.

વૃદ્ધાવસ્થા અને મોટી તપસ્યાથી આચાર્યશ્રીનું શરીર અતિ દુર્બલ થઈ ગયું હોવાથી અને તે વખતે તાપ સખ્ત પડતો હોવાથી રસ્તામાં તેઓશ્રી એક ઝાડ નીચે વિશ્રાંતિ લેવા બેઠા, ત્યાં જ તેઓશ્રીનું આયુષ્ય પૂર્ણ થઈ જવાથી **શ્રીશંખેશ્વરજી**ના ધ્યાનમાં ને ધ્યાનમાં જ કાળધર્મ (મૃત્યુ) પામવાથી તેઓ આસન્નભવી–નજીકમાં જ મોક્ષગામી હોવા છતાં વ્યંતરદેવપણે ઉત્પન્ન થયા, અને **શ્રીશંખેશ્વરજી** તીર્થના અધિષ્ઠાયક દેવ થયા. (સ્તો. ૧૮–૧૯).[૧]

આ સિવાય નાગરાજ **ધરણેન્દ્ર** અને **પદ્માવતીદેવી** આ તીર્થની નિત્ય સેવા કરે છે, હમેશાં સાનિધ્યમાં રહે છે, પરચા પૂરે છે, ભક્તોનાં વિઘ્નો દૂર કરે છે, પર્વના દિવસોમાં તેઓ પૂજન કરે છે અને તેમણે આ તીર્થનો મહિમા ઘણો વધાર્યો છે વગેરે વગેરે તો ઘણાં સ્તોત્ર–સ્તવનાદિમાં લખ્યું છે.[૨] તેમાંના કેટલાંકમાં સાથે **પાર્શ્વયક્ષ**નું પણ નામ આપેલું છે.

આ પ્રમાણે અધિષ્ઠાયક દેવો જે તીર્થની સાનિધ્યમાં રાત–દિવસ રહેતા હોય તે તીર્થ અધિક મહિમાવંતું હોય તેમાં કંઈ આશ્ચર્ય નથી.

---

૧ કાંઈક ઓછા–વધતા પ્રમાણમાં પણ આ હકીકતને લગભગ મળતી જ હકીકત સ્તો. ૨૩, ૩૧, ૩૨ અને ૧૪૪ માં પણ આપેલી છે.

૨ જુઓ સ્તો૦ ૨૪, ૫૨, ૫૯, ૬૧, ૬૩, ૬૪, ૬૫, ૬૭, ૬૮, ૮૦, ૯૭, ૯૮, ૧૦૫, ૧૧૪, ૧૨૪ થી ૧૩૧, ૧૩૮, ૧૪૯, ૧૫૧, ૧૫૫, ૧૫૭, ૧૫૮, ૧૫૯, ૧૬૧, ૧૬૨.

પ્રકરણ નવમું : યાત્રા

શ્રીશંખેશ્વરપાર્શ્વનાથ પ્રભુજીનું આ તીર્થ અતિ પ્રસિદ્ધ અને મહાપ્રાભાવિક હોવાથી અહીંની યાત્રા કરવા માટે અનેક સંઘો આવ્યા હશે, હજારો સાધુ–સાધ્વીજીઓએ અને લાખો શ્રાવક–શ્રાવિકાઓએ અહીંની યાત્રા કરી હશે, છતાં મને ગ્રંથો–સ્તવનો વગેરેમાંથી યાત્રા કરનારાઓના જે જે ઉલ્લેખો મળ્યા છે, તેની ટૂંકી નોંધ અહીં આપવી ઉચિત ધારું છું.

સંઘ સાથે મુનિરાજો:—

જે સંઘોમાં આચાર્યો, મુનિરાજો અને સાધ્વીજીઓ વગેરે હોવાનો ઉલ્લેખ છે, તે આ પ્રમાણે છે:

(૧) **વૃદ્ધ** (વડ) ગચ્છાધિપતિ શ્રીમાન્ **વર્ધમાનસૂરિજી** મહારાજાદિ મુનિમંડળ અને સંઘ સાથે મહામાત્ય **વસ્તુપાલ–તેજપાલે** આ તીર્થની ભક્તિપૂર્વક યાત્રા કરી, સંઘપતિનાં દરેક કાર્યો કર્યાં અને તેમણે આ દેરાસરનો જીર્ણોદ્ધાર કરાવ્યો (સ્તો. ૧૮).

(૨) મહામાત્ય **વસ્તુપાલ–તેજપાલના** સ્વર્ગવાસ પછી ઉપર્યુક્ત **શ્રીવર્ધમાનસૂરિજી** મહારાજ સંઘ સાથે આ તીર્થની યાત્રા કરવા પધારતાં માર્ગમાંજ કાળધર્મ પામ્યા–સ્વર્ગવાસી થયા (સ્તો૦ ૧૯).

(૩) સંઘવી **દેસલે** ગુરુ સાથે ચતુર્વિધ સંઘ સહિત અહીંની યાત્રા કરીને મહોત્સવપૂર્વક સંઘપતિનાં સર્વ કૃત્યો કર્યાં. (સ્તો. ૨૨)

(૪) ઉપાધ્યાય **શ્રીઉદયરત્નજીએ ખેડાથી** નીકળેલા ચતુર્વિધ સંઘ સાથે વિ. સં. ૧૭૫૦ની આસપાસમાં અહીંની યાત્રા કરી.

(૫) **ધામી**[1] **વીરજીએ** કાઢેલા ચતુર્વિધ સંઘ સાથે **તપાગચ્છીય** નાયક **શ્રીવિજયસેનસૂરિજી** (બીજા), **શ્રીવિજયધર્મસૂરિજી**, ઉપાધ્યાય **શ્રીરાજવિજયજી**, **અમૃતવિજયજી** વગેરે ઘણા યતિઓએ આ તીર્થની વિ. સં. ૧૮૩૦ ના માઘ વદિ ૯ ને દિવસે યાત્રા કરી. (સ્તો. ૬૭).

(૬) **વીસલનગરના**[2] સંઘ સાથે પં. **શ્રીઉત્તમવિજયજીના** શિષ્ય પં. **શ્રીપદ્મવિજયજીએ** સં. ૧૮૩૪ના માગશર વદિ ૫ શુક્રવારે આ તીર્થની યાત્રા કરી. (સ્તો. ૮૫)

(૭) **તપાગચ્છના** શ્રીપૂજ્ય **શ્રીવિજયજિણંદ**

---

૧ આ સંઘ, કયા ગામથી નીકળેલો ? તે આમાં કંઈ લખ્યું નથી. પરંતુ અત્યારે પણ **રાધનપુરમાં ધામી જેસીંગલાલ નેમચંદ** વગેરે ધામી કુટુંબ વસે છે. કદાચ તેમના પૂર્વજોએ આ સંઘ કાઢ્યો હોય.

૨ આ **વીસલનગર** તે ગુજરાતમાં **મહેસાણા** પાસે આવેલું **વીશનગર** અથવા તો નાની મારવાડમાં એરણપુરારોડ સ્ટેશન પાસે આવેલું **વીશલપુર** હોવું જોઈએ.

(જિનેંદ્ર) સૂરિજીએ કૃષ્ણવિજયજીશિષ્ય **રંગવિજયજી** વગેરે પરિવાર સાથે અહીંની યાત્રા કરીને વિ. સં. ૧૮૫૨ના માઘ સુદ ૭ સોમવારે; આસપાસનાં તમામ ગામોના મહાજન–સંઘને બોલાવીને સમજાવીને તેઓનો પરસ્પરનો વિરોધ મટાડી બધાને ભેગા બેસાડી જમાડીને સંપ કરાવ્યાનો યશ લીધો. (સ્તો. ૯૧)

(૮) સંઘવી **મૂલચંદના** પુત્ર **માણેકશા** અને **શ્રીમાળી ઇચ્છાચંદે** ગુજરાત (પ્રાયઃ **અમદાવાદ**)થી કાઢેલ ચતુર્વિધ સંઘ સાથે પં. શ્રી**શુભવિજયજી** શિષ્ય પં. શ્રી**વીરવિજયજી** મહારાજે આ તીર્થની યાત્રા સં. ૧૮૭૭ ના માગશર વદિ ૧ ને દિવસે કરી. (સ્તો. ૯૩)

(૯) શેઠ **મોતીશાહ**ના સમયમાં **અમદાવાદના નાનામાણેક**ના પુત્ર સંઘવી **પ્રેમચંદ વીરચંદે** કાઢેલ ચતુર્વિધ સંઘ સાથે ઉપર્યુક્ત પં. શ્રી**વીરવિજયજી** મહારાજે વિ. સં. ૧૮૭૮ના ફાગણ વદિ ૧૩ને દિવસે આ તીર્થની યાત્રા કરી. તે વખતે ગુજરાતમાંથી ગામેગામના સંઘો અહીં યાત્રાર્થે આવ્યા હતા. (સ્તો. ૯૪)

(૧૦) **રાધનપુરથી** સંઘપતિ **શિવચંદભાઈએ** કાઢેલા ચતુર્વિધ સંઘ સાથે શ્રીમાન્ **આત્મારામજી (વિજયાનંદસૂરીશ્વરજી)** મહારાજે શ્રી**હર્ષવિજયજી** મહારાજ આદિ પરિવાર સાથે સં. ૧૯૪૭ના કારતક વદિ ૫ને દિવસે આ તીર્થની યાત્રા કરી. (સ્તો૦ ૧૨૩)

ગૃહસ્થસંઘો :—

જે સંઘો સાથે આચાર્યો કે મુનિરાજો હોવાનો ઉલ્લેખ નથી તે આ છેઃ-

(૧) 'શ્રીવીરવંશાવલી' નામની પટ્ટાવલીમાં લખ્યું છે કે મહારાજા **સંપ્રતિ** આ તીર્થની વખતોવખત સંઘ સાથે યાત્રા કરતા હતા.[૧]

(૨) મહામાત્ય **વસ્તુપાલ–તેજપાલ**, આબુ ઉપર વિ. સં. ૧૨૮૭માં **લૂણવસહી** મંદિરની બહુ જ ધામધૂમથી પ્રતિષ્ઠા કરીને પાછા ફરતાં સંઘ સાથે **ચંદ્રાવતી, પાલણ-પુર, સત્યપુર** (સાચોર) થઈને **શ્રી શંખેશ્વરજી** તીર્થની યાત્રા કરીને **ધોળકા** ગયા. (સ્તો. ૨૦)

(૩) **શ્રીશત્રુંજય** તીર્થના પંદરમા ઉદ્ધારની પ્રતિષ્ઠા કરાવીને પાછા ફરતાં વિ. સં. ૧૩૭૧માં **સમરાશાહ** અને તેમના ભાઈ **સહજાશાહ ઓસવાલ** સંઘ સાથે **વઢવાણ**,

---

૧ "**સંપ્રતિ** રાજા; ૧ શ્રી **સિદ્ધગિરિ**, ૨ **રેવંતગિરિ**, ૩ **શ્રીશંખેશ્વર**, ૪ **નંદિય**, ૫ **બ્રાહ્મણવાટક** રથજાત્રાદિ પ્રમુખ મહા-તીર્થ જાણી વર્ષમાંહિ વાર ચ્યાર સંઘપતિ હુઈ જાત્રાનો લાભ કમાવે'."
–' શ્રીવીરવંશાવલી.' '(જૈનસાહિત્યસંશોધક)' ખંડ ૧ અંક ૩, પૃષ્ઠ ૮

(આમાં, **સંપ્રતિ** મહારાજા, ઉપરોક્ત તીર્થોની સંઘ સાથે પ્રત્યેક વર્ષમાં ચાર વખત યાત્રા કરતા હોવાનું લખ્યું છે. પણ એ તો, રેલ્વે આદિ સાધનોના અભાવવાળા એ સમયમાં અને મહા-પ્રવૃત્તિવાળા સંપ્રતિ રાજાને માટે બનવું સર્વથા અશક્ય જણાય છે. પરંતુ આ ઉપરથી એટલું અનુમાન જરૂર થઈ શકે કે મહારાજા સંપ્રતિ, ઉપર્યુક્ત વગેરે તીર્થોની અવાર નવાર યાત્રા જરૂર કરતા હશે અને કોઇ કોઈ વાર સંઘ સાથે પણ યાત્રા જરૂર કરતા હશે.)

માંડલ, પાડલા[1] થઇને શ્રી**શંખેશ્વરજી** તીર્થની હર્ષપૂર્વક યાત્રા કરીને અહીંથી **પાટણ** ગયા. (સ્તો૦ ૧૩૬)

(૪) વિ. સં. ૧૬૫૮માં, ૧૨૦૦ ગાડાં, ૭૦૦ ઘોડા અને ઊંટ–સવારો, અને અનેક સુભટોથી યુક્ત સંઘવી **હેમરાજે** કાઢેલ સંઘ મારવાડથી અહીં યાત્રાર્થે આવ્યો. (સ્તો.૩૭)

(૫) ગામેગામના અનેક સંઘો અહીં યાત્રા કરવા આવે છે. (સ્તો. ૬ શ્લો. ૬૩ થી ૬૭; સ્તો. ૬૧, ૬૮, ૯૬, ૧૧૧, ૧૧૨, ૧૨૩, ૧૨૯, ૧૪૯, ૧૫૭).

---

૧ **કૃષ્ણ–જરાસંધ**ના યુદ્ધમાં શ્રીકૃષ્ણના સૈન્યની રક્ષા કરતાં શ્રી**અરિષ્ટનેમિ**કુમારે જે ઠેકાણે શંખ વગાડીને તથા રથ ફેરવીને લાખ્ખો રાજાઓને જીત્યા હતા, તે જગ્યાએ **પાડલા** ગામમાં શ્રીકૃષ્ણે મંદિર બંધાવીને તેમાં શ્રી**નેમિનાથ** પ્રભુજીની મૂર્ત્તિ સ્થાપન કરી હતી (સ્તો૦ ૨૨).

પાડલા ગામમાં **કન્નઉજ**–કન્નોજના રાજાએ બંધાવેલ દેરાસરમાં શ્રી**નેમિનાથ** પ્રભુજીની અતિ પ્રાચીન પ્રતિમાજીને નમસ્કાર હો. ! (સ્તો૦ ૧૪).

સમરાશાહ અને તેમના ભાઇ **સહજાશાહ, શત્રુંજય**ના જીર્ણોદ્ધારની પ્રતિષ્ઠા કરાવીને ત્યાંથી પાછા ફરતાં **પાડલા** ગામમાં **જીવિતસ્વામી શ્રીનેમિનાથ** ભગવાનને નમીને–યાત્રા કરીને ત્યાંથી **શંખેશ્વરજી** ગયા. (સ્તો૦ ૧૩૬).

આ **પાડલા**ગામ **શંખેશ્વરજી**થી અગ્નિ ખૂણામાં ૪ા માઇલ દૂર વિદ્યમાન છે. આને લોકો **પારલા** પણ કહે છે. આ ગામમાં હમણાં સુધી જૈન દેરાસર હતું. થોડાં વર્ષો પહેલાં જ જૈનોની વસ્તીનો અભાવ થવાથી અહીંની મૂર્તિઓ **શંખેશ્વરજી** કે **મુંજપુર**માં પધરાવી દીધી છે.

મુનિરાજો:—

(૧) **તપાગચ્છ**નાયક શ્રીમાન્ **હીરવિજયસૂરીશ્વરજી** મહારાજ, શ્રી**વિજયસેનસૂરીશ્વરજી** મહારાજ, શ્રી **વિજયદેવસૂરીશ્વરજી** મહારાજ અને શ્રી**વિજયપ્રભસૂરીશ્વરજી** મહારાજ વગેરે પરિવાર સહિત આ તીર્થની યાત્રાએ અનેકવાર પધાર્યા હતા.

(૨) ઉપર્યુક્ત શ્રીમાન્ **વિજયસેનસૂરીશ્વરજી** મહારાજ પરિવાર સાથે વિ. સં. ૧૬૫૮ માં **પાટણ**થી યાત્રાર્થે અહીં પધાર્યા હતા. અહીંથી વિહાર કરી **ગિરિનાર** વગેરેની યાત્રા કરીને **નવીનનગર** (જામનગર)માં ચોમાસું કરીને પાછા સં. ૧૬૫૯ માં અહીંની યાત્રા કરીને **અમદાવાદ** જઈને ચોમાસું કર્યું હતું. (સ્તો. ૩૭).

(૩) શ્રીમાન્ **વિજયસેનસૂરીશ્વરજી** મહારાજના બીજા પટ્ટધર શ્રી**વિજયતિલકસૂરિજી** મહારાજના પટ્ટધર શ્રી**વિજયાનંદસૂરિજી**એ (સં. ૧૬૭૬માં સૂરિપદ) આ તીર્થની આનંદપૂર્વક **પાંચ વાર** યાત્રા કરી હતી.

(૪) શ્રી**પુણ્યકલશ** ઉપાધ્યાયે વિ. સં. ૧૭૦૮ ના માગશર વદિ ૧૨ ને દિવસે આ તીર્થની યાત્રા કરી હતી. (સ્તો. ૧૧૩).

(૫) મહામહોપાધ્યાય શ્રીમાન્ **યશોવિજયજી** મહારાજ[1] આ તીર્થ પર અતિ ભક્તિ ધરાવતા હતા અને તેઓ

---

૧ શ્રીમાન્ મહામહોપાધ્યાય શ્રી**યશોવિજયજી** મહારાજ ભારે વિદ્વાન્ હતા. તેમણે ઘણા ગ્રંથો રચ્યા છે. તેમનો ગ્રંથરચનાકાળ લગભગ વિ. સં. ૧૭૩૨ થી ૧૭૪૪ સુધીનો હોવાનું જણાય છે. વિ. સં. ૧૭૪૫માં ડભોઇમાં તેઓ સ્વર્ગવાસી થયા હતા.

સપરિવાર આ તીર્થની યાત્રા કરવા અહીં પધાર્યા હતા.

(૬) ઉપાધ્યાય શ્રીલાવણ્યવિજયજીના શિષ્ય શ્રીનિત્યવિજયજીએ સં. ૧૭૪૫ ના શ્રાવણ વદિ ૧૩ ને દિવસે આ તીર્થની યાત્રા કરી હતી (સ્તો. ૪૬).

(૭) પં. વિનયકુશલશિષ્ય, પં. કીર્તિકુશલશિષ્ય, પં. જ્ઞાનકુશલ વગેરેએ બહુ દૂર દેશથી આવીને આ તીર્થની યાત્રા કરી હતી (સ્તો. ૧૩૯).

(૮) પં. શ્રીઉત્તમવિજયજીના શિષ્ય, પં. શ્રીપદ્મવિજયજી ગણીએ આ તીર્થની **૨૧ વાર** પ્રેમપૂર્વક યાત્રા કરી હતી (સ્તો. ૧૪૨).

(૯) શ્રીપુણ્યસૂરિજીના શિષ્ય શ્રીમોતીસાગરજીએ ચૈત્રી પૂનમે આ તીર્થની યાત્રા કરી હતી (સ્તો. ૬૬).

ગૃહસ્થો:—

(૧) વિ. સં. ૧૩૦૮ માં મહામંત્રી **તેજપાલ** પોતાના કુટુંબ સાથે (કદાચ સંઘ પણ સાથે હશે જ) શ્રીશંખેશ્વરજી તીર્થની યાત્રા કરવા જતાં માર્ગમાં **ચંદ્રોન્માનપુર** (ચંદૂર)[1] માં તેમનું આયુષ્ય પૂર્ણ થતાં સ્વર્ગવાસી થઇ ગયા.

---

૧ આ **ચંદૂર**, શ્રીશંખેશ્વરજીથી ઉત્તર દિશામાં ૭ માઇલની દૂરી પર આવેલું છે. **રાધનપુર** સ્ટેટનું ગામ છે, અને તે **મોટી ચંદૂર** અથવા તો **રાથવી ચંદૂર** એ નામથી ઓળખાય છે. અહીં હાલમાં બસો વર્ષમાં થયેલું શિખરબંધી એક ભવ્ય દેરાસર અને તેની પાસે એક જૂનો ઉપાશ્રય છે. બીજો એક ઉપાશ્રય ગામમાં છે, તે મકાન નાનું અને કાચું-માટીનું છે. આ ગામમાં હાલમાં, શ્રાવકનું ફક્ત

તેથી ગુજરાતના મહારાજાની આજ્ઞા–મંજૂરી લઇને મહામંત્રી **વસ્તુપાલના** પુત્ર **જૈત્રસિંહે** ત્યાં (ચંદ્રૂરમાં) હાથી–ઘોડાઓની રચના સહિત અને તોરણોયુક્ત અતિમનોહર જિનાલય, સરોવર, ધર્મશાલા, દાનશાલા વગેરે મહામાત્ય **તેજપાલના** પુણ્યાર્થે કરાવ્યું (સ્તો. ૧૯).

(૨) **શ્રીવિજયદેવસૂરિના** સમકાલીન (અઢારમી સદીનો પ્રારંભ) **અમદાવાદના** નગરશેઠ શ્રીમાન્ **શાંતિદાસ** શેઠે આ તીર્થની યાત્રા કરી હતી. વગેરે વગેરે.

આ પ્રકરણના છેલ્લા ત્રણ પેટા વિષયો (ગૃહસ્થસંઘો, મુનિરાજો અને ગૃહસ્થો)ની વિગત આપી છે તેમાં ગૃહસ્થ-સંઘોની સાથે અને સંઘ વિનાના ગૃહસ્થોની સાથે, સંઘો નહીં જ હોય, એમ ચોક્કસ રીતે કહી શકાય નહીં; હોય પણ ખરા. પરંતુ મને તો ગ્રંથો–સ્તવનો વગેરેમાંથી જેવા પ્રકારના ઉલ્લેખો મળ્યા એ પ્રમાણે જ અહીં આપેલ છે.

એક જ ઘર છે. સં. ૧૮૦૨ માં આ દેરાસરનો પાયો નંખાયો ત્યારે અહીં શ્રાવકોનાં ૬૦ ઘર હતાં. તે પહેલાં અહીં ઘરદેરાસર હતું એમ લોકો કહે છે. અહીંના દેરાસરમાં મૂળ નાયક ઉપર જે પરિકર છે તે વધારે પ્રાચીન હોવાનું જણાય છે.

પ્રકરણ દશમું : જીર્ણોદ્ધાર

૧ મંત્રી સજ્જન શેઠનો ઉદ્ધાર.

બીજા પ્રકરણમાં જણાવ્યા પ્રમાણે આ **શંખેશ્વર** ગામમાં વિ. સં. એક હજારની આસપાસમાં પણ શ્રાવકોનાં ઘરો, દેરાસર, ઉપાશ્રય વગેરે હતું. તેમજ આચાર્યવર્યો, મુનિવર્યો, વગેરે અહીં પધારતા હતા, અને ચોમાસાં પણ કરતા હતા. પરંતુ હું ધારું છું ત્યાં સુધી આ તીર્થનો આ યુગમાં વિશેષ મહિમાવંતો ઐતિહાસિક કાળ વિ. સં. ૧૧૫૫ થી શરૂ થાય છે. તે પહેલાં, શ્રીવીરનિર્વાણ પછી શંખેશ્વરજીના મંદિરનો જીર્ણોદ્ધાર કોઇએ કરાવ્યો હોય તેવો ઉલ્લેખ કોઈ પણ ગ્રંથોમાં મારા જોવામાં આવ્યો નથી. કદાચ **શંખેશ્વર પાર્શ્વ** પ્રભુજીની આ મૂર્ત્તિ પહેલાં કોઈ પણ કારણથી જમીનમાં ભંડારી દીધી હોય અને પછી તે વિ. સં. ૧૧૫૦ ની આસપાસમાં જમીનમાંથી પ્રગટ થઈ હોય તો એ પણ સંભવિત છે. સં. ૧૧૫૫ ના જીર્ણોદ્ધારો સંબંધી કંઈ પણ ઉલ્લેખો નહીં મળવામાં કદાચ આ પણ મુખ્ય કારણ હોય.

સ્તો. ૫૦, કડી ૧૫ માં **વિક્રમ** અને **ભોજરાજાએ** સુંદર ઉદ્ધારો કરાવ્યા એમ લખ્યું છે, પરંતુ એ તો **શ્રીપાર્શ્વ** પ્રભુજીનાં બીજાં તીર્થો માટે લખ્યું હોય તેમ લાગે છે, ખાસ **શંખેશ્વરજી** માટે લખ્યું હોય તેમ જણાતું નથી.

ચૌલુકય (સોલંકી) મહારાજાધિરાજ **સિદ્ધરાજ જયસિંહે** ગુજરાતના પાટનગર **અણુહિલ્લપુર પાટણની**

રાજ્યગાદી વિ. સં. ૧૧૫૦ થી ૧૧૯૯ સુધી ('પ્રબંધચિન્તામણિ' પ્રમાણે) શોભાવી હતી. તે વખતે સોલંકીઓની જાહોજલાલી પુરજોસમાં હતી. સિદ્ધરાજ જયસિંહની આજ્ઞા ઘણા દેશોમાં પ્રવર્તતી હતી. તેમના બુદ્ધિશાળી મુખ્ય મંત્રીઓમાં શૂરવીર અને ન્યાયસંપન્ન **સજ્જનશેઠ**[1] નામનો પણ એક મંત્રી હતો. તે મહારાજા સિદ્ધરાજ જયસિંહનો ઘણો વિશ્વાસુ અને પ્રેમપાત્ર હતો. મહારાજા સિદ્ધરાજ જયસિંહે, સર્વ રીતે યોગ્ય જાણી, તેને પાછળથી **સોરઠ**નો દંડનાયક—સૂબો નીમવાથી તે હોદ્દા ઉપર તે કેટલાંક વર્ષો સુધી સોરઠ દેશમાં રહેલ. તે દરમ્યાન તેમણે **ગિરિનાર** ઉપરના જીર્ણ થઈ ગયેલા શ્રી**નેમિનાથ** પ્રભુના મંદિરનો સુંદર રીતે જીર્ણોદ્ધાર કરાવીને તેની વિ. સં. ૧૧૮૫ માં પ્રતિષ્ઠા કરાવી હતી. તે પહેલાં સૂરિપુંગવોના ઉપદેશથી તેના સાંભળવામાં આવેલ કે—"**શ્રીશંખેશ્વર પાર્શ્વનાથ** પ્રભુજીની મૂર્તિ ઘણી પ્રાચીન અને ચમત્કારિક છે." તેથી તે શ્રીશંખેશ્વરજી તીર્થની યાત્રા કરવા ગયેલ અને ત્યાર પછી તેમણે ત્યાં આ તીર્થના જીર્ણોદ્ધારરૂપે નવેસરથી દેવવિમાન જેવું મનોહર મંદિર બંધાવીને તેમાં શ્રીશંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુજીની મૂર્તિ પધરાવીને વિ. સં. ૧૧૫૫ માં તેની પ્રતિષ્ઠા[2] કરાવી. આ પ્રતિષ્ઠાસમયે

---

૧ આ **સજ્જનશેઠ** ક્યાંના રહેવાસી હતા? તે ચોક્કસ રીતે જાણી શકાયું નથી. સ્તો૦ ૫૦માં તે **સૂર્યપુર**ના રહેવાસી હોવાનું લખ્યું છે, તેથી કદાચ તે સમયમાં વિદ્યમાન સૂર્યપુર ગામના તેઓ પહેલાં રહેવાસી હોય અને પછીથી મહારાજા **સિદ્ધરાજ જયસિંહ**ની સેવા માટે **પાટણ** આવીને રહ્યા હોય.

૨ જુઓ. સ્તો૦ ૩, ૨૪ A, ૨૪ B, ૪૬, ૫૦.

કલિકાલસર્વજ્ઞ **શ્રીહેમચંદ્રાચાર્યજી**ના ગુરુવર્ય **શ્રીદેવચંદ્રસૂરિજી** મહારાજ ત્યાં ઉપસ્થિત હતા એમ જણાય છે, અને તેથી કદાચ તેમના જ ઉપદેશથી **સજ્જનશેઠે** આ જીર્ણોદ્ધાર કરાવ્યો હોય એમ લાગે છે.

શ્રીકૃષ્ણે **શંખપુર**માં **શંખેશ્વર પાર્શ્વનાથ** પ્રભુજીની મૂર્તિ પધરાવ્યા પછી ઘણા લાંબા કાળ સુધી ત્યાં પૂજાયા બાદ દુશ્મન રાજાઓના ભયથી કે ગમે તે કારણે એ મૂર્તિ જમીનમાં ભંડારી દીધી હોય અને કાળક્રમે વિ. સં. ૧૧૫૦ ની આસપાસમાં એ મૂર્તિ જમીનમાંથી[1] પ્રકટ થઇ હોય, અથવા તો શ્રી શંખેશ્વર પાર્શ્વપ્રભુનું દેરાસર બહુ જ જીર્ણ થઈ ગયું હોય, ગમે તે કારણ હોય પરંતુ પાછળથી **સોરઠ**ના દંડનાયક થયેલ મંત્રી **સજ્જનશેઠે** અહીં જીર્ણોદ્ધાર જ કરાવ્યો છે એમ નહીં, પણ આ તીર્થના જીર્ણોદ્ધાર રૂપે ખાસ નવીન પ્રાસાદ બંધાવીને તેમાં શ્રીશંખેશ્વર પ્રાર્શ્વપ્રભુજીની મૂર્ત્તિ પધરાવીને પ્રતિષ્ઠા કરાવી હોય એમ સ્તો. ૩ શ્લો. ૬; સ્તો. ૨૪ A શ્લો. ૩૯; સ્તો. ૨૪ B શ્લો. ૬; સ્તો. ૪૬ કડી ૨૩ વગેરે ઉપરથી સ્પષ્ટ રીતે જાણી શકાય છે.

---

૧ **શંખેશ્વર** ગામની ઉત્તર દિશાના ઝાંપા બહાર આવેલા **ખારસોલ** નામના તળાવના પશ્ચિમ તરફના કિનારા ઉપર **ઝંડકુવો** એ નામથી પ્રસિદ્ધિ પામેલો અને જૂનો એક મોટો ખાડો હાલમાં મોજૂદ છે. તેમાંથી **શંખેશ્વર પાર્શ્વનાથ**પ્રભુજીની મૂર્ત્તિ નીકળ્યાનું ગામના લોકો કહે છે અને માને છે. પરંતુ આ ખાડો ૮૫૦ વર્ષ જેટલો જૂનો હોય તેમ જણાતું નથી.

૨ મહામાત્ય વસ્તુપાલ-તેજપાલનો ઉદ્ધાર.

ગુજરાતના મહારાજાધિરાજ **ભીમદેવ** બીજાના મહામાત્ય, **પાટણ**નિવાસી, **પોરવાડ**જ્ઞાતીય, શૂરવીર, દાનવીર, ધર્મવીર **વસ્તુપાળ-તેજપાળે વૃદ્ધ**(વડ)ગચ્છાધિપતિ **સંવિજ્ઞ**પાક્ષિક (સંવેગી) શ્રીમાન્ **વર્ધમાનસૂરિજી**ના મુખથી **શ્રીશંખેશ્વર પાર્શ્વનાથ** તીર્થનો અદ્દભુત મહિમા સાંભળીને મોટા ઠાઠમાઠથી સંઘ કાઢીને તે સૂરિજીની સાથે શ્રીશંખેશ્વરજીની યાત્રા કરી હતી. ત્યાં તેમણે મહોત્સવપૂર્વક દર્શન-પૂજન વગેરે કરીને સંઘપતિનાં દરેક કાર્યો કર્યા હતાં. ત્યાર પછી તે મંદિરને ઘણું જીર્ણ થઇ ગયેલું જોઇને તે મંદિરનો તેમણે જીર્ણોદ્ધાર કરાવીને સાવ નવા મંદિર જેવું કરાવ્યું, તેને ફરતી બાવન જિનાલયની દેરીઓ ઉપર સોનાના કળશો ચડાવ્યા,[1] અને તેમણે વિ. સં. ૧૨૮૬ પછીના નજીકના સમયમાં તે જીર્ણોદ્ધારની પ્રતિષ્ઠા શ્રીમાન્ **વર્ધમાનસૂરીશ્વરજી** મહારાજ વગેરે સુવિહિત આચાર્યો પાસે કરાવી.

આ જીર્ણોદ્ધાર અને તેની પ્રતિષ્ઠામાં મહામાત્ય **વસ્તુપાળ-તેજપાળે** બે લાખ રૂપિયા ખર્ચ્યા હતા.[2] આ

---

૧. જુઓ : શ્રી**જિનહર્ષગણી**વિરચિત 'શ્રીવસ્તુપાલચરિત્ર', પ્રસ્તાવ ૭, શ્લોક ૨૮૪ થી ૨૯૭ (સ્તો૦ ૧૮) અને "જૈન શ્વે. કૉ. હેરલ્ડ" (જુલાઇ-ઑકટોબર ૧૯૧૫) પૃ. ૩૭૨માં તથા 'જૈન સાહિત્ય સંશોધક' ભા. ૧ અં૦ ૧-૪ માં છપાયેલ જૂની પટ્ટાવળી (વીરવંશાવળી).

૨ શ્રી**જિનવિજયજી**સંપાદિત 'પ્રબંધકોશ' પરિ૦ ૧, મંત્રી **વસ્તુપાળ**કૃત સુકૃતસૂચિ જુઓ.

પ્રમાણે મહામાત્યો વસ્તુપાળ અને તેજપાળની આ તીર્થ ઉપર પૂર્ણ શ્રદ્ધા–ભક્તિ હોવાથી તેઓ વખતોવખત અહીં આવીને પ્રભુભક્તિ કરતા હતા.

૩ રાણા દુર્જનશલ્યનો ઉદ્ધાર.

ઝંઝૂપુર (ઝીંઝુવાડા–કાઠિયાવાડ)ના રાણા **દુર્જનશલ્યને** મહાદુષ્ટ કોઢ રોગ થયો હતો. **શ્રીશંખેશ્વર પાર્શ્વનાથ** પ્રભુજીની આરાધના કરવાથી તેનો કોઢ નષ્ટ થયો, કંચનવર્ણી કાયા થઈ, તેથી પ્રસન્ન થઇને રાણા દુર્જનશલ્યે શ્રીશંખેશ્વરજીના મંદિરનો જીર્ણોદ્ધાર કરાવીને તેને દેવવિમાન જેવું કરાવ્યું.[1]

"જગડૂચરિત" મહાકાવ્ય સર્ગ ૬ (સ્તો. ૪૦)માં લખ્યું છે કે–"**પૂર્ણિમા** પક્ષના શ્રી**પરમદેવસૂરિજીએ** **શ્રીશંખેશ્વર પાર્શ્વનાથ** પ્રભુજીની આરાધના કરીને વિ. સં. ૧૩૦૨ની આસપાસમાં મહારાણા **દુર્જનશલ્યના** કોઢ રોગને મટાડ્યો. તેથી ઉક્તસૂરિજીના ઉપદેશથી રાજા દુર્જનશલ્યે શ્રીશંખેશ્વરજીના પ્રાસાદનો જીર્ણોદ્ધાર કરાવ્યો."

---

૧. જુઓ: સ્તો૦ ૩, ૨૪A, ૨૪B, ૪૦, ૪૬, ૫૦. સ્તો૦ ૫૦ ની કડી ૧૭–૧૮ માં લખ્યું છે કે–"વિ. સં. ૧૧૫૫ માં ઝંઝુપુરના રાજા **દુર્જનશલ્ય** અને **સૂર્યપુરના** **સજ્જનશેઠે** ભેગા મળીને ઘણી લક્ષ્મી ખર્ચીને આ મંદિરને દેવવિમાન જેવું બનાવ્યું." પરંતુ આ વાત સંગત (ઠીક) જણાતી નથી. કેમકે ઉપરોક્ત બીજા પ્રાચીન ગ્રંથો અને સ્તોત્રોમાં પહેલાં મંત્રી **સજ્જનશેઠે** અને ત્યાર પછી મહારાણા **દુર્જનશલ્યે** અનુક્રમે જીર્ણોદ્ધાર કરાવ્યાના ઉલ્લેખો છે. વળી તે બન્નેના સમયમાં લગભગ દોઢસો વર્ષનું અંતર છે.

ઉપરોક્ત ' જગડૂચરિત 'માં આપેલા સંવત અનુસારે મહામાત્ય **વસ્તુપાળ-તેજપાળ**ના જીર્ણોદ્ધાર પછી થોડાં જ ૧૫–૨૦ વર્ષોમાં જ આ જીર્ણોદ્ધાર થયો ગણાય. તે વખતે મંત્રી **તેજપાળ** વિદ્યમાન હતા. તેમની વિદ્યમાનતામાં દુશ્મન રાજાઓનાં આક્રમણોથી આ તીર્થને નુકશાન થવાની સંભાવના થતી નથી. કદાચ કુદરતને લઇને કંઈ નુકશાન થયું હોય, તેને સુધરાવ્યું હોય અથવા આ તીર્થમાં તેમણે કંઈ નવું કામ કરાવ્યું હોય, અથવા તો પલાસ્તર–રંગ–રોગાનાદિ સામાન્ય જીર્ણોદ્ધાર કરાવ્યો હોય એમ લાગે છે.

મહામાત્ય **વસ્તુપાલ–તેજપાલ** અને **દુર્જનશલ્ય**ના જીર્ણોદ્ધારો પછી આ જિનાલય થોડાં જ વર્ષો સુધી વિદ્યમાન રહ્યું. ત્યાર પછી કાળક્રમે **ચૌદમી** શતાબ્દિના ઉત્તરાર્ધમાં ગુજરાત, મુસલમાન બાદશાહોના હાથમાં ગયું તે વખતે, **અલાઉદ્દીનખીલજી**ની અથવા ત્યારપછીના મુસલમાન બાદશાહોની ફોજોનાં આક્રમણોથી આ મંદિરનો નાશ થયો, પરંતુ તે વખતે મૂળ નાયજીકની અસલ મૂર્તિને શ્રીસંઘે ભૂમિમાં ભંડારી દીધી.

પહેલાં ઉપરોક્ત મંદિર ગામની બહાર હશે એમ લાગે છે. હાલ વિદ્યમાન **શંખેશ્વર** ગામની બહાર થોડે છેટે દટાઈ ગયેલા મકાન જેવો જણાતો માટીનો મોટો ઢગલો દેખાય છે. એ અસલ–મૂળ મંદિર હોવાનું ગામના કેટલાક લોકો કહે છે. તે વાત સાચી હોય તેમ લાગે છે.[1] કેમકે ત્યાર

---

૧ ઇતિહાસતત્ત્વવેત્તા શ્રી**જિનવિજયજી** પણ આ જ પ્રમાણે માને છે. જુઓ " પ્રાચીન જૈન લેખ સંગ્રહ " ભાગ બીજો, **શંખેશ્વર** તીર્થના લેખોનું અવલોકન, પૃષ્ઠ ૩૩૫.

પછી શ્રીમાન્ **વિજયસેનસૂરીશ્વર**જી મહારાજના ઉપદેશથી સાવ નવેસરથી ગામમાં મંદિર બન્યું છે, જેની હકીકત નીચે આપવામાં આવે છે.

ઝંડકૂવો

ગામના ઉત્તર દિશા તરફના ઝાંપાની બહાર આવેલ **ખારસોલ** તળાવના પશ્ચિમ દિશા તરફના કિનારા ઉપરના મેદાનમાં એક ઠેકાણે શેષશાયી શ્રીકૃષ્ણની ખાસ પથ્થરમાં બનેલી પ્રાચીન લાંબી સૂતેલી મૂર્ત્તિ છે, ઘણી જીર્ણ થઈ ગયેલ છે, શેષનાગની ફણા ઉપર શ્રીકૃષ્ણ સૂતેલ છે, તેમના પગ પાસે **લક્ષ્મી**દેવી બેઠેલ છે, તેની પાસે દાસીઓની મૂર્ત્તિઓ કોતરેલ છે. તેની પાસેની એક ગોળ પત્થરવાળી મૂર્ત્તિમાં વચ્ચે એક દેવ અને તેની બન્ને બાજુએ એક એક દેવીની મૂર્ત્તિઓ કોતરેલી છે. તેની પાસે એક ખારા પથ્થરની અને એક આરસની પાદુકા–જોડી છે. ક્યાંઇથી મળી આવેલ હશે, ત્યાંથી લાવીને અહીં મૂકેલ હશે એમ જણાય છે. તેની આજુબાજુમાં પુરુષોના તથા સતીઓના પાળિયા વગેરે છે. તેની નજીકમાં એક દટાઈ ગયેલી વાવ હોવાનું લોકો કહે છે. આ મેદાનમાં જૂનાં મકાનોના પાયા વગેરેની નિશાનીઓ દેખાય છે.

ત્યાંથી થોડું આગળ જતાં જેમાંથી શ્રી**શંખેશ્વર પાર્શ્વ** પ્રભુની મૂર્ત્તિ નીકળ્યાનું કહેવાય છે, તે ખાડો આવે છે. આ ખાડો જૂનો હોય એમ જણાય છે. તે ખાડાને અહીંના લોકો **ઝંડકૂવો** એ નામથી ઓળખે છે.

એવી દંતકથા છે કે–"અહીંના રહીશ એક જણની એક

ગાય હમેશાં જંગલમાંથી ચરીને ઘેર આવતી વખતે આ ખાડાના સ્થાને જતી, ત્યાં તેનું બધું દૂધ ઝરી જતું. ચોક્કસ તપાસ કરતાં આ ઝંડકૂવાના સ્થાને તે ગાયનું દૂધ ઝરતું જોઇ, અહીં કોઈ ચમત્કારિક દેવની મૂર્ત્તિ હોવી જોઇએ એમ જાણીને લોકોએ તે સ્થાને ખૂબ ઊંડું ખોદતાં તેમાંથી **શ્રીશંખેશ્વર પાર્શ્વનાથ** પ્રભુની મૂર્ત્તિ નીકળી.” આ દંતકથા પ્રમાણે અથવા ગમે તે રીતે **શ્રીશંખેશ્વર પાર્શ્વ**પ્રભુજીની મૂર્ત્તિ જમીનમાંથી પ્રકટ થઇ, તેનાં દર્શન કરીને લોકો ઘણા જ ખુશી થયા, સંઘમાં વાત ફેલાણી, ગામોગામથી સંઘો અને મનુષ્યોનાં ટોળેટોળાં દર્શન કરવા માટે આવવા લાગ્યાં. હવે નવું મંદિર બંધાવવાની વાત ચર્ચાવા લાગી.

૪ શ્રીવિજયસેનસૂરિ પ્રતિષ્ઠિત-ઉદ્ધાર.

ચર્ચાના પરિણામે શ્રીસંઘે, **તપાગચ્છ**દાદા શ્રીમાન્ **હીરવિજયસૂરીશ્વરજી** મહારાજના પટ્ટધર શ્રીમાન્ **વિજયસેનસૂરીશ્વરજી** મહારાજના સદુપદેશથી **શંખેશ્વર** ગામની મધ્યમાં (હાલમાં ગામની અંદર જૂના મંદિરનું ખંડિયેર ઊભું છે તે) બાવન જિનાલય યુક્ત શિખરબંધી સુંદર મંદિર બંધાવ્યું.[1] મંદિર તૈયાર થતાં શ્રીસંઘે તેની

---

૧ ગામની અંદરના ભાગમાં આ દેરાસરનું ખંડિયેર જે હાલ ઊભું છે, તેની વચ્ચેથી મૂલ મંદિરનો બધો ભાગ સાવ કાઢી નાખીને સાફ મેદાન કરેલ છે. એટલે તેમાંથી એક પણ શિલાલેખ મૂલ મંદિરનો મળી શક્યો નથી. તેથી આ મંદિર કોઇ એક ગૃહસ્થે બધાવ્યું હતું કે સમસ્ત સંઘે મળીને બંધાવ્યું હતું? તે કંઈ પણ જાણી શકાયું નથી. પરંતુ ‘શ્રીવિજયપ્રશસ્તિ’ મહાકાવ્ય અને તેની ટીકા, ‘શ્રીવિજયદેવસૂરિમાહાત્મ્ય’, તેમજ ‘તપાગચ્છપટ્ટાવલી’ વગેરેમાંથી





ગઢવાળી ધર્મશાળા

જિનમંદિરની ડાબી બાજુ આવેલ વિશાળ ધર્મશાળાનું દૃશ્ય. આ ધર્મશાળામાં પેસતાં નવો ઉપાશ્રય આવે છે જે આ ચિત્રમાં બારીઓની બે પંક્તિઓની વચ્ચે દેખાય છે. આ ધર્મશાળાના ચોકમાં ઓરીંગ હોવાથી તેને ઓરીંગવાળી ધર્મશાળા પણ કહે છે. જુઓ પ્રકરણ ૧૩, પૃ. ૧૦૯-૧૧૦.

મહોત્સવપૂર્વક શ્રીમાન્ **વિજયસેનસૂરીશ્વરજી** મહારાજ પાસે પ્રતિષ્ઠા કરાવી.[1] (સ્તો. ૨૫, ૩૬)

આ મંદિરની રચના.

આ (જૂનું) મંદિર, પશ્ચિમ સન્મુખનું અર્થાત્ તેમાં બિરાજમાન મૂળ નાયકજીનું મુખ પશ્ચિમ દિશા સામે હતું. આ મંદિર, શિખરબંધી મૂલ ત્રણ ગભારા, ગૂઢમંડપ, સભામંડપ અને બાવન જિનાલય યુક્ત બનેલું હતું. ભમતીની

મળી આવેલા ઉલ્લેખોથી સ્પષ્ટ રીતે જાણી શકાયું છે કે–આ મંદિર શ્રીમાન્ **વિજયસેનસૂરિજી** મહારાજના ઉપદેશથી બંધાયું હતું અને તેની પ્રતિષ્ઠા તેઓશ્રીએ જ કરી હતી. જો ઉપર્યુક્ત ગ્રંથોમાંથી માત્ર આટલા ઉલ્લેખો પણ ન મળ્યા હોત તો આ વાત પણ અંધારામાં રહી જાત–જાણી ન શકાત. **એટલે જૂનાં મંદિરોને સાવ વિસર્જન કરતી વખતે તેમાંના શિલાલેખોના પથ્થરો કાળજી-પૂર્વક કઢાવી લઈને તેને અમૂલ્ય ઝવેરાતની માફક સાચવી રાખવા જોઈએ.**

૧ શ્રીમાન્ **વિજયસેનસૂરીશ્વરજી** મહારાજે આ મંદિરની પ્રતિષ્ઠા કયા સંવતમાં કરી તે ચોક્કસ રીતે જાણી શકાયું નથી. પરંતુ તેઓશ્રી આચાર્યપદ પર પ્રતિષ્ઠિત હતા તે અરસામાં એટલે કે વિ. સં. ૧૬૨૮ થી સં. ૧૬૭૨ ની વચ્ચેની કોઈ પણ સાલમાં પ્રતિષ્ઠા કરી હોવી જોઇએ. તેમાંય વળી આ દેરાસરની ભમતીની દેરીઓની બારશાખો પર દેરીઓ કરાવનારાઓના વિ. સં. ૧૬૫૨ અને ત્યાર પછીની સાલોના લેખો ખોદેલા મોજૂદ છે (જુઓ પરિશિષ્ટ ૧.) તે ઉપરથી આ મંદિરની શ્રીમાન્ **વિજયસેનસૂરિજી** મહારાજે વિ. સં. ૧૬૫૨ માં જ અથવા તો તે પહેલાં નજીકના સમયમાં જ પ્રતિષ્ઠા કરી હોય એવા નિર્ણય ઉપર આવી શકાય છે.

દેરીઓમાં ઉત્તર તરફ બે, દક્ષિણ તરફ બે અને પૂર્વ તરફની લાઈનમાં વચ્ચે એક, એમ કુલ પાંચ મોટા ગભારા (ભદ્રપ્રાસાદ) તથા ૪૪ દેરીઓ બનેલ હતી. તે દરેક ગભારા અને પ્રત્યેક દેરીઓ ઉપર પણ શિખર બનેલાં હતાં. મૂલ ત્રણે ગભારા, ત્રણે શિખરો, બન્ને મંડપો, તેના ઉપરના ગુમ્મજો અને ભમતીની દેરીઓ છત સુધી ખારા પથ્થરથી તથા દેરીઓનાં બધાં શિખરો, દીવાલો, દેરીઓના ગુમ્મજો વગેરે ઈંટોથી બનેલાં હશે એમ જણાય છે. ઈંટોના કામ ઉપર ચૂનાનું પલાસ્તર કરેલું હતું. પલાસ્તરમાં કોઇ કોઈ ઠેકાણે સુંદર નકશી કરેલી હતી. આવું સુંદર મંદિર બનેલું હોવા છતાં કાળની વિચિત્ર ઘટનાથી કહો કે મુસલમાન બાદશાહોના પ્રકોપથી કહો, આ મંદિર પૂરાં એંસી વર્ષ પણ વિદ્યમાન રહી શકયું નહીં.

ભંગ—

મોગલ બાદશાહ **ઔરંગઝેબ** દિલ્લીની ગાદીએ બેઠા પછી તેના રાજ્યકાળ લગભગ વિ. સં. ૧૭૧૫ થી ૧૭૬૪ વચ્ચેના કોઈ વર્ષમાં તેની આજ્ઞાથી[1] તે વખતના **અમદાવાદ**ના સૂબાએ **શંખેશ્વરજી**ની નજીકમાં આવેલ

૧ **મોગલ** પાતશાહ **ઔરંગઝેબ**ના વખતમાં તેના ગુજરાત (અમદાવાદ)ના સૂબાના હાથ નીચે **રાધનપુર**માં મુસલમાન હાકેમ રહેતો હતો. તેના તાબાનું (હાલમાં રાધનપુર સ્ટેટનું) **મુંજપુર** ગામ તે વખતે શહેર ગણાતું હતું. તેને ફરતો કોટ હતો. તે વખતનો તેનો ઠાકોર સરદાર **હમીરસિંહ** તે સમયમાં શૂરવીર ગણાતો હતો. તેણે **અમદાવાદ**ના સૂબાની ફોજ સાથે યુદ્ધ કર્યું હતું. તેણે ઘણી ટક્કર ઝીલી પણ અંતે તેમાં તેનો પરાજય થયો હતો.

મુંજપુર કસ્બાના ઠાકોર સરદાર **હમીરસિંહને** તાબે કરવા માટે મુંજપુર ઉપર ફોજ મોકલી હતી. તે ફોજે સરદાર **હમીરસિંહ** ઉપર વિજય મેળવીને ત્યાંથી પાછા ફરતાં તેણે **શંખેશ્વરજીનું** આ મનોહર મંદિર તોડી નાંખ્યું, કેટલીક મૂર્ત્તિઓ હાથમાં આવી તેને ખંડિત કરી નાંખી,[1] પરંતુ

---

૧ 'ગુજરાતનાં ઐતિહાસિક સાધનો' ભાગ ૧-૨માં લખ્યું છે કે–

"**માનાજી ગાંધારીઓ** નામના વાણિયાએ નવ લાખ રૂપિયા ખરચીને શ્રી**શંખેશ્વર પાર્શ્વનાથજીનું** દેવાલય બંધાવ્યું હતું. આ દેવાલયનાં શિખર ૩ તથા ઘુમ્મટ પત્થરનાં અને આથમણે મોઢે હતાં. તેને ફરતી પ્રદક્ષિણાની શિખરબંધી દેરીઓ જુદા જુદા ધણીએ કરાવી હોય એમ જણાય છે. કારણ કે તેની બારશાખા ઉપર કોઈમાં સં. ૧૬૬૮ તથા કોઇમાં સં. ૧૬૭૨ એ રીતે લખેલું છે.

પછી આશરે સં. ૧૭૦૦ની સાલમાં **અમદાવાદના** પાતશાહની ફોજ અહીં આવી હતી. તેનો કારભારી વહોરો હતો. તે હિંદુઓનાં દેવસ્થાનોનું અપમાન કરતો હતો. તેણે એ દેહરામાં ગૌહત્યા કરી, તેથી તે દેહરું ખાલી કરીને **શંખેશ્વરજીની** મૂર્ત્તિઓ વાણિયાઓએ લઇને ભોંયરામાં કેટલાંએક વર્ષો સુધી રાખી, પછી એક ઓરડામાં રાખી હતી.

પછી સં. ૧૭૫૧ની સાલમાં; **જૈન શ્વેતાંબરી હુંબડ** જ્ઞાતિનો એક વાણિયો હતો, તેના બાપ-દાદાનું કરાવેલું એક દેહરું ખાલી હતું, તે સુધરાવીને તેમાં ઉક્ત મૂર્ત્તિ પધરાવી. પછી **પાટણના** સંઘે તે ઘણું સુધાર્યું, તથા મંડપ, પ્રદક્ષિણા વગેરે રોજ રોજ થતું ગયું.

હાલ **શંખેશ્વરની** ઉપજ તથા ખર્ચની સંભાળ **રાધનપુરના** શાહુકાર મશાલીયા રાખે છે."

ઉક્ત ગ્રંથના વિદ્વાન લેખકે આ હકીકત, બારોટ **ફતેસિંહે**

ત્યાંના સંઘે અગમચેતી વાપરીને મૂલનાયક શ્રીશંખેશ્વરજીની મૂર્ત્તિને ભોંયરામાં સંતાડી દીધેલી તેથી તે બચી ગઈ. આ કીસ્સો લગભગ વિ. સં. ૧૭૨૦ થી ૧૭૪૦ સુધીમાં બન્યો

કોઈને કરાવેલી નોંધને આધારે લખેલી છે. એટલે આમાં કદાચ સંવતોમાં થોડો–ઘણો ફેરફાર હશે, પરંતુ આમાં આપેલી હકીકત જાતિ અનુભવની હોવાથી વિશેષ સત્યાંશવાળી હોય એમ લાગે છે. આમાંથી કંઈક નવું જાણવાનું પણ તારવી શકાય તેમ છે.

ઉપરોક્ત પુસ્તકમાં **ગંધાર**નિવાસી **માનાજી** નામના શ્રાવકે શ્રી**શંખેશ્વરજી**નું મંદિર બંધાવ્યાનું લખ્યું છે, અને તે હકીકત **શંખેશ્વર**ના બારોટ **ફતેહસિંહ** પાસેથી મળેલી તેથી સાચી હોવાની સંભાવના થઈ શકે છે. એટલે શ્રીમાન્ **વિજયસેનસૂરિજી** મહારાજે પ્રતિષ્ઠિત કરેલું આ દેવાલય **તપાગચ્છ**દાદા શ્રીમાન્ **હીરવિજયસૂરીશ્વરજી** મહારાજના પટ્ટધર શ્રીમાન્ **વિજયસેનસૂરિજી** મહારાજના ઉપદેશથી કદાચ ઉક્ત **ગંધાર**નિવાસી, **માનાજી** શ્રાવકે જ બંધાવ્યું હોય. **ગંધાર**ના શ્રાવકો સુખી, ધનાઢ્ય અને ઉક્ત બન્ને આચાર્યવરો પર પરમભક્તિ ધરાવનારા હતા.

ઉપરોકત પુસ્તકમાં બાદશાહની ફોજ આવ્યાનો (એટલે આ મંદિરનો ભંગ થયાનો) સંવત આશરે ૧૭૦૦ લખેલ છે, તેને બદલે વિ. સં. ૧૭૨૦થી ૧૭૪૦ની આસપાસની કોઈ સાલ હોવી જોઈએ. કેમકે **આગમગચ્છીય મહિમાસૂરિજી**એ વિ. સં. ૧૭૨૨માં રચીને પૂર્ણ કરેલી "ચૈત્યપરિપાટી" ઢાળ પહેલી, કડી ૫–૬ (સ્તો. ૧૪૦)માં તે વખતે **શંખેશ્વર** ગામમાં પૂરવના દેરાસરમાં ૧૪૨ જિનબિંબો હોવાનું લખ્યું છે. કવિએ શ્રી**શંખેશ્વરજી** તીર્થની યાત્રા સં. ૧૭૨૦ની આસપાસમાં કરી હોવી જોઈએ. એટલે ત્યાંસુધી તો આ દેરાસર વિદ્યમાન હોવું જ જોઈએ. ત્યારપછી એટલે સંવત

હોય તેમ જણાય છે. અર્થાત્ એ અરસામાં આ મંદિરનો ભંગ–નાશ થયો.

ખંડિયેરની સ્થિતિઃ—

પશ્ચિમ સન્મુખનું અને બાવન જિનાલયવાળું આ મંદિર પણ વિશાળ હતું. મંદિરને મુસલમાની ફોજે તોડી નાંખ્યા પછી ઘણાં વર્ષો બાદ આ મંદિરની જમીન ઉપયોગમાં લેવા માટે અથવા તો તેના પત્થરો કામમાં લેવા માટે તેમાં વચ્ચે મૂળ ગભારો, ગૂઢમંડપ અને સભામંડપ આદિ જે હશે તે બિલકુલ કાઢી નાખીને સાફ મેદાન કરેલ છે. એટલે પહેલાં અહીં મૂલ ગભારો, ગૂઢમંડપ વગેરે શું શું હતું તે કાંઈ જાણી શકાયું નથી. પરંતુ અહીંના જૂના મુનીમ **વાડીલાલ**-ભાઈએ જમીન ખોદાવીને તપાસ કરતાં જણાયું કે–જમીનમાં

૧૭૨૦થી ૧૭૪૦ સુધીના કોઈ વર્ષમાં આ મંદિરનો નાશ થયો હોય એમ લાગે છે.

ઉપર્યુક્ત તીર્થમાલામાં ' પૂરવના દેહરામાં ' એમ કહેલું છે, તેનું કારણ એ જણાય છે કે–જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક હુંબડ જ્ઞાતિના કોઈ શ્રાવકે બંધાવેલ એક નાનું દેરાસર તે વખતે પશ્ચિમ (આથમણી બાજુ)માં વિદ્યમાન હતું. પણ તે, તે વખતે ખાલી હતું. નહિ તો તે દેહરાની પણ બિંબસંખ્યા ઉપર્યુક્ત તીર્થમાલામાં આપી હોત. આ ખાલી દેરાસર, હાલ વિદ્યમાન નવા દેરાસરના કંપાઉંડના બજાર ઉપરના મુખ્ય દરવાજાની બહાર રાજમાર્ગ ઉપર જેનું બારણું પડે છે એ જ હોવું જોઈએ. આ દેહરું પશ્ચિમમાં હોવાથી અને તેની અપેક્ષાએ ઉપરોકત જૂનું દેરાસર પૂર્વમાં હોઈ તેને ' પૂરવનું દેહરું ' કહ્યું હોય એમ જણાય છે.

દેરાસરના પાયા મોજૂદ છે. એટલે મૂળ ગભારો વગેરે આ મેદાનમાં વચ્ચે જ હતું, એ ચોક્કસ થાય છે.

ભમતીની બધી દેરીઓનાં ખંડિયેરો હજુ ઊભાં છે. લગભગ બધી દેરીઓની બહારની ભીંતો, બારશાખ, ઓશરીના સ્તંભો અને ઉપરનાં શિખરોનો થોડો ઘણો (કોઈમાં ચાર આની, કોઇમાં આઠ આની તો કોઈમાં બાર આની) ભાગ હજુ સાબૂત ઊભો છે. ઘણીખરી દેરીઓની બારશાખો હજુ લાગેલી છે. છતાં દરેકનો થોડો ઘણો ભાગ તો અવશ્ય પડી ગયો છે. બધી દેરીઓ અને ગભારાનો છત સુધીનો ભાગ ખારા પત્થરનો બનેલો હતો. વચ્ચેની દીવાલો અને શિખરો ઈંટોનાં બનેલાં હતાં. મોટા ગભારા વગેરેની દીવાલોમાં કરેલ ચૂનાના પલાસ્તરમાં સુંદર નકશી કરેલી હતી. તેના નમૂના હજુ કેટલેક ઠેકાણે મોજૂદ છે. બધી દેરીઓની આગળની ઓશરી, તેની છત, મુખ્ય દરવાજો અને ગામ તરફનો દરવાજો વગેરે ભાગ સાવ પડી ગયો છે. મુખ્ય અને ગામ તરફના દરવાજાને સ્થાને હાલમાં દીવાલ ચણાવી લઇને ગામ તરફના દરવાજાને સ્થાને તે કંપાઉંડમાં આવવા જવા માટે બારણું મૂકીને એ કંપાઉંડનો કબજો કરી લીધો છે. આ કંપાઉંડ અહીંના **જૈન શ્વેતાંબરી** કારખાનાના તાબામાં છે.

તેના લેખોઃ—

આ જૂના મંદિરની ભમતીની લગભગ દરેક દેરીઓ અને ગભારાની બારશાખો પર વિ. સં. ૧૬૫૨ થી ૧૬૯૮ સુધીના લેખો છે. તેમાંના ત્રણ ગભારાના લેખો કાંઇક મોટા,

વ્યવસ્થિત અને સંસ્કૃત ભાષામાં છે. બાકીની દેરીઓના લેખો સાવ ટૂંકા અને લગભગ ચાલુ જેવી ગુજરાતી ભાષાના છે. આ બધા લેખોમાં સંવત ઉપરાંત દેરીઓ કરાવનાર કે તેમાં મૂર્ત્તિઓ પધરાવનારના કુટુંબના માણસોનાં નામો જ માત્ર આપેલ છે, કોઇ કોઈમાં તેના ગામનું નામ આપેલ છે. પરંતુ પ્રતિષ્ઠા કરનાર આચાર્ય કે મુનિરાજનું નામ કોઈ પણ લેખમાં આપેલું નથી. મૂલ મંદિરના લેખોમાં આપેલું હશે તેથી આ લેખોમાં નહીં આપ્યું હોય તેમ જણાય છે.

ઉપરોક્ત દેરાસર તૂટ્યા પછી શ્રી**શંખેશ્વર પાર્શ્વનાથ** પ્રભુજીની મૂર્ત્તિ કેટલાક સમય સુધી ભોંયરામાં રાખવામાં આવી હતી. મુસલમાની ફોજોનો ભય દૂર થયા પછી ભોંયરામાંથી બહાર લાવીને **મુંજપુર** કે **શંખેશ્વર**ના ઠાકોરોએ કેટલાક વખત સુધી પોતાના કબજામાં રાખી હશે અને તેઓ અમુક રકમ લીધા પછી જ યાત્રાળુઓને દર્શન કરાવતા હશે. ત્યારપછી શ્રીમાન્ **વિજયસેનસૂરિજી** મહારાજના પટ્ટધર શ્રી**વિજયદેવસૂરિજી** મહારાજના પટ્ટધર (શ્રી**વિજયસિંહસૂરિજી** મહારાજના શિષ્ય) શ્રી**વિજયપ્રભસૂરિજી** મહારાજના ઉપદેશથી, શ્રીસંઘના આગેવાનોના પ્રયાસથી યા તો કવિવર ઉપાધ્યાય શ્રી**ઉદયરત્નજી**એ કરેલી સ્તુતિથી થયેલા ચમત્કાર પછી તેમના ઉપદેશથી, શ્રી**શંખેશ્વર પાર્શ્વનાથ** પ્રભુજીની મૂર્ત્તિ શ્રીસંઘને સોંપાણી હોય તેમ જણાય છે. તે વખતે મૂળનાયકજીની આ મૂર્ત્તિને શ્રીસંઘે, નવા દેરાસરની સામેની લાઈનમાં સીપાઈઓને રહેવાનાં મકાનો છે, તેમાંના મુખ્ય ઓરડાનું બારણું નવા દેરાસરના કંપાઉંડના મુખ્ય


દરવાજાની બહાર, બજારના રસ્તા ઉપર પડે છે, તેમાં પરોણા-દાખલ સં.૧૭૫૦ની આસપાસમાં પધરાવ્યા હશે. ત્યાં કેટલાક વખત સુધી પૂજાયા બાદ નવું (વર્તમાન) મનોહર દેરાસર તૈયાર થતાં તેમાં પ્રભુજીને પધરાવવામાં આવ્યા હશે, જે હજુસુધી ભવ્ય મનુષ્યોથી ત્યાં જ પૂજાય છે અને ભક્તોના મનોરથોને પૂર્ણ કરે છે. આ વર્તમાન-નવું દેરાસર પાંચમા ઉદ્ધાર તરીકેનું સમજવાનું છે.

ઉપર્યુક્ત ચાર જીર્ણોદ્ધારો ઉપરાંત, "અંચલગચ્છીય બૃહત્ પટ્ટાવલી" ભાષાન્તર પૃ. ૮૭માં; સં. ૧૨૯૫માં થયેલા **રીડાના** પુત્ર **જીવા** શાહે શ્રી**શંખેશ્વરજી**ના જિનપ્રાસાદનો જીર્ણોદ્ધાર કરાવ્યાનું અને "ગુજરાતનાં ઐતિહાસિક સાધનો" વિભાગ ૧-૨માં **માનાજી ગંધારીયો** નામના વાણિયાએ નવ લાખ રૂપિયા ખર્ચીને શ્રી**શંખેશ્વરજી**નું દેવાલય બંધાવ્યાનું લખ્યું છે, પરંતુ આને માટે બીજા કોઈ ગ્રંથો કે શિલાલેખોનું પ્રમાણ મળેલું નહીં હોવાથી તેમ જ સંવત માટે પાકી ખાત્રી નહીં મળવાથી તેનો જીર્ણોદ્ધારોના અનુક્રમ નંબરમાં ઉલ્લેખ કર્યો નથી.

તે સિવાય, સ્તોત્રાંક ૪ ('ધનદપ્રબંધ')માં, **શંખપુર**માં **શંખરાજા**ના સમયમાં, ત્યાંના જ વતની **ધનદ** નામના શેઠે મનોહર જિનાલય કરાવી નવીન જિનબિંબોની સ્થાપના કરીને એક સુંદર બગીચો કરાવ્યાનું લખ્યું છે. પણ આ વાત કદાચ બીજા કોઇ **શંખપુર**નગર માટે હોય અથવા તો **શંખરાજા**ના સમયની વાત હોવાથી અતિ પ્રાચીન કાળની આ વાત હોય એમ જણાય છે.

તેમજ ઉપરોક્ત 'અંચલગચ્છીય બૃહત્ પટ્ટાવલી' ભાષાન્તર, પૃષ્ઠ ૨૨૭માં લખ્યું છે કે–શ્રી**મેરુતુંગસૂરિ**જીના ઉપદેશથી વિ. સં, ૧૪૬૮ના કાર્ત્તિક વદિ ૨ સોમવારે, **શંખેશ્વર**જીમાં **કડુઆ** નામના શેઠે જિનપ્રતિમાઓની પ્રતિષ્ઠા કરાવેલી છે.

આ પ્રમાણે મુખ્ય મુખ્ય ઉદ્ધારો સિવાય અહીં બીજા સૂક્ષ્મ–નાના નાના ઉદ્ધારો તથા બીજી પ્રતિમાઓનું સ્થાપન વગેરે ઘણી વાર થયું હશે, તેમજ **શંખેશ્વર** ગામમાં શ્રી **શંખેશ્વર પાર્શ્વનાથ** પ્રભુજીના દેરાસર ઉપરાંત બીજાં દેરાસરો પણ કોઇ કોઈ કાળમાં અવશ્ય બન્યાં હશે અને તે કેટલોક કાળ વિદ્યમાન રહ્યાં હશે. પરંતુ કાળક્રમે અત્યારે છેલ્લા બે–ત્રણ સૈકાથી તો શ્રી**શંખેશ્વર પાર્શ્વનાથ** પ્રભુજીની મૂર્ત્તિવાળું વર્તમાન–નવીન આ એક જ દેરાસર વિદ્યમાન છે.



શૃંગાર ચોકી—જિનમંદિરનું ભવ્ય પ્રવેશદ્વાર

મંદિર સામેની ઓસરીમાંથી લીધેલ દૃશ્ય. આમાં કોતરણીવાળા તોરણો અને સુંદર રચનાવાળું ભવ્ય મુખ્ય પ્રવેશદ્વાર દેખાય છે. જુઓ પ્રકરણ ૧૧, પૃષ્ઠ ૬૪.



દેવ દરબારની ભવ્ય ડેલી

દેવાધિદેવના દરબારમાં પ્રવેશ કરવાનુ રાજદરબાર જેવું ભવ્ય પ્રવેશદ્વાર. આ પ્રવેશદ્વારમાં થઈને જિનમંદિર, ઉપાશ્રય. કારખાનું પેઢી અને ધર્મશાળામાં જવાય છે.

વિ. સં. ૧૮૬૮ ના અહીંના એક લેખમાં, અહીંની ભમતીની દેરીઓમાંના ફૂટયા તૂટયા કામનું સમારકામ, દેરીઓની જાળીઓ અને ચોકમાં ફરસબંધી વગેરે કામ કરાવ્યાનો ઉલ્લેખ છે. સં. ૧૮૬૮માં સમારકામ કરાવવાનો વખત આવ્યો, એટલે ભમતીની દેરીઓ વગેરે સં. ૧૮૦૦ પહેલાં જરૂર બની ચૂકયું હશે એમ જણાય છે. આ દેરાસરની પ્રતિષ્ઠા થયા પછી સભામંડપો, બાવન જિનાલયની-ભમતીની દેરીઓ, ગભારા, શૃંગારચોકીઓ, શૃંગારચોકીની બહારની ઓરડીઓ, ધર્મશાળાઓ, આખા કંપાઉંડ ફરતો કોટ વગેરે ધીમે ધીમે **પાટણ-રાધનપુર**ના ગૃહસ્થો અને સમસ્ત સંઘ તરફથી સહાયતા મળતી ગઈ તેમ બનતું ગયું.

શ્રી**શંખેશ્વર પાર્શ્વનાથ** પ્રભુની મૂર્તિ તેમાં સ્થાપન કરાવીને તેમના પટ્ટધર શિષ્ય શ્રીમાન્ **વિજયરત્નસૂરિજી**એ જ તેની પ્રતિષ્ઠા વિ. સં. ૧૭૬૦ની આસપાસમાં કરી હોય તો તે બનવા યોગ્ય છે. સં. ૧૭૫૦માં ઉપાધ્યાય શ્રી**ઉદયરત્નજી** મહારાજની સ્તુતિનો ચમત્કાર થયો ત્યાંસુધી તો નવા દેરાસરનો પ્રારંભ પણ નહીં થયો હોય એમ સંભવે છે. તે (ચમત્કાર) વખતે કે ત્યારપછી મૂળ નાયકજીની મૂર્તિ સંઘને સોંપાયા પછી નવા દેરાસરનો પ્રારંભ થયો હોય. તાકીદે દેરાસરનો મૂલ ગભારો વગેરે તૈયાર કરાવીને તેમાં મૂળનાયક પ્રભુજીને પધરાવીને સં. ૧૭૬૦ની આસપાસમાં તેની પ્રતિષ્ઠા કરાવી લીધી હોય એમ જણાય છે. શ્રીમાન્ **વિજયપ્રભસૂરિજી** વિ. સં. ૧૭૪૯માં સ્વર્ગવાસી થઈ ગયા હતા, એટલે તેમના પટ્ટધર શ્રી **વિજયરત્નસૂરિજી**એ આ દેરાસરની પ્રતિષ્ઠા કરી હોય તેમ જણાય છે. કેમકે તે વખતે તેઓ વિદ્યમાન હતા અને **તપાગચ્છ**નાયક-પટ્ટધર હતા.

નવા મંદિરની રચના :—

આ નવું દેરાસર, કંપાઉંડની વચ્ચેના ભાગમાં આવેલું છે. આ દેરાસર બેઠી બાંધણીનું પણ વિશાળ અને સુંદર છે. અને તે મૂલ ગભારો, ગૂઢમંડપ, બે સભામંડપો, મૂલ ગભારાની બન્ને બાજુએ એક એક શિખરબંધી ગભારા, ભમતીમાં બાવન જિનાલયની દેરીઓ, શૃંગારચોકીઓ અને વિશાળ ચોક સહિત સુંદર બનેલું છે. (સ્તો. ૧૨૯).

તેમાં સૌથી પહેલાં મૂલ ગભારો (ગર્ભાગાર), પછી ગૂઢમંડપ, પછી ત્રણ ચોકીઓ, પછી જૂનો સભામંડપ, પછી નવો સભામંડપ, પછી છ ચોકીઓ, ત્યારપછી મુખ્ય દરવાજો, અને દરવાજા બહાર શૃંગારચોકીમાં ચાર ચોકીઓ બનેલ છે. ગૂઢમંડપની બન્ને બાજુએ એક એક ગભારો બનેલ છે. ભમતીમાં, ત્રણે બાજુની લાઈનોમાં વચ્ચે એક એક ગભારો બનેલ છે. ભમતીમાં, ત્રણે બાજુની લાઈનોમાં વચ્ચે એક એક મોટા ગભારા સાથે ૫૫ મોટી દેરીઓ, દેરી ૫૧-૫૨ ની વચ્ચેના ખૂણામાં પાદુકાની દેરી ૧ અને દરવાજા પાસે ખૂણામાં **પદ્માવતી** દેવીની નાનકડી દેરી ૧ મળીને કુલ ૫૭ દેરીઓ છે.

મૂળ ગભારા ઉપર અને ગૂઢમંડપની બન્ને બાજુના બન્ને ગભારા ઉપર એમ ત્રણ શિખરો બનેલાં છે. તેમાં મૂળ ગભારા ઉપરનું શિખર સૌથી ઊંચું છે. ભમતીના ગભારા અને દેરીઓ ઉપર મળીને કુલ ૫૯ શિખરો બનેલાં છે. તેમાં દેરીઓ ઉપરનાં શિખરો કરતાં ભમતીના ગભારાનાં ત્રણે શિખરો જરા ઊંચા છે, પણ તે મૂલ ગભારા ઉપરના

શિખર કરતાં જરા નીચાં છે. ગૂઢમંડપ અને તેની પછીના જૂના સભામંડપ ઉપર ઘુંમટને બદલે જુદા જુદા પ્રાચીન અને બેઠાઘાટનાં શિખરો છે. નવો સભામંડપ અને શૃંગાર-ચોકીઓ વગેરે ઉપર ઘુંમટો બનેલા છે.

ભમતીની દેરીઓની પાછળની લાઈનની વચ્ચેનો ગભારો બે ખંડવાળો છે.

દરેક ગભારા અને દેરીઓ ઉપર શિખર છે. તેમ જ ભમતીના દરેક ગભારા અને દેરીઓની ઓસરીની છત ઉપર એક એક શિખર પાસે એક એક ઘુંમટ છે, તથા ગૂઢ-મંડપની બન્ને બાજુના બન્ને ગભારાનાં શિખરો પાસે એકએક ઘુંમટ છે.

મુખ્ય દરવાજા (શૃંગારચોકી)ની અંદરની ત્રણ ચોકીઓ અને બહારની ચાર ચોકીઓના ઉપર સળંગ માળ કરેલો છે, અર્થાત્ તેના ઉપર મકાન છે, અને તે મકાનની છત–અગાસી ઉપર ઘુંમટ છે.

ગૂઢમંડપની બન્ને બાજુના બન્ને ગભારાની છત ઉપરથી ભમતીની બન્ને બાજુના બન્ને ગભારાની છત ઉપર જવા માટે બે પુલો બાંધેલા છે.

રાધનપુરનિવાસી શ્રીયુત **કમળશીભાઇ ગુલાબ-ચંદની** દેખરેખ નીચે ગૂઢમંડપની દીવાલોમાં સં. ૧૯૭૩ માં ઘણું જ મનોહર ચિત્રામણ કામ થયું છે. તેમાં **શ્રીપાર્શ્વનાથ** ભગવાનના દસ ભવના અને પાંચ કલ્યાણકના ભાવો સુંદર રીતે ચીતરેલા છે. ચિત્રામણ કામ કરાવીને તેના ઉપર કાચ જડી દીધેલા છે.


તેમાં આરસનું કામઃ—

બન્ને સભામંડપો બિલકુલ (સ્તંભો, દીવાલો અને ઘુંમટ શીખે) મકરાણા–આરસના બનેલા છે. પરંતુ જૂના સભામંડપના મકરાણાના ઘુંમટ ઉપર ચૂનાથી બેઠા ઘાટના શિખર જેવો આકાર બનાવીને તેના ઉપર કલઈ કરેલી છે

મૂળ મંદિરનો મૂળ ગભારો, તેની બાજુના બન્ને ગભારા અને ગૂઢમંડપની દીવાલો ઉપર, બહારથી મકરાણા-આરસની ખોળી ચડાવેલી છે. દેરીઓમાં આરસ લગાવેલો છે અને દેરીઓના સ્તંભો વગેરે ઉપર પાકી કલઈ કરાવેલી છે.

મૂળ ગભારાનો અને ગૂઢમંડપનો મુખ્ય દરવાજો એ બન્ને તદ્દન મકરાણાના અને સુંદર કોરણીયુક્ત બનેલા છે. વચ્ચે વચ્ચે રંગીન આરસના ટુકડાઓ સુંદર રીતે ગોઠવ્યા છે. એ બન્ને દરવાજાનાં કમાડો સુંદર કોરણીવાળાં અને ચાંદીના પતરાથી મઢેલાં છે. ગૂઢમંડપની બન્ને બાજુના બન્ને દરવાજા પણ ખૂબ સુંદર કોરણીવાળા અને મકરાણાના બનેલા છે. ગૂઢમંડપના ભૂતલમાં ખૂબ ભભકાબંધ રંગબેરંગી મીનાકારી કામયુક્ત આરસ જડેલો છે.


ગૂઢમંડપની બન્ને બાજુના બન્ને ગભારાના દરવાજા, બધા સ્તંભો, ઘુંમટો, પાટડા, ભીંતો તેમ જ બન્ને સભામંડપોના સ્તંભો, પાટડા, ઘુંમટો, છજા વગેરે બધું મકરાણાનું બનેલું છે. બન્ને સભામંડપોની જમીનમાં ભભકાબંધ અને મૂળ ગભરામાં, ભમતીની ઓસરીમાં તથા આખા ચોકમાં સારી રીતે આરસની લાદીઓ જડેલી છે. ભમતીના ત્રણે ગભારાના દરવાજાની બારશાખો કોરણીવાળા મકરાણાની બનેલી છે.





જિનમંદિરના બે ભવ્ય સભામંડપો

જિનમંદિરની જમણી બાજુના ચોકમાંથી લીધેલ દૃશ્ય. આમાં બે વિશાળ સભામંડપો અને આરસના કોરણીયુક્ત સ્તંભો દેખાય છે. જુઓ પ્રકરણ ૧૧, પૃષ્ઠ ૮૯.



જિનમંદિરના, શિખરો સાથેના, બન્ને સભામંડપો

જિનમંદિરની જમણી બાજુની ભમતીની છત ઉપરથી લીધેલ દૃશ્ય આમાં મૂળ ગભારો, ગૂઢમંડપ અને સભામંડપ ઉપરનાં શિખર સાથે સભામંડપ અને ચોક દેખાય છે. જુઓ પ્રકરણ ૧૧, પૃષ્ઠ ૯૯.

દેરી નં. ૨ (પદ્માવતી દેવીની દેરી)નો મુખ્ય દરવાજો ખૂબ સુંદર કોરણીદાર મકરાણાનો બનેલો છે.

ભમતીની તમામ દેરીઓની અંદર અને બહાર ભીંતોમાં પાટડા સુધી આરસ જડેલો છે. ફક્ત બધા સ્તંભો અને પાટડાથી ઉપરના ભાગમાં ચૂનાની કલઈ કરાવેલ છે.

તેમાં થયેલું નવું કામ :—

મૂળ ગભારો બાજુના બન્ને ગભારા અને ગૂઢમંડપની દીવાલો ઉપર બહારના ભાગમાં આરસ–મકરાણાની ખોળી; જૂના સભામંડપની પાસે બીજો નવો સભામંડપ; દેરીઓમાં, ભીંતોમાં અને ચોકમાં આરસ ચોડવાનું, ગૂઢમંડપમાં મનોહર ચિત્રકામ વગેરે કામો સં. ૧૯૭૦ થી ૧૯૮૦ સુધીમાં થયેલ છે. અત્યારે આ જિનાલય સાક્ષાત્ દેવવિમાન જેવું શોભી રહ્યું છે.

તેના શિલાલેખો:—

આ દેરાસરમાંથી મૂર્ત્તિઓ, કાઉસ્સગ્ગીયા, પરિકરની ગાદીઓ, પટ્ટો, ધાતુની મૂર્ત્તિઓ, પાદુકાઓ અને દીવાલો-માંના મળીને કુલ પચીશ શિલાલેખો મલ્યા છે, તેમાં સૌથી જૂનામાં જૂનો વિ. સં. ૧૨૧૪ નો અને સૌથી નવામાં નવો સં. ૧૯૧૬ નો છે. એ બધા લેખો પરિશિષ્ટ નં. ૧ માં ગુજરાતી ભાષાન્તર સાથે આપ્યા છે. દેરી નં. ૫૧–૫૨ વચ્ચેના ખૂણાની દેરીની અંદરની નાની દેરીમાં બે પાદુકાપટ્ટ છે. તે વિષમ સ્થાનમાં અને અંધારામાં હોવા છતાં ઘણા પ્રયાસે એ બન્ને પરના લેખો ઉતારી લીધા છે, પરંતુ એ નાની દેરીની બહાર બીજા આઠ પાદુકાપટ્ટો છે, તેના ઉપર થોડા


થોડા અક્ષરો ખોદેલા છે પણ તે ઘણા ઘસાઇ ગયેલા હોવાથી અને નિરુપયોગી જણાવાથી ઉતાર્યા નથી.

ધાતુની એક મોટી પ્રાચીન એકલ મૂર્ત્તિની બેઠક પર લેખ ખોદેલો છે, પરંતુ તે ચૂના–સીમેંટમાં દબાયેલો હોવાથી ઉતારી શકાયો નથી.

શૃંગારચોકીની બહાર :—


શૃંગારચોકીની પાસે (મુખ્ય દરવાજાની બહાર) બન્ને તરફ દલાણ (ખુલ્લી ઓશરીઓ) બનેલી છે, તે બન્નેને છેડે એક એક ઓરડી બનેલી છે, તેમાંની એકમાં પૂજાનાં કપડાં અને બીજીમાં કેશર–સુખડ ઉતારવાનું રહે છે.

શૃંગારચોકીની સામે એક પાકું (પત્થરનું) દલાણ બનેલ છે. તેની અંદરના ભાગમાં ઓરડીઓ બનેલી છે, જેમાં હાલ કારખાનાના સીપાઈઓ રહે છે. તે ઓરડીઓમાં જવાના બારણાની બારશાખનો ઉંબરો દેરાસરનો છે અને તેનું એક બારણું કંપાઉંડના મુખ્ય દરવાજા બહાર રસ્તા ઉપર પડે છે, તેની બારશાખ તેમજ ઉંબરો દેરાસરનાં જ છે. એટલે નવું દેરાસર બન્યા પહેલાં મૂળ નાયક શ્રીશંખેશ્વર **પાર્શ્વનાથ** પ્રભુજીને થોડાંક વર્ષો સુધી અહીં પધરાવ્યા હશે એમ જણાય છે.



જિનમંદિરની વિશાળ ભમતી

દિરની ડાબી બાજુની ભમતીની દેરીઓ અને તેના શિખરોનાં [illegible]



શ્રી ભીડભંજન પાર્શ્વનાથ [ડાબી બાજુના ગભારામાંના કાઉસગ્ગિયા સાથેની ભવ્ય જિનપ્રતિમા. જુઓ પ્ર. ૧૨ પૃ. ૯૯.]

પ્રકરણ બારમું : મૂર્ત્તિસંખ્યા અને વિશેષ હકીકત

ગર્ભાગાર (મૂળ ગભારો):—

મૂળ ગભારામાં મૂળનાયક શ્રી**શંખેશ્વર પાર્શ્વનાથ** પ્રભુજીની મોટી, ભવ્ય અને રમણીય મૂર્ત્તિ ૧ આરસના પંચતીર્થીના પરિકર સહિત છે. પરિકર સુંદર છે. મૂળનાયકજીની મૂર્ત્તિ પર લેપ થયેલ છે. પરિકરના બન્ને કાઉસગ્ગીયાની ગાદી પર વિ. સં. ૧૯૬૬ના લેખો છે. એટલે આ પરિકરની વિ. સં. ૧૯૬૬ના પોષ વદિ ૮ને શનિવારે **અમદાવાદ**માં પ્રતિષ્ઠા થઇ છે. ત્યાર પછી તેને અહીં સ્થાપન કરવામાં આવ્યું છે. મૂળનાયકજીની મૂર્ત્તિની બેઠક કે પરિકરની ગાદી પર લેખ નથી. તથા ધાતુના પંચતીર્થીના પરિકરમાં વચ્ચે મૂળનાયકજી તરીકે સફેદ સ્ફટિકરત્નની મૂર્ત્તિ ૧ છે.

બન્ને ગભારા:—

જમણી બાજુના ગભારામાં મૂળનાયકજી તરીકે ભીડભંજન **પાર્શ્વનાથ** પ્રભુજીની (સ્તો. ૧૨૯) મનોહર મોટી મૂર્ત્તિ ૧ છે, તેમની બન્ને બાજુએ સફેદ આરસના લગભગ ચાર ચાર ફુટ ઊંચા, મનોહર શ્રી**નેમિનાથ** અને શ્રી**આદિનાથ**ના એક એક કાઉસગ્ગીયા (ઊભી મૂર્ત્તિ) છે. પ્રત્યેક કાઉસગ્ગીયામાં ભગવાનની ૧૧-૧૧ બીજી મૂર્તિઓ કોતરેલી છે. એટલે બન્ને મળીને એક ચોવીશી ગણાય. તે બન્ને કાઉસગ્ગીયાની ગાદી પર વિ. સં. ૧૩૨૬ માઘ વદિ ૨ રવિવારના લેખો છે.

ડાબી બાજુના ગભારામાં મૂળનાયક શ્રી**અજિતનાથ** પ્રભુજી વગેરેની આરસની મનોહર મૂર્તિઓ ૩ છે.


દેવકુલિકાઓ–દેરીઓ:—

દેરી નં. ૧ માં વર્તમાન જિન–માતૃચોવીશીનો પટ્ટ ૧ છે, તેના પર વર્તમાન ચોવીશીની જિન–માતાઓનાં નામો લખેલાં છે. તે પટ્ટની ડાબી બાજુમાં **પદ્માવતી** દેવીની ખંડિત મૂર્ત્તિ ૧ અને જમણી બાજુમાં યક્ષની ખંડિત મૂર્ત્તિ ૧ છે.

દેરી નં. ૨. આ **પદ્માવતી** દેવીની દેરી છે, તેમાં વચ્ચે મુખ્ય સ્થાને શ્રી**પદ્માવતી** દેવીની આશરે ૧।। ફુટ ઊંચી મનોહર મૂર્તિ ૧ છે, તેને માથે સર્પની ફણા છે, તેના ઉપર ભગવાનની એક નાની મૂર્ત્તિ કોતરેલી છે. દેવીની બન્ને બાજુએ સાતમા **માતંગ** યક્ષની એક એક મૂર્ત્તિ છે. કુલ મૂર્ત્તિઓ ૩ છે.

દેરી નં. ૩ માં વર્તમાનકાળની જિન–ચોવીશીનો પટ્ટ ૧ છે, (તેમાં ઉપરથી ચાર મૂર્ત્તિઓ ઓછી છે.) અને પરિકરમાંથી છૂટા પડેલા સફેદ આરસના લગભગ ૨।। ફુટ ઊંચા એક જોડીના જ કાઉસગ્ગીયા બે છે.

દેરી નં. ૪ માં મૂળનાયક શ્રી**આદીશ્વર** ભગવાનની પરિકરયુક્ત આરસની મૂર્ત્તિ ૧ છે, તેના પરિકરમાં બીજી ૨૩ જિનમૂર્ત્તિઓ સુંદર રીતે ગોઠવીને કોતરેલી છે. એટલે આ એક ચોવીશીનો પટ્ટ કહી શકાય. તેની બેઠક પર સંવત્ વિનાનો શ્રાવક જાલ્હાનો લેખ છે. તે સિવાય એક ફુટ ઊંચા કાઉસ્સગ્ગીયા ૧ અને પગલાં જોડી ૩ છે.




શ્રી પદ્માવતી દેવી

ભમતીની ગોખ નંબરની દેરીમાં રહેલ શ્રી પાર્શ્વનાથ
પ્રભુની અધિષ્ઠાયિકા દેવીની મૂર્તિ. જુઓ પ્ર. [illegible], પૃ. [illegible].



ગૂઢમંડપના પ્રવેશદ્વારની કળામય બારશાખ



પદ્માવતી માતાની દેરીના કોરણીયુક્ત બારશાખ

દેરી નં. ૫ માં મૂળનાયક **શ્રીસુપાર્શ્વનાથ** ભગવાન વગેરે જિનબિંબ ૨ છે, અને મૂળનાયકજીની ડાબી બાજુમાં નાના ચૌમુખજી ૧ છે.

દેરી નં. ૬ માં મૂળનાયક **શ્રીશ્રેયાંસનાથ** ભગવાન વગેરે જિનબિંબ ૩ છે.

દેરી નં. ૭માં મૂ. ના. **શ્રીસુપાર્શ્વનાથ** ભ. વગેરે જિનબિંબ ૨ છે.

,,	,,	૮	,,	,,	**શ્રીઋષભદેવ** ભ.	નું	,,	૧ ,,
,,	,,	૯	,,	,,	**શ્રીનેમિનાથ** ભ.	,,	,,	૧ ,,
,,	,,	૧૦	,,	,,	**શ્રીઅનંતનાથ** ,,	,,	,,	૧ ,,
,,	,,	૧૧	,,	,,	**શ્રીપાર્શ્વનાથ** ,,	,,	,,	૧ ,,
,,	,,	૧૨	,,	,,	**શ્રીકુંથુંનાથ** ,,	વગેરે	,,	૩ ,,
,,	,,	૧૩	,,	,,	**શ્રીવિમલનાથ** ,,	નું	,,	૧ ,,

(લાંછન સ્પષ્ટ નથી.)

,,	,,	૧૪	,,	,,	**શ્રીપાર્શ્વનાથ** ,,	,,	,,	૧ ,,
,,	,,	૧૫	(ગભારા)માં મૂ. ના. જી			વગેરે	,,	૩ ,,

(મૂળનાયકજીનું લાંછન સાવ ઘસાઈ ગયું છે, તખ્તીમાં **શાંતિનાથજી** લખેલ છે.)

,,	,,	૧૬	,,	,,જી	શ્રી...........	વગેરે	,,	૩ ,,

(મૂળનાયકજીનું લાંછન સાવ ઘસાઈ ગયું છે, તખ્તીમાં મૂળનાયક **શ્રીધર્મનાથજી** લખેલ છે, પરંતુ **શ્રીધર્મનાથજી** તો મૂળનાયકજીથી ડાબી બાજુમાં છે.)

દેરી નં. ૧૭માં મૂ.ના. **શ્રીશાંતિનાથજી** ભ.ની જિનમૂર્ત્તિ ૧ છે.

,,	,,	૧૮	,,	,,	,,	,, વગેરે	,,	૩ છે.

મૂળનાયકજીની ડાબી બાજુની મૂર્ત્તિ પરિકર સહિત છે. મૂર્ત્તિ અને પરિકર એક જ પાષાણમાં બનેલ છે.

દેરી	નં.	૧૯માં	મૂ.ના.	**શ્રીશાંતિનાથ** ભ.	વગેરે	જિનબિંબ	૩	છે.
”	”	૨૦	” ”	**શ્રીનેમિનાથ** ”	નું	”	૧	છે.
”	”	૨૧	” ”	”	” ”	”	૧	છે.
”	”	૨૨	” ”	**શ્રીઋષભદેવ**	” ”	”	૧	છે.

દેરી નં. ૨૩માં મૂળનાયક **શ્રીઅજિતનાથ** ભગવાનની પીળા આરસની મૂર્ત્તિ ૧ છે.

દેરી નં. ૨૪માં મૂ. ના. **શ્રીમહાવીર** પ્રભુની મૂર્ત્તિ ૧ છે.

દેરી નં. ૨૫ માં મૂ. ના. **શ્રીનેમિનાથ** પ્રભુજી વગેરે-ની શ્યામ આરસની જિનમૂર્ત્તિઓ ૩ છે.

દેરી નં. ૨૬માં મૂ. ના. **શ્રીમહાવીરસ્વામીજી** વગેરે જિનબિંબ ૩ છે.

દેરી નં. ૨૭ માં મૂ. ના. **શ્રીઆદિનાથ** ભગવાન વગેરે જિનબિંબ ૩ છે.

દેરી નં. ૨૮ (પાછળના ગભારા)માં મૂ. ના. **શ્રી નેમિનાથ** પ્રભુની શ્યામ આરસની મોટી મૂર્ત્તિ ૧ અને **શ્રીઆદિનાથજી** તથા **શ્રીશાંતિનાથજી**ની સફેદ આરસની મૂર્ત્તિઓ ૨ (કુલ મૂર્ત્તિઓ ૩) છે.

દેરી નં. ૨૯ માં મૂ. ના. **શ્રીઅજિતનાથ** પ્રભુજી વગેરે જિનબિંબ ૩ છે. મૂળનાયકજીના બન્ને ખભા ઉપર ચોટીના જેવું નિશાન છે.

દેરી નં. ૩૦ માં મૂ. ના. શ્રી......................વગેરે જિનબિંબ ૩ છે.

(મૂળનાયકજીનું લાંછન સાવ ઘસાઇ ગયું છે. તેથી નામ નક્કી થઇ શકયું નથી. તખ્તીમાં **રીખવદેવજી** લખેલ છે.)

દેરી નં. ૩૧માં મૂ.ના. **શ્રીશ્રેયાંસનાથ** ભ. વગેરે જિનબિંબ ૩ છે.
" " ૩૨ " " **શ્રીશાંતિનાથ** " નું " ૧ છે.
" " ૩૩ " " **શ્રીસુવિધિનાથ** " વગેરે " ૩ છે.
" " ૩૪ " " **શ્રીઆદીશ્વર** " " " ૩ છે.

મૂળનાયકજીની બન્ને બાજુની બન્ને નાની મૂર્ત્તિઓ પરિકર સહિત છે. આખું પરિકર અને મૂર્ત્તિ એક જ પાષાણમાં ઘડાયેલ છે. તેમાંની જમણી બાજુની મૂર્ત્તિના પરિકરની ગાદી પર સં. ૧૩૨૬ માઘ વદિ ૨ રવિનો લેખ છે.

દેરી નં. ૩૫ માં મૂ. ના. **શ્રીમહાવીરસ્વામીની** મૂર્ત્તિ ૧ છે.

દેરી નં. ૩૬ માં મૂ. ના. શ્રી....................ની મૂર્ત્તિ ૧ છે, (મૂ. ના. જીનું લાંછન ઘસાઈ ગયું છે, સ્પષ્ટ નથી. આરસની તખ્તીમાં **રીખવદેવજી** લખેલ છે.) અને ધાતુની લાંછન વિનાની એકલ મૂર્તિ ૧ છે, તેની પાછળ લેખ છે, પણ બધો ચૂનામાં દટાઈ ગયો છે. (કુલ મૂર્ત્તિ ૨)

દેરી નં. ૩૭માં મૂ. ના. **શ્રીશાંતિનાથ** ભ. વગેરે જિનબિંબ ૩ છે.
" " ૩૮માં " **શ્રીકુંથુનાથ** " નું " ૧ છે.
" " ૩૯માં " **શ્રીઅનંતનાથ** " " " ૧ છે.
" " ૪૦માં " **શ્રીશાંતિનાથ** " વગેરે " ૩ છે.
" " ૪૧ (ગભારા)માં મૂ. ના. શ્રી...." " " ૩ છે.
" " (મૂ. ના. જીનું લાંછન ઘસાઇ ગયું છે–સ્પષ્ટ નથી. તખ્તીમાં **શ્રીઅરનાથ** ભ. લખેલ છે.)

દેરી નં. ૪૨ માં મૂ. ના. શ્રી....................ભ. ની મૂર્ત્તિ ૧ છે. (લાંછન સ્પષ્ટ નથી. તખ્તીમાં **શ્રીમહાવીર** પ્રભુ લખેલ છે.)

દેરી નં. ૪૩ માં મૂ.ના. **શ્રીશાંતિનાથ** ભ. ની મૂર્ત્તિ ૧ છે.
" " ૪૪ " " **શ્રીપાર્શ્વનાથ** ભ. ની " ૧ છે.
દેરી નં. ૪૫માં મૂ. ના. **શ્રીઅજિતનાથ** ભ. નું જિનબિંબ ૧ છે.
" " ૪૬ " " **શ્રીસુપાર્શ્વનાથ** વગેરે " " ૩ "
" " ૪૭ " " **શ્રીપાર્શ્વનાથ** " " " ૩ "
" " ૪૮ " " **શ્રીસુમતિનાથ** " " " ૩ "
" " ૪૯ " " **શ્રીધર્મનાથ** " " " ૧ "

(લાંછન સ્પષ્ટ નથી, પરંતુ વજ્ર જણાય છે. તખ્તીમાં **સુવિધિનાથજી** લખેલ છે.) મૂ. ના. જીની બન્ને બાજુએ પરિકરની ઉપરના ભાગનો એક એક ટુકડો જુદો જુદો સ્થાપન કરેલ છે. તે બન્નેમાં ભગવાનની બેઠી એક એક મૂર્ત્તિ કોતરેલી છે.

દેરી નં. ૫૦માં મૂળનાયક **શ્રીઅનંતનાથ** ભગવાન વગેરે જિનબિંબ બે છે. (મૂ. ના. જીનું લાંછન સ્પષ્ટ નથી, મયૂરની આકૃતિ જેવું ક્રૌંચનું લાંછન હોય તેમ જણાય છે. તખ્તીમાં **સુમતિનાથજી** લખેલ છે.)

દેરી નં. ૫૧ માં મૂ. ના. **શ્રીચંદ્રપ્રભ** વગેરે જિનબિંબ ૩ છે.

દેરી નં. ૫૨માં મૂ. ના. જી તરીકે સમવસરણના આકારનો ચૌમુખજીની આકૃતિવાળો જિન-ચોવીશીનો પટ્ટ ૧ છે. આ ચોવીશીપટ્ટની નીચેની ચારે તરફની લાઇનમાં

આચાર્ય મહારાજ, સ્થાપનાચાર્ય, વ્યાખ્યાનસભા, શ્રાવક–શ્રાવિકાઓ ફુલની માળાઓ હાથમાં લઇને હાથ જોડીને ઊભા ઊભા પ્રભુજી પાસે ભાવના કરતા હોય વગેરેનું સુંદર દૃશ્ય ખોદેલ છે. ઉપરોક્ત ચોવીશીના પટ્ટપર લેખ છે, પણ વંચાતો નથી. આ પટ્ટની બન્ને બાજુએ એક એક ચૌમુખજી છે.

દેરી નં. ૫૩ માં મૂ. ના. જી તરીકે જિન–ચોવીશીનો પટ્ટ ૧ છે. તેના ઉપર વિ. સં. ૧૪૨૮ વૈશાખ વદિ ૨ સોમનો લેખ છે. તેની જમણી બાજુમાં પરિકરમાંથી છૂટા પડી ગયેલા લગભગ ત્રણ ફુટ ઊંચા સફેદ આરસના કાઉસ્સગ્ગીયા ૧ છે. તેની બાજુમાં ચોવીશીના પટ્ટમાંથી છૂટી પડી ગયેલ બેઠેલી જિનમૂર્ત્તિઓ ૮ છે. ડાબી બાજુમાં લગભગ ૧ાા–૨ ફુટ ઊંચા પણ જરા નાના–મોટા, શ્યામ આરસના કાઉસગ્ગીયા ૨ છે અને તેની પાસે સફેદ આરસના આશરે ૭ ઇંચ ઊંચા કાઉસગ્ગીયા ૧ છે.

દેરી નં૦ ૫૪માં વચ્ચે મૂળનાયકજીના સ્થાનપર શ્રી **પદ્માવતી** દેવીની આશરે ૧ાા ફુટ ઊંચી મનોહર મૂર્ત્તિ છે. તેના મસ્તક પર સર્પની ફણા અને તેના ઉપર તથા બન્ને પડખે મળીને ભગવાનની નાની બેઠેલી મૂર્ત્તિઓ ત્રણ કોતરેલી છે. **પદ્માવતી** દેવીની બન્ને બાજુમાં ૧૧મી **શ્રીવત્સા–માનવી** નામની દેવીની આશરે ૧ાા ફુટ ઊંચી એક એક મૂર્ત્તિ છે. એ પ્રમાણે આ દેરામાં દેવીઓની મૂર્ત્તિઓ ૩ છે.

દેરી નં. ૫૫માં વર્તમાનકાળની જિન–માતૃચોવીશીનો પટ્ટ ૧ છે. પટ્ટમાં ચોવીશે માતાઓનાં નામો લખેલાં છે

તેમજ તેમાં વિ. સં. ૧૨૩૮નો લેખ છે. તે સિવાય **અંબિકાદેવીની** મૂર્ત્તિઓ ૨ અને શ્યામવર્ણવાળા યક્ષની મૂર્ત્તિ ૧ છે.

દેરી નં. ૫૬ (મુખ્ય દરવાજા પાસેની **પદ્માવતી** દેવીની સાવ નાની દેરી)માં શ્રી **પદ્માવતી** દેવીની મૂર્ત્તિ ૧ છે. તેને માથે સર્પની ફણા અને તેના ઉપર ભગવાનની બેઠેલી મૂર્ત્તિ ૧ કોતરેલી છે. આ મૂર્ત્તિ પર સં. ૧૮૩૦નો લેખ છે. તેની આગળ શ્રી**શંખેશ્વર પાર્શ્વનાથ** પ્રભુની પાદુકા જોડી ૧ છે.

દેરી નં. ૫૧–૫૨ ની વચ્ચેની ખૂણાની દેરીમાં એક નાની દેરી બનેલી છે. તેની અંદર પગલાં જોડી ૨ છે. તેની ઉપર વિ. સં. ૧૭૯૪નો લેખ છે, તેમાં કરાવનારનું નામ છે, પણ કોનાં પગલાં છે? તે લખ્યું નથી. પણ તે શ્રી**શંખેશ્વર પાર્શ્વનાથ** પ્રભુજીનાં પગલાં હોય એમ લાગે છે. આ નાની દેરીની બહાર પગલાં જોડી ૮ છે, તેના પર થોડા થોડા અક્ષરો ખોદેલા છે, પણ તે બરાબર વંચાતા નથી. આ પાદુકાઓ આચાર્યો, મુનિઓ કે યતિઓની હશે એમ જણાય છે. દેરીમાં કુલ પગલાં જોડી ૧૦ છે.

દેરી નં૦ ૫, ૩૩ અને ૫૦ મીમાં એકએક જિનમૂર્ત્તિ ખારા પત્થરની બનેલી છે અને તેના ઉપર ચૂનાથી કલઇ કરેલી છે.

આ દેરાસરમાં અત્યારે કુલ મૂર્ત્તિઓ આ પ્રમાણે છેઃ–

૧ મૂ. ના. શ્રી**શંખેશ્વર પાર્શ્વનાથ** પ્રભુજીની પરિકરવાળી મૂર્ત્તિ–૧

२ આરસની પરિકરવાળી જિનમૂર્ત્તિઓ–૩
૩ „ પરિકર વિનાની „ „ –૯૨
૪ „ નાના–મોટા કાઉસગ્ગીયા–૯
૫ „ જિન-ચોવીશીના પટ્ટો–૩
૬ „ સમવસરણના આકારનો જિન–ચોવીશીનો પટ્ટ-૧
૭ „ જિન–માતૃચોવીશીના પટ્ટો-૨
૮ ધાતુના પરિકરવાળી સફેદ સ્ફટિકની જિનમૂર્ત્તિ–૧
૯ ધાતુની મોટી એકલ મૂર્ત્તિ–૧
૧૦ ધાતુની ચોવીશી, પંચતીર્થી વગેરે નાની મૂર્ત્તિઓ–૨૦
૧૧ ખારા પત્થરની–ચૂનાની કલઇ કરેલી જિનમૂર્ત્તિઓ–૩
૧૨ આરસના ચૌમુખજી–૩
૧૩ „ ચોવીશીના પટ્ટમાંથી છૂટી પડી ગયેલી બેઠી આકૃતિની જિનમૂર્ત્તિઓ–૮
૧૪ „ પરિકરના ઉપલા ભાગના ટુકડા–૨
૧૫ „ **શંખેશ્વર પાર્શ્વનાથ** પ્રભુજીનાં પગલાં જોડી–૩
૧૬ આરસનાં પગલાં જોડી–૧૧
૧૭ „ ની (સાતમા) **માતંગ** યક્ષની મૂર્ત્તિઓ–૨
૧૮ „ યક્ષની મૂર્ત્તિ–૧
૧૯ „ „ ખંડિત મૂર્ત્તિ–૧
૨૦ „ **પદ્માવતી** દેવીની મૂર્તિઓ–૩
૨૧ „ „ „ ખંડિત મૂર્ત્તિ–૧
૨૨ „ **અંબિકા**દેવીની મૂર્ત્તિઓ–૨
૨૩ „ (૧૧ મી) **શ્રીવત્સા–માનવી**દેવીની મૂર્ત્તિઓ–૨

ઉપર પ્રમાણે મૂળનાયકજીની મૂર્ત્તિ ૧, પરિકરવાળી બીજી મૂર્તિ ૩, પરિકર વિનાની મૂર્ત્તિ ૯૨, ખારા પત્થરની મૂર્ત્તિ ૩, કાઉસગ્ગીયા ૯, સ્ફટિકની મૂર્ત્તિ ૧, ધાતુની મૂર્ત્તિઓ ૨૧ અને ત્રણ ચૌમુખજીની મૂર્ત્તિઓ ૧૨ ગણતાં અત્યારે કુલ ૧૪૨ જિનમૂર્ત્તિઓ અહીં બિરાજમાન–વિદ્યમાન છે. જ્યારે પં૦ **મહિમા૦** એ વિ. સં. ૧૭૨૨માં રચેલ 'ચૈત્યપરિપાટી 'ની ઢાળ ૧, કડી ૫—૬ માં પણ **શ્રીશંખેશ્વરજી**માં પૂર્વના દેરાસરમાં ૧૪૨ જિનબિંબ હોવાનું લખ્યું છે (જુઓ સ્તોત્રાંક ૧૪૦). પરંતુ સં. ૧૭૨૨માં જે જે જિનમૂર્ત્તિઓ અહીં હતી એ બધીય અત્યારે પણ અહીં જ હશે, એમ માની ન શકાય, એમાં થોડી ઘણી ફેરબદલી પણ કદાચ થઇ હશે જ. અર્થાત્ અહીંની કોઇ મૂર્તિ બહારગામ ગઈ હોય અને બહારગામથી કોઈ મૂર્ત્તિ અહીં આવી હોય એ બનવા યોગ્ય છે.

પ્રકરણ તેરમું : ધર્મશાલા અને બીજાં મકાનો

અહીં શ્રી **શંખેશ્વરજી**માં નાની-મોટી મળીને કુલ ૬ જૈન ધર્મશાલાઓ છે:-

૧ ગઢવાળી નામથી ઓળખાતી (નવા દેરાસર પાસેની) મોટી ધર્મશાલા.

૨ નવા દેરાસરથી દક્ષિણ દિશામાં ધર્મશાલાની ઓરડીઓની એક લાઈન છે તે 'પંચાસરવાળા'ની ધર્મશાલા કહેવાય છે.

૩ ટાંકાવાળી, આની અંદર પાણીનું ટાંકું હોવાથી આ 'ટાંકાવાળી' કહેવાય છે.

૪ નવા દેરાસરની સામેની.

૫ જેમાં હાલ ભોજનશાલા ચાલે છે તે.

૬ ગામના ઝાંપામાં નવી થયેલી છે તે. (શેઠ **મોતીલાલ મૂળજી** હસ્તકની.)

આમાંની પ્રથમની પાંચ ધર્મશાલાઓ આ તીર્થનો વહીવટ કરનાર **શેઠ જીવણદાસ ગોડીદાસ**ની પેઢી (શંખેશ્વરજી કારખાના) ને તાબે છે, જ્યારે છેલ્લી ધર્મશાલાનો વહીવટ જુદો છે. તે ધર્મશાલાઓની વિશેષ માહિતી આ પ્રમાણે છે:—

(૧-૨) શ્રી **શંખેશ્વર પાર્શ્વ**પ્રભુજીના આ નવા દેરાસરની પ્રતિષ્ઠા સં. ૧૭૬૦ની આસપાસમાં થઈ હતી. લગભગ

તે સમયમાં જ આ 'ગઢવાળી' નામની ધર્મશાલા બનવા લાગી ગઇ હશે. ધીમે ધીમે થોડાં વર્ષોમાં આ નવા દેરાસરની ચારે તરફ ફરતી ધર્મશાલાની ઓરડીઓની લાઇનો બની ગઇ હતી. ઉત્તર તરફની ઓરડીઓની પછવાડે જમણવાર કરવાનો મોટો વંડો હતો.

દેરાસરથી ઉત્તર, પશ્ચિમ અને દક્ષિણ દિશા તરફની ધર્મશાલાની ત્રણે લાઈનોની ઓરડીઓ દેરાસરથી બહુ જ નજીક હોઈ આશાતના થતી હતી અને રથયાત્રા વખતે રથ ફેરવવામાં બહુ અડચણ પડતી હતી. તેથી છેલ્લાં ૨૫–૩૦ વર્ષની અંદર ધીરે ધીરે તેમાં સુધારો થતો ગયો. દેરાસરની પછવાડેની (પશ્ચિમ તરફની) ધર્મશાલાની ઓરડીઓની આખી લાઇન કાઢી નાખીને રથયાત્રા માટે નવો રસ્તો મોટો કર્યો. ઉત્તર દિશા તરફની ઓરડીઓની લાઇન કાઢી નાંખીને રસ્તો પહોળો કરીને નવી ઓરડીઓ બનાવીને તેનાં બારણાં જમણવારના વંડામાં મૂક્યાં.

આ દેરાસરથી દક્ષિણ દિશા તરફની ઓરડીઓની લાઈન 'પંચાસરવાળા'ની ધર્મશાલા કહેવાય છે. તેની ઓરડીઓ ઊંડી અને ઓશરી પહોળી હતી, તેને કાઢી નાંખીને રસ્તો પહોળો કરીને દેરાસરથી જરા છેટે ઓસરીબંધ ઓરડીઓની લાઈન નવેસરથી બંધાવી. આ લાઇન પૂરી થયા પછી તેની પાસેના ગઢના એક કોઠાની પાસે મેડીબંધ એક મકાન હજી સુધી જૂનું રહી ગયું હતું, કે જે ઘાસ–ચારો વગેરે ભરવાના ઉપયોગમાં લેવાતું હતું, તેને પણ પાડી નાખીને તે જગ્યાએ નીચે ચાર ઓરડા તથા ઉપર

ત્રણ ઓરડા અને અગાસી યુક્ત સુંદર પાકું મકાન કારખાના તરફથી આ વર્ષમાં (૧૯૯૭ માં) બંધાવી લેવામાં આવ્યું છે.

જમણવારનો જે વંડો હતો, તેમાં વચ્ચે બહુ વિશાળ ચોક રાખીને તેની ચારે બાજુ ધર્મશાલા તરીકે ઓરડી-ઓની લાઇનો દશેક વર્ષ પહેલાં બનાવી લીધેલ છે. આ નવી ધર્મશાલામાં યાત્રાળુઓને ઊતરવાની સગવડ સારી થઈ છે. દેરાસરથી જરા દૂર હોવાથી આશાતનાનો સંભવ પણ નથી. તેમાં ચોક વિશાળ હોઈ અને તેમાં વચ્ચે વૃક્ષો હોવા સાથે તેમાં પાણીનો પંપ મૂકાવેલો હોવાથી યાત્રાળુઓને સારી રીતે આરામ અને શાંતિ મળે તેવી આ ધર્મશાલા થઈ છે.

આ દેરાસરનો મુખ્ય દરવાજો અને તેની સામેની (પૂર્વ દિશા તરફની) ધર્મશાલાની વચ્ચે પહેલાં આમરસ્તો-રાજમાર્ગ હતો. પંચાસરવાળાની ધર્મશાલાની પછવાડેની શેરીમાંથી, નગારખાનાની નીચેની ખડકીવાળા સ્થાને થઇને દેરાસરના મુખ્ય દરવાજા પાસે થઈને બજારમાં જવાનો રસ્તો હતો. તે વખતે આ દેરાસરના કંપાઉન્ડનો મુખ્ય–મોટો–ઉગમણો દરવાજો જે બજારના રસ્તા ઉપર છે તે નહોતો–એ બજારમાં જવાનો રસ્તો હતો. પછી તે જગ્યા રાજ્ય પાસેથી વેચાતી ખરીદી લઇને સં. ૧૮૬૭ માં તે રસ્તો બન્ને તરફથી બંધ કરીને નગારખાનાની નીચે ખડકી–મોટી–ડેલી મૂકીને તેના ઉપર સં. ૧૮૬૭ માં નગારખાનું બંધાવ્યું, જ્યાં હમેશાં–કાયમ ખાતે ચોઘડિયાં વાગે છે, અને બજારના રસ્તા ઉપર મોટો દરવાજો મૂકી કમ્પાઉન્ડનો પાકો કબજો લીધો. કમ્પાઉન્ડના આ મુખ્ય દરવાજાની અંદર બન્ને તરફ દલાણો

(ઓસરી) બનેલાં છે, જેમાં ચોકીદારો–સીપાઇઓ બેસે છે અને ત્યાં ચોકીદારો રાત–દિવસ ઘડીઆળના ડંકા વગાડે છે.

આ આખા કમ્પાઉન્ડ ફરતો મજબુત કિલ્લો છે, તેને પણ લગભગ આ દેરાસરની સાથે સાથે બાંધવાનો શરૂ કરીને સં. ૧૮૬૭ માં નવી જમીન ખરીદ્યા પછી સં. ૧૮૭૪ માં આ કોટને પૂરો કર્યો હશે એમ જણાય છે. કેમકે દક્ષિણ દિશા તરફના ગઢના, પંચાસરવાળાની ધર્મશાલા પૂરી થાય છે તેની પાસેના, કોઠાની બહારની–રાજમાર્ગ તરફની દીવાલમાં ' સં. ૧૮૭૪ ના માગશર સુદિ ૨ ' એ પ્રમાણે લખેલ છે. (જુઓ પરિશિષ્ટ પહેલું, લેખાંક–૬૧).

(૩) નવા દેરાસરની સામેની લાઈનમાં ખૂણામાં (નગારખાનાની બાજુમાં) ' ટાંકાવાળી ' ધર્મશાલા આવેલી છે. નીચી ખડકીમાં થઇને અંદર જવાય છે. આ ધર્મશાલા પત્થરની પાકી–મજબૂત બનેલી છે. બીજી ધર્મશાલાઓ કરતાં આ સૌથી જૂની હોય તેમ લાગે છે. આની અંદર પાણીનું ટાંકુ હોવાથી આ ' ટાંકાવાળી ' ધર્મશાળા કહેવાય છે. દેરાસરમાં પ્રક્ષાલ વગેરે દરેક કાર્ય માટે આ ટાંકાનું જ પાણી વપરાય છે, અને તે બાર માસ બરાબર પહોંચે છે. સખ્ત દુષ્કાળવાળા વરસમાં કદાચ ૪–૬ મહીના બહારથી પાણી લાવવું પડે છે. આ ધર્મશાળાની અંદર જવાના રસ્તાનાં બારણાં નાનાં–બારીઓ જેવાં છે. તેનું એક બારણું જૂના દેરાસર તરફ જવાના રાજમાર્ગ ઉપર પડે છે. તે બારણાની બહારની ડાબી બાજુની દીવાલમાં વિ. સં. ૧૮૩૬ નો લેખ છે, (લેખ નં. ૫૯) અને બીજું બારણું,

નગારખાના નીચેની ડેલીની પાસે પડે છે, તેમાંથી નવા દેરાસરના કમ્પાઉન્ડમાં જવાય છે. આ બારણામાંથી અંદર જતાં બારણાની ઉપરની ભીંતમાં વિ. સં. ૧૮૫૪નો લેખ છે. (લેખ નં. ૬૦). આ બન્ને લેખો પરથી જણાય છે કે—આ ધર્મશાલા સમસ્ત સંઘે રાજ્ય પાસેથી જમીન અઘાટ વેચાણ લઈને **રાધનપુરના** સંઘની દેખરેખથી કરાવી છે; તેમાં દેખરેખ રાખનારા પાંચ શ્રાવકોનાં તથા મુનીમ, સલાટ વગેરેનાં પણ નામો આપેલાં છે. આ ધર્મશાલામાં લાકડ—ભેકડ, ચૂનો—પત્થર વગેરે સામાન પડ્યો રહેતો હોવાથી અવાવર અને ઉજ્જડ થઈ ગઈ છે. તેને સમરાવી—સુધરાવીને ઉપયોગમાં લેવાની જરૂર છે. તેના ચોકમાં કેટલીક જમીન ખાલી પડી છે, ત્યાં અહીંની કમીટી શ્રાવિકાઓનો ઉપાશ્રય કરાવવાનો વિચાર કરે છે; પરંતુ આ સ્થાન ઘણું એકાંતમાં પડી જતું હોવાથી શ્રાવિકાઓના ઉપાશ્રય માટે લાયક ન ગણાય.

(૪) નવા દેરાસરના મુખ્ય દરવાજાની બરાબર સામેના ભાગમાં એક પાકું દલાણ (ઓસરી) બનેલ છે. તેની અંદર ઓરડાઓ બનેલાં છે. આ મકાન પણ પત્થરનું—પાકું બનેલ છે. આમાંના એક ઓરડાનું એક બારણું જાહેર રસ્તા ઉપર પડે છે. તે ઓરડાની બન્ને તરફનાં બારણાંની બારશાખો અને ઉંબરા જોતાં તેમાં નવું દેરાસર થયા પહેલાં પ્રભુજીને પધરાવ્યા હશે એમ ચોક્કસ જણાય છે. હાલ આ મકાનો ધર્મશાલા તરીકે વપરાય છે, તેમાં કારખાનાના સીપાઇઓ અને નોકરો રહે છે, તથા કબૂતર માટેનું અનાજ વગેરે પરચુરણ સામાન રાખવામાં આવે છે.

(૫) **રાધનપુરવાળા શેઠ ઇચ્છાચંદ હેમજીની જૈન ધર્મશાલા** બજારમાં રસ્તા ઉપર આવેલી છે. આ ધર્મશાલા શેઠ **જીવણદાસ ગોડીદાસ**ની પેઢી(જૈન કારખાના)ને અર્પણ કરેલી છે. કારખાનાની વ્યવસ્થાપક કમીટીએ આ ધર્મશાલાનો કેટલોક ભાગ જૈન ભોજનશાળાની કમીટીને ભોજનશાલા માટે વાપરવા આપેલો છે.

(૬) **રાધનપુરવાળા** શેઠ **મણિલાલ મોતીલાલ મૂળજી** મારફત બંધાયેલી આ ધર્મશાળા, **શંખેશ્વર** ગામના પશ્ચિમ તરફના ઝાંપામાં શ્રી સંઘની આર્થિક સહાયથી અને શેઠ **મોતીલાલ મૂળજી**ની ખંત–લાગણી અને જાતિ દેખ-રેખથી બની છે. તેનો એક છેડો ' ગઢવાળી ' નવી ધર્મશાળાને લગતો છે અને બીજો છેડો છેક ગામની ભાગોળે છે. આ ધર્મશાળા પાકી, મેડીબંધ અને વિશાળ બનેલી છે. યાત્રાળુઓ માટે ઉપરના ભાગમાં મોટા મોટા હોલ અને નીચેના ભાગમાં ઓરડાઓ બનેલા છે. વચ્ચે વિશાળ ચોક છે. આનો મુખ્ય દરવાજો ઉત્તર સન્મુખ જાહેર રસ્તા ઉપર છે, પરંતુ 'ગઢવાળી' નવી ધર્મશાળામાંથી પણ આમાં અવાય–જવાય છે. આ ધર્મશાળા વિ. સં. ૧૯૭૩ના ચૈત્ર સુદિ ૧૩ ગુરૂવાર તા. ૫–૪–૧૯૧૭ ને દિવસે, **રાધનપુર**ના નામદાર નવાબ શ્રી **જલાલુદ્દીન** ખાનજી સાહેબના મુબારક હાથે ખુલ્લી મુકાણી છે. આ ધર્મશાળાનો ઉત્તર દિશા તરફના જાહેર રસ્તા તરફનો આગલો ભાગ (મુખ્ય દરવાજો, દરવાજાની બન્ને તરફની ઓરડીઓની લાઈનો અને તેના ઉપરના માળના હોલો) **અમદાવાદ**વાળા સ્વર્ગવાસી **શેઠ વીરચંદ**

દીપચંદ સી. આઇ. ઇ., જે. પી. ના સ્મરણાર્થે તેમની ધર્મપત્ની **ડાહીબાઈએ** સત્તર હજાર રૂપિયા આપીને કરાવેલ છે. આ ધર્મશાળાનો વહીવટ **રાધનપુર** (હાલ મુંબઇ)વાળા શેઠ **મોતીલાલ મૂળજીની** પેઢીના હાથમાં છે, પણ તેમણે તે વહીવટ કારખાનાની કમીટીને (શેઠ **જીવણદાસ ગોડીદાસની** પેઢીને) સોંપી દેવો વ્યાજબી છે.

ઉપર પ્રમાણે આ તીર્થને અંગે અહીં નાની–મોટી મળીને કુલ છ જૈન ધર્મશાળાઓ હોઈ યાત્રાળુઓ માટે પૂરતી સગવડ છે, પરંતુ યાત્રાળુઓનાં ગાડાંના બળદોને છાયામાં બાંધવા માટે કંઇ પણ સગવડ કે સાધન નથી, તેમ પશ્ચિમ તરફના ઝાંપામાં છાયાવાળું ઘટાદાર વૃક્ષ પણ નથી કે જેની છાયામાં બળદો બેસી શકે. મોટર સર્વીસ હોવા છતાં ચૈત્રીના મેળા ઉપર તથા હંમેશા પણ **રાધનપુર, હારીજ, પાટણ** વગેરે શહેરોથી અને ગામડાંઓમાંથી ઘણા યાત્રાળુઓ ગાડાં કરીને પણ આવે જ છે. આ ગાડાંઓના બળદોને વૈશાખ–જેઠ માસના સખ્ત તાપમાં પણ, આખો દિવસ ખુલ્લા મેદાનમાં સખ્ત તડકામાં બેસી રહેવું પડે છે. એ ત્રાસ જોયો જાય તેવું નથી. વૈશાખ–જેઠ માસમાં ખરે બપોરે જે માણસ આ મેદાનમાં બહાર નીકળે તેને જ એ ત્રાસની ખબર પડે, મકાનોમાં બેસી રહેનારાઓને તેની ખબર ન જ પડી શકે. આ ત્રાસને દૂર કરવા માટે કમમાં કમ જૈન યાત્રાળુઓનાં બળદો તેમજ ઊંટ, ઘોડા વગેરેને છાયામાં રાખી શકાય તેવી સગવડ કરવા માટે કારખાનાની કમીટીવાળા અને સખી ગૃહસ્થો સત્વર ધ્યાન આપશે,

એવી આશા રાખવી અસ્થાને નહીંજ ગણાય. આ કાર્ય માટે ઉપેક્ષા કરવા જેવું નથી. મૂંગા પ્રાણીઓનો આશીર્વાદ લેવા જેવું છે.

અન્ય મકાનો:—

'ગઢવાળી' ધર્મશાળાના મુખ્ય દરવાજાથી અંદર પેસતાં જમણા હાથ તરફના ઓરડાઓમાં અને તેની પાસે પીવા માટે ઠારેલ ગરમ પાણી અને ન્હાવા માટે ગરમ–ઠંડા પાણીની સગવડ રાખેલી છે. તેની પછી ખૂણામાં એક નાની પણ જૂની પોસાળ (પૌષધશાળા) છે, કે જે **શ્રીશંખેશ્વર** ગામના શ્રાવકોને ઉપાશ્રય તરીકે, ધર્મકાર્યો કરવા સારૂ વાપરવા માટે આપવામાં આવેલ છે. તેની પાસે–આગળના ભાગમાં શેઠ **જીવણદાસ ગોડીદાસ**ની પેઢી (**શ્રીશંખેશ્વર જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક કાર્યાલય**) ની બેઠકનું મકાન હતું અને તેના ઉપર 'શ્રી હીરવિજયસૂરીશ્વરજી જૈન પુસ્તકાલય' હતું. પરંતુ એ મકાન જીર્ણ થઈ ગયેલ હોઈ હાલમાં તેને પાડી નાખ્યું છે. તે ઠેકાણે પેઢી અને પુસ્તકાલય માટે નવું મકાન બાંધવાનું કામ ચાલુ કરવાના છે.

જૈન ઉપાશ્રય:—

તેની પાસેથી વંડાવાળી નવી ધર્મશાળામાં જતાં જમણા હાથ તરફ શ્રાવકોને ધર્મક્રિયાઓ કરવા માટે જૈન ઉપાશ્રયનું સુંદર મકાન હાલમાંજ નવું તૈયાર થયું છે, જેથી મુનિરાજોને અલાયદા ઉતરવાની તથા શ્રાવકોને ધર્મક્રિયાઓ કરવાની સગવડ સારી થઈ છે. આવીજ રીતે શ્રાવિકાઓ માટે પણ ખાસ અલાયદો ઉપાશ્રય થવાની ખાસ અગત્ય છે.

જૈન પુસ્તકાલયઃ—

યાત્રાળુઓની સગવડતા ખાતર, ફુરસદના સમયમાં યાત્રાળુઓ પુસ્તકવાચનનો લાભ લઈ શકે તેટલા માટે, અહીં શ્રીમાન્ વિજયનીતિસૂરીશ્વરજી મહારાજશ્રીના સદુપદેશથી સં. ૧૯૮૫માં 'શ્રીહીરવિજયસૂરીશ્વરજી જૈન પુસ્તકાલય' સ્થાપન કરેલું છે. તેમાં પુસ્તકોનો સારો સંગ્રહ છે. અને થોડાંક જૈન માસિકો વગેરે છાપાં પણ આવે છે. પરંતુ યાત્રાળુઓ આ પુસ્તકાલયનો જોઈએ તેવો લાભ લેતા નથી. માટે પુસ્તકાલયની સુવ્યવસ્થા થવાની તથા યાત્રાળુઓએ તેનો સારી રીતે લાભ લેવાની જરૂર છે. હાલમાં પુસ્તકાલય નવા ઉપાશ્રયની પછવાડે લાયબ્રેરી માટે ખાસ બનાવેલ એક રૂમમાં રાખવામાં આવેલ છે. પુસ્તકાલય, દેરાસર આવવા–જવાના રસ્તા ઉપર જ અને નીચેના મકાનમાં કાયમ ખાતે રાખવામાં આવે તો તેનો લાભ વધારે પ્રમાણમાં લોકો લઈ શકે, માટે તેવી વ્યવસ્થા થવાની જરૂર છે.

ચબૂતરો:—

આ કંપાઉંડના મુખ્ય દરવાજામાં પેસતાં ડાબી બાજુમાં મોટું દલાણુ (ઓસરી) છે તેના છેડા પાસે કબૂતરો વગેરે પંખીઓ માટે એક ચબૂતરો બનેલો છે. તેમાં પક્ષીઓ માટે કારખાના તરફથી હમેશાં અનાજ નંખાય છે.

નગારખાનું:—

ટાંકાવાળી ધર્મશાળાની પાસે બહાર શેરીમાં જવાની જૂની બારી (ડેલી) છે, તેના ઉપર સં. ૧૮૬૭ની સાલમાં

નગારખાના માટે મકાન બનેલું છે. જ્યાં હમેશાં નિયમિત રીતે ચોઘડીઆં વાગે છે.

ભોજનશાળાઃ—

રાધનપુર અને આસપાસના કેટલાક ભાવિક જૈન ગૃહસ્થોએ મળીને યાત્રાળુઓની સગવડ માટે પાંચેક વરસથી અહીં એક ભોજનશાળા ખોલી છે, અને તે બજારના રસ્તા ઉપર **રાધનપુરવાળા** શેઠ **ઈચ્છાચંદ હેમજી**ની ધર્મશાળામાં રાખવામાં આવી છે. આ ભોજનશાળા થવાથી યાત્રાળુઓને ઘણી અનુકૂળતા થઈ છે. ભોજન આદિની વ્યવસ્થા સારી છે. આ ભોજનશાળામાં જમનાર પાસેથી એક ટંકના ચાર આના અને બે ટંકના છ આના ચાર્જ લેવાનો ઠરાવ તેની કમીટીએ કરેલો છે. તે પ્રમાણે ફીની રકમ આવે તે બાદ કરતાં વાર્ષિક સરેરાશ આશરે એક હજાર રૂપિયાનો ટોટો પડે છે. એ ટોટો કમીટી, મેંબરોમાંથી અને ગૃહસ્થો પાસેથી ફંડ ઊઘરાવીને પૂરો કરે છે. આ ભોજનશાળા સાધુ-સાધ્વીઓની ભક્તિનો સારામાં સારો લાભ લ્યે છે. ભોજનશાળાની દેખરેખ, **રાધનપુર, સમી, પંચાસર, પાટણ** વગેરે ગામોના ૫–૭ ભાવિક ગૃહસ્થોની કમીટી રાખે છે. કમીટીના મેંબરો અવાર-નવાર અહીં આવીને જાતિ દેખરેખ રાખે છે. વાર્ષિક હિસાબ અને રીપોર્ટ છપાય છે. આ કાર્યમાં **રાધનપુરવાળા** શાહ **બાપુલાલ (લખમીચંદ) પ્રેમચંદ** સારો રસ લેતા જણાય છે.

પ્રકરણુ ચૌદમું : બગીચા અને ગૌચર જમીન

બગીચો: (નં. ૧):—

શંખેશ્વર ગામના ઉગમણા–પૂર્વદિશાના–ઝાંપામાં શ્રી **શંખેશ્વર**જીના જૈન શ્વે૦ મૂ૦ કારખાના (કાર્યાલય)નો એક મોટો ૨ાા વીઘાનો બગીચો છે, તેમાં ફુલના રોપાઓ ઉપરાંત ફળનાં મોટાં વૃક્ષો પણ ઘણાં છે. તે સિવાય તેમાં નોકરોને રહેવા માટે મકાનો બનેલાં છે. અને કારખાનાનાં ઘોડા અને ઢોરો પણ અહીં રાખવામાં આવે છે. આ બગીચામાં જેટલાં ફૂલ થાય છે તે બધાં હમેશાં દેરાસરજીમાં આવે છે. આ બગીચામાં બારે માસ કોસ ચાલુ રહે એવો એક મોટો અને પાકો બાંધેલો કૂવો છે. પણ તેનું પાણી ખારું હોઈ પીવાના ઉપયોગમાં આવતું નથી, વૃક્ષો તથા ઢોરોના ઉપયોગમાં આવે છે. આ બગીચામાં પાકી બાંધેલી એક મોટી છત્રી છે. તે છત્રીની અંદર શિખરબંધી નાની દેરીમાં પાયચંદગચ્છના શ્રીહર્ષચંદ્રસૂરિ નામના શ્રીપૂજ્યનાં પગલાં જોડી ૧ છે, તેની ઉપર સં. ૧૯૧૬નો લેખ છે (જુઓ. લે. ૬૨). આ બગીચો ઘણો મોટો હોઈ, જો તેની સારી વ્યવસ્થા કરવામાં આવે તો તેમાંથી થોડીઘણી આવક થઇ શકે તેમ છે, અને પ્રભુપૂજા માટે ખૂબ પુષ્પો મળી શકે તેમ છે.

બગીચો: (નં. ૨):—

ગામના આથમણા (પશ્ચિમ) ઝાંપાની નજીકમાં પણ કારખાનાના તાબાનો ચાર વીઘાનો એક બગીચો હતો, પણ ત્યાંના કૂવામાં બગીચાને પૂરતું પાણી નહીં હોવાથી તે બગીચો કાઢી નાંખીને તે જમીન વિઘોટીથી ખેડૂતને ખેડવા માટે આપી દેવામાં આવે છે, તેની વાર્ષિક અમુક રકમ કારખાનાને મળે છે.

બગીચો (નં. ૩):—

શંખેશ્વર ગામની ઉત્તર દિશામાં, **ખારસોલ** તળાવના કિનારા ઉપર, **ઝંડકૂવાની** નજીકમાં અઢી વીઘાનો, ગુલાબનાં ફુલના રોપાવાળો એક બગીચો છે. તે બગીચો એક સખી ગૃહસ્થે આ સાલમાં ખરીદીને **શ્રીશંખેશ્વરજી** કારખાનાને અર્પણ કર્યો છે. તેમાંથી હમેશાં ગુલાબનાં પુષ્પો પ્રભુજીને ચડાવવા માટે દેરાસરજીમાં આવે છે.

ગૌચર જમીન:—

શંખેશ્વર ગામની ઉત્તર દિશા તરફના ઝાંપા બહાર, **ખારસોલ** તળાવની પાસે, **ખંડીયા** ગામના રસ્તા ઉપર, સ્ટેટની ખળાવાડ પાસે જે પડતર જમીન છે તે 'ઊટવાળીયા' ખેતરની છે. જેમાં ખળાં તૈયાર થાય છે તે પણ 'ઊટવાળીયા' ખેતરની જ જમીન છે. આ 'ઊંટવાળીયું' નામનું મોટું ખેતર અને તેની આસપાસની જમીન, રાજ્યનો કર ભરીને રાજ્યની મંજૂરીથી, શેઠ **ગણેશચન્દ્ર શાંતિદાસ, ઝાલા અમરાજી, ઝાલા રામદાસજી** અને ગામના મુખી, પટેલો વગેરેની સાક્ષીથી ગામના લોકોએ મળીને,

શ્રીશંખેશ્વરજીના દેરાસરને અર્પણ કરીને વિ. સં. ૧૭૨૨ ના માઘ સુદિ ૨ ને બુધવારે ગૌચર માટે છૂટી મૂકી છે.

આ મોટા વિસ્તારવાળી જમીનમાં છેટે છેટે 'સરઇ'ના પાંચ પત્થરો ખોડેલા છે, તેમાંથી ત્રણ 'સરઇ'ના લેખો મહા મહેનતે વાંચી, જેટલો ભાગ વંચાણો તેટલો ભાગ ઉતારી લઇને પહેલા પરિશિષ્ટમાં લેખાંક નં. ૬૩, ૬૪, ૬૫માં આપેલ છે. બાકીની બે સરઈના લેખના અક્ષરો સાવ ઘસાઇ ગયેલા હોવાથી વાંચી શકાણા નથી. તેમાં કોઈ બીજા ખેતરને પણ ગૌચર માટે છૂટું મૂક્યાનો ઉલ્લેખ હોવાની સંભાવના થાય છે. ઉક્ત ત્રણ સરઈના લેખોની નકલો શેઠ **જીવણદાસ ગોડીદાસ**ની પેઢી (કારખાના)માં પણ મોજૂદ છે. આ નકલો કારખાનાના કાર્યવાહકોએ **રાધનપુર** સ્ટેટના રાજ્ય દફ્તરમાં કોઈ કાર્ય પ્રસંગે સં. ૧૯૫૦ના ફાગણ માસમાં દાખલ કરેલ છે.

પ્રકરણ પંદરમું : મેળા અને રાજ્યપ્રેમ

મેળા:—

શ્રીશંખેશ્વર પાર્શ્વનાથજી તીર્થના અંગે અહીં કાયમ ખાતે દર વર્ષે ત્રણ મોટા મેળા ભરાય છે: ૧ ચૈત્રી પૂનમનો, ૨ કાર્તકી પૂનમનો અને ૩ પોષ દશમી–માગશર વદિ ૧૦ નો.

(૧) ઉપરોક્ત ત્રણે મેળામાં પણ ચૈત્રી પૂનમનો મેળો સૌથી જબરદસ્ત ભરાય છે. આ મેળા ઉપર **રાધનપુર** અને **પાટણ**થી સંઘો આવે છે, તે ઉપરાંત ગામેગામથી યાત્રાળુઓ આવે છે. આ મેળા પ્રસંગે મુનિરાજો અને સાધ્વીજીઓ પણ સારા પ્રમાણમાં આવે છે. આ મેળો સાર્વજનિક હોઈ જૈનો ઉપરાંત અઢારે વર્ણના મનુષ્યો આ મેળામાં માલ વેચવા અને ખરીદવા માટે આવે છે. તેઓ બધા **શંખેશ્વર પાર્શ્વનાથ** પ્રભુજીનાં પ્રેમ અને ભક્તિથી દર્શન કરીને યથાશક્તિ ભેટ ચડાવે છે. આ મેળા ઉપર ગામના કે બહારગામના વેપારીઓ ગમે તેટલો માલ વેચવા માટે લાવે કે બહારગામથી માલ મંગાવે, તોપણ તેનું દાણ (જગાત) રાજ્ય તરફથી માફ છે. તેમજ આ મેળા ઉપર **રાધનપુર** સ્ટેટના મુખ્ય મેજીસ્ટ્રેટ સાહેબ, થાણદાર, ફોજદાર સાહેબ વગેરે અમલદારો અને પોલીસ પાર્ટીઓ પણ આવે છે. સ્ટેટ તરફથી ચોકી–પહેરાનો સારો બંદોબસ્ત રહે છે.

આ મેળામાં ઘણી વાર જૈન કોમનું પાંચ-પાંચ હજાર માણસ એકઠું થાય છે. આગળના સમયમાં તે કરતાંય વધારે માણસ એકઠું થતું હશે એમ જણાય છે. કેમકે આ મેળા પ્રસંગે પહેલાં નવકારશી–સાધર્મીવાત્સલ્યમાં શીરો, દાળ, શેષવા–ઝાલર (ચણા–વાલ)નું જમણ થતું, તે વખતે ગઢવાળી–હાલ નવી થયેલી ધર્મશાળાના ચોકમાં વચ્ચે એક ઠેકાણે જમીનમાં ખાડો ખોદીને કુંડની પેઠે તેને ચૂનાબંધ ચણી લઈને પાકી કલઇ કરેલ છે, તેની અંદર શીરો તૈયાર કરીને ભરતા અને એ જ ધર્મશાળાની ઓસરીના કિનારે ૨–૩ ઘડીઓ–માટીની કોઠીઓ ચૂનાથી ચણી લીધેલી છે, તેમાં શેષવા–ઝાલરનું શાક તૈયાર કરીને ભરતા તથા મોટા રંગાડાઓમાં દાળ રાંધીને ત્યાં–ચોકમાં મૂકી રાખતા, અને લોકો જમવા બેસે ત્યારે પીરસનારા એમાંથી લઈ લઈ ને પીરસતા. મતલબ કે પીરસનારાઓને શીરો વગેરે કોઇ પણ ચીજ કોઈ આગેવાનોના અંકુશ હેઠળથી લાવવી પડે એવું નહોતું. પીરસનારાઓ સ્વતઃ એ સ્થળેથી લાવી–લાવીને પીરસતા. પણ આગળના લોકો ભદ્રિક હોવા સાથે, કોઈનું બૂરું કરવામાં રાજી નહોતા, માલ વધારે લઈ લઈને પડતો મૂકીને બગાડો કરતા નહોતા. પૈસા ખર્ચનારાઓને યશ મળે તેમાં તેઓ રાજી રહેતા. (આજકાલ જો આ પ્રમાણે માલ છૂટો મૂકી દીધો હોય તો માલનું સત્યાનાશ વાળી નાંખે, ખાય થોડું અને બગાડે ઝાઝું અને પાછળના માણસોને કદાચ ભુખ્યા રહેવાનો પણ સમય આવે.)

(૨) કાર્તકી પૂનમના મેળામાં સાધુ–સાધ્વીઓ તો બહુ જ ઓછા પ્રમાણમાં આવી શકે; બહુમાં બહુ શંખેશ્વર

જીથી સાત ગાઉ દૂર **સમી, દસાડા** વગેરેમાં ચોમાસું રહેલ હોય એ જ આવી શકે. પરંતુ આ મેળામાં દર વર્ષે **રાધનપુરનો** સંઘ આવવા ઉપરાંત ગામોગામથી યાત્રાળુઓ સારી સંખ્યામાં આવે છે.

(૩) પોષ દશમી—માગશર વદિ ૧૦ ને દિવસે શ્રી **પાર્શ્વનાથ** પ્રભુનું જન્મ કલ્યાણક હોવાથી તે દિવસે પણ અહીં મેળો ભરાય છે. આ મેળામાં સાધુ—સાધ્વીઓ ઉપરાંત **રાધનપુર, પાટણ, પાટડી, બજાણા, માંડલ, વીરમગામ** તથા આસપાસનાં ગામોના યાત્રાળુઓ આવે છે, આમાં **માંડલ, વીરમગામ**ના યાત્રાળુઓ વિશેષ પ્રમાણમાં આવે છે.

આ ત્રણે મેળાના દિવસોમાં રથયાત્રાના વરઘોડા, મોટી પૂજાઓ, આંગી, ભાવના, રાત્રિજાગરણ અને સાધર્મીવાત્સલ્ય વગેરે ધાર્મિક કાર્યો થાય છે. યાત્રાળુઓ તેમાં ભાગ લઈ પોતાના તે દિવસો ધર્મક્રિયામાં આનંદપૂર્વક પસાર કરે છે.

ઉપરોક્ત ત્રણ મેળા સિવાય બીજાં જૈન પર્વો—તહેવારોમાં પણ અહીં યાત્રાળુઓ સારા પ્રમાણમાં એકઠા થાય છે.

રાજ્યપ્રેમ:—

આ તીર્થ ઉપર રાજ્યનો—**રાધનપુર** સ્ટેટના **બાબી** કુટુંબના નવાબ સાહેબોનો ઘણો સારો પ્રેમ અગાઉથી જ ચાલ્યો આવે છે, રાજ્યની કોઇ પણ જાતની કનડગત નથી. નેકનામદાર નવાબ સાહેબ **શ્રીબીસમીલ્લા ખાનજી બાબી** બહાદુરનો આ તીર્થ પ્રત્યે જેવો પ્રેમ હતો તેવો જ પ્રેમ, બલ્કે તેથી પણ વધારે તેમના વારસદાર—તેમની પછી ગાદી પર આવેલા મર્હૂમ નેકનામદાર નવાબ સાહેબ સર

મહમ્મદ શ્રી જલાલુદ્દીન ખાનજી બાબી બહાદુર, કે. સી. આઈ. ઈ. નો પણ હતો. આ બન્ને નવાબ સાહેબોએ તથા તેમના પૂર્વજોએ આ તીર્થને અમુક અમુક હક્કો આપેલા છે, તે આજસુધી બરાબર પળાય છે. ઉપરોક્ત બન્ને નવાબ સાહેબો આ તીર્થ પ્રત્યે જેવી શુભ લાગણી રાખતા હતા, એવી જ લાગણી તેમની ગાદી પર આવેલા નેકનામદાર નવાબ સાહેબ શ્રી **મૂર્તિજાખાનજી બાબી** બહાદુર પણ રાખશે, એવી આશા રાખવામાં આવે છે. જેવી રીતે નામદાર નવાબ સાહેબો અને રાજ્યકુટુંબો આ તીર્થ પર શુભ લાગણીઓ ધરાવે છે, તેવી જ રીતે રાજ્યના નાનાથી મોટા અમલદારો પણ શુભ લાગણી ધરાવે છે. અમલદારો તરફથી પણ કોઈ પ્રકારની કનડગત, હેરાનગતિ કે અથડામણી થતી નથી. ઈસ્લામ ધર્મવાળા નવાબ સાહેબોનું રાજ્ય હોવા છતાં પણ આ જૈનતીર્થ ઉપર રાજ્યનો આટલો પ્રેમ છે એ કાંઈ ઓછું ખુશી થવા જેવું નથી.

દાણ માફ:—

જેમ ચૈત્રી પૂનમના મેળા ઉપર ગામના કે બહારગામના વેપારીઓ ગમે તેટલો માલ વેચવા માટે લાવે કે મંગાવે તો પણ તેનું દાણ–જકાત સર્વથા માફ છે, તેમ આ તીર્થને અંગે શેઠ **જીવણદાસ ગોડીદાસ**ની પેઢી દેરાસર, ધર્મશાળા, ઉપાશ્રય, કુવા, ચબૂતરા, પેઢીનાં મકાનો વગેરે બંધાવવા કે સમરાવવા માટે; પૂજા–પાઠ માટે; જમણવાર માટે; આંગી માટે કે ફરનીચર માટે ગમે ત્યારે ગમે તેટલી કિંમતની ચીજો અહીંથી ખરીદે અથવા બહારગામથી મંગાવે તેનું દાણ કેટલાંય વર્ષોથી કાયમને માટે માફ છે. કારખાના

ઉપર, કારખાનાના નોકરો ઉપર કે યાત્રાળુઓ ઉપર કોઇ જાતનો કરવેરો કે ટેક્સ નથી, કોઇ જાતની કનડગત નથી. શિકારની મનાઈ, મેળા ઉપર અમલદારોની હાજરી, રાજ્ય તરફથી ચોકીપહેરાનો સારામાં સારો બંદોબસ્ત વગેરે વગેરે બાબતો જ રાજ્યનો–સ્ટેટનો આ તીર્થ પ્રત્યે અપૂર્વ પ્રેમ હોવાનું સ્પષ્ટ રીતે બતાવી આપે છે.

તે ઉપરાંત નામદાર નવાબ સાહેબો તરફથી કે સ્ટેટ તરફથી આ તીર્થને જમીન વગેરે કંઈ ને કંઇ બક્ષીસમાં પણ મળ્યું હશે જ, પરંતુ તે સંબંધી કંઇ પણ લેખો કે દસ્તાવેજો મને મળી શકયા નહીં હોવાથી–ચોક્કસ માહિતી નહીં મળવાથી તે બાબત અહીં વધારે વિગતથી રજૂ કરી શકયો નથી. પરંતુ પૂજાનાં કપડાં પહેરવાની ઓરડીની ઓસરીની પાસે દાનપત્રનો એક પત્થર ખોડેલો છે, તેમાં સત્તરમી સદીના કોઈ નવાબ સાહેબના વખતનો શિલાલેખ ખોદેલો છે, પણ તેના અક્ષરો બોડિયા અને ઘસાઇ ગયેલા હોવાથી મહેનત કરવા છતાં પણ તે લેખ પૂરેપૂરો વાંચી શકાયો નથી. પરંતુ કાંઈક જમીન વગેરે ભેટ કર્યાનો અથવા તો દાણ–જકાત માફ કર્યાના દાનપત્રનો જ આ શિલાલેખ હોવો જોઇએ એમ જણાયછે.

શિકારની સખ્ત મનાઈ:—

શંખેશ્વર ગામની હદમાં કોઈ પણ જાતનો શિકાર કરવાનો નામદાર નવાબ સાહેબે સખ્ત મનાઈહુકમ બહાર પાડેલો છે. તે અનુસાર નામદાર નવાબ સાહેબ પોતે અથવા તો તેમના કુટુંબના કોઇ પણ માણસો કે તેમના મહેમાનો પણ **શંખેશ્વર** ગામની હદમાં કોઇ પણ જાતનો શિકાર કરતા નથી અને જે કોઇ શિકાર કરે તેને સજા કરવામાં આવે છે.

પ્રકરણ સોળમું : વહીવટ અને વ્યવસ્થા

વહીવટ:—

સૈકાઓ પહેલાં **શંખેશ્વર** ગામમાં શ્રાવકોની ઘણી વસ્તી હતી, અને જ્યારે **શંખેશ્વર** ગામમાં મોટા મોટા સૂરિવર્યો અનેક મુનિરાજો સાથે ચોમાસાં કરતા હતા, તે સમયમાં કેટલાક સૈકાઓ સુધી આ તીર્થનો વહીવટ શંખેશ્વર ગામનો જ સંઘ કરતો હશે, એમાં શક નથી. પછી મુસલમાની લડાઇઓના જમાનામાં અહીંની જૈન વસ્તી લડાઇઓ વગેરેના ભયને લીધે નાસી જવાથી ઘટી ગઇ હશે, ત્યાર પછી આ તીર્થનો વહીવટ, નજીકમાં આવેલા **પાટણ** શહેરના સંઘના હાથમાં ગયો હોય તો ના નહીં. પરંતુ તે માટે કોઇ ગ્રંથ કે શિલાલેખનું પ્રમાણ મને મળ્યું નથી. ત્યાર પછી આ તીર્થનો વહીવટ **શંખેશ્વર**, **રાધનપુર** સ્ટેટનું ગામ હોઈને તથા **રાધનપુર**માં જૈનોની વસ્તી ઘણી જ હોવાથી, રાધનપુરના સંઘને સોંપાયો અને ઘણાં વર્ષો સુધી તેમના હાથમાં રહ્યો. આ તીર્થનો વહીવટ રાધનપુરના સંઘને ક્યારે સોંપાયો ? તે ચોક્કસ રીતે જાણવામાં આવ્યું નથી. પરંતુ છેલ્લાં લગભગ દોઢ સો વર્ષોથી અહીંનો વહીવટ રાધનપુરના સંઘના હાથમાં હતો એ તો ચોક્કસ વાત છે. કેમકે 'ટાંકાવાળી' ધર્મશાલાના વિ. સં. ૧૮૩૬ અને ૧૮૫૪ ના શિલાલેખો (લેખ નં. ૫૯, ૬૦)માં તથા નવા દેરાસરના મુખ્ય દરવાજાની બહારની (શૃંગારચોકીની) ડાબી બાજુની દીવાલમાં ચોડેલા

વિ. સં. ૧૮૯૮ના (લેખ નં. ૧૧)માં રાધનપુરના **મશાલીયા** તથા **શાહ** વગેરે કુટુંબના ગૃહસ્થોએ પોતાની દેખરેખથી 'ટાંકાવાળી' ધર્મશાલા કરાવ્યાનું અને નવા દેરાસરમાં જીર્ણોદ્ધારનું કામ કરાવ્યાનું લખ્યું છે. રાધનપુરના સંઘમાંથી ચુંટાયેલી ચોક્કસ માણસોની એક કમીટી આ તીર્થનો વહીવટ સંભાળતી, દેખરેખ રાખતી અને સમારકામ વગેરે કરાવતી; તેમાં પણ પાછળના સમયમાં **મશાલીયા** કુટુંબની આગેવાની હોય એમ જણાય છે. પછી મશાલીયા કુટુંબની સ્થિતિ નરમ પડવાના કારણે અથવા કામ કરનાર આગેવાનો બહારગામ રહેવાજવાના કારણે આ તીર્થનો ચાલુ વહીવટ તેમણે વિ. સં. ૧૯૫૮ માં **અમદાવાદ**ના સુપ્રસિદ્ધ શેઠ **જમનાદાસભાઈ ભગુભાઈ**ને સોંપી દીધો.[1] શેઠ **જમનાભાઈ**એ થોડા

---

૧ **રાધનપુર**ની કમીટીએ આ તીર્થનો ચાલુ વહીવટ, સીલીક, અને સ્થાનિક મિલ્કત વગેરે બધું શ્રીયુત શેઠ **જમનાદાસભાઈ ભગુભાઈ**ને સોંપી દીધું હતું. પરંતુ રાધનપુરની કમીટીની કાર્યવાહીના સમયના ચોપડા, દસ્તાવેજો, ખતપત્રો વગેરે બધું હજુ રાધનપુરમાં જ છે. તપાસ કરતાં તે હાલ કયાં–કોની પાસે–કયે ઠેકાણે છે? તેનો પણ પત્તો નથી. તો એનો પત્તો લગાડીને જૂના ચોપડા, દસ્તાવેજો વગેરે પણ **શંખેશ્વરજી**ની વર્તમાન કમીટીને સોંપી દેવા જોઈએ, કે જેથી વખત પર દસ્તાવેજો વગેરેની જરૂર પડે ત્યારે કામ લાગે.

સાંભળવા પ્રમાણે **શંખેશ્વરજી** કારખાનાની માલિકીની કાંઈક સ્થાવર મિલ્કત–મકાનો **રાધનપુર**માંની શ્રી **સાગરગચ્છ**ની પેઢીને હસ્તક છે. આ વાત જો સાચી હોય તો તે પણ તેમણે ચાલુ કમીટીને સોંપી દેવી જોઈએ, અથવા તો તેની પૂરેપૂરી માહિતી વર્તમાન કમીટીને આપવી જોઇએ.

સમયમાં **અમદાવાદ**ના પ્રતિષ્ઠિત આઠ ગૃહસ્થોની એક કમીટી સ્થાપન કરીને આ તીર્થનો વહીવટ ઉક્ત કમીટીને સોંપી દીધો. પોતે પણ તે કમીટીમાં શામેલ હતા. **ભોયણી** તીર્થનો વહીવટ પણ એ જ કમીટીને સોંપાયો. ત્યારથી આજ સુધી અખંડપણે અમદાવાદની ઉક્ત કમીટી હસ્તક **ભોયણીજી** અને **શંખેશ્વરજી**, આ બન્ને તીર્થોનો વહીવટ-સીલીક અને હિસાબ અલગ અલગ રાખવામાં આવે છે. કમીટીના મેંબરો વારાફરતી અવાર-નવાર શંખેશ્વરજી આવે છે. કોઈ ખાસ મોટું કામ હોય તો ૨-૪ જણા સાથે મળીને આવે છે, અહીંની પેઢીના કામકાજ ઉપર તપાસ રાખે છે અને સુધારા-વધારા સૂચવે છે.

શંખેશ્વરજી તીર્થમાં મોટું કામ કરાવવા માટે, મોટી સહાયતા મોકલવા માટે અથવા તો **શંખેશ્વરજી**ની સ્થાનિક પેઢી કે વ્યવસ્થા સંબંધી કંઇ પણ નાની-મોટી ફરિયાદ કરવા માટે હેડ ઑફીસ (કમીટી) ઉપર લખવાની ઈચ્છા હોય તેમણે નીચેના સરનામે પત્રવ્યવહાર કરવો અથવા જાતે મળવું-

શ્રી શંખેશ્વરજી તીર્થનો વહીવટ કરનાર કમીટી,
ઠે. પરી વીરચંદ સૌભાગ્યચંદની પેઢી,
શેઠ મનસુખભાઇની પોળ, **અમદાવાદ.**

વ્યવસ્થા:—

આ તીર્થની સ્થાનિક સર્વ પ્રકારની દેખરેખ અને વ્યવસ્થા રાખવા માટે કાયમ ખાતે આ તીર્થમાં એક સ્થાનિક પેઢી રાખવામાં આવે છે, જેમાં એક મુખ્ય મુનીમ (મેનેજર) ઉપરાંત કીલીદાર, વાસણ ગોદડાં કારકુન અને નામાદાર મળીને ૩-૪ ગમાસ્તાઓ, ૩-૪ પજારીઓ, કેટલાક નોકરો તેમજ

કેટલાક સીપાઇઓ કાયમ ખાતે રાખવામાં આવે છે. આમાંથી જેને જેને જે જે કામ કમીટીએ અથવા મુખ્ય મુનીમે સોંપ્યું હોય છે, તે તે કામ તેઓ બજાવે છે. તેમાં જરૂર પ્રમાણે અવાર–નવાર ફેરબદલી પણ થયા કરે છે.

પેઢીનું નામઃ—

આ સ્થાનિક પેઢીનું નામ **શેઠ જીવણદાસ ગોડીદાસ** રાખવામાં આવ્યું છે. આ નામ ક્યારથી ચાલુ થયું છે? તે ચોક્કસ જાણવામાં આવ્યું નથી. પરંતુ ઉપરોક્ત સં. ૧૮૬૮ (લેo નં. ૧૧) વાળા શિલાલેખમાં જણાવ્યા પ્રમાણે **રાધનપુરના** રહેવાસી શાહ **જીવણદાસ ગોડીદાસે** પોતાની જાતિ દેખરેખથી **જયપુરના** એક ગૃહસ્થે આપેલ પાંચ હજાર રૂપિયાથી આ નવા દેરાસરનો જીર્ણોદ્ધાર–કુટયા તૂટયા કામની મરામત તથા જરૂરી નવું કામ કરાવ્યું હતું. આ ઉપરથી જણાય છે કે ઉક્ત શાહ **જીવણદાસ ગોડીદાસ** આ તીર્થની સેવા માટે હમેશાં રસ લેતા હશે–જાતિભોગ આપતા હશે, અને કદાચ તેમણે મરતી વખતે પોતાની બધી મિલ્કત અથવા તો મિલ્કતનો મોટો ભાગ આ તીર્થને અર્પણ કર્યો હશે, તેથી શ્રીસંઘે મળીને સ્થાનિક પેઢી સાથે તેમનું નામ જોડી દીધું હશે.[1] ત્યારથી એ નામ આજસુધી બરાબર ચાલ્યું આવે છે.

સગવડઃ—

અહીં આવનારા સંઘો, યાત્રાળુઓ તથા સાધુ–સાધ્વીઓને સર્વ પ્રકારની સગવડ છે, કોઇ પણ પ્રકારે અગવડ પડે તેમ

---

૧ આવી રીતે ભાવનગરના શ્રીસંઘની પેઢી, રાધનપુરના વિજયગચ્છ સંઘની પેઢી વગેરે ઘણાં ગામોના સંઘની પેઢી સાથે અમુક અમુક વ્યક્તિનું નામ જોડાયેલ સાંભળ્યું છે.

નથી. ધર્મશાળાઓ વિશાળ છે, અહીંનાં હવા-પાણી ઘણાં જ સારાં છે. ગામમાં બજાર હોવાથી જોઈતી ચીજ-વસ્તુઓ મળી શકે છે. તેમજ ભોજનશાળા ચાલુ હોઇ યાત્રાળુઓને રસોઇ કરવાની કડાકૂટ પણ દૂર થઈ છે. ધર્મશાળામાં યાત્રાળુઓ ખુશીમાં આવે તેટલા દિવસો સુધી રહી શકે છે; વધારે દિવસો સુધી રહેનાર પાસેથી ભાડું લેવામાં આવતું નથી. ફુરસદનો વખત જ્ઞાન-ધ્યાનમાં અને પુસ્તકો વાંચવામાં કાઢવા માટે ઉપાશ્રય અને પુસ્તકાલયની સગવડ પણ કારખાના તરફથી કરેલ છે. હમેશાં નિયમિત રીતે ચોઘડિયાં વાગે છે, રાત-દિવસ ઘડિયાળના ડંકા ચોકીદારો વગાડે છે. હમેશાં સાંજે દેરાસરજીમાં દશાંગ અને કીન્નરૂનો ધૂપ તથા રોશની થાય છે, રાત્રે ભાવના બેસે છે, તેથી યાત્રાળુઓનાં મન અતિ પ્રફુલ્લિત અને હર્ષ વડે ઉલ્લસિત બને છે. કોઇ પણ જાતનું કામ હોય અથવા અડચણ હોય તો પેઢીમાં જઈને કહેવાથી તેની વ્યવસ્થા તેઓ કરી આપે છે. આ તીર્થમાં બાહ્ય અને આંતરિક શાંતિ સારી સચવાય છે, માટે દરેક ભાવુક શ્રદ્ધાળુ મહાનુભાવે આ તીર્થની યાત્રા અવશ્ય કરવા ભલામણ છે.

સહાયતા મોકલવા માટે, આવવા-જવા માટે અગર હરકોઇ કામને અંગે આ સ્થાનિક પેઢીની સાથે પત્રવ્યવહાર કરવા ઇચ્છનારે નીચેના સરનામાથી પત્રવ્યવહાર કરવો:

શેઠ જીવણદાસ ગોડીદાસની પેઢી
(શંખેશ્વરતીર્થ કારખાનું)
મુકામ : **શંખેશ્વર**, પોષ્ટ આદરીઆણા,
સ્ટેશન ખારાઘોડા (**કાઠીઆવાડ**)

આવક-ખર્ચ:—

આ તીર્થમાં દેરાસર ખાતે અને સાધારણ ખાતે વાર્ષિક આવક તથા ખર્ચ કેટલું થાય છે? તે માટે અમે શ્રી **શંખેશ્વરજી**ની સ્થાનિક પેઢીને પુછાવ્યું હતું, પરંતુ આ પ્રશ્નનો જવાબ આપવાનું તેમની સત્તાની બહાર હોઈ તેમણે કંઈ પણ ખુલાસો નહીં આપવાથી, મેં **અમદાવાદ**ની હેડ ઓફીસને પત્રો લખીને પુછાવ્યું હતું. પરંતુ સત્તાવાર વિગત પુસ્તકમાં પ્રગટ નહીં કરાવવાની ઇચ્છાથી કે ગમે તે કારણથી તેમણે પણ આ માટે કંઇ પણ ખુલાસો આપ્યો નથી. પરંતુ મેં પ્રયાસ કરીને બીજે ઠેકાણેથી તેનો ખુલાસો મેળવ્યો છે. જો કે તે સત્તાવાર ખુલાસો નથી, છતાં તે ઉપરથી અનુમાનથી ધોરણ બાંધી શકાય ખરું. તે ખુલાસો આ પ્રમાણે છે:

આ તીર્થમાં દેરાસર, સાધારણ વગેરે દરેક ખાતામાં થઇને એકંદર સરેરાશ વાર્ષિક આવક પચીશ હજાર રૂપિયાની થાય છે. જ્યારે દરેક ખાતાનું મળીને વાર્ષિક સરેરાશ ખર્ચ પંદર હજાર રૂપિયાનું છે, અને નીચે સખાવતમાં બતાવ્યા પ્રમાણે વાર્ષિક દસ હજારની કિંમતનાં આરસનાં પાટિયાં આ તીર્થ તરફથી અન્ય ગામનાં દેરાસરોને અપાય છે. એટલે આવક અને ખર્ચનો સરવાળો લગભગ સરખો જ થઈ જાય છે. પરંતુ સાધારણ ખાતે તથા બગીચા ખાતે આવક થોડી અને ખર્ચ વધારે થાય છે. એટલે એ બન્ને ખાતામાં દર વર્ષે ટોટો પડે છે. એ ટોટાની રકમ તે બન્ને ખાતે બાકી લેણી ખેંચાતી જ આવતી હશે, એમ જણાય છે.

આ તીર્થમાં સ્થાનિક કે બહારગામની, સ્થાવર મિલ્કતની કે સહાયતાની કાયમી વાર્ષિક આવક ઘણે ભાગે કંઇ પણ નથી. જે કાંઇ આવક છે તે માત્ર યાત્રાળુઓની જ છે. મતલબ કે આ તીર્થનો નિભાવ યાત્રાળુઓથી જ થાય છે.

દેરાસર ખાતે ખર્ચ કરતાં થોડી આવક વધારે થાય છે, પણ તે બંધ કરવાની જરૂર નથી. કારણ કે અહીંથી સાધન–સામગ્રી વિનાનાં ઘણાં ગામોનાં દેરાસરોને આરસનાં પાટિયાંની સહાયતા કરવામાં આવે છે. તે ઉપરાંત પણ જો વધારો રહેતો હોય તો **શંખેશ્વરજી**ની આસપાસનાં ગામોનાં દેરાસરોમાં જે જે વસ્તુની જરૂર હોય તે આપવાની અને જીર્ણોદ્ધારની જરૂર હોય તો તે પણ કરાવી આપવાની, આ તીર્થની વ્યવસ્થાપક કમીટીને ખાસ ભલામણ કરવામાં આવે છે.[1]

સાથે સાથે સાધારણ–ખાતામાં અને બગીચા–ખાતામાં દર વર્ષે જે ટોટો પડે છે, તે ટોટો હવેથી ન પડે તે માટે કાળજી રાખવા તરફ સમસ્ત યાત્રાળુઓનું ધ્યાન ખેંચવામાં આવે છે.

યાત્રાળુઓની સારી રીતે સગવડ સચવાય, દરેક કાર્યોની વ્યવસ્થા સુંદર રીતે થાય અને યાત્રાળુઓએ આપેલી રકમનો શીઘ્રતાથી સદુપયોગ થતો જોવામાં આવે તો યાત્રાળુઓની દાન કરવાની રુચિ વૃદ્ધિને પામે છે, પ્રફુલ્લિત થાય છે. આ બાબત સ્થાનિક અને વ્યવસ્થાપક કમીટીના કાર્યવાહકોએ ખાસ લક્ષમાં રાખવા જેવી છે.

---

૧ **શંખેશ્વરજી**ની આસપાસનાં ઘણાં ગામોમાં અમે વિહાર કર્યો છે, તેમાંનાં કેટલાંક ગામોનાં દેરાસરોના જીર્ણોદ્ધારની તેમજ કેટલાંક દેરાસરોમાં અમુક અમુક સાધનોની ખાસ જરૂર છે.

સખાવતઃ—

આ તીર્થમાં દેરાસરજી ખાતે થતી ઉપજમાંથી દર વર્ષે દસ હજાર રૂપિયાની કિંમતનાં આરસનાં પાટિયાં બહારગામનાં દેરાસરો માટે આપવાનું આ તીર્થની વ્યવસ્થાપક કમીટિએ સંવત ૧૯૮૪ થી ઠરાવ કરીને શરૂ કર્યું છે. જે જે ગામોના સંઘોની માગણી આવે છે ત્યાં કમીટી તરફથી મીસ્ત્રી મોકલીને ખાસ જરૂર હોય તે પ્રમાણે તેમને આરસનાં પાટિયાં મોકલી આપવામાં આવે છે. જેમને ખાસ જરૂર હોય તેમણે **અમદાવાદ**ની હેડ ઑફિસ ઉપર અરજી કરવી જોઈએ.

ગામમાંથી લૂલાં–લંગડાં–ખોડાં ઢોર તથા જે કંઈ પશુ-પક્ષીઓ આવે છે, તેમની પાંજરાપોળ તરીકે કારખાના તરફથી સારવાર અને રક્ષા કરવામાં આવે છે.

હમેશાં કબૂતર વગેરે પંખીઓને અનાજ નંખાય છે, અને કૂતરાંઓને દરરોજ રોટલા નાંખવામાં આવે છે; આ વગેરે જીવદયાનાં કાર્યો પેઢી તરફથી હમેશાં થતાં રહે છે.

જરૂરિયાતઃ—

આ તીર્થમાં નીચેની બાબતોની ખાસ જરૂરિયાત છે.

(૧) જેમ પુરુષોને ધર્મકરણી કરવા માટે અલાયદા ઉપાશ્રયની સગવડ થઈ છે, તેવીજ રીતે સ્ત્રીઓને ધર્મક્રિયા કરવા માટે ખાસ અલાયદો ઉપાશ્રય થવાની ઘણી જરૂર છે, કે જેમાં સાધ્વીજીઓ યાત્રાળુ–ગૃહસ્થોથી જરા અલગ, અને નિઃસંકોચ રીતે શાંતિથી રહી શકે.

(૨) અહીંનાં હવા-પાણી સારાં હોવાથી ઘણા દરદીઓ પણ અહીં તબિયત સુધારવા સાથે તીર્થયાત્રાનો લાભ લેવા માટે આવે છે. તેઓને માટે એક જુદા જ સેનેટેરીયમની ખાસ અગત્ય છે. જો એક સેનેટેરીયમ જુદું હોય તો તેનાથી બીજા યાત્રાળુઓની તબિયત બગડવાનો કે ચેપી રોગ લાગુ થવાનો ભય ઓછો થઇ જાય અને દરદી સ્વધર્મી બંધુઓની તબિયત જલદીથી સારી થઇ જાય. માટે આવું એક સેનેટેરીયમ થવાની ખાસ અગત્ય જણાય છે.

(૩) યાત્રાળુઓનાં ગાડાંના બળદોને બાંધવા માટે કંઈ પણ સ્થાન નથી. આથમણા ઝાંપામાં એવું કોઈ ઝાડ પણ નથી કે જેના છાયામાં બળદો બેસી શકે. ઉનાળાની ઋતુમાં આખો દિવસ બળદોને સખ્ત તડકામાં બેસી રહેવું પડે છે, એ ત્રાસ જોયો જતો નથી. માટે નવી ધર્મશાળાની આસપાસમાં યાત્રાળુઓનાં ગાડાંના બળદો તથા ઊંટ, ઘોડાં વગેરેને બાંધવા માટે છાપરાં થવાની ખાસ આવશ્યક્તા છે.

(૪) પંચાસરવાળાની ધર્મશાળાને છેડે, તેની પાસેના ગઢના કોઠાની પાસે ધર્મશાળાનું મેડીબંધ એક મકાન જીર્ણ થઈ ગયેલું હતું તેને પાડીને તે જગ્યાએ સાત ઓરડાવાળું મેડીબંધ પાકું મકાન કારખાના તરફથી બંધાયું છે. તે ઓરડાઓ ઉપર સહાયતા આપીને આરસની તખ્તી લગાવવા માટે સહાયકોની જરૂર છે.

(૫) દર વર્ષે સાધારણ ખાતે અને બગીચા ખાતે ટોટો ન પડે અને એવી કંઇ કાયમી આવક થાય તેવી વ્યવસ્થા થવાની જરૂર છે.

ઉપર લખેલી પાંચ બાબતો તરફ વ્યવસ્થાપક કમીટીના મેંબરો તેમજ ઉદાર દિલના સખી ગૃહસ્થો સત્વર ધ્યાન આપશે એવી સંપૂર્ણ આશા રાખવામાં આવે છે. કાર્યવાહકો કાર્યો કરાવી લેવા તૈયાર જ હોય, પણ તેનો બધો આધાર ભાગ્યશાળી દાની પુરુષોની ઉદાર સહાયતા ઉપર જ રહે છે. કેમકે પેઢીમાં તો હમેશાં સાધારણ ખાતે ટોટો જ ચાલ્યો આવે છે, એટલે આર્થિક સહાયતા મળ્યા સિવાય પેઢી આ કાર્યો કરાવી ન શકે એ સ્વાભાવિક છે. માટે ઉદાર દિલના સખી ગૃહસ્થોએ ઉપરનાં કાર્યો કરાવવા માટે આર્થિક સહાયતા કરવાની ખાસ જરૂર છે.

ઉપસંહાર

હે સજ્જનો! જો તમે મોક્ષની અભિલાષા રાખતા હો, આત્મિક ઉન્નતિ ઇચ્છતા હો, અશુભ કર્મ–પાપના ક્ષયની ભાવના રાખતા હો, અને શરીર તથા અંતઃકરણને પવિત્ર કરવા સાથે અપૂર્વ શાંતિ મેળવવા માંગતા હો તો આ તીર્થની યાત્રા–સેવા કરવા તત્પર થજો! તેમજ જો દેવલોકનાં અને ઉત્તમ મનુષ્યોનાં સુખોને પ્રાપ્ત કરવા ઇચ્છતા હો, વળી આ જન્મમાં જ સુખ, સૌભાગ્ય, નીરોગીપણું, ધન–દોલત, પુત્ર, સ્ત્રી, યશ–કીર્ત્તિ, માન–સન્માન આદિ મેળવવા અને અનેક પ્રકારનાં ભયંકર વિઘ્નોને પણ દૂર કરવા ચાહતા હો તો પરમ શ્રદ્ધાપૂર્વક અતિપવિત્ર આ તીર્થમાં જઇને તેની સેવા–ભક્તિનો લાભ લેજો! ત્યાંથી એ બધી ચીજો પ્રાપ્ત થઇ શકે તેમ છે.

અંતમાં અતિ પ્રાચીન, મહાપ્રાભાવિક, વિઘ્નનિવારક અને મનોરથપૂરક શ્રી **શંખેશ્વર પાર્શ્વનાથ તીર્થનું**, અનેક ગ્રંથોમાંથી સારાંશ લઈને મારી અલ્પમતિ અનુસારે, મેં સંક્ષેપમાં વર્ણન લખ્યું છે, તે વાંચીને સહૃદય લઘુકર્મી મનુષ્યો સમ્યક્ત્વને નિર્મળ બનાવવા માટે આ તીર્થની યાત્રા-સેવા-ભક્તિ કરવામાં વિશેષ ઉદ્યમવંત બનશે તો હું મારો પરિશ્રમ સફળ થયો માનીશ.

॥ ॐ શાન્તિઃ શાન્તિઃ શાન્તિઃ ॥

સમાપ્ત

परिशिष्ट-१

श्रीशङ्खेश्वरमहातीर्थना शिलालेखो

नवा मंदिरना लेखो

(१)

सं. १६६६ वर्षे पो. व. ८ रवौ श्री शंखेश्वर पार्श्वनाथपरिक: अहम्मदावादवास्तव्य शा. जयतमाऊ भा. जीवादे सुत पुण्यपाल ते स्वश्रेयसे कारित: प्रतिष्ठितश्च श्री तपागच्छे भट्टारक श्रीहीरविजय सूरीश्वरपट्टोदयाचलभासनभानुसमान भट्टारक श्रीविजयसेनसूरीश्व निर्देशात् तत्शिष्य श्रीविजयदेवसूरिभि: श्रीमति राजनगरे इति शु

(२)

ॐ संवत् १३२६ वर्षे माघ वदि २ रवौ श्री ब्रह्माणगच्छे श्रीमालज्ञातीय........पत्नी (पद्मी) श्रेयोर्थं सुत जाल्हाकेन श्री नेमि नाथबिंबं चतुर्विंशतिपट्टसहितं...............प्रतिष्ठितं श्री बुद्धिसाग सूरिभि: मंगलमस्तु

---

(१) मू. ना.ની જમણી બાજુના કાઉસ્સગ્ગીયા પરનો લેખ મૂ. ના.જીની ડાબી બાજુના કાઉસગ્ગીયા પર પણ બરાબર એ જ પ્રમાણે લેખ છે. ફક્ત **श्रीतपा** ને બદલે **तपा** તથા **शु.** ને બદલે **शुभमस्तु** લખેલું છે. બાકી બધું એકસરખું છે.

(२) શ્રી ભીડભંજન પાર્શ્વનાથજી ભગવાનની જમણી બાજુના કાઉસગ્ગીયા પરનો લેખ.

(३)

सं. १३२६ वर्षे माघ वदि २ रवौ श्री ब्रह्माणगच्छे श्री श्रीमाल ज्ञातीय..........ता श्रेयोर्थं सुत जाल्हाकेन श्रीआदिनाथबिंबं चतुर्विंशतिपट्टसहितं कारितं ॥ प्रतिष्ठितं श्री बुद्धिसागरसूरिभिः ॥ मंगलमस्तु ॥

(४)

श्री संषेशर पारस्वनाथ पद्मावती श्री तपागच्छे

(५)

सुतया (ता) सर्व्वदेवी जाल्हा मणा........म्यां कारितः

(६)

ॐ सं. १३२६ माघ वदि २ रवौ सुता अगपम श्रेयसे पिता जाल्हाकेन श्री महावीरबिंबं का

(७)

संवत १७९४ वरषे फागुण वदि २ शुक्रे सा खुसाल बेचर भार्या तेजबा. पादुका करापितं

---

(૩) શ્રી ભીડભંજન **પાર્શ્વનાથ** ભગવાનની ડાબી બાજુના કાઉસગ્ગીયા પરનો લેખ.

(૪) દેરી નં. ૨, **પદ્માવતી** દેવીની મૂર્તિ નીચેનો લેખ.

(૫) દેરી નં. ૪, જિનચોવીશીના પટ્ટની ગાદીનો લેખ.

(૬) દેરી નં. ૩૪, મૂ. ના.જીની જમણી બાજુની મૂર્તિના પરિકરની ગાદી પરનો લેખ.

(૭) દેરી નં. ૫૧ અને ૫૨ની વચ્ચેના ખૂણાની દેરીની અંદર આરસની નાની દેરીમાંના બે જોડી પાદુકાપટ્ટ પરનો લેખ. (આ સિવાય આ દેરીમાં બીજાં પગલાંની જોડી ૮ છે. તેના પર થોડા થોડા અક્ષરો લખેલા છે. પણ સ્થાનની વિષમતાને લીધે તથા અક્ષરો ઘસાયેલા હોવાથી તે બરાબર વાંચી શકાતા નથી.)

(८)

सं. १४२८ वर्षे वैशाख वदि २ सोमे प्राग्वाट ज्ञातीय श्रे. आसपाल भा. राजल्दे स(मु)त....भा. सिरियादे सुत पूयगा सुत.... कारिता चतुर्विंशतिजिनपट्टिका भट्टारक श्री सोमतिलकसूरि....ण....

(९)

पट्टः श्री शं..............१२३८ वर्षे माघ सुदि ३ शनौ श्री सोमप्रभसूरिभिर्जिनमातृपट्टिका प्रतिष्ठिता............त्राभ्यां राज-देव । रत्नाभ्यां स्वमातुः............ ॥ कल्याणमस्तु श्री संघस्य ॥

(१०)

सं. १८३० मागसिर सुदि ६ सुक्रे मोदी लवजी तस्य पुत्री बाई. तेजकूयर तस्या मूर्त्ति श्री संषेसर पार्श्वनाथ चर...............

(११)

॥ ॐ श्री गणेशाय नमः ॥ श्री सरस्वती नमः ॥ संवत १८६८ ना वर्षे भाद्रवा सुद १० दने वार बुधे ॥ सवाईजेपुरका साहा. उत्तमचंद बालजीका रु. ५००० अंके रुपैया पांच हजार नाणा

---

(८) દેરી નં. ૫૩, શ્રી જિનચોવીશીપટ્ટ પરનો લેખ.

(९) દેરી નં. ૫૫, જિન-માતૃ ચોવીસીપટ્ટ પરનો લેખ. (માતાઓની દરેક મૂર્તિ પર માતાઓનાં નામો ખોદેલાં છે.)

(૧૦) મુખ્ય દરવાજા પાસે આરસની નાની દેરીમાંની પદ્માવતી દેવીની મૂર્તિ નીચેનો લેખ. (લેખના બાકીના અક્ષરો આરસના પત્થર નીચે દટાઇ ગયા છે.)

(૧૧) મંદિરના મુખ્ય દરવાજાની બહારની ડાબા હાથ તરફની ભીંતમાંનો લેખ.

सकाई रोकडा मोकला. ते मध्ये कारषाना काम करावो. एक काम चोकमांए तलीआको. दुसरो देवराको जाली. तीसरो काम चोवीस तीर्थंकरको परघर समारो. चोथो काम बावन जीनालाको फुटो तुटो समरावो. पांचमो काम नगारषाना षंड दांको करावो. छठो काम महाराज श्री संषेसरजीने गलेप करावो. रु. ५००० अंके रुपैया हजार पांच. शाहा. जीवणदास गोडीदास श्रीराधनपुरवालाकी मारफत. गुमास्ता ३ ब्रह्मण हरनारायण तथा ईश्वरदास तथा मेगा टीकाराम पासे रहीने खर्चावा छे ॥ पारसनाथ सत छे ॥

धातु प्रतिमाना लेखो

(१२)

ॐ संवत् १२१४ माघ सुदि १३ धवलक सुदेवाभ्यां वहुदेवि मातृश्रेयोर्थं ऋषभदेवबिंबं कारितमिति

(१३)

सं. १४६८ वर्षे कार्त्तिक वः २ सोमे श्री अंचलगच्छे शा. श्री. कडूयाकेन श्रे. मंडलिक भा. आल्ह नाम मातापित्रोः श्रेयोर्थं श्री पार्श्व-नाथबिंबं श्रीमेरुतुंगसूरीणां उपदेशेन कारितं । प्रति० च श्रीसूरिभिः॥

(१४)

सं. १४७८ वैशाख सुदि १३ सोमे श्री श्रीमालज्ञा श्रे जेसा भा. जसमादे द्वि. जाल्हणदे श्रे. सुत गोधाकेन श्रीपार्श्वनाथ बिंबं का. प्र. पिप्पलगच्छे श्रीकमलचंद्रसूरिपट्टे श्रीप्रभाणंदसूरिभिः ॥ श्रीः ॥ १

(१२. १३, १४) આ ત્રણે લેખો અનુક્રમે ધાતુની એકતીર્થી, ત્રિતીર્થી અને પંચતીર્થી મૂર્તિ ઉપરના છે.

(१५)

संवत् १४८७ वर्षे पोष वदि ६ शुक्रे श्री श्रीमालज्ञातीय श्रे. सूटा भा. प्र. ऊमादे द्वि. भा. वांऊ सु. धर्मांकेन मातृपितृ श्री(श्रे)योर्थं श्रीआदिनाथबिंबं कारापितं प्र. ब्रह्माणगच्छे श्रीवीरसूरिभिः

(१६)

सं. १५०० वै. शु. ५ प्राग्वाटज्ञातीय सं. उदयसी भार्या चांपलदे पुत्र सं. नाथा भार्यया फदी नाम्न्या सुत संमधर सीधर आसधर देवदत्त पुत्रो कपूरी कीबाई पूरायूयादि कुटंबयुतया स्वश्रेयसे श्रीवर्द्धमान बिंबं कारितं प्रतिष्ठितं । श्रीसूरिभिः ॥

(१७)

॥ ॐ ॥ संवत् १५०७ वर्षे फागुण वदि ३ दिने बुधे ऊकेशवंशे वडू (इ) नातालागोत्रे सा. लाहड पुत्र सा. कउराकेन श्रीमुनिसुव्रतनाथबिंबं कारितं श्रीपरत (षरतर) गच्छे प्रतिष्ठितं श्रीजिनभद्रसूरिपट्टे श्रीजिनसागरसूरिभिः

(१८)

सं. १५१२ वर्षे फा. शु. ३ दिने प्राग्वाट व्य. वेला भा. मांकू नाम्न्या सुत व्य. देवा जावड भा. मरगदे सुहासिणि सुत लाला वीसा कुंरपाल वीरपाल पु. सूरदासादि कुटुंबयुतया स्वश्रेयसे श्रीमुनिसुव्रतबिंबं का. प्र. श्री तपागच्छे श्रीरत्नशेखरसूरिभिः ॥ महिसाणापुरे

(१५. १६, १७, १८) આ ચારે લેખો ધાતુની પંચતીર્થી મૂર્તિ ઉપરના છે.

(१९)

सं. १५२३ वर्षे वैशाख वदि ४ गुरौ प्रा. श्रे. कर्मण भा. कपूरी पु. श्रेष्ठि कडूआ भार्या मानुं पु. धर्मसी भ्रा. बडूआदिकुटंबयुतेन श्री-कुंथनाथबिंबं का. प्र. श्रीचित्रावालगच्छे । श्री श्री । यण (?) देवसूरिपट्टे । श्री श्री रत्नदेवसूरिभिः शुभं भवतु श्रीपत्तने

(२०)

॥ संवत १५२४ चैत्र वदि ५ भूमे श्री श्रीमालीज्ञातीय मं. सिंघा भा. धरणु पु. धनाकेन भा. राणी पु. हापा हीग वस्ता हापा भा. कुंअरियुतेन आत्मश्रेयसे श्रीचतुर्विंशतिपट्टे मूलनायक श्रीश्रीसंभव-नाथबिंबं कारापितं प्रतिष्ठितं श्रीश्रीपूर्णिमापक्षीय प्रथम शा. श्रीविद्याशेषर-सूरिसंताने श्रीगुणसुंदरसूरीणामुपदेशेन विधिना श्राद्धै वा. श्रीज्ञानकलश नित्य प्रण

(२१)

सं. १५३० वर्षे माघ व. २ शुक्रे श्रीश्रीमालज्ञा. पितृ षोषा मातृ शांगी भ्रातृ राजा नमित्तं श्रे. रत्नाकेन भा. गुरी पु. वाधा भा. ऊच्छी सहितेन श्रीवासपूज्यबिं. क. पिप्पल ग. भ. श्री गुणसागर-सूरिभिः ॥ प्रतिष्ठितं पा(षा ?)डलावास्तव्यः ॥

(२२)

संवत् १५३४ वर्षे ज्येष्ट वदि २ सोमे प्राग्वाटज्ञा. व्य. वरसिंह सु. व्य. सालिग भा. साडू सुत देवराजकेन भा. रत्नाई भ्रातृ वानर

(१९–२०) અનુક્રમે ધાતુની પંચતીર્થી અને ચોવીશી ઉપરના લેખો છે.

(२१–२२) આ બન્ને લેખો ધાતુની પંચતીર્થી ઉપરના છે.

अमरसीह प्रमु. कुटुंबयुतेन श्रीश्रेयांसबिंबं का. प्र. बिवंदणीक ग. श्री सु(ल)ब्धिसूरिभि. वीसलनगरवास्तव्य ॥

(२३)

संवत १६२८ वर्षे फागुण सुदि ७ वर बधे श्रीपत्तनं वस्तव्यं श्री श्रो प्रागवाटज्ञाति श्रे । दामू भार्या कस्तूराइ सत जियवंत भार्या पूंजी बीजी भार्या हरषाइ सत श्रीवंत श्रीपाल श्रीनमनाथ बब श्रीविजय-दानसूरि तस पट्टे श्रीहीरविजयसूरिभि प्रतिष्ठतं ॥

(२४)

॥ सं............स्वामिचतुर्विंशतिपट्टः कारितः प्रतिप (०) ब्रह्मा-णगच्छे भ. श्रीमुणिचंद्रसूरिभिः पंचासरवास्तव्यः ॥ श्रीः ॥

जूना मंदिरना लेखो

(२५)

सा. लुंबा सू. हरजी भा. मथी

(२६)

श्र(श्री) श्रीमाली सा. गोवद भारजा बा. मगबाई सुत. कानसीग पुंनसीग अम(आ)सकरण । अमकरण तथा देवकरण............संवत १६६५ वरषे आसो सुद ५

(२७)

संवत् १६५३ वर्षे कार्ती वद ११ रवु दावदना साहा सूरजी सा. तेजपाल श्रीचंद पुत्ररत्न श्री देहरी ३ करावीअ माता कोडमदेनुं पुत्र

---

(२३) ધાતુની પંચતીર્થી પરનો લેખ.
(२४) ખંડિત પરિકરવાળી ધાતુમૂર્તિ પરનો લેખ.
(२५, २६, २७) અનુક્રમે દેરી નં. २, ३, ९ ની બાર-શાખ પરના લેખો.

(२८)

श्रीराजनगरवास्तव्य नंदरबारो वृ. उके. सा. सहस्रकिरण भा. रूपा (?) सुत साह शांतिदास । कस (कस्य सुत ?) रूपाकेनेयं देवकुलिका कारितेयं

(२९)

संवत् १६६६ वर्षे पोष वदि ८ रवौ नटीपद्रवास्तव्य श्रीश्रीमालिज्ञातीय वृद्धशाखीय प. जावड भा. जसमादे सुत प. नाथजीकेन भा. सपूरदे प्रमुखकुटुंबयुतेन स्वश्रेयसे श्रीशंखेश्वर ग्रामे श्रीपार्श्वनाथमूल-प्रासादं तदुत्तरस्यां भद्राभिधानो प्रासादः शतशो रूपकव्ययेन कारितः भव्यवृंदैर्वंद्यमानश्चिरं जीयात् ॥

(३०)

नटीपद्र वास्त. प. जावड सुत हरजी सुत काहनजीकेन भा. नारिंगदे पुत्री नांथी प्रमुख कुटुंबयुतेन देवकुलिका कारितेयं ॥

(३१)

सं. वर्धमान समरसंग पटणी

(३२)

संवत १६६३ वरषे पोष सुद १३ पटणी............

(३३)

पटणी सोनी लहूआ भार्या बा. अणू अरमी देहरी

---

(૨૮) દેરી નં. ૧૧ ની બારશાખ ઉપરનો લેખ.

(૨૯) દેરી નં. ૧૨ (ઉત્તર તરફના ગભારા) ની બારશાખની ઉપરના પાટડા ઉપરનો લેખ.

(૩૦, ૩૧, ૩૨, ૩૩) અનુક્રમે દેરી નં. ૧૩, ૧૪, ૨૦, ૨૧ ની બારશાખ ઉપરના લેખો છે.

(३४)

परीक पदमा लाला पटणी

(३५)

संवत् १६५२ व सं वरध सुत वीरजी सीदपरानी देहरी

(३६)

सो। तेजपाल भारजा बाई अपूनी देहरी सं. १६६२ वर कारतक शुद

(३७)

सं. १६६२ वरषे मातरा छ सोनी....(तेजपाल ?) भारजा ल ॥ अपू दहर

(३८)

सं. १६६२ करतग शु. ७ रवौ तेजपालनी पूत्री कामानी पटणी

(३९)

सं. १६६२ का. शुदि ७ सो. तेजपाल विजयधर बा. जमानी देहरी

(४०)

सं. १६६२ कारतिग शुदि ७ सो. तेजपाल सुत सो. विजयधर भारजा बा सरसुनी देहरी पटणी

(४१)

सं. १६६३............अंबाईनी देहरी पटणी

(૩૪, ૩૫) અનુક્રમે દેરી નં. ૨૨, ૨૩ની બારશાખ પરના લેખો.

(૩૬, ૩૭) દેરી નં. ૨૪ (પાછળના મોટા ગભારા) ની અનુક્રમે જમણી અને ડાબી બાજુના થાંભલા પરના લેખો.

(૩૮, ૩૯, ૪૦, ૪૧) અનુક્રમે દેરી નં. ૨૫, ૨૬, ૨૭, ૨૮ ની બારશાખ પરના લેખો.

(४२)

सं. १६६३ न कति शुद ९ दने सो. तेजपाल........नी बेटी बा. वछाईनी देरी पटणी

(४३)

संवत् १६६१ वरिषे मा. वदि ८ प्रवर्तमाने पार काळूराज....

(४४)

बा पूनानी देहरी सं. १६६२ कात. शु. ७ अंमदावादी

(४५)

सं. १६८६ असाढ सु. १३ रवु सा. सुंदरमण भा. सरवदे सू. (सु०) सामलदास केसरदे सुजाणदे सु. अचता(ल)दास

(४६)

सां. १६६२ वस्षे महा शुद १३ सोमे दो. सहुआ भारजा बाई टबूबाई सु. दो. पूनोआ वास अमदावादी

(४७)

संवत् १६८६ असाढ शु. १३ रवु सं. वर्धमान गंगा पटणा

(४८)

सं. १६६३ वरषे काती शुद ११ सोमे सा सोहल भा. बटी सत........बटीबाई पाळ देहरी पाटणीनी

(૪૨, ૪૩, ૪૪, ૪૫, ૪૬, ૪૭, ૪૮) અનુક્રમે દેરી નં. ૨૯, ૩૦, ૩૧, ૩૨, ૩૩, ૩૪, ૩૫ ની બારશાખ ઉપરના લેખો.

(४९)

॥ संवत् १६६६ वर्षे पोष वदि ८ रवौ राजनगरवास्तव्य वृद्धशाखीय ओशवालज्ञातीय मीठडीआगोत्रीय सा. समरसिंह भा. हंसाई सुत सा. श्रीपालकेन भा. हर्षादे द्वि. भा. सुखमादे धर्मपुत्र सा. वाघजी प्रमुख कुटुंबयुतेन उत्तराभिमुखो भद्राभिधः प्रासादः कारितरिति भद्रम् ॥ श्री छ ॥

(५०)

संवत १६६२ व. श्रे। सदेवच्छ सुत सा धनजी मनजी पाटणीनी देहरी

(५१)

सा..................सं. १६९८

(५२)

संवत १६६१ वर्षे श्रे। सीराज भा. वा। टांकुनी देहरी पटणीनी

(५३)

संवत १६६२ वा. मा(सा)हा जेचंद सवचंद पूजा दोवजी देहरी पटणीनी

(५४)

सांवा १६६३ वरषे। पस वद १० दगी (दिने) दो वरज पहल देरी

---

(૪૯) દેરી નં. ૩૬ (દક્ષિણ દિશાના પહેલા ગભારા) ની બારશાખની ઉપરના પાટડા પરનો લેખ.

(૫૦, ૫૧, ૫૨, ૫૩, ૫૪) અનુક્રમે દેરી નં. ૩૭, ૩૮, ૩૯, ૪૦, ૪૧ ની બારશાખ પરના લેખો.

(५५)

संवत् १६७२ वरषे जेठ सुद २ दन वरा (वहोरा) भूषदआ (?) वहरांगज वहरा हजारीमल ताछा आगा तेजद ६ (?) देवांगतरगतस (?) वहेरा साजग बाई कान्हाई वोहरा डेडा वोह. मंगल डूंगर मूंजपर वासतव तेनुं प्रासाद १

(५६)

संवत १६६४ वर्षे काती........सा धनजी काहनजी पटणी

(५७)

...........रतननी देहरी पाटगवाला सलाट वाघी जीवलाल

(५८)

संवत् १६६३ वर्षे महावदि १३ शनौ साणंदना श्रीसंघसमस्तनी दहेरी ॥

धर्मशाला वगेरेना लेखो

(५९)

॥ श्रीगणेसाए नमः संवत १८३६ वरषे श्रावण सुद २ दनः श्रीधरमसला माजन समसत् करावी छे भोम वेचाथी लअने करावी छेः सा कसलचंद मूलजीनी मारफत करावी छेः सलाट श्री हमरने करी छेः दरगम अन ललः लषीतंग भट संकर

---

(૫૫) દેરી નં. ૪૩ (દક્ષિણ દિશાના બીજા ગભારા) ની બારશાખની ઉપરના પાટડા પરનો લેખ.

(૫૬, ૫૭) અનુક્રમે દેરી નં. ૪૪, ૪૫ ની બારશાખ પરનો લેખ.

(૫૮) કોઈ એક દેરીની બારશાખ પરનો લેખ.

(૫૯) ટાંકાવાળી ધર્મશાલાની, જૂના દેરાસર તરફના રસ્તાની બારી તરફની ભીતમાંનો લેખ.

(६०)

श्रीगणेसाए नम संवत १८५४ वरषे वइसाष सुद ३ दने वार गरउ श्रीसंषेसरजीनी धरमसाला माजन सरवे मलीने करावी छे भोम अघाटबंध लेईने करावी छे श्रीराधनपरना माजननी मारफत थई छे मसालीआ हेमजी जीवणदास साहा रंगजी जेवत साह दानसंग मेघजी साह कसलचंद मूलजी शेठ वालजी कुआरपालनी मारफत थइ छे तेनुं षत षराजातनुं नामुं राधनपुर मधे छे भट संकरे वनमालीए पासे रहीने काम करावू छे श्रीगोड ग्नाती ब्रामण छे श्रीराधनपर वासते कारीगर सलाट सोमपरा परसोतम दआराम सलाट सुषराम । सुरचंद वडनगरा तथा सीतपरा परसोतम जे वांचे तेने अमारा राम राम छे जातरा करता अमने संभारजो श्री.

(६१)

संवत १८७४ ना वरषे मागस सुदइ २

(६२)

॥ सं. १९१६ शाके १७८१ प्र. मासोत्तमे माघमासे शुक्लपक्षे ७ सातम्यां तिथौ सोमवासरे श्री पार्श्वचंद्रसूरिगच्छेश रीभ । भट्टारकजी श्री १०८ श्रीहर्षचंद्रसूरीश्वराणां पादुकेयं प्रतिष्ठितं (ता) ततशिष्य मुक्तिचंद्रेण ॥ श्रीरस्तु ॥

---

(६०) ટાંકાવાળી ધર્મશાળાની અંદરના ભાગમાં, પેસવાની બારીની ઉપરની ભીંતમાંનો લેખ.

(૬૧) પંચાસરવાળાની ધર્મશાળાના ગઢના દક્ષિણ દિશા (ગામ તરફ)ના કોઠા પરનો લેખ.

(૬૨) કારખાનાના બગીચાની અંદરની છત્રીમાંની દેરીમાંના પગલાં પરનો લેખ.

सरईना लेखो

(६३)

सेठ श्री गगसचंद संतीदास झाला श्री.....(अमरा) जी झालश्री रांमदसजी पटल सजग व अभेराम....पुंजा वढेल करसन गम संखेस सधत्र (सिंधव) जोया देवलाक पहता लोक मली खेतर उंटवलीउ गोचर मुकुं हिंदुअण गाअ तरकग सूव्हर आ खेत्र दोकडा आपीने गोचर मुकुं संवत १७२२ माह शु २ बुधे.

(६४)

श्रीगणेसाय नमः संवत १७५५ वरखे काती सद २ सधत्र अभेराम वरपा आ खेतर उंटवालीउ....गोसर मुकुं छे गाम समसत मुकुं छे हिंदुअणे गाअ तरकांणे सुवर देरामां गामना मली मतु पाले

(६५)

श्रीगणेसाए नमः सवत १७३२ वरषे चइतर वदि ८ रवी म.... तथा सजांण देवा....गाम मलीने गोचर मुकु छे...........

---

(૬૩) શંખેશ્વર ગામથી ઉત્તર દિશા તરફ તળાવની પાસે ખંડીયાના રસ્તા ઉપર ગોચર ભૂમિમાંની પહેલી સરઈનો લેખ.

(૬૪-૬૫) ઉપર્યુક્ત સરઈની પાસેની બીજી અને ત્રીજી સરઈના લેખ.

શ્રી શંખેશ્વર મહાતીર્થના
શિલાલેખોનું અવલોકન

શ્રીશંખેશ્વરજીમાંથી નાના-મોટા મળીને કુલ ૬૫ શિલાલેખો અમને પ્રાપ્ત થયા છે; તેમાં નવા મંદિરના ૨૪, જૂના મંદિરના ૩૪, બગીચાનો ૧, ધર્મશાળાના ૩ અને સુરભી-સરઈના ૩ છે. તેમાં ૫૫ શિલાલેખો સંવતવાળા છે, જ્યારે દસ લેખો સંવતવિનાના છે; જે સંવતવિનાના છે, તેમાંથી ૨-૩ લેખોનો સંવત અનુમાનથી નક્કી થઇ શકે તેમ છે. સંવતવાળા લેખોમાં સૌથી જૂનામાં જૂનો વિ. સં. ૧૨૧૪ નો અને નવામાં નવો વિ. સં. ૧૯૧૬ નો છે. તે શિલાલેખોની સાલવાર અનુક્રમણિકા આ પ્રમાણે છે:—

સંવત. લેખાંક.	સંવત. લેખાંક.
૧૨૧૪-૧૨	૧૫૩૦-૨૧
૧૨૩૮-૯	૧૫૩૪-૨૨
૧૩૨૬-૨, ૩, ૫, ૬	૧૬૨૮-૨૩
૧૪૨૮-૮	૧૬૫૨-૩૫
૧૪૬૮-૧૩	૧૬૫૩-૨૭
૧૪૭૮-૧૪	૧૬૬૧-૪૩, ૫૨.
૧૪૮૭-૧૫	૧૬૬૨-૩૬, ૩૭, ૩૮, ૩૯, ૪૦, ૪૪, ૪૬, ૫૦, ૫૩.
૧૫૦૦-૧૬	૧૬૬૩-૩૨, ૪૧, ૪૨, ૪૮, ૫૪, ૫૮.
૧૫૦૭-૧૭	૧૬૬૪-૫૬
૧૫૧૨-૧૮	૧૬૬૫-૨૬
૧૫૨૩-૧૯	
૧૫૨૪-૨૦	

૧૬૬૬–૧, ૨૯, ૩૦, ૪૯.	૧૭૯૪–૭
૧૬૭૨–૫૫	૧૮૩૦–૧૦
૧૬૮૬–૪૫, ૪૭.	૧૮૩૬–૫૯
૧૬૯૮–૫૧	૧૮૫૪–૬૦
૧૭૨૨–૬૩	૧૮૬૮–૧૧
૧૭૩૨–૬૫	૧૮૭૪–૬૧
૧૭૫૫–૬૪	૧૯૧૬–૬૨

નવા દેરાસરના લેખો

નવા મંદિરમાંથી કુલ ૨૪ શિલાલેખો મળ્યા છે. તેમાં કાઉસગ્ગીયા પરના ૩, પરિકરની ગાદીનો ૧, ધાતુની મૂર્ત્તિઓના ૧૩, **પદ્માવતી** દેવીની મૂર્ત્તિઓના ૨, પાદુકા પરના ૪ અને દીવાલનો ૧ છે. આમાં ૨૨ લેખો સંવતવાળા છે., જ્યારે ૨ લેખો સંવતવિનાના છે. તેમાં સૌથી જૂનામાં જૂનો વિ. સં. ૧૨૧૪ નો છે અને નવામાં નવો વિ. સં. ૧૮૬૮ નો છે. તે સિવાય મૂળનાયકજીની બન્ને બાજુના બન્ને કાઉસ્સગીયા એક જ ધણીએ કરાવેલા હોવાથી તે બન્ને પર એક સરખો જ લેખ હોવાથી તેમાંથી એક લેખ આમાં આપ્યો નથી. ધાતુની એક એકલ મૂર્ત્તિનો લેખ ચૂનામાં દટાયેલો હોવાથી લઈ શકાણો નથી અને પગલાં જોડી ૮ ઉપર થોડા થોડા અક્ષરો ખોદેલા છે, પણ તે ઘસાઈ ગયેલા અને નિરુપયોગી હોઇને ઉતાર્યા નહીં હોવાથી આમાં આપી શકાયા નથી.

(૧)

સંવત ૧૬૬૬ પોષ વદિ ૮ રવિવારે, **અમદાવાદ**-નિવાસી શાહ **જયતમાલ**ની ભાર્યા **જીવાદે**ના પુત્ર **પુણ્ય**-

પાલે પોતાના કલ્યાણ માટે **શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ** પ્રભુજીનું પરિકર કરાવીને તેની, શ્રી**તપાગચ્છ**નાયક ભટ્ટારક **શ્રીહીરવિજયસૂરીશ્વરજી** મહારાજની પાટરૂપી ઉદયાચલ પર્વતને પ્રકાશમાન કરવા માટે સૂર્ય સમાન ભટ્ટારક શ્રી **વિજયસેનસૂરીશ્વરજી** મહારાજની આજ્ઞાથી તેમના પટ્ટધર શિષ્ય શ્રી **વિજયદેવસૂરીશ્વરજી** મહારાજ પાસે **અમદાવાદ**માં પ્રતિષ્ઠા કરાવી.

(૨, ૩, ૫, ૬)

આ ચાર લેખો એક જ ધણીના છે, તેમાંથી પ્રથમના બે લેખો ભીડભંજન **પાર્શ્વનાથ** પ્રભુજીની બન્ને બાજુના બન્ને કાઉસ્સગ્ગીયા પર, ત્રીજો લેખ જિન–ચોવીશીના પટ્ટ પર અને ચોથો લેખ પરિકરની ગાદી પર ખોદેલ છે.

(૨) સં. ૧૩૨૬ માઘ વદિ ૨ રવિવારે, શ્રી **બ્રહ્માણગચ્છીય** અને શ્રી **શ્રીમાલજ્ઞાતિના** શાહ **જાલ્હાએ** પોતાની માતા **પદમી**ના શ્રેય માટે ચતુર્વિંશતિજિનપટ્ટ સહિત મૂ.ના. શ્રી **નેમિનાથ** જિનબિંબ (કાઉસ્સગ્ગીયા–ઊભી મૂર્ત્તિ) કરાવ્યું અને તેની શ્રીમાન્ બુદ્ધિસાગરસૂરિજીએ પ્રતિષ્ઠા કરી છે.

(૩) પોતાના પિતાના શ્રેય માટે મૂ. ના. શ્રી **આદિનાથ** પ્રભુજીનું બિંબ. (બાકી બધું ઉપર પ્રમાણે જ જાણવું.)

(૫) આ જિન–ચોવીશીનો પટ્ટ, શા. **જાલ્હા** અને **માણાએ** પુત્રી **સર્વદેવી**ના શ્રેય માટે વિ. સં. ૧૩૨૬ માઘ વદિ ૨ રવિવારે કરાવ્યો.

(૬) સં. ૧૩૬૬ માઘ વદિ ૨ રવિવારે, પુત્રી **અનુપમાના** કલ્યાણ માટે પિતા **જાલ્હણે** શ્રી **મહાવીર** સ્વામીનું બિંબ ભરાવ્યું.

(૪)

શ્રી **તપાગચ્છમાં**, શ્રી **શંખેશ્વર પાર્શ્વનાથ** પ્રભુજીની શાસનદેવી શ્રી **પદ્માવતી**.

(૭)

સં. ૧૭૯૪ ફાગણ વદિ ૨ શુક્રવારે શા. **ખુશાલ બેચરની** ભાર્યા **તેજબાઇએ** પગલાં જોડી બેનો આરસનો પટ્ટ કરાવ્યો. (આ પગલાં કોનાં કોનાં છે? તે તેમાં કંઇ પણ લખ્યું નથી. કદાચ શ્રીમાન્ **હીરવિજયસૂરીશ્વરજી** મહારાજ અને શ્રીમાન્ **વિજયસેનસૂરીશ્વરજી** મહારાજનાં હોય.)

(૮)

સં. ૧૪૨૮ વૈશાખ વદિ ૨ સોમવારે, **પોરવાડ**જ્ઞાતીય શેઠ **આસપાલની** ભાર્યા **રાજલદેના** પુત્ર........ની ભાર્યા **સિરિયાદેના** પુત્ર **પૂયગાના** પુત્ર............એ કલ્યાણ માટે કરાવેલ આ જિન–ચોવીશીપટ્ટની ભટ્ટારક શ્રી **સોમતિલકસૂરિજીની** પાટને શોભાવનાર શ્રી..........સૂરિજીએ પ્રતિષ્ઠા કરી છે.

(૯)

સં. ૧૨૩૮ માઘ સુદિ ૩ શનિવારે, શ્રી **સોમપ્રભસૂરિજીએ** પ્રતિષ્ઠિત કરેલ શ્રીજિન–માતાની ચોવીશીનો આ પટ્ટ, શા............ના પુત્રો ૧ **રાજદેવ** અને ૨ **રત્નાએ** પોતાની માતા............ના કલ્યાણ માટે કરાવ્યો છે.

(૧૦)

સં. ૧૮૩૦ માગશર સુદિ ૬ શુક્રવારે, મોદી **લવજી**ની પુત્રી બાઈ **તેજકુંવરી**એ શ્રી **પદ્માવતી**દેવીની મૂર્ત્તિ અને શ્રી **શંખેશ્વર પાર્શ્વનાથ** પ્રભુજીની ચરણ–પાદુકાની જોડ ૧ કરાવી છે.

(૧૧)

સં. ૧૮૯૮ ભાદરવા સુદિ ૧૦ બુધવાર, **સવાઈજયપુર**ના શાહ **ઉત્તમચંદ વાલજી**એ રૂપિયા પાંચ હજાર નાણાં સીક્કાઈ (મુંબઈગરા) રોકડા મોકલ્યા. તેમાંથી જીર્ણોદ્ધારનું કામ નીચેની વિગતે કરાવ્યું: (૧) ચોકમાં તળિયામાં લાદીઓ જડાવી, (૨) મુખ્ય દેરાસરની જાળી કરાવી, (૩) ચોવીશે તીર્થંકર ભગવંતોનાં પરિકર (પરઘર) સમરાવ્યાં, (૪) બાવન જિનાલય–ભમતીની દેરીઓમાં ફૂટયું–તૂટયું કામ સમરાવ્યું, (૫) નગારખાનાનું બે ખંડવાળું મકાન કરાવ્યું, (૬) શ્રી **શંખેશ્વર પાર્શ્વનાથ** પ્રભુજીની મૂર્ત્તિ પર લેખ કરાવ્યો. એ વગેરે કામમાં રૂપિયા પાંચ હજાર શાહ **જીવણદાસ ગોડીદાસ રાધનપુર**વાલાની મારફત ગુમાસ્તા ૧ બ્રાહ્મણ **હરનારણ**, ૨ **ઇશ્વરદાસ** અને ૩ **મેણા ટીકારામે** પાસે રહીને ખર્ચાવ્યા છે. શ્રી **પાર્શ્વનાથ** સત્ય છે.

ધાતુપ્રતિમાના લેખો

(૧૨)

સં. ૧૨૧૪ માઘ સુદિ ૧૩, શાહ ૧ **ધવલક** અને ૨ **સુદેવ** નામના પુત્રોએ પોતાની માતા **બહુદેવી**ના શ્રેય માટે શ્રી **ઋષભદેવ** પ્રભુજીનું બિંબ કરાવ્યું.

(૧૩)

સં. ૧૪૬૮ કાર્ત્તિક વદિ ૨ સોમવારે, **અંચલગચ્છીય** શ્રાવક શાહ **કડુઆ**(કડવા) એ પોતાના પિતા શેઠ **મંડલિક** અને માતા **આલ્હ**ના શ્રેય માટે શ્રી **મેરુતુંગસૂરિજી**ના ઉપદેશથી શ્રી **પાર્શ્વનાથ** પ્રભુજીની મૂર્ત્તિ કરાવીને તેની આચાર્ય મહારાજ પાસે પ્રતિષ્ઠા કરાવી.

(૧૪)

સં. ૧૪૭૮ વૈશાખ સુદિ ૧૩ સોમવારે, શ્રી **શ્રીમાલ** જ્ઞાતીય શેઠ **જેસા**ની પ્રથમ ભાર્યા **જસમાદે**, બીજી ભાર્યા **જાલ્હણદે** તેઓના પુત્ર શેઠ **ગોધા**એ શ્રી **પાર્શ્વનાથ** પ્રભુનું બિંબ ભરાવ્યું, તેની પિપ્પલગચ્છીય શ્રી **કમલચંદ્રસૂરિજી**ના પટ્ટધર શ્રી **પ્રભાનંદસૂરિજી**એ પ્રતિષ્ઠા કરી છે.

(૧૫)

સં. ૧૪૮૭ પોષ વદિ ૬ શુક્રવારે, શ્રી **શ્રીમાલજ્ઞાતીય** શેઠ **સૂટા**ની પ્રથમ ભાર્યા **ઊમાદે**, બીજી ભાર્યા **વાંઊ** (વાંનૂ) તેઓના પુત્ર **ધર્મા**એ પોતાનાં માત–પિતાના શ્રેય માટે શ્રી **આદિનાથ** ભગવાનનું બિંબ કરાવ્યું અને તેની શ્રી **બ્રહ્માણગચ્છીય** શ્રી **વીરસૂરિજી**એ પ્રતિષ્ઠા કરી છે.

(૧૬)

સં. ૧૫૦૦ વૈશાખ સુદિ ૫, **પોરવાડજ્ઞાતીય** સંઘવી **ઉદયસિંહ**ની ભાર્યા **ચાંપલદે**ના પુત્ર સંઘવી **નાથા**ની ભાર્યા; પોતાના પુત્રો ૧ **સમધર**, ૨ **શ્રીધર**, ૩ **આસધર**, ૪ **દેવદત્ત** અને પુત્રીઓ ૧ **કપૂરી**, ૨ **કીબાઇ** તથા ૩ **પૂરાયી** આદિ કુટુંબથી યુક્ત બાઇ **ફદી** નામની શ્રાવિકાએ

પોતાના કલ્યાણ માટે શ્રી **વર્ધમાનજિન**નું બિંબ ભરાવ્યું અને તેની આચાર્ય મહારાજ પાસે પ્રતિષ્ઠા કરાવી.

(૧૭)

સં. ૧૫૦૭ ફાગણ સુદિ ૩ બુધવારે, **ઓસવાલ** જ્ઞાતિ અને **વઇતાલા** (?) ગોત્રવાળા શાહ **લાહડ**ના પુત્ર શાહ **કુંવરા**એ શ્રી **મુનિસુવ્રતસ્વામી**નું બિંબ ભરાવ્યું. તેની **ખરતરગચ્છીય** શ્રી **જિનભદ્રસૂરિ**ના પટ્ટધર શ્રી **જિનસાગરસૂરિજી**એ પ્રતિષ્ઠા કરી છે.

(૧૮)

સં. ૧૫૧૨ ફાગણ સુદિ ૩ ને દિવસે **મહેસાણા** નિવાસી, **પોરવાડ**જ્ઞાતીય શેઠ **વેલા**ની ભાર્યા બાઇ **માંકૂ** નામની શ્રાવિકાએ પોતાના પુત્રો, ૧ શેઠ **દેવા** અને ૨ **જાવડ**, તે બન્નેની ભાર્યા ૧ **મરગદદે** અને ૨ **સુહાસિણી**, તેઓના પુત્રો ૧ **લાલા**, ૨ **વીસા**, ૩ **કુરપાલ**, ૪ **વીરપાલ**, ૫ **સૂરદાસ** આદિ કુટુંબ પરિવારથી યુક્ત (શ્રાવિકા **માંકૂ**એ) પોતાના શ્રેય માટે શ્રી **મુનિસુવ્રતસ્વામી**નું બિંબ કરાવીને તેની **તપાગચ્છીય** શ્રી **રત્નશેખરસૂરિજી** પાસે પ્રતિષ્ઠા કરાવી છે.

(૧૯)

સં૦ ૧૫૨૩ વૈશાખ વદિ ૪ ગુરુવારે, **પોરવાડ**જ્ઞાતીય શેઠ **કર્મણ** તેની ભાર્યા **કપૂરી** તેનો પુત્ર શેઠ **કડૂઆ** (કડવા) તેની ભાર્યા **માનૂં** તેના પુત્રો શેઠ ૧ **ધર્મસી** તથા ૨ **બડૂઆ** વગેરે કુટુંબથી યુક્ત શેઠ **કર્મણે** શ્રી **કુંથુનાથ** ભગવાનનું બિંબ કરાવ્યું તેની **ચિત્રવાલગચ્છીય** શ્રી....દેવસૂરિજીના પટ્ટધર શ્રી **રત્નદેવસૂરિજી**એ **પાટણ**માં પ્રતિષ્ઠા કરી છે.

(૨૦)

સં૦ ૧૫૨૪ **ચૈત્ર** વદિ ૫ સોમવારે, શ્રી **શ્રીમાલી** જ્ઞાતીય મંત્રી **સિંઘા**ની ભાર્યા **ધરણૂ**ના પુત્ર **ધના**એ પોતાની ભાર્યા **રાણી** તેના પુત્રો ૧ **હાપા**, ૨ **હીરા**, ૩ **વસ્તા**; તેમાં **પાહા**ની ભાર્યા **કુંવરી** આદિ પરિવારથી યુક્ત (મંત્રી **ધના**એ) પોતાના કલ્યાણ માટે મૂ.ના શ્રી **સંભવનાથ**થી યુક્ત ચતુર્વિંશતિજિનપટ્ટ–ચોવીશી કરાવી. તેની **પૂર્ણિમાપક્ષ**ની પ્રથમ શાખાના શ્રી **વિદ્યાશેખરસૂરિ**ની પરંપરામાં થયેલા શ્રી **ગુણસુંદરસૂરિજી**ના ઉપદેશથી શ્રાવકોએ વિધિપૂર્વક પ્રતિષ્ઠા કરી છે. વાચનાચાર્ય શ્રી **જ્ઞાનકુશલ** સદા નમસ્કાર કરે છે.

(૨૧)

સં૦ ૧૫૩૦ માઘ વદિ ૨ શુક્રવારે, **પાડલા**નિવાસી, શ્રી **શ્રીમાલ**જ્ઞાતીય; પોતાના પિતા **ખોખા**, માતા **શાણી** અને ભાઈ **રાજા**ના કલ્યાણ માટે; પોતાની ભાર્યા **ગુરી** તેનો પુત્ર **વાઘા** તેની ભાર્યા **ઊચ્છી** વગેરે પરિવારયુક્ત શેઠ **રત્ના**એ શ્રી **વાસુપૂજ્યપ્રભુ**નું બિંબ કરાવીને તેની **પિંપલગચ્છીય** ભટ્ટારક શ્રી **ગુણસાગરસૂરિજી** પાસે પ્રતિષ્ઠા કરાવી છે.

(૨૨)

સં. ૧૫૩૪ જેઠ વદિ ૨ સોમવારે, **વીસલનગર** નિવાસી, **પોરવાડ**જ્ઞાતીય, વ્યવહારી–વેપારી **વરસિંહ**ના પુત્ર વ્યવ૦ **સાલિગ**ની ભાર્યા **સાડૂ**ના પુત્ર **દેવરાજે** પોતાની ભાર્યા **રત્નાઈ**, ભાઈઓ ૧ **વાનર**, ૨ **અમરસિંહ** પ્રમુખ કુટુંબથી યુક્ત (દેવરાજે) શ્રી **શ્રેયાંસનાથ** પ્રભુજીનું

બિંબ કરાવીને તેની દ્વિવંદનિકગચ્છીય શ્રી **લબ્ધિસૂરિજી** પાસે પ્રતિષ્ઠા કરાવી છે.

(૨૩)

સં૦ ૧૬૨૮ ફાગણ સુદિ ૭ બુધવારે, **પાટણનિવાસી**, **પોરવાડ**જ્ઞાતીય; પોતાની ભાર્યા **કસ્તૂરાઇ**, તેના પુત્ર **જયવંત**, તેની પ્રથમ ભાર્યા **પૂંજી**, બીજી ભાર્યા **હરખાઇ**, તેમના પુત્રો ૧ **શ્રીવંત**, ૨ **શ્રીપાલ** વગેરે કુટુંબથી યુક્ત શેઠ **દાસૂ**એ શ્રી **નેમિનાથ** પ્રભુજીનું બિંબ કરાવીને તેની શ્રીમાન્ **વિજયદાનસૂરીશ્વરજી** મહારાજના પટ્ટધર શ્રીમાન્ **હીરવિજયસૂરીશ્વરજી** મહારાજ પાસે પ્રતિષ્ઠા કરાવી છે. (આ પંચતીર્થી મોટી છે અને તેમાં મૂ. ના. ની મૂર્ત્તિ સ્ફટિક રત્નની છે.)

(૨૪)

પંચાસરનિવાસી કોઇ શ્રાવકે આ ચોવીશી કરાવી છે, અને તેની **બ્રહ્માણ**ગચ્છીય શ્રી **મુનિચંદ્રસૂરિજી**એ પ્રતિષ્ઠા કરી છે. આ લેખનો પ્રારંભનો ભાગ ખંડિત છે.

જૂના દેરાસરના લેખો

જૂના મંદિરનાં મૂલ ગભારો, ગૂઢમંડપ, ચોકીઓ અને સભામંડપનું અત્યારે નામ-નિશાન પણ રહ્યું નથી. તેથી તેમાંના લેખો મળી શકયા નથી. ભમતીની લગભગ બધી દેરીઓ અને ગભારાની બારશાખો વગેરે પર લેખો છે, તે બધા ઉતારીને અહીં આપ્યા છે. જૂના દેરાસરમાંથી કુલ ૩૪ લેખો મળ્યા છે. તેમાંથી ૨૮ લેખો સંવતવાળા અને ૬ લેખો સંવતવિનાના છે. સંવતવાળા લેખોમાં સૌથી

જૂનામાં જૂનો વિ. સં. ૧૬૫૨નો અને સૌથી નવામાં નવો વિ. સં. ૧૬૯૮નો છે. તેમાં પણ સં. ૧૬૬૨ અને ૧૬૬૩ના પંદર લેખો છે. એટલે આ બે વર્ષોમાં પ્રતિષ્ઠા વધારે થઇ છે. ચોત્રીશ લેખોમાંથી ૩ લેખો ભમતીના ગભારાના, ૨ લેખો સ્તંભો પરના અને ૨૯ લેખો દેરીઓની બારશાખ પરના છે. પાંચ ગભારામાંથી ત્રણ ગભારામાં લેખો છે, બેમાં નથી. આ ત્રણે લેખો કાંઈક વિસ્તારવાળા સંસ્કૃત ભાષાના અને શાસ્ત્રી લિપિમાં ખોદેલા છે. તે સિવાયની લગભગ બધી દેરીઓ પર લેખો ચાલુ ગુજરાતી જેવી ભાષામાં અને સાવ ટૂંકા છે, તેમાં ફક્ત સંવત–મિતિ અને દેરીઓ કરાવનારનાં અથવા તો તેમાં મૂર્ત્તિઓ પધરાવનારનાં કે તેમનાં કુટુંબીઓનાં નામો અને કોઈકમાં ગામનાં નામ આપેલ છે. પ્રતિષ્ઠા કરનાર આચાર્યનું નામ એકકે લેખમાં આપ્યું નથી. તેમજ એ ગભારા અને દેરીઓની પ્રતિષ્ઠા જુદા જુદા સંવતોમાં થયેલી છે, બધી દેરીઓની સાથે થઈ નથી. ૪–૫ દેરીઓમાં લેખોની પાસે જ મધપુડા હોવાથી તે લેખો ઉતારી શકાયા નથી, તેમજ કેટલીક દેરીઓ અને તેની બારશાખો નષ્ટ થઈ ગઇ છે, તેના લેખો પણ નષ્ટ થઈ ગયા છે.

(૨૫)

શા. લુંબાના પુત્ર હરજીની ભાર્યા **મઘી**ની દેહરી.

(૨૬)

શ્રી **શ્રીમાલી** જ્ઞાતીય; પોતાની ભાર્યા બાઇ **મણુબાઇ** તથા પુત્રો ૧ **કાનસિંહ**, ૨ **પૂનસિંહ**, ૩ **આશકરણ**, ૪ **અવકરણ**, ૫ **દેવકરણ** આદિ પરિવારથી યુક્ત શાહ **ગોવિંદે** આ દેહરીની સં. ૧૬૬૫ના આસો સુદિ ૫ને દિવસે પ્રતિષ્ઠા કરાવી છે.

(૨૭)

સં. ૧૬૫૩ કારતક વદ ૧૧ રવિવારે, ગામ **દાવદના** રહેવાસી, માતા **કોડિમદેના** પુત્રો ૧ શાહ **સૂરજી**, ૨ સા. **તેજપાલ**, ૩ **શ્રીચંદ** અને તેનો પુત્ર **રતન**, એમણે અહીં ત્રણ દેરીઓની પ્રતિષ્ઠા કરાવી.

(૨૮)

શ્રી **રાજનગર–અમદાવાદ**નિવાસી, **નંદરબારી, વીશા ઓસવાલ** શાહ **સહસ્રકિરણ**ની ભાર્યા **રૂપાદે** (?)ના પુત્ર શાહ **શાંતિદાસ**ના પુત્ર **રૂપા**એ આ દેવકુલિકા–દેહરી કરાવી છે.

(૨૯–૩૦)

આ બન્ને લેખો એક જ કુટુંબના હોવાથી બન્નેની પ્રતિષ્ઠા એક સાથે–એક જ સંવત–મિતિમાં થઈ હોવી જોઈએ.

(૨૯) સં. ૧૬૬૬ પોષ વદિ ૮ રવિવારે, ગામ **નટીપદ્ર–નડીયાદ**ના રહેવાસી, શ્રી **શ્રીમાલી**જ્ઞાતીય **વૃદ્ધશાખીય** પરીખ **જાવડ**ની ભાર્યા **જસમાદે**ના પુત્ર; પોતાની ભાર્યા **સપૂરદે** પ્રમુખ કુટુંબ પરિવારથી યુક્ત પરીખ **નાથજી**એ પોતાના કલ્યાણ માટે શ્રી **શંખેશ્વર** ગામમાં શ્રી **પાર્શ્વનાથ**નું મૂલમંદિર છે, તેની ઉત્તર દિશામાં 'ભદ્ર' નામનો પ્રાસાદ (ભમતીમાં મોટો ગભારો) સેંકડો રૂપિયાના ખર્ચથી કરાવ્યો છે, તે ભવ્ય પ્રાણીઓથી વંદાતો ઘણા કાળ સુધી વિદ્યમાન રહો!

(૩૦) **નડીયાદ**નિવાસી પરીખ **જાવડ**ના પુત્ર **હરજી**ના પુત્ર, પોતાની ભાર્યા **નારિંગદે** અને પુત્રી **નાથી** પ્રમુખ કુટુંબથી યુક્ત પરીખ **કહાનજી**એ આ દેહરી કરાવી છે.

(३१)

संघवी **वर्धमान समरसिंह** पटणीनी देहरी

(३२)

सं. १६६३ पोष सुदि १३, पटणी....................

(३३)

पटणी सोनी **लहूआनी** भार्या १ बाई **अणू**, २ बाइ **अरमीनी** देहरी.

(३४)

परीख **पदमा लाला** पटणीनी देहरी.

(३५)

सिद्धपुरनिवासी संघवी **वरधना** पुत्र **वीरजीनी** देहरी. सं. १६५२.

(३६-३७-३८-३९-४०-४१-४२)

आ साते लेखो; पाटणनिवासी, **मातराछ** अटकवाळा, सोनी **तेजपालना**–एक ज धणीना होय तेम लागे छे. तेणे पोताना कुटुंबनी जुदी जुदी व्यक्तिओना श्रेय माटे मंदिरनी पाछळनो भमतीनो मोटो गभारो १ अने तेनी पासेनी नं. २५, २६, २७, २८, २९ वाळी देरीओ पांच करावी छे.

तेमांना प्रथमना बे लेख पाछळना गभारानी बन्ने बाजुना बे स्तंभो पर एक सरखी ज मतलबना छे. बाकीना पांच लेखो नं. २५ थी २९ सुधीनी देरीओनी बारशाखो पर खोदेला छे. आ सात लेखोमांथी प्रथमना पांच लेखो सं. १६६२ ना कारतक सुदि ७ रविवारना छे, ज्यारे छेल्ला बे लेखो सं. १६६३ कारतक सुदि ९ ना छे.

એટલે એક ગભારો અને ત્રણ દેરીઓની પ્રતિષ્ઠા એક સાથે સં. ૧૬૬૨ માં અને છેલ્લી બે દેરીઓની પ્રતિષ્ઠા સં. ૧૬૬૩ માં એક સાથે થઇ હોય તેમ લાગે છે.

(૩૬–૩૭) સોની **તેજપાલ**ની ભાર્યા બાઇ **અપૂના** શ્રેય માટે ભમતીમાં પાછળનો મોટો ગભારો કરાવ્યો.

(૩૮) સોની **તેજપાલ**ની પુત્રી બાઇ **કામાના** શ્રેય માટે દેહરી ૧.

(૩૯) સોની **તેજપાલ**ના પુત્ર **વિજયધર**ની પ્રથમ ભાર્યા બાઈ **જમાના** શ્રેય માટે દેહરી ૧.

(૪૦) સોની **તેજપાલ**ના પુત્ર **વિજયધર**ની બીજી ભાર્યા બાઈ **સરસુ**ના શ્રેય માટે દેહરી ૧.

(૪૧)..............................**અ**ંબાઈના શ્રેય માટે દેહરી ૧.

(૪૨) સોની **તેજપાલ**(ના પુત્ર **વિજયધર**ની?) પુત્રી બાઈ **વછાઈ**ના શ્રેય માટે દેહરી ૧.

(૪૩)

સં૦ ૧૬૬૧ માઘ વદિ ૮, પારી **કાલુરાજ**.

(૪૪)

સં૦ ૧૬૬૨ કારતક સુદિ ૭, **અમદાવાદ**નિવાસી બાઈ **પૂના**ની દેહરી.

(૪૫)

સં૦ ૧૬૮૬ અષાડ સુદિ ૧૩ રવિવાર, શાહ **સુંદર-માણુ**ની ભાર્યા **સરવદે**ના પુત્ર **શામલદાસ**ની ભાર્યાઓ (૧) **કેસરદે**, (૨) **સુજાણુદે**ના પુત્ર **અચલદાસ**ની દેહરી.

(૪૬)

સં૦ ૧૬૬૨ માઘ સુદિ ૧૩ સોમવાર, **અમદાવાદ-નિવાસી** દોસી **સહુઆની** ભાર્યા બાઈ **ટબૂબાઈના** પુત્ર દોસી **પૂનીઆની** દેહરી.

(૪૭)

સં૦ ૧૬૮૯ અષાડ સુદિ ૧૩ રવિવાર, પટણી શાહ **વર્ધમાનની** ભાર્યા બાઇ **ગંગાની** દેહરી.

(૪૮)

સં૦ ૧૬૬૩ કારતક સુદિ ૧૧ સોમવાર, **પાટણવાળા** શાહ **સોહલની** ભાર્યા **બટીબાઇની** દેહરી.

(૪૯)

સં૦ ૧૬૬૬ પોષ વદિ ૮ રવિવારે, **અમદાવાદનિવાસી** **વીશા ઓસવાલજ્ઞાતીય, મીઠડીયા** ગોત્રવાળા શાહ **સમરસિંહની** ભાર્યા **હંસાઇના** પુત્ર; પોતાની પ્રથમ ભાર્યા **હર્ષાદે** બીજી ભાર્યા **સુખમાદે** અને ધર્મપુત્ર **વાઘજી** પ્રમુખ કુટુંબથી યુક્ત શાહ **શ્રીપાલે** ભમતીમાં ઉત્તર દિશા સન્મુખ (મૂલ મંદિરથી દક્ષિણ દિશામાં) 'ભદ્ર' નામનો પ્રાસાદ-મોટો ગભારો કરાવ્યો.

(૫૦)

સં૦ ૧૬૬૨, **પાટણનિવાસી** શેઠ **સદેવચ્છના** પુત્રો શાહ ૧ **ધનજી** તથા ૨ **મનજીની** દેહરી.

(૫૧)

સં૦ ૧૬૯૮, (નામ ઘસાઇ ગયેલ છે.)

(૫૨)

સં૦ ૧૬૬૧, **પાટણવાળા** શેઠ **સીરાજની** ભાર્યા બાઈ **ટાંકુની** દેહરી.

(૫૩)

સં૦ ૧૬૬૨, પાટણવાળા શાહ જેચંદ, શવચંદ, પૂજા, દેવજીની દેહરી.

(૫૪)

સં૦ ૧૬૬૩ પોષ વદિ ૧૦, ગામ પાડલાવાળા દોસી વીરજીની દેહરી.

(૫૫)

સં૦ ૧૬૭૨ જેઠ સુદિ ૨, મુંજપુરનિવાસી........... વોરા સાજણ, બાઇ કાન્હાઈ, વોરા ડેડા, વોરા મંગલ, વોરા ડુંગરનો પ્રાસાદ ૧ (દક્ષિણ દિશા તરફનો મોટો ગભારો).

(૫૬)

સં૦ ૧૬૬૪, કારતક,...........પટણી શાહ ધનજી, કહાનજીની દેહરી.

(૫૭)

..............................રતનની દેહરી, પાટણવાળા.

(૫૮)

સં૦ ૧૬૬૩ માઘ વદિ ૧૩ શનિવાર, સાણંદના શ્રીસંઘ સમસ્તની દેહરી.

ધર્મશાલા વગેરેના લેખો

(૫૯)

સં૦ ૧૮૩૯ શ્રાવણ સુદિ ૨, આ ધર્મશાલા (ટાંકાવાળી ધર્મશાલાનો જૂના દેરાસર તરફનો–રાજરસ્તા તરફનો ભાગ) સમસ્ત સંઘે, જમીન અઘાટ વેચાણ લઈને રાધનપુરવાળા શાહ કેશલચંદ મૂળજીની મારફત કરાવી છે. સલાટ હમીરે બાંધી છે. કારીગર દરગામ, લાલા. લી. ગુમાસ્તા ભટ શંકર.

(૬૦)

સં૦ ૧૮૫૪ વૈશાખ સુદિ ૩ ગુરુવાર, શ્રીશંખેશ્વરજી તીર્થની આ ધર્મશાલા (ટાંકાવાળી ધર્મશાલાનો નવા દેરાસર તરફનો ભાગ), સમસ્ત શ્રીસંઘે જમીન અઘાટ વેચાણુ લઈને, રાધનપુરના શ્રીસંઘે મુકરર કરેલ પાંચ ગૃહસ્થો— (૧) મસાલીયા હેમજી જીવણદાસ, (૨) શાહ રંગજી જેવંત, (૩) શાહ દાનસંગ મેઘજી, (૪) શાહ કુશલચંદ મૂલજી અને (૫) શેઠ વાલજી કુંવરપાલ—ની કમીટી મારફત કરાવી છે. તેનું ખત—ખરાજાતનું (આવક—જાવકનું) નામું રાધનપુરમાં છે. શ્રીગોડજ્ઞાતિના બ્રાહ્મણ ગુમાસ્તા શંકર તથા વનમાળીએ માથે રહીને કામ કરાવ્યું છે. શ્રી રાધનપુરનિવાસી કારીગર સોમપુરા સલાટ પરશોતમ દયારામ, સલાટ સુખરામ, વડનગરા સુરચંદ, અને સિદ્ધપરા પરશોતમ વગેરેએ આ ધર્મશાલા બાંધી છે.

(૬૧)

સં૦ ૧૮૭૪ માગશર સુદિ ૩ ને દિવસે નવા મંદિરના કંપાઉંડના ગઢનો આ કોઠો પૂરો કર્યો.

(૬૨)

સંવત્ ૧૯૧૬, શાકે ૧૭૮૧, માઘ સુદિ ૭ સોમવારે, શ્રીપાર્શ્વચંદ્રસૂરિ ગચ્છેશ—શ્રી પાયચંદગચ્છનાયક ભટ્ટારક શ્રી ૧૦૮ શ્રીહર્ષચંદ્રસૂરીશ્વરની આ પાદુકાની તેમના શિષ્ય મુક્તિચંદે પ્રતિષ્ઠા કરી છે.

સુરભી—સરઈના લેખો

ચૌદમા પ્રકરણમાં ગોચર જમીનની હકીકતમાં લખ્યા પ્રમાણે શંખેશ્વર ગામની ઉત્તર દિશા તરફના ઝાંપા બહાર, ખારસોલ તળાવની પાસે, ગામ ખંડીયાના રસ્તા ઉપર

આવેલ સ્ટેટની ખળાવાડ, જેમાં હાલ ખળાં તૈયાર થાય છે તે અને તેની આસપાસની જમીન 'ઉંટવાળીયા' ખેતરની છે. આ ઉંટવાળીયું ખેતર અને તેની આસપાસની જમીન **શ્રીશંખેશ્વર પાર્શ્વનાથજી**ના દેરાસરને અર્પણ કરીને ગૌચર માટે છૂટી મૂક્યાની હકીકતને જણાવતા સુરભી–સરઈના પાંચ પત્થરો ઉક્ત જમીનમાં છેટે છેટે ખોડેલા છે, તેમાંથી ત્રણ સરઈના લેખો મહામહેનતે વાંચી, તેનો જેટલો ભાગ વંચાણો તેટલો ભાગ ઉતારી લઈને લેખાંક ૬૩, ૬૪, ૬૫માં આપેલ છે. બાકીની બે સરઈના લેખોના અક્ષરો સાવ ઘસાઈ ગયેલા હોવાથી વાંચી શકાણા નથી, તેમાં કોઈ બીજા ખેતરને પણ **શ્રીશંખેશ્વરજી**ને અર્પણ કરીને ગૌચર માટે છૂટું મૂક્યાનો ઉલ્લેખ હોવાની સંભાવના થાય છે.

આ સરઈના દરેક પત્થરોમાં સૌથી ઉપર સૂર્ય અને ચંદ્ર કોતરેલ છે, તેની નીચે એક તરફ ધાવતા વાછડા શીખે ગાય અને બીજી તરફ સૂવર કોતરેલ છે, તેની નીચે લેખ ખોદેલ છે. લેખના અક્ષરો ઘસાઈ ગયા છે, કેટલાક અક્ષરો બોડીયા આપેલા છે અને તે પ્રદેશમાં તે સમયે બોલાતી ભાષા–દેશી ભાષા તેમાં વાપરેલી છે.

આ ત્રણે લેખો જુદા જુદા સંવતોના છે, તેમાંના બે લેખોમાં તો 'ઉંટવાળીયા' ખેતરનો ઉલ્લેખ કરેલો છે. ત્રીજા લેખના ઘણાખરા અક્ષરો ઘસાઈ જવાથી વાંચી શકાયા નથી, તેથી તે લેખ 'ઉંટવાળીયા' ખેતર માટે છે કે બીજા માટે? તે નક્કી થઈ શક્યું નથી. 'ઉંટવાળીયા' ખેતરના, ભાઈ-ઓમાં ભાગ વહેંચાણા હશે, અને પછી જુદા જુદા ભાઈ-

ઓએ પોતપોતાના ભાગની જમીન જુદા જુદા સંવતોમાં ગોચર માટે છૂટી મૂકી હશે, એમ જણાય છે. તે ત્રણે લેખોનો ભાવાર્થ આ પ્રમાણે છે:—

(૬૩)

શેઠ **શ્રીગણેશચંદ શાંતિદાસ**, ઝાલા શ્રી **અમરાજી**, ઝાલા શ્રી **રામદાસજી**, પટેલ **સજણ**, **અભેરામ**, **પુંજા**, **વઢેલ કરશન** વગેરેની સાક્ષીથી, ગામ **શંખેશ્વરના** પટેલ **સિંધવ જોધા** દેવલોક પહોંચ્યા, તેનું આ 'ઉંટવાળીયું' ખેતર, ગામના સમસ્ત લોકોએ મળીને રાજ્યને તેની કિંમત આપીને સં. ૧૭૨૨ના માઘ સુદિ ૨ ને બુધવારે શ્રી **શંખેશ્વરજીને** અર્પણ કરીને ગોચર માટે છૂટું મૂકયું છે. તેને જે લોપે તે હિંદુને ગાય માર્યાનું અને મુસલમાનને સૂવર માર્યાનું પાપ છે.

(૬૪)

સં. ૧૭૫૫ના કારતક વદિ ૨ને દિવસે, પટેલ **સિંધવ અભેરામ વરખાનું** આ 'ઉંટવાળીયું' ખેતર, ગામના સમસ્ત લોકોએ મળીને દેરાસરજીમાં અર્પણ કરીને ગોચર માટે છૂટું મૂકયું છે, ગામના લોકોએ મતુ કરીને ગોચર મૂકયું છે તેને બરાબર પાળે. આને જે લોપે તે હિંદુને વાછડા શીખે ગાય માર્યાનું અને મુસલમાનને સૂવર માર્યાનું પાપ છે.

(૬૫)

સં. ૧૭૩૨ ના ચૈત્ર વદિ ૮ ને રવિવારે.............. તથા **સંજાણ**, **દેવા**........ગામ મળીને ગોચર મૂકયું છે.

પરિશિષ્ટ–૨

શ્રી શંખેશ્વરજીની પંચતીર્થી

રાધનપુર, સમી, મુંજપુર, વડગામ તીર્થ અને **ઉપરીયાળા** તીર્થ–આ પાંચ ગામોને **શ્રી શંખેશ્વરજીની પંચતીર્થી** કહી શકાય છે. તેમાં **ઉપરીયાળા** અને **વડગામ** તો તીર્થ જ છે, જ્યારે **રાધનપુર, સમી** અને **મુંજપુર** તથા તે ઉપરાંત રસ્તામાં આવતાં બીજાં **પંચાસર, માંડલ, પાટડી** વગેરે ગામો પણ તીર્થસ્વરૂપ અને પ્રાચીન હોઇ, સમકિતને નિર્મળ કરવા ઇચ્છનાર તીર્થપ્રેમી ભવ્યાત્માઓએ, આ પંચતીર્થીની યાત્રા અવશ્ય કરવા લાયક છે. **શ્રી શંખેશ્વરજીથી** એક વાર ઉત્તર દિશામાં અને એક વાર દક્ષિણ દિશામાં ચક્કર લગાવવાથી ઉપર્યુક્ત પંચતીર્થી અને રસ્તામાં આવતાં ગામોનાં જિનમંદિરોની યાત્રા થઈ જાય છે. તેનો રસ્તો નીચે બતાવેલ અનુક્રમ પ્રમાણે લેવાથી બહુ સુગમતાવાળો થઇ પડશે.


(ચક્કર પહેલું–ઉત્તર દિશાનું)

શ્રીશંખેશ્વરજીથી	ઇશાન ખૂણામાં	મુંજપુર[1]	માઇલ ૬॥
મુંજપુરથી	વાયવ્ય ખૂણામાં	સમી[2]	,, ૮

---

૧ **મુંજપુરની** હકીકત માટે 'શંખેશ્વર મહાતીર્થ,' પ્રથમ ભાગ, પૃ. ૧૨ અને પૃ. ૮૪ ની ફુટનોટ જુઓ. આ **મુંજપુર, મુંજરાજાએ** વિ. સં. ૧૩૦૧ માં વસાવ્યું છે. અહીં વિ. સં. ૧૬૬૬ માં **જોટીંગા પાર્શ્વનાથ** પ્રભુજી મૂળ નાયક હતા.

૨ **સમી** માટે શં૦ મ૦ પ્ર૦ ભા૦ પૃ. ૧૨ માં જુઓ.


સમજુતી
પંચતીર્થીનાં ગામની નિશાની
જૈન મંદિરવાળું ગામ
પંચતીર્થીનો રસ્તો
પ્રદક્ષિણાનો રસ્તો
નાનાં ગામોની નિશ
મોટાં ગામોની નિશ
કાચા રસ્તાની નિશ
સરહદની નિશાન
નદીઓની નિશાન
પાટડી
ખારાઘોડા
ખારાઘોડા સ્ટેશન
ખારાઘોડા તળાવ
માઠાઘોડા
ચાકાસર
ઓર
સવલાસ
સેડલા
ખાખરલા
જોરાવરપુરા
નૌરંગપુર
બરમાનીયા
કરવાસન
હરીપુરા
માઠાસર
ગોરીયાવાડ
જૈનાબાદ
રસુલાબાદ
કાતરા
અંબાલા
મુલેટા
પાટન
ખીલાઘોડા
શાંત્ન

સમીથી	વાયવ્ય	ખૂણામાં	વરાણા થઈને માંડવી[૩]	માઈલ	૭॥
માંડવીથી	”	”	બનાસ નદી ઉતરીને મસાલી[૪]	”	૩
મસાલીથી	”	”	રાધનપુર[૫]	”	૫

૩ **માંડવી**માં દશા શ્રીમાળી શ્રાવકોનાં ચાર ઘર છે. દેરાસર, ઉપાશ્રય વગેરે નથી. દર્શન માટે ફોટાની ઓરડી રાખેલ છે. સાધુ–સાધ્વીજીઓને શ્રાવકોના મકાનમાં ઊતરવાની સગવડ કરી આપે છે. **વરાણા** અને **માંડવી** વચ્ચે કુમારિકા (સરસ્વતી) નદી આવે છે.

૪ **મસાલી**માં દેરાસર ૧, ઉપાશ્રય ૧ અને દશા શ્રીમાળી શ્રાવકનું ઘર ૧ છે. **સમીથી વરાણા** થઈને (માંડવી છોડીને) પરભાર્યા મસાલી જવાથી અરધો માઈલ ઓછું થાય છે. **વરાણા**માં શ્રાવકોનાં ઘર વગેરે કાંઈ નથી. પરંતુ સાધુ–સાધ્વીઓને રાતવાસો રહેવા માટે જગ્યા મળી શકે છે. પણ **સમીથી માંડવી** થઈને મસાલી જવું વધારે સારું છે. માંડવીથી **ખરચલીયા** થઈને **રાધનપુર** જવાથી અરધો માઈલ ઓછું થાય છે, પરંતુ માંડવીથી મસાલી થઈને રાધનપુર જવાનો રસ્તો સારો હોઈ એ જ રસ્તે જવું વધારે ઠીક છે.

૫ **રાધનપુર** માટે શં. મ૦ પ્ર૦ ભા૦ પૃ. ૧૨ માં જુઓ.

અંચલગચ્છીય બૃહત્ પટ્ટાવલી, ભાષાન્તર પૃ. ૧૨૯ માં લખ્યું છે કે: **રાધનપુર**માં શ્રી **જયસંઘસૂરિજી**એ વિ. સં. ૧૧૪૬ના પોષ સુદિ ૩ ને દિવસે **ગોદુહ**ને દીક્ષા આપીને તેમનું નામ “**આર્ય રક્ષિત**” આપ્યું. (આ સંવતમાં કદાચ ફરક હશે, અથવા તો તે સંવતમાં **રાધનપુર** વસેલું નહોતું, પરંતુ તે સ્થાને પહેલાં જે ગામ હશે, ત્યાં આ બનાવ બન્યો હશે, એમ લાગે છે.)

વિ. સં. ૧૭૨૧ માં **રાધનપુર**માં જેટલાં મંદિરો હતાં, તે બધાંમાં મળીને કુલ ૪૦૦ જિનમૂર્તિઓ હતી.

અહીં ગામ બહાર વરખડીનું દેરાસર છે, તેમાં શ્રી **ગોડીપાર્શ્વ પ્રભુ**ની પાદુકા સહિત દેરી છે. આ સ્થાન ઘણું જ ચમત્કારિક અને પ્રાભાવિક છે. 'જૈન સાહિત્ય સંશોધક' ભા૦ ૧, અંક બીજામાં તથા શ્રીયુત **પૂરણચંદ્રજી નાહર**ના ' જેસલમેરના શિલાલેખ સંગ્રહ ' માં લેખાંક ૨૫૩૦, પ્રશસ્તિ નં. ૧ માં લખ્યું છે કે-**જેસલમેર** નિવાસી, **ખરતરગચ્છીય**, **બાફણાગોત્રીય**, શા. **ગુમાનચંદજી**ના પુત્ર શા. **બાદરમલ્લજી** વગેરે પાંચ ભાઈઓએ **જેસલમેર, ઉદયપુર** અને **કોટાથી** જબરદસ્ત સંઘ કાઢ્યો હતો. તે સંઘ પાલીથી સં. ૧૮૯૧ ના માઘ સુદિ ૧૩ રવાના થઈ **શત્રુંજય-ગિરિનાર** આદિ અનેક તીર્થોની યાત્રા કરીને શ્રી **શંખેશ્વરજી** થઈને અષાડ માસમાં **રાધનપુર** આવ્યો હતો. આ સંઘ સિદ્ધાચલજી ગયેલો ત્યારે ત્યાં અઢી લાખ યાત્રાળુઓ ભેગા થયા હતા. આ સંઘ બહુ જ મોટો હતો, તેમાં હજારો માણસો, હજારો ગાડાં, હજારો સવારો, હજારો ઊંટો, હજારો ચોકીદારો, અનેક હાથીઓ, અનેક પાલખીઓ, અનેક મ્યાના, અનેક રથો વગેરે બહુ સામગ્રી હતી.

(તે અરસામાં જ **ગોડીજી રાધનપુર**માં પ્રગટ થયા હશે એમ જણાય છે.) આ સંઘ રાધનપુર આવેલો એ જ વખતે એક અંગ્રેજ પણ શ્રી ગોડીજીનાં દર્શન કરવા માટે રાધનપુર આવેલ. રાધનપુરમાં એ વખતે પાણીની બહુ જ ખેંચ હતી. શ્રી ગોડીજીના પ્રભાવથી **ગેવાઉ** નામની નદી નવી નીકળી, વહેતું પાણી પૂરતા પ્રમાણમાં મળવાથી સંઘમાં અને ગામમાં બધાને શાંતિ થઈ. સંઘવીએ શ્રી ગોડીજી પ્રભુજીની મૂર્તિને હાથીની અંબાડીમાં પધરાવીને અત્યંત ધામધૂમથી મોટો વરઘોડો કાઢી, તે વરઘોડાને લાગલાગટ સાત દિવસ સુધી રાધનપુરમાં ફેરવીને તમામ મનુષ્યોને ગોડીજીનાં દર્શન કરાવ્યાં. તે વખતે વરઘોડામાં પ્રભુજીના વધાવાના સાડા ત્રણ લાખ રૂ. આવ્યા,

		ગોચનાથ[૬]	માઇલ ૫
ગોચનાથથી	દક્ષિણમાં	કનીજ[૭]	માઇલ ૫

જમણવારો ઘણા જ થયા, અહીં સંઘ સવા મહીના સુધી રોકાયો. સંઘવીએ મોટો પાકો ચોતરો કરાવીને તેના ઉપર છત્રી (દેરી) કરાવીને તેમાં શ્રી ગોડીજીની પાદુકા પધરાવી. ઉક્ત પ્રશસ્તિમાં આ સંઘનું બહુ જ વિસ્તારથી વર્ણન આપેલું છે. આવો સંઘ આ વીશમી સદીમાં તો એક પણ નીકળ્યો નહીં હોય તેમ મને લાગે છે. ગામે-ગામના તમામ દેરાસરોની પ્રતિમાજીઓને આભૂષણો ચડાવતા, અનેક મહારાજા અને મહારાણાઓ સંઘવીના પાલ(તંબુ)માં સંઘવીને ભેટવા જતા હતા. તેમને સંઘવી હાથી, ઘોડા અને સુંદર પોષાકની ભેટો આપતા હતા. સાધર્મી બંધુઓની ભક્તિ માટે તો વાત જ શું કરવી ? તેની કંઈ મણા જ નહોતી.

૬ **ગોચનાથ**માં **વીશાશ્રીમાળી** શ્રાવકોનાં ત્રણ ઘર છે, દેરાસર કે ઉપાશ્રય નથી. ઉપાશ્રય માટે જમીન ખરીદી રાખી છે. **રાધનપુરથી** ગોચનાથ પાસે જ **બનાસ** નદી ઊતરવી પડે છે. ચોમાસામાં વરસાદ થઈ ગયા પછી નદી ઊતરવી બહુ મુશ્કેલ થઈ પડે છે. માઘ મહીના સુધી થોડું થોડું પાણી વહેતું હોય છે.

૭ **કનીજ**માં શ્રાવકોનાં ઘર ત્રણ છે, દેરાસર કે ઉપાશ્રય નથી. અહીંથી **નાયકા** અને **દુધખા** જતાં માર્ગમાં અધવચ્ચે કુમારિકા (સરસ્વતી) નદી આવે છે. તેમાં શીયાળા સુધી થોડું થોડું પાણી વહેતું રહે છે. કનીજથી નાયકા થઈને દુધખા જવાથી બે માઈલ વધારે થાય, પરંતુ નાયકાના દેરાસરનાં દર્શનનો લાભ મળી શકે. નાયકામાં મૂળ નાયક શ્રી **શાંતિનાથ** ભગવાનનું ઘુંમટબંધી દેરાસર ૧, ઉપાશ્રય ૧ અને દશાશ્રીમાળી શ્રાવકોનાં ઘર ૯ છે. દેરાસરજીનો જીર્ણોદ્ધાર નવેસરથી હાલમાં થયો છે. પણ હજુ થોડું કામ અધૂરું છે.

કનીજથી દક્ષિણમાં દુધખા[8] માઇલ ૫

દુધખાથી અગ્નિ ખૂણામાં મેમણા,[9] ખીજડી-ચાલી[10] ખંડીયા થઇને શંખેશ્વરજી માઇલ ૧૧.

---

૮ **દુધખા**માં મૂળનાયક શ્રી **આદીશ્વર** ભગવાનનું શિખરબંધી દેરાસર ૧, ઉપાશ્રય ૧ અને શ્રાવકોનાં ઘર ૫ છે. એવી દંતકથા છે કે– મૂ. ના. જીની આ મૂર્ત્તિ આઠસો વર્ષ પહેલાં એક સથવારાના ઘરમાંથી પાયો ખોદતાં પ્રગટ થઇ હતી. તે વખતે નવું દેરાસર કરાવીને તેમાં તે પ્રતિમાજી પધરાવ્યા પછી આઠસો વર્ષ બાદ આ વખતે તેનો નવેસરથી જીર્ણોદ્ધાર થયો છે. **રાધનપુર**વાળા શ્રીમાન્ શેઠ **મોતીલાલ મૂળજીભાઇ**ની ખંત ભરી શુભ લાગણી અને સતત પ્રયાસથી આ દેરાસરનો વીશ વર્ષ પહેલાં આમૂલચૂલ–નવેસરથી જીર્ણોદ્ધાર તેમની જ દેખરેખથી થયો છે, તેમાં પોતાના તરફથી તથા બીજા સખી ગૃહસ્થો પાસેથી સહાયતા મેળવીને તેમણે લગભગ અઢાર હજાર રૂપિયા ખરચ્યા છે. તેની વિ. સં. ૧૯૭૮ના વૈશાખ સુદિ ૩ને દિવસે મહોત્સવપૂર્વક પ્રતિષ્ઠા કરાવીને તેમાં વિ. સં. ૧૯૭૮ ના વૈશાખ સુદિ ૩ ને દિવસે મૂ. ના. જીને તેમણે બિરાજમાન કર્યા છે. ગામના પ્રમાણમાં દેરાસર મોટું ભવ્ય અને શિખરબંધી છે. મૂ૦ ના. જીની મૂર્ત્તિ ફરતું આરસનું પ્રાચીન પરિકર છે, તે પરિકરમાં ભગવાનની બેઠી આકૃતિની ૨૪ મૂર્તિઓ સુંદર રીતે ગોઠવીને કોતરેલી છે. પરિકર સહિત મૂ. ના. જીની આ મૂર્ત્તિ અને આ ગામ પણ પ્રાચીન જણાય છે. અત્યારે પણ આ દેરાસરનો વહીવટ અને દેખરેખ **રાધનપુર**વાળા શેઠ **શકરચંદ મોતીલાલ મૂળજી**ભાઈ રાખે છે. દેરાસરના ગઢના એક કોઠામાં નીચે દેરાસરજીનો તથા સંઘનો સામાન રહે છે અને તેની ઉપર પુસ્તકો વગેરે રાખેલ છે.

૯ **મેમણા**માં **સાયલા** (કાઠીઆવાડ)થી શ્રાવકનું એક ઘર રહેવા માટે આવેલ છે. દેરાસર–ઉપાશ્રય વગેરે કંઇ પણ નથી.

૧૦ **ખીજડીયાલી**માં પહેલાં દેરાસર, ઉપાશ્રય અને શ્રાવકોનાં ઘર હતાં. હાલ કંઇ જ નથી. દેરાસર વધાવી લીધેલ છે.

શંખેશ્વરજીથી રાધનપુર જવાનો અને ત્યાંથી પાછા શંખેશ્વર આવવાનો ઉપર જણાવ્યો છે તે માર્ગ ગાડા રસ્તાનો છે. પરંતુ જેમને ગાડા માર્ગે ન જવું હોય અને મોટર સર્વીસના ખટારા દ્વારા જ જવું હોય, તેઓ શંખેશ્વરજીથી રાધનપુર જવાના ખટારા મારફતે મુંજપુર અને સમીની યાત્રા કરી, રાધનપુર જઇ, ત્યાંની યાત્રા કરીને એ જ રસ્તે ખટારા મારફત પાછા શંખેશ્વરજી આવી શકે છે.

(ચક્કર બીજું–દક્ષિણ દિશાનું)

શંખેશ્વરથી દક્ષિણમાં રતનપુર[11] થઇને પંચાસર[12]	માઇલ	૬
પંચાસરથી દક્ષિણમાં પનવા થઇને દસાડા[13]	”	૭
દસાડાથી અગ્નિ ખૂણામાં જગદીશણા થઇને માંડલ[14]	”	૬

૧૧ રતનપુરમાં શ્રાવકનું એક ઘર છે. દેરાસર ઉપાશ્રય વગેરે નથી.

૧૨ પંચાસરની હકીકત માટે શં૦ મ૦ પ્ર૦ ભા૦ પૃ૦ ૧૧ માં જુઓ.

પંચાસરમાં હાલમાં મૂ. ના શ્રી મહાવીરસ્વામીજી છે, અને શ્રી મહાવીર જૈન પુસ્તકાલય છે. તપાગચ્છાધિપતિ શ્રીમાન્ સુમતિસાધુસૂરિજીએ, શ્રીમાળી પાતુએ કરેલા મહોત્સવ પૂર્વક શ્રીમાન્ હેમવિમલસૂરિજીને વિ. સં. ૧૫૪૮માં આચાર્યપદવી પંચાસરમાં આપી હતી.

૧૩ દસાડાની હકીકત માટે શં૦ મ૦ પ્ર૦ ભા૦ પૃ૦ ૧૫ માં જુઓ.

૧૪ માંડલની હકીકત માટે શં૦ મ૦ પ્ર૦ ભા૦ પૃ૦ ૧૧ માં જુઓ.

માંડલથી દક્ષિણમાં માલણપુર, હઠીપુરા, નોરંગપુર
થઇને શ્રી ઉપરીયાળા[15] તીર્થ માઇલ ૯
ઉપરીયાળાથી પશ્ચિમ દિશામાં પાટડી[16] „ ૬

---

૧૫ **ઉપરીયાળાની** હકીકત માટે શં૰ મ૰ પ્ર૰ ભા૰ પૃ. ૧૪ ની ફુટનોટ જુઓ.

સ્વર્ગસ્થ શાસ્ત્રવિશારદ જૈનાચાર્ય ગુરુદેવ શ્રીમાન્ **વિજય-ધર્મસૂરીશ્વરજી** મહારાજે અથાગ પરિશ્રમ કરી આ તીર્થની સુવ્યવસ્થા કરાવીને પ્રસિદ્ધિમાં આણ્યું છે. સાધારણ ખાતામાં ખાડો હતો તે ભરપાઇ કરાવી, **વીરમગામ**માં તેની કમીટી સ્થાપન કરાવીને **બજાણા** સંઘ પાસેથી વહીવટ વીરમગામની કમીટીને સોંપાવ્યો, આસપાસનાં ગામોમાં વિચરીને ઘણાં શ્રાવક–શ્રાવિકાઓને, વર્ષમાં એક વાર અવશ્ય યાત્રા કરવાની પ્રતિજ્ઞાઓ કરાવી, ફાગણ સુદિ આઠમનો કાયમી મેળો સ્થાપ્યો અને આસપાસનાં ગામોમાં તે દિવસે પાખી પાળવાના ઠરાવો કરાવ્યા, તે હજુ સુધી પળાય છે. આ તીર્થની દેખરેખ વીરમગામમાં સ્થપાયેલી કમીટી રાખે છે. તેમના શિષ્યરત્ન શ્રીમાન્ **વિજયભક્તિસૂરીશ્વરજી** મહારાજ પણ આ તીર્થ ઉપર વિશેષ ભક્તિ અને લાગણી રાખે છે. શ્રી **શંખેશ્વરજી** અને **ભોયણી** તીર્થની માફક આ તીર્થ પણ પ્રાભાવિક અને ચમત્કારિક છે, અવશ્ય યાત્રા કરવા લાયક છે. બહુ જ શાંતિનું સ્થાન અને આત્મકલ્યાણનું સાધન છે. અહીંના હવાપાણી પણ સારાં છે. ગ્રામ્યનિવાસ પસંદ હોય તેમણે નિરાંતે ચાર–આઠ દિવસ અવશ્ય રહેવા લાયક આ સ્થાન છે.

૧૬ **પાટડીની** હકીકત માટે શં. મ૰ પ્ર૰ ભા૰ પૃ૰ ૧૪ જુઓ.

પાટડીના, પુરુષોના મોટા ઉપાશ્રયનો આમૂલચૂલ જીર્ણોદ્ધાર થઇ ગયો છે. ઉપાશ્રય સુંદર કરાવ્યો છે. શ્રી**શાંતિનાથજી**નું દેરાસર નાનું પણ શિખરબંધી અને જૂનું છે. તથા શ્રી **પાર્શ્વનાથજી**નું

પાટડીથી વાયવ્ય ખૂણામાં અહમદગઢ થઇને ઝેનાબાદ[17]		માઈલ	૬॥
ઝેનાબાદથી ઉત્તર દિશામાં વડગામ[18]		”	૫॥
વડગામથી ઉત્તર દિશામાં પંચાસર[12]		”	૪॥
પંચાસરથી ઉત્તર દિશામાં શંખેશ્વરજી		”	૬

ઉપર જણાવેલા રસ્તા પ્રમાણે શ્રીશંખેશ્વરજીથી નીકળીને **ઉપરીયાળા** તીર્થની યાત્રા કરીને જેમને પાછા શંખેશ્વરજી ન આવવું હોય, તેમણે નીચે આપેલ અનુક્રમ પ્રમાણે યાત્રા કરતાં કરતાં ઉપરીયાળા જવું.

શ્રી શંખેશ્વરજીથી દક્ષિણ દિશામાં	પંચાસર[12]	માઈલ	૬
પંચાસરથી નૈઋત્ય ખૂણામાં	વડગામ[18]	”	૪॥
વડગામથી અગ્નિ ”	દસાડા[13]	”	૪
દસાડાથી ” ”	માંડલ[14]	”	૬
માંડલથી દક્ષિણ દિશામાં	ઉપરીયાળા[15]	”	૯
અથવા દસાડાથી દક્ષિણ દિશામાં	પાટડી[16]	”	૯
અને પાટડીથી અગ્નિ ખૂણામાં	ઉપરીયાળા[15]	”	૬

દેરાસર નવું છે. પરંતુ તે વિશાળ, ઊંચું, સુંદર કોરણીવાળું અને ભવ્ય બનેલ છે. શેઠ **હુરખચંદ બહેચરદાસ** જૈન પાઠશાલા અને શ્રાવિકાશાલા સારી ચાલે છે. જૈન સંઘનું 'વાડી' નામનું ધર્મશાળા તરીકેનું મોટું મકાન ૧, શ્રાવક મહાજનની પેઢી અને શ્રીસંઘનો પ્રાચીન જ્ઞાનભંડાર છે. આ ગામ ઘણું પ્રાચીન છે.

૧૭ **ઝેનાબાદ**, દસાડા સ્ટેટના તાબાનું ગામ છે. આ ગામનું નામ પહેલા કલાડા હતું. વીશેક વર્ષથી તેનું નામ ઝેનાબાદ રાખ્યું છે. અહીં મૂ. ના. શ્રી. **પાર્શ્વનાથ** પ્રભુજીનું ઘુંમટબંધી દેરાસર ૧, ઉપાશ્રય ૧ અને વીશાશ્રીમાળી શ્રાવકોનાં ઘર ૯ છે.

૧૮ વડગામની હકીકત માટે શં. મ. પ્ર૦ ભા૦ પૃ૦ ૧૫ની ફુટનોટ જુઓ.

આ પ્રમાણે જવાથી **માંડલ** અથવા **પાટડી** આ બેમાંથી એક ગામની યાત્રા થઈ શકશે. ઉપર પ્રમાણે ઉપરીયાળા જઇને ત્યાંની અપૂર્વ યાત્રાનો લાભ લેવો. પછી ઉપરીયાળા ફ્લેગ સ્ટેશનથી રેલ્વેમાં બેસીને સીધા **વીરમગામ** જવું હોય તો જઈ શકાય છે. અથવા ઉપરીયાળા ફ્લેગ સ્ટેશનથી રેલ્વેમાં બેસી પાટડી જઈ ત્યાંની યાત્રા કરીને ત્યાંથી પણ રેલ્વે મારફત વીરમગામ[૧૯] જઈ શકાય છે.

ઉપર પ્રમાણે બે ચક્કર લગાવવાથી શ્રી શંખેશ્વરજીની પંચતીર્થીનાં તીર્થોની તથા રસ્તામાં આવતાં ગામોનાં જિનાલયોની યાત્રા થઈ જાય છે.

---

૧૯ **વીરમગામ**ની હકીકત માટે શં. મ૦ પ્ર૦ ભા૦ પૃ૦ ૧૦ માં જુઓ.

આ ગામ પ્રાચીન છે. અહીંનું મુનસર તળાવ મહારાજા **સિદ્ધરાજ જયસિંહે** અથવા **મીનળદેવીએ** બંધાવ્યું છે. પંદરમી સદીમાં અહીં (૧) શ્રી **સુમતિનાથજી**નું અને (૨) શ્રી **શાંતિનાથજી**નું એમ બે જ દેરાસરો હતાં. વિ. સં. ૧૭૨૧માં અહીં કુલ ૫૭ જિનમૂર્તિઓ હતી.

પરિશિષ્ટ–૩

શ્રી શંખેશ્વરજીની પ્રદક્ષિણા

જઘન્ય–લઘુ પ્રદક્ષિણા

શ્રીશંખેશ્વર પાર્શ્વનાથજીના નવા દેરાસરની, ધર્મ-શાલાની અંદર રહીને દેરાસર ફરતી પ્રદક્ષિણા કરવી તે, અથવા તો નવું દેરાસર અને ધર્મશાલાના કંપાઉંડના ગઢની ફરતી બહારથી–રાજમાર્ગ પરથી પ્રદક્ષિણા કરવી તે લઘુ પ્રદક્ષિણા કહેવાય છે. પહેલી રીતથી પ્રદક્ષિણા કરવાથી બાવન જિનાલયની દેરીઓ સહિત આખા જિનમંદિરની પ્રદક્ષિણા થઇ જાય છે અને બીજી રીતથી પ્રદક્ષિણા કરવાથી, બાવન જિનાલય સહિત આખા દેરાસર અને ધર્મશાલાના સંપૂર્ણ કંપાઉંડ ઉપરાંત શેઠ **મોતીલાલ મૂળજીભાઈ** મારફતની નવી ધર્મશાલા પણ તેમાં આવી જાય છે. તેમાંની પહેલી પ્રદક્ષિણાને "સો કદમી પ્રદક્ષિણા" અને બીજી રીતની પ્રદક્ષિણાને "પાંચસો કદમી પ્રદક્ષિણા" અથવા તો "૦ા ક્રોશી પ્રદક્ષિણા" એવું નામ આપી શકાય.

આ તીર્થધામના કંપાઉંડના મુખ્ય દરવાજાથી નીકળી, થોડું બજારમાં ચાલી દક્ષિણ તરફની શેરીમાં વળીને ટાંકાવાળી ધર્મશાલાની રાજમાર્ગ પરની બારી તથા જૂના મંદિરના ખંડિયેર વચ્ચેથી નીકળી, નવા દેરાસરના નગારખાનાની ડેલી અને કંપાઉંડના ગઢ પાસે થઇ, ગામના ઝાંપા બહાર નીકળી,

શેઠ મોતીલાલ મૂળજીભાઇ મારફતની નવી ધર્મશાલાની પાસે થઇ, ઉગમણી શેરીમાં થઈને બજારના નાકા પર આવેલા આ તીર્થધામના કંપાઉંડના એ જ મુખ્ય દરવાજામાં પ્રવેશ કરવાથી "૫૦૦ કદમી અથવા ૦। કોશી" પ્રદક્ષિણા થાય છે.

મધ્યમ પ્રદક્ષિણા

શંખેશ્વર ગામના પશ્ચિમ તરફના–નવી જૈન ધર્મશાલા પાસેના ઝાંપાથી નીકળીને ખારસોલ તળાવ તથા આખા ગામને પ્રદક્ષિણા દઇને પાછા એ જ ઝાંપાથી પ્રવેશ કરવાથી 'મધ્યમ પ્રદક્ષિણા' થાય છે. આમાં લગભગ ત્રણ માઇલનો પંથ થતો હોવાથી આનું "દોઢ કોશી પ્રદક્ષિણા" નામ આપી શકાય છે. આ મધ્યમ પ્રદક્ષિણા કરવાથી; **ખારસોલ** તળાવના કિનારા પરના, જેમાંથી મૂળ નાયક શ્રી **પાર્શ્વનાથ** પ્રભુજીની મૂર્ત્તિ પ્રગટ થઈ હતી તે, 'ઝંડકુવા' નામના મોટા ખાડાની, ગામના પૂર્વદિશા તરફના ઝાંપાની બહાર થોડે છેટે દટાઈ ગયેલા જૂના મંદિરનો ઢગલો છે તેની, ગામની મધ્યમાં આવેલા જૂના મંદિરના ખંડિયેરની અને નવા મંદિરના આખા કંપાઉંડની પ્રદક્ષિણા થઈ જાય છે.

ઉત્કૃષ્ટ–મોટી પ્રદક્ષિણા

નીચે આપેલા ક્રમ પ્રમાણે ફરવાથી મોટી પ્રદક્ષિણા થાય છે. આમાં લગભગ ૪૫ માઈલનો પંથ થતો હોવાથી અને આ તરફના ગાઉ બે માઇલથી કાંઇક નાના હોવાથી આ મોટી પ્રદક્ષિણાનું નામ "પચ્ચીશ કોશી પ્રદક્ષિણા" આપી શકાય છે.

શંખેશ્વરથી નૈઋત્યમાં બોલેડા થઈને આદરીયાણા[૨૦] માઈલ ૭ાા

આદરીઆણાથી ઉત્તરમાં પડીવાડા, પીરોજપુર થઈને લોલાડા[૨૧] માઈલ ૮

લોલાડાથી ઈશાન ખૂણામાં ખીજડીઆળી[૧૦] થઈને ચંદુર રાથવી[૨૨] (મોટી) માઈલ ૬ાા

ચંદુર(મોટી)થી પૂર્વ દિશામાં મુંજપુર[૧] માઈલ પાા

---

૨૦ આદરીયાણામાં મૂ. ના. શ્રી શાંતિનાથ પ્રભુજીનું શિખરબંધી દેરાસર ૧ ગામના પ્રમાણમાં ઘણું સુંદર છે. ઉપાશ્રયો ૩, જૈન પાઠશાલા તથા જૈન કન્યાશાલા ૧ અને શ્રી વીશાશ્રીમાલી શ્રાવકોનાં ઘર ૩૦ છે. ગામ પ્રાચીન છે. ઝીંઝુવાડા દરબારના તાબાનું આ ગામ છે.

૨૧ લોલાડામાં મૂ. ના. શ્રી શાંતિનાથજી ભગવાનનું એક દેરાસર છે. હાલ થોડાં વર્ષોમાં દેરાસરનો જીર્ણોદ્ધાર થયો છે. મૂ. ના. જીની મૂર્તિ પ્રાચીન અને મનોહર છે. ઉપાશ્રય ૧ અને શ્રાવકોનાં ઘર ૩ છે. વિ.સં. ૧૯૬૦ની સાલમાં અહીં શ્રાવકોનાં ૧૪–૧૫ ઘર હતાં. રાધનપુર સ્ટેટનું આ ગામ જૂનું છે. અહીંના શ્રાવકોએ મૂર્તિ ભરાવ્યાના શિલાલેખો મળ્યા છે.

૨૨ ચંદૂર રાથવી (મોટી)ની હકીકત માટે શં. મ. પ્ર. ભા. પૃ૦ ૭૩ની ફુટનોટ જુઓ.

અહીં મૂ. ના. શ્રી ચંદ્રપ્રભ ભગવાનનું દેરાસર શિખરબંધી અને ભવ્ય છે. મૂ. ના. જીની મૂર્તિ મોટી અને મનોહર છે. મૂ. ના. જીના પંચતીર્થીવાળા પરિકરનો ગાદી સિવાયનો બધો ભાગ પ્રાચીન છે. આ ગામ રાધનપુર સ્ટેટનું છે અને પ્રાચીન છે. ફાર્બસકૃત રાસમાળામાં લખ્યું છે કે–વનરાજ ચાવડાનો જન્મ આ ચંદૂર ગામમાં થયો હતો.

મુંજપુરથી	દક્ષિણ	દિશામાં	કુવારદ[23]	માઈલ	૩
કુવારદથી	,,	,,	પાડલા[24]	,,	૩॥
પાડલાથી	,,	,,	પંચાસર[12]	,,	૫
પંચાસરથી	ઉત્તર	,,	શંખેશ્વર	,,	૬

આ પ્રમાણે ફરી આવીને આદરીયાણાના રસ્તાવાળા ઝાંપાથી અથવા જે ઝાંપાથી નીકળ્યા હોય તે જ ઝાંપાથી ગામમાં પ્રવેશ કરવાથી પ્રદક્ષિણા સંપૂર્ણ થાય છે. આ મોટી–પચ્ચીશ કોશી પ્રદક્ષિણા કરવાથી, છ ગામોનાં પ્રાચીન જિનાલયોનાં દર્શન થશે, મુંજપુર અને પંચાસર–એ પંચતીર્થીનાં બે ગામોની યાત્રા થશે અને અતિ પ્રાચીન પાડલા ગામની સ્પર્શના થશે. માટે આ પચ્ચીશ કોશી પ્રદક્ષિણાનો લાભ અવશ્ય લેવા લાયક છે.

---

૨૩ કુવારદની હકીકત માટે શં. મ. પ્ર. ભા. પૃ. ૧૪માં જુઓ.

૨૪ પાડલાની હકીકત માટે શં. મ. પ્ર. ભા. પૃ. ૭૧ની ફુટનોટ જુઓ.

પુરવણી

[આ પુસ્તકના પ્રથમ ભાગનાં પ્રકરણો છપાઇ ગયા પછી, અમુક પ્રકરણોમાં ઉમેરવા યોગ્ય કેટલીક હકીકત મળી છે તે અહીં પુરવણી રૂપે આપી છે. તે હકીકત નીચે લખેલ પ્રકરણોમાં ઉમેરવી.]

પ્રકરણ બીજું : શંખેશ્વર ગામ

કલકત્તાની સિંઘી જૈન ગ્રંથમાલાના બીજા ગ્રંથાંક તરીકે પ્રગટ થયેલ 'પુરાતન પ્રબંધસંગ્રહ' અન્તર્ગત (૩) વનરાજ વૃત્ત (G)માં લખ્યું છે કે–"શ્રીમાન્ શીલગુણસૂરિજીએ, વનરાજને તે હિંસા કરતો હોવાથી પોતાના ઉપાશ્રયમાંથી કાઢી મૂકયો. ત્યારપછી પોતાના દોસ્તોની સાથે વનરાજે **શંખેશ્વર** અને **પંચાસરની** વચ્ચેની ભૂમિમાં રહીને ચૌર્યવૃત્તિથી કેટલોક સમય વીતાવ્યો હતો." આ ઉપરથી જણાય છે કે–ઐતિહાસિક દૃષ્ટિથી પણ શંખેશ્વર ગામ વિ. સં. ૮૦૨ થી પણ વધારે પ્રાચીન છે.

પ્રકરણ છઠ્ઠું : પ્રભાવ–માહાત્મ્ય

શ્રીયુત પૂરણચંદ્રજી નાહર સંગૃહીત શિલાલેખ સંગ્રહમાં લખ્યું છે કે–" બીકાનેરમાં શ્રી **શંખેશ્વર પાર્શ્વનાથજીનું** એક મંદિર વિદ્યમાન છે."

પ્રકરણ નવમું : યાત્રા

(૧) 'શ્રીમાધવાનલ ચતુષ્પદી' (આ. શ્રી. જ્ઞા. વિ. સૂ. જ્ઞા. ભં. ખંભાત)ની, સં. ૧૭૩૬ના ભાદરવા સુદિ ૭ સોમવારે લખાઇને પૂર્ણ થયેલી, હસ્તલિખિત પ્રતની પ્રશ-

સ્તિમાં લખ્યું છે કે–" બુરાનપુર(ખાનદેશ)નિવાસી, વીશા પોરવાડ શાહ રંગજીએ, પોતે પોતાને હાથે પેદા કરેલી લક્ષ્મી ખર્ચીને મોટા આડંબર પૂર્વક મોટા ઠાઠમાઠથી શ્રીશત્રુંજય ગિરિરાજનો સંઘ કાઢેલો. આબુ વગેરે તીર્થોની યાત્રા કરીને શત્રુંજય જતાં માર્ગમાં તેમણે શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ તીર્થની પણ સંઘ સાથે ભક્તિપૂર્વક યાત્રા કરી હતી. "

(૨) જેસલમેરનિવાસી, ખરતરગચ્છીય, બાફણા સા. ગુમાનચંદજીના પુત્રો બાદરમલ્લજી વગેરે પાંચ ભાઈઓએ જેસલમેર, ઉદયપુર અને કોટાથી કંકુપત્રીઓ દેશોદેશમાં લખીને ઘણા જ ઠાઠમાઠ અને ઘણી જ ધામધૂમથી શત્રુંજય ગિરિરાજનો મોટો–જબરદસ્ત સંઘ વિ. સં. ૧૮૯૧ ના માઘ સુદિ ૧૩ને દિવસે કાઢયો હતો. રસ્તામાં અનેક તીર્થોની યાત્રા કરવા સાથે શત્રુંજય ગિરિનાર વગેરે મહાતીર્થોની યાત્રા કરીને પાછા ફરતાં શ્રી શંખેશ્વર તીર્થની પણ ભક્તિ પૂર્વક યાત્રા કરીને તે સંઘ ત્યાંથી રાધનપુર ગોડીપાર્શ્વ-નાથજીની યાત્રા કરવા માટે ગયો હતો. આ સંઘના ટૂંક વર્ણન માટે શં. મ. પ્ર. ભા. પૃ. ૧૭૧ નીચેની રાધનપુરની ફુટનોટ જુઓ.

પુરવણીનું અનુસંધાન

[આ પુસ્તકના પ્રથમ ભાગની પુરવણી છપાઈ ગયા પછી પણ કેટલીક હકીકત મળી આવી છે તે ઉપયોગી સમજીને અહીં પુરવણીના અનુસંધાન રૂપે આપી છે. તે હકીકત નીચે લખેલ પ્રકરણમાં ઉમેરવી.]

પ્રકરણ ત્રીજું : રસ્તા

પૃષ્ઠ ૧૫માની ફુટનોટમાં દંતકથામાં ઉમેરવું કે–"અખંડ દીવા ઉપરાંત ત્યાંના પૂજારીને હંમેશાં અરધો રૂપિયો તથા એક પાલી ચોખા ચમત્કારિક રીતે મળતા હતા."

પ્રકરણ છઠ્ઠું : પ્રભાવ–માહાત્મ્ય

પં. શ્રી હેમવિજયજી ગણીએ વિ. સં. ૧૭૪૨ ના ચૈત્ર શુદિ ૩ ને સોમવારે સીહોરમાં **श्रीशङ्खेश्वरपार्श्वनाथप्रसादात्** શ્રી વિક્રમસેન રાસ લખીને પૂર્ણ કર્યો. જુઓ પ્રશસ્તિ સંગ્રહ ભા. ૨, પૃ. ૨૫૪.

આ ઉપરથી સીહોર (કાઠિયાવાડ) માં વિ. સં. ૧૭૪૨ માં શ્રી શંખેશ્વર પાર્શ્વનાથજીનુ દેરાસર હોય એમ જણાય છે.

પ્રકરણ નવમું : યાત્રા

રાધનપુરનિવાસી શા. હરગોવિંદદાસ ઉત્તમચંદ તરફથી રાધનપુરથી શંખેશ્વરજીનો મોટો સંઘ સં. ૧૯૭૬ ના ફાગણ વદિ ૧ ને દિવસે ધામધૂમથી નીકળ્યો હતો. તેમાં આશરે

દોઢસો ગાડાં હતાં. રાધનપુરથી નીકળી શ્રી શંખેશ્વરજીની યાત્રા કરી પાછા રાધનપુર પહોંચતાં સુધીનું તમામ ગાડાંઓનું ભાડું પણ તેમણે આપ્યું હતું. શંખેશ્વરજીમાં, રસ્તાનાં ગામોમાં તથા રાધનપુરમાંથી નીકળતાં અને પેસતાં પણ તેમણે નોકારશીઓ કરી હતી. શંખેશ્વરજીમાં મહોત્સવ પૂર્વક તેમણે અષ્ટોત્તરી સ્નાત્ર ભણાવ્યું હતું. રાધનપુરથી શંખેશ્વરજીના બીજા સામાન્ય સંઘો ઘણા નીકળે છે, તેમાં ત્રણથી પાંચ હજારનું ખર્ચ થાય છે, જ્યારે આ સંઘમાં ૧૯ થી ૨૦ હજાર રૂપિયાનું ખર્ચ થયું હતું.

આ યાત્રા પ્રકરણ (પૃ. ૬૮) માં 'ધામી વીરજી'એ સં. ૧૮૩૦ માં સંઘ કાઢયાનો ઉલ્લેખ કર્યો છે, તેની ફુટનોટમાં આ 'ધામી વીરજી', રાધનપુરના 'ધામી જેશિંગલાલ નેમચંદ'ના કદાચ વડવા હશે, એમ અનુમાન કર્યું છે. અને તેમને પુછાવતાં ધામી વીરજી, તેમને (ધામી જેશિંગલાલ નેમચંદને) સાતમી પેઢીએ પૂર્વજ (વડવા) થાય છે, એમ ચોક્કસ સમાચાર મળ્યા છે. આ સંઘ સમીથી નીકળ્યો હતો. સંઘ કાઢનાર ધામી વીરજી તે વખતે સમીમાં રહેતા હતા અને તેમના વંશજો પાછળથી રાધનપુરમાં વસ્યા હતા.

આ યાત્રા પ્રકરણ (પૃ. ૬૯) માં રાધનપુરથી શિવચંદભાઇએ સંઘ કાઢયાની હકીકત લખી છે. તે શિવચંદભાઈના પિતાનું નામ સાંકળચંદભાઇ હતું. આ શિવચંદભાઇને બે પુત્રો હતા: (૧) અરિમર્દન અને (૨) રાજવલ્લભ. અત્યારે અરિમર્દનનો પુત્ર પન્નાલાલ અને રાજવલ્લભનો પુત્ર સેવંતીલાલ—એમ શિવચંદભાઈના બે પૌત્રો રાધનપુરમાં હયાત છે.

પૃ. ૭૧ ની ફુટનોટના છેલ્લા પેરામાં ઉમેરવું કે:- "અહીંના મૂળ નાયક શ્રી નેમિનાથ પ્રભુજીની મૂર્તિ મુંજપુરમાં પધરાવી દીધી હતી. તે હાલમાં તલાજા (કાઠિયાવાડ) માં બનેલા નવીન જિનમંદિરમાં મૂલનાયકજી તરીકે બિરાજે છે."

પાડલાના રહેવાસી દોસી વીરજીએ સં. ૧૬૬૩ માં શંખેશ્વરજીના જૂના મંદિરમાં એક દેરી કરાવી હતી. જુઓ લેખાંક-૫૪.

પ્રકરણ દશમું : જીર્ણોદ્ધાર

પૃ. ૮૮ના બીજા પેરેગ્રાફને છેડે ઉમેરવું કે:-"અને ત્યાં કાર્તિકી તથા ચૈત્રી પુનમને દિવસે શ્રી શત્રુંજયનો પટ બંધાય છે. કુલ હક કારખાનાનો છે.

પ્રકરણ અગિયારમું : નવું મંદિર

લે. નં. ૧૧ માં જણાવ્યા પ્રમાણે નવા મંદિરમાં સં. ૧૮૬૮ માં જયપુરવાળાના દ્રવ્યથી જે સમારકામ થયું તે અને ત્યારપછી બીજાઓની દ્રવ્ય-સહાયથી પણ જે સમારકામ થયું તે રાધનપુરના સંઘની સોંપણીથી, રાધનપુરનિવાસી વૃદ્ધિલાલ મગનલાલ વીરવાડિયાના શ્વસુર (સસરા) રાધનપુરવાળા શા. સારાલાલ દલપત પુંજાશાના સાતમી પેઢીએ થઈ ગયેલ પૂર્વજ પદમશી શેઠે કરાવ્યું હતું. આ પદમશી શેઠે રાધનપુરમાંના મોટા ચિંતામણિજીના અને અજિતનાથજીના દેરાસરોનો પણ ખંતથી જીર્ણોદ્ધાર કરાવ્યો હતો, એમ રાધનપુરના વૃદ્ધ પુરુષો કહે છે.

પ્રકરણ પંદરમું : મેળા

અહીં દર વરસે પોષ દશમી (માગસર વદિ દશમી) નો મેળો ભરાય છે. તે દિવસે રાધનપુરવાળા શેઠ શ્રી મણિલાલ મોતીલાલ મૂળજી તરફથી છેલ્લાં છ વર્ષોથી કાયમ ખાતે નોકારશી થાય છે. આ નોકારશી કાયમી છે. તે માટે તેમણે રૂપિયા જૂદા કાઢીને રાધનપુરવાસી શેઠ શ્રી સકરચંદ મોતીલાલ મૂળજીને સોંપેલા છે. એટલે હાલમાં આ નોકારશીની વ્યવસ્થા શેઠશ્રી સકરચંદભાઇ મોતીલાલ મૂળજી કરે છે.

शङ्खेश्वर महातीर्थ

भाग बीजो

[कल्प - स्तोत्रादि - सन्दोह]

श्रीमद्विजयधर्मसूरिगुरुभ्यो नमोनमः ।

शङ्खेश्वर महातीर्थ

द्वितीय भाग

[कल्प–स्तोत्रादि–सन्दोह]

[१] प्राकृत–संस्कृतविभाग

कल्पप्रबन्धादि

[१]

श्रीजिनप्रभसूरिविरचितः

श्रीपार्श्वनाथस्य कल्पसंक्षेपः ।*

सुरअसुरखयराकिंनरजोईसरविसरभमराकलिअं ।
तिहुअणकमलागेहं नमामि जिणचलणनीरुहं ॥ १ ॥
जं पुव्वमुणिगणणं अवि अप्पाणप्पकप्पमज्झंमि ।
सुरनरफणिपहुमहिअं कहिअं सिरिपासजिणचरिअं ॥ २ ॥

---

* શ્રીયુત વકીલ કેશવલાલ પ્રેમચંદ મોદી સંપાદિત "તીર્થકલ્પ" પ્રથમ ભાગથી ઉતાર્યું. આ કલ્પ, સિંઘી જૈન ગ્રંથમાલાના 'વિવિધ તીર્થકલ્પ'ના પૃ. ૧૧–૧૩માં પણ નં० ૬ श्रीपार्श्वनाथकल्पः । એ નામથી છપાયેલ છે.

संकि (खि ?)त्तसत्थनिक्खित्तचित्तवित्तीण धम्मिअजणा।
तोसकए तं कप्पं भणामि पासस्स लेसेण ।
भवभमणभेयणत्थं भविआ भवदुक्खभारभरिअंगा।
एयं समासओ पुण पभणिज्जंतं मए सुणह ।
विजया जया य कमठो पउमावई–पासजक्ख–वइरुट्टा
धरणो विज्जादेवी सोलसऽहेट्ठ[illegible] जस्स ।
पडिमुप्पत्तिनियाणं कप्पे कलिअं वि नेह संकलिअं।
एयस्स गोरवभया पढिहिइ न हु को इमं पच्छा ।
अह जलहिचुलुअमाणं करेइ तारयविमाणसंखं जो।
पासजिणपडिममहिमं कहिउं न वि पारए सोऽवि ।
एसा पुराणपडिमा अणेगठाणेसु संठवेऊणं।
खयरसुरनरवरेहिं महिआ उवसग्गस[illegible]णत्थं ॥
तह वि हु जणमण निच्चलभावकए पाससामिपडिमा[illegible]
इंदाईकयमहिमं कित्तिअमेयाइ ता वुच्छं ॥
सुरअसुरवंदिअपए सिरिमुणिसुव्वयदिणेसरे इत्थ।
भारहसरंमि भविअणकमलाइं बोहयंतंमि ॥
चंपाइ पुरवरीए एसा सिरिपाससामिणो पडिमा।
यणायरोवकंठे जोईसरवन्निआ आसि ॥
सक्कस्स कत्तिअभवे सयसंखाभिग्गहा गया सिद्धिं।
एआए झाणाओ वयगहणाणंतरं तइया ॥
[illegible] तं प[illegible] मुणिउं।
अंचइ तत्थेव ठिअं महाविभूईइ दिव्वाए ॥

एवं वच्चइ कालो कयवयवासेहिं रामवणवासो ।
राहवपहुं दंसणहेउं लोआण हरिवयणा ॥ १४ ॥
रयणजडियखयरसंजुअसुरजुअलेणं च दंडगारण्णे ।
सतुरयरहो अ पडिमा दिन्नेसा रामभद्दस्स ॥ १५ ॥
सगमासे नवदिअहे विदेहदुहिओवणीयकुसुमेहिं ।
भत्तिभरनिब्भरेणं महिआ रहुपुंगवेण तहा ॥ १६ ॥
रामस्स पबलकम्मयमलंघणिज्जं च वसणमोइण्णं ।
नाऊण सुरा भुज्जो तं पडिमं निंति तं ठाणं ॥ १७ ॥
पूअइ पुणो वि सक्को पकिट्ठभत्तीइ दिव्वभोएहिं ।
एवं जा संपुन्ना एगारसवासलक्खा य ॥ १८ ॥
तेणं कालेणं जउवंसे बलएव-कण्ह-जिणनाहा ।
अवइन्ना संपत्ता जुव्वणमह केसवो रज्जं ॥ १९ ॥
कण्हेण जरासंधस्स विग्गहे निअदलोवसग्गेसु ।
पुट्ठो नेमि भयवं पच्चूहविणासणोवायं ॥ २० ॥
तत्तो आइसइ पहू-पुरिसत्तम ! मज्झ सिद्धिगमणाओ ।
सगसयपण्णा साहिअतेसीसहसेहिं वरिसाणं ॥ २१ ॥
होही पासो अरिहा विविहाहिट्ठायगेहिं नयचलणो ।
जस्सच्चान्हवणजलसित्ते लोए समइ असिवं ॥ २२ ॥
सामी ! संपइ कत्थवि तस्स जिणिंदस्स चिट्ठए पडिमा ।
इअचक्कधरेणुत्ते तम्मिदमहिअं कहइ नाहो ॥ २३ ॥
इअजिणजणद्दणाणं अह सो मुणिउं मणोगयं भावं ।
मायलिसारहिसहिअं रहमेयं पडिममप्पेहिं ॥ २४ ॥

सुइओ सुररिउ पडिमं ण्हावइ घणसारघणघणरसेहिं ।
पूइअ पारिमलबहलाचंदणचारु कुसुमेहिं ॥ २५ ॥
पच्छागयगहदिन्नं सित्थं सिंचेइ सामिसलिलेणं ।
जंतुवसग्गा विलयं विलयं जह जोगिचित्ताइं ॥ २६ ॥
बहुदुहवहणं[1] निहणं पत्ते पच्चद्धचक्कवट्टिंमि ।
जाओ जयजयराओ जायवनिवनिविडभडसिन्ने ॥ २७ ॥
तत्थेव विजयठाणे निम्माविअमहिणवं जिणाएसा ।
संखउरनयरजुत्तं ठविऊणं पासपहुबिंबं ॥ २८ ॥
पडिममिमं संगिण्हिअ निअनअरमुवागयस्स कण्हस्स ।
भूवेहिं वासुदेवत्तणाभिसेऊसवो विहिओ ॥ २९ ॥
कण्हनरिंदेण तओ मणिकंचणरयणरइअपासाए ।
सत्तयवाससआइं[2] संठाविअ पूइआ पडिमा ॥ ३० ॥
जाए जायवजाई[3] पलए देवाउ दारवइदाहे ।
सामिपहावा देवालयंमि न हु पावगो लग्गो ॥ ३१ ॥
सद्धिं पुरीइ तइया जलनिहिणा रुइरमंदिरसमेओ ।
लोललहरीकरेहिं नाहो नीरंतरे नीओ ॥ ३२ ॥
तक्खयनागिंदेणं तइया रमणत्थमुरगरमणीहिं ।
तत्थागएण दिट्ठा पहुपडिमा[4] पावनिद्दलणी ॥ ३३ ॥
पमुइअमणेण तत्तो नायवहूविहिअनट्टकलहट्टं ।
महया महेण महिआ जावऽसिई[5] वाससहसाइं ॥ ३४ ॥

---

१ बहुदुहवणं, बहुदुहवट्टं । २ वाससयाइं । ३ जावणजाई ।
४ बहुपडिमा । ५ जाव सिवाइ ।

वरुणो वरहरिअवई तयवसरे सायरं पलोअंतो ।
तक्खयपूइज्जंतं पासइ तिहुअणपहुं पासं ॥ ३५ ॥
एसो सो गोसामी जो सुरनाहेण पूइओ पुव्विं ।
इण्हिं मज्झवि जुज्जइ सहायणं सामिचलणाणं ॥ ३६ ॥
चिंतिअमत्थमहीणं पत्थिअ सेवइ जिणेसमणवरयं ।
जा चउवच्छ सहसा ठिआ य अह तेण समएणं ॥ ३७ ॥
सिरिवद्धमाणजलए तिलए लोअस्स भरहखित्तंमि ।
आवेरलगो रेणं सिंचंते सव्वसस्साइं[1] ॥ ३८ ॥
कंतिकलाकलुसीकयसुरपुरपउमाइ कंतिनयरीए ।
वसइ सुरसत्थवाहो धणेसरो सत्थबाहु त्ति ॥ ३९ ॥
सो अन्नया महिब्भो विणिग्गओ जाणवत्तजत्ताए ।
संजत्तिअवयजुत्तो सिंहलदीवंमि संपत्तो ॥ ४० ॥
तत्थ विढप्पिअ पणगणमागच्छंतस्स तस्स वेगेण ।
पवहणथंभो सहसा जाओ जलरासिमज्झंमि ॥ ४१ ॥
विमणमणो जा चिंतइ पयडीहोऊण सासणसुरी ता ।
पउमावई पयंपइ मा बीहसु वच्छ ! सुण वयणं ॥ ४२ ॥
वरुणविणिम्मिअमहिमो महिमोहमरट्टमद्दणो भद्द ! ।
इह नीरतले चिट्ठइ पासजिणो नयसु सं ठाणं ॥ ४३ ॥
देवि ! कहं मह सत्ती जिणेसगहणे स...ला ।
एवं धणेण कहिए तो भासइ सासणादेवी ॥ ४४ ॥

---

१ भव्व सस्साइं ।

पविस मह पुट्ठिलग्गो कड्ढसु पहुमामसुत्ततंतूहिं ।
आरोविय पोअवरे सावय ! वय निअपुरिं सुत्थो ॥ ४५ ॥
काऊण सव्वमेयं लोगत्तयनायगं गहेऊण ।
संजायहरिसपगरिसपुलइअगत्तो महासत्तो ॥ ४६ ॥
खणमित्तेण सठाणं समागओ परिसरे[1] पडकुडीओ ।
रइआविअ जाव ठिओ एइ जणो सम्मुहो ताव ॥ ४७ ॥
गंधव्वि[2]गीइवाइअरवेण सुहवयनारिधवलेहिं ।
बहिरियक...हो नाहं दाणं दिंतो पवेसेइ ॥ ४८ ॥
रययायलसच्छायं पासायं कारिऊण कंतीए ।
विणिवेसिय भुवणगुरुं निच्चं पूएइ भत्तीए ॥ ४९ ॥
कालंतरमावण्णे धणेसरे पउरनायरवरेहिं[3] ।
वाससहस्से पहुणो पूइज्जंतस्स वक्कंते ॥ ५० ॥
देवाहिदेवमुत्तिं परिअररहिअं तया य कंतीए ।
मेलिअ रसस्स थंभणनिणित्तमागासमग्गेण ॥ ५१ ॥
कलिअकलाकालत्तयपालित्तयगणहरोव...साओ ।
नागज्जुणजोइंदो आणेही अप्पणो ठाणे ॥ ५२ ॥
जोइणि गए कयत्थे तत्थं मुत्तूण नाहमडवीए ।
रसथंभाओ होही थंभणयं नाम तित्थं ति ॥ ५३ ॥
[4]उब्भिन्नवंसयालंतरट्ठिओ सुरहिखीरण्हविअंगो ।
आकंठखिइनिमग्गो जणेण जक्खुत्ति कयनामो ॥ ५४ ॥

१ परिसरि । २ गंधव्व । ३ रवेहिं । ४ उज्झिअ ।

अच्चिस्सइ तयवत्थो जिणनाहो पणसयाइं वरिसाणं ।
तयणु धरणिंदविरइअसन्निज्झो विइअसुरसारो ॥ ५५ ॥
सिरिअभयदेवसूरी दूरीकयदुहिअरोगसंघाओ ।
पयडं तित्थं काही अहीणमाहप्पदिप्पंतं ॥ ५६ ॥
कंतीपुरीइ भयवं पुणो गमिस्सइ तओ अ जलहिंमि ।
बहु[illegible]रेहिं अ गडुवर[1] महिमाइ दिप्पंतो ॥ ५७ ॥
अह कोऽतीआणागयपडिमाठाणाण साहणसमत्थो ।
जइवि हु सो सहसमुहो हविज्ज रसणासयसहस्सो ॥ ५८ ॥
पावा–चंपाऽ–ट्ठावय–रेवय–संमेअ–विमलसेलेसु ।
कासी–नासिग–मिहिला–रायगिहि–प्पमुहतित्थेसु ॥ ५९ ॥
जत्ताइ पूअणेणं दाणेणं जं फलं हवइ जीवो ।
तं पासपडिमदंसणमित्तेणं पावए इत्थ ॥ ६० ॥
मासक्खमणस्स फलं वंदणवुद्धीइ पाससामिस्स ।
छम्मासिअस्स पावइ नयणपहगयाइ पडिमाए ॥ ६१ ॥
निरवच्चो बहुतणओ धणहीणो धणयसंनिहो[2] होइ ।
दोहग्गोऽवि हु सुहओ पहुदिट्ठीए जणो दिट्ठो ॥ ६२ ॥
मुक्खत्तं कुकलत्तं कुजाइजम्मो कुरूवदीणत्तं ।
अत्थभवे पुरिसाणं न हुंति पहु[illegible]णं ॥ ६३ ॥
अडसट्ठितित्थजत्ताकए भमइ कह वि मोहिओ लोओ ।
तेहिं तोऽणंतगुणं फलमप्पिते जिणे पासे ॥ ६४ ॥

---

१ गडुवगडुव, गरुयगरुय, वअगडव । २ धणसंनिहो ।

एगेण वि कुसुमेण जो पडिमं महइ तिव्वभावो सो ।
भूवालिमउलिमउलिअचरणो चक्कवट्टी होइ ॥ ६५ ॥

जे अट्ठविहं पूअं कुणंति पडिमाइ परमभत्तीए ।
तेसिं देविंदाईपयाइं[1] करपंकयत्थाइं ॥ ६६ ॥

जो वरकिरीडकुंडलकेउराईणि[2] कुणइ देवस्स ।
तिहुअणमउडो होऊण सो लहुं लहइ सिवसुक्खं ॥ ६७ ॥

ચઉસઠિ સુરપતિ તિહાં મિલ્યા રે, અમર ન લાધઈ પારો,
મેરનઈ શૃંગિ લેઈ ગયો રે, જનમોત્સવ કરઈ સારો;
સમકિત તે નિરમલ કરઇ રે, સફલ કરઈ અવતારો,
માણિક મોતી થર ભરિ રે, મુંકઈ જણણી પાસો. (૨૭)

મુંકઈ જણણી પાસ તે લહીઇ, મસ્તકિ મુગટ સોહામણો કહીઇ;
કાંનિ કુંડલ કોટિ હાર, ભાલ તિલક શોભઇ બીજા સવિ
શૃંગાર. જી૦ (૨૮)

રયણી સઘલી વહી રે, સૂર ઉગ્યો પરભાતો,
ચઉરાશી વાજિત્ર વાજિ ખરાં રે, મંગલ ગાઈ નાર્યો;
ઘરિ ઘરિ ગુડી ઉછલિ રે, તલીયાં તોરણ બાર્યો,
નાટકીઆ નાટક કરઇ રે, ગંધ્રપ ગાઇ ગીતો. (૨૯)

ગંધ્રપ ગાઈ ગીત તે ગોરી, જેઠીમલ્લ વઢઈ ભલો ધોરી;
માગણ જણનઈ આપઇ દાન, ઘણું જીવે તું અશ્વસેન
રાજાન. જી૦ (૩૦).

દસ દિવસ વુલ્યા સહી રે, કીધાં દશઉઠણ કાજો,
સજન સર્વે મિલી કરી રે, પહિરાવ્યાં પરિવારો;
નામ તણી થાપના કરી રે, એતે પાસ કુમારો,
અનુક્રમઈ પાંચ વરસ થયાં રે, સુત મુકયા નિસાલો. (૩૧)
સુત મુકયા નિસાલિ કહીઈ, વિદ્યાતણો તો પાર ન લહીઈ;
બહુતિર કલાના થયા તે જાંણ, ત્રિણ ખંડી મનાવી આણ.
જી૦ (૩૨).

કુંઅર રૂપ અતિ સુન્દરો રે, જાણે મયણ તણો તે ઇંદ્રો,
સાયરની પિરઇ ગંભીર સદા રે, ગુણઈ ગંગાનું નીરો;
દાનિઇ દારિદ્ર છેહ કરઇ રે, વચનિ અમૃત વાંણ્યો,
સોભાગી સુખ ભોગવઇ રે, મુખ જિસ્યું પુનિમ ચંદો. (૩૩)
મુખ જિસ્યું પુનિમ ચંદ્ર તે દીપઇ, સયંવરા મંડપ સહિજઇ જીપઈ;
ભુજાઈ માહાબલવીર તે કહઈ, તેજઇ ઉગતો સૂર તે લહીઈ.
જી૦ (૩૪)

યોવન વઈ જિનવર થયા રે, યુવરાજ પરધાનો,
પ્રસેનજિત રાય આવી રે, અમ્હ ઘરિ કન્યા છઇ વર યોગ્યો;
અશ્વસેન મનિ હર્ષ થયો રે, વીવાહ મેલ્યો રંગો,
કુટુંબનઇ કંકોતરી મોકલી રે, તેડાવ્યા રાજાનો. (૩૫)
તેડાવ્યા રાજાન સવિ સાર, મંડપ તણો ન લાધઇ પાર;
સગાં સણીજાં આવી મિલીએ, પકવાનની સંખ્યા નવિ ગણીઇ.
જી૦ (૩૬).

ખાજા લાડુ ઘેવર * * રે, મોતીઆ મરચી સારો,
જલેબી મસૂપ ચાંદસાહી સહી રે, હેસમી અમૃતી નહી પારો;
નગદી વરસોલાં પિંડા ખરા રે, ગાંઠીઆ ગુંદવડાં ધારો,
સેવ સુંહાલાં સાંકલી રે, મુલાં ઝેવર ડૂંઠા સવાદો. (૩૭)
મુલાં જેવર ડૂંઠા સવાદ તે કહઇ, લાખણુસાઇ લાડૂઆ તિહાં લહીઈ;
લહૂસાહી લાડૂઆ ગંધ સાર, દલીઆ લાડૂઆ પ્રીસિ ફાર.
જી૦ (૩૮)

નગરી સર્વરણ કરી રે, માઝન આપ્યાં ફોફલ પાનો,
વરઘોડિ ચઢી સંચર્યો રે, વાગાં ઢોલ નિસાંણો;
લગ મુરતિ દિન શુદ્ધિ જોઈ રે, કન્યા આપી વરદાનો,
સુરનર સર્વ જોવા મિલ્યા રે, ઈંદ્રાંણી ગાઈ ગીતો. (૩૯)
ઈંદ્રાંણી ગાઇ ગીત તે દેવા, ચઉસઠિ સુરરાય કરઇ તે સેવા;
રાજ કરઇ વાણારસીસા, પ્રભાવતી રાણી ભરતાર.
જી૦ (૪૦)

રૂપિંઇ રંભા રતિપતિ રે, મયણ મનાવ્યો આંણો,
ચિત્રાલંકી ચાલતી રે, પગે નેઉરનું ઝણકારો;
ભાલ તિલક સોભઇ સદા રે, કંઠિ એકાઉલિ હારો,
કાંનિ કુંડલ ઝલહલિ રે, કટિ મેખલા સણગારો. (૪૧)
કટિ મેખલા સણગાર તે દીપઈ, તેજઈ તારા ચંદ સૂર જીપઈ;
હાથે વીટીં કંકણ સાર, નયણે કાજલ સવિ સિણગાર.
જી૦ (૪૨)

નર નારી રંગિ રમઈ રે, ખેલઈ વસંત માસો,
કેસૂ તિહાંકણ કસકસઈ રે, દીસઇ લાલ ગુલાલો;

*પાઠ ત્રૂટિત છે.

ખડોખલી કરિ ઝીલણું રે, કેસર છાંટા છાંટચો,
ચૂઆ ચંદન અંગિઈ ભરિઈ રે, કપૂર કસ્તૂરી જબાદો. (૪૩)

કપૂર કસ્તૂરી જબાદ તે ગંધઈ, અંગો અંગિ બાંધઇ તે બંધઇ;
ગેલઇં ગાઇ વસંતનો રાસ, વાણારસીઇં શ્રીપારશ્વનાથ.
જી૦ (૪૪)

તાપસ એક તિહાં આવીઓ રે, મન ધરી અતિ અભિમાનો,
પંચાગનિ સાધઇ ખરી રે, પુતાનું વધારઈ માનો;
અમરભૂતનો ભાઇ હતો રે, દસમઈ ભવિ કમઠનું જીવો,
અજ્ઞાન કષ્ટ કરઈ ઘણું રે, નરગમાં કરસ્યઇ રીવો. (૪૫)

નરગમાં કરસ્યઈ રીવ તે પ્રાણી, પાર્શ્વનાથ આવ્યા તિહાં જાણી;
કાઢું ખોડ નિ દીધું ઘાય, બલતું પન્નગ કાઢયું રાય.
જી૦ (૪૬)

ભગવંતના દરિસન થકી રે, ઉત્તમ હુઓ અવતારો,
સઇ મુખ્યઇ નવકાર કહિઓ રે, ઉતાર્યું ભવપારો;
ધરણેંદ્રની પદવી લહી રે, તુછ કર્યું સંસારો,
માનભ્રષ્ટ કમઠ થયો રે, દસ ભવનું જાગ્યું વઇરો. (૪૭)

દશ ભવનું જાગ્યું વઈર તે જાણી, રુદ્ર ધ્યાન મનમાંહિ આંણી;
આર્ત્તધ્યાનિ કીધુ કાલ, મેઘમાલિ થયો તતિકાલ.
જી૦ (૪૮)

એણી પિરઇ રાજ ભોગવિ રે, કરઇ પરઉપગારો,
આજ્ઞા કો લોપઈ નહી રે, નર તો વરતઇ ન્યાયો;
મનિ વયરાગ આણી કરી રે, જાણ્યો અથિર સંસારો.
રાજ ઋદ્ધિ છંડી કરી રે, લીજઇ સંયમભારો. (૪૯)

લીજઇ સંયમભાર તે સાર, ભવસાયર ઉતરવા પાર;
આગઇ હુઆ અનંત જેહ, દીખ્યા લેઇ વન ગયા તેહ.
જી૦ (૫૦)

દીખ્યા સમઈ જાંણી કરી રે, આવ્યા લોકાંતિક દેવો,
દાન સંવત્સરી જિન દીઓરે, અમ્હિ કર્યું તુમ્હારી સેવો;
આગઈ તીર્થંકર જે હવા રે, દીધાં વરસીદાનો,
એક કોડિ આઠ લાખ દિનપ્રતિઇ રે, ગજ રથ ભુઇ ભંડારો. (૫૧)

ગજ રથ ભુઈ ભંડાર તે આપુ, જિનનું શાસન તુમ્હિ તે થાપુ;
દેઇ દાનનઈ દીખ્યા લીજઈ, કાજ પોતાનાં એણી પિરઈ સીજઇ.
જી૦ (૫૨)

દાન સંવત્સરી જિન દીઇ રે, દીખ્યા તણુઇ અધિકારો,
ચઉસઠિ સુરિંદ્ર આવીઆ રે, સાથઇ દેવ પરિવારો;
શિબકા રચી સુહામણી રે, કીધી નવલઈ ઘાટચો,
પાલખી બઈસી સાંચર્યા રે, બિરુદાવલિ બોલઈ ભાટો. (૫૩)

બિરુદાવલિ બોલઈ ભાટ સુણો સ્વામી, તુમ્હો તીર્થંકર કેવલનાણી;
દેવતા તમ્હારી સેવા વાંછિ, અરિહંત નામ તુમ્હારું છાજઇ.
જી૦ (૫૪)

એણી પિરિ વનમાંહી સાંચર્યા રે, સહિસ કુમર સઘાતો,
સુરનર વાજા વાજઇ ઘણાં રે, ત્રિભુવન જયજયકારો;
અશોક વૃક્ષ હેઠલિ જઇ રહ્યા રે, છંડઈ આભરણ સારો,
લોચ પંચ મુષ્ઠઈ કરી રે, લીધું સંયમનું ભારો. (૫૫)

લીધું સંયમનું ભાર તે સાર, ભવસાયર ઉતરવા પાર;
અઠમતણું પચખાણ જ લીધું, વિહારકર્મ ભગવંતઈ કીધું.
જી૦ (૫૬)

ભગવંત વનિ કાઉસગ રહ્યા રે, જુઈ કમઠનુ જીવો,
વિરતણું અવસર લહી રે, ગાજ્યો ગહિર ગંભીરો;
અખંડ ધારા વરસિ સહી રે, મુસલધાર પ્રમાણો,
નાશિકાતાંઇ નીરસ્યું રે, પરીસો કીધુ અપારો. (૫૭)

પરીસો કીધુ અપાર મેઘમાલી, તઈ સમકિતની વેલડી બાલી;
દેવપણું કીધું તે ફૂલ, સમકિત તણાં તઇ કાઢયાં મૂલ.
જી૦ (૫૮)

એણિ સમઈ ધરણેંદ્ર જુઇ રે, કિહાં છઈ માહરો નાથો,
જસ પસાઇ પદવી લહી રે, તુછ કર્યું સંસારો;
કાઉસગ રહ્યા દીઠા જિનવરુ રે, વરસાત વરસઈ અપારો,
મસ્તકિ ફણા ટોપ કર્યું રે, હથેલી ઉપરિ ભગવંતો. (૬૯)

હથેલી ઉપરિ ભગવંત નઇ રાખઇ, વરસાત વરસતુ કિમઈ નવિ થાકઇ;
અવધિજ્ઞાનિ જોઉં જામ, મેઘમાલી ડીઠો તે તામ.
જી૦ (૬૦)

ઇંદ્રિ કોપ કીધુ ઘણુ રે, વજ્ર લીધું તે હાથ્યો,
પાપી પાપ ઘણું કર્યું રે, યમ મેલું સંઘાતો;
નાઠો સઘલઈ ત્રપડિ રે, રહિવાનુ પામઇ ઠામો,
ભગવંતનઇ સરણુઈ રહિઓ રે, રાખિ રાખિ તું આધારો. (૬૧)

રાખિ રાખિ આધાર મુખિ ભાખઇ, હવઇ સીખામણ મુજનઇ લાગઈ;
વાર વાર ખમાવઇ નામિ શીસ, ભવિ ભવિ સરણુ તુમ્હારુ જગદીસ.
જી૦ (૬૨)

મેઘઇ સમકિત પામીઓ રે, ઉતાર્યું ભવપારો,
ઇંદ્ર હર્ષવદન થયા રે, ભગવંતનઈ નિરમલ નાંણો;

સમોસરણ તિહાં સુર કરઇ રે, ત્રિણ ગઢ મંડાણો,
પર્ષદા બારિ તિહાં મિલી રે, વાંણી જોઅણ પ્રમાણો. (૬૩)
વાંણી જોઅણ પ્રમાણ જગ જાંણઈ, ચઉદ પૂરવના અર્થ વખાણઇ;
ચ્યાર મહાવ્રત યતીનાં કહઇ, બાર વ્રત શ્રાવકનાં છઈ.
જી૦ (૬૪)

અરિહંતના અતિશય ઘણા રે, મોટા ત્રીસ નઈ ચ્યારો,
અવરની સંખ્યા નહી રે, કહિતાં ન લાભઈ પારો;
ધર્મધ્વજા તિહાં લહઈ રે, ભામંડલ દીપંતો,
આસોપલ્લવ અતિ ભલો રે, દેવ દુંદુભી આકાશો. (૬૫)
દેવદુંદુભી આકાશઈ વાજઈ, અમૃત વાંણી મેઘ જિમ ગાજઈ;
તીન છત્ર શિર ઉપરિ ધરઈ, ચિહું પાસિઈ ચામર તે કરઈ.
જી૦ (૬૬)

દેવ છંદો બઈસિવા કરઈ રે, પાદપીઠકા પદ હેઠો,
પંચવરણ ફૂલ ઢીચણસમાં રે, ઉધઈ બીંટ સુગંધો;
ધૂપઘટી તિહાં મહમહઇ રે, પ્રીમલ બહુ પસરંતો,
ઈત્ય સઘલી તિહાં ઉપશમઇ રે, વિર ન ધરિ કોપો. (૬૭)
વિર ન ધરિ ક્રોધ નવિ આંણઈ, અરિહંતની ભાષા ત્રીજંચ જાંણઈ;
બારિ પર્ષદા જાણઇ સહૂ કોઈ, જીવદયા વિણ ધર્મ ન હોઈ.
જી૦ (૬૮)

આઠ ગણધર ઉત્તમ હવા રે, સોલ હજાર તે સાધો,
અડત્રીજ હજાર સાધવી સહી રે, શ્રાવક એક લાખ ચઉસઠિ હજારો;
ત્રિણ લાખ શ્રાવિકા કહી રે, ઉપરિ સતાવીસ સહિસો,
અઉઠસઈ પૂરવ તિહાં ભણઈ રે, એક હજાર કેવલનાંણો. (૬૯)

એક હજાર કેવલનાણુ તે જાણું, અગ્યારસઈ વૈક્રિલબધિ વખાણું;
ચઉદસિ અવધિજ્ઞાની સાર, સાતસઈ પંચાસ મનપર્જાઈ જ્ઞાની
પાર. જી૦ (૭૦)

સમોસરણ બઈસી ધર્મ કહ્યા રે, ઉગઈ સશિ જિહાં ભાણો,
આઠ કર્મનું ક્ષય કરી રે, ભગવંત પહુંતા શ્રીનિરવાણો;
નીલવરણ નવ હાથ કહ્યા રે, સત વરસનું આયો,
ધરણેંદ્ર નઈ પદમાવતી રે, નિશ દિન પ્રણમઇ પાયો. (૭૧)
નિશ દિન પ્રણમઈ પાઈ તે લહીઈ, ધરણેંદ પદ્માવતી અધિષ્ઠાયક કહીઈ;
સેવા સારો તુમ્હિ જિનની સાર, ભવસાયર ઉતરવા પાર.
જી૦ (૭૨)

બીજું અધિકાર તુમ્હે સાંભલું રે, દુઃખભંજન શ્રીપાસો,
શ્રી સંખેસ્વરની પ્રતિમા થઇ રે, તેહનું કહું અવદાતો;
શ્રી ચંદ્રપ્રભ વારિ હવા રે, મોટા ઇંદ્ર જેઓ,
તેણઇ પરસન પૂછીઓ રે, અમ્હનઇ કહીઈ ભવપારો. (૭૩)
અમ્હનઈ કહીઇ ભવપાર કહુ સ્વામી, તુમ્હો તીર્થંકર કેવલનાણી;
ત્રેવીસમો હોસઈ શ્રીપાસ, આઠમા ગણધર થઈનઈ મુગતિનો વાસ.
જી૦ (૭૪)

અરિહંતના વચન સાંભલી રે, હર્ષ્યા સુહમઇંદ્રો,
તુચ્છ સંસાર અમ્હનઈ કહ્યુ રે, સુખસાગર દાતારો;
શ્રીપાસની પ્રતિમા કરીનઈ, પૂજઇ ત્રિણઇ કાલો,
ચઉપન લાખ વરસ પૂજા કરી રે, ઉતરીયા ભવપારો. (૭૫)
ઉતરીયા ભવપાર તે સ્વામી, નિમલ ઉજલ મુગતિ જ પાંમી;
ઘણું ઇંદ્રે ઈમ પૂજા કીધી, તેહનઇ અવિહડ મુગતિ જ દીધી.
જી૦ (૭૬)

ધરણેંદ્ર ઈમ મહિમા જાણી કરી રે, પ્રતિમા રાખી પાતાલો,
'કંચનબાલાણઇ' મેહલી કરી રે, પૂજા કરી અતિસારો;
આતમા તે નિરમલ કરઇ રે, સુકૃત ભરઇ ભંડારો,
સેવા સારઇ જિનતણી રે, ધિન ધિન ઐંદ્ર અવતારો. (૭૭)
ધિન ધિન ઐંદ્ર અવતાર તે જાણુ, કૃષ્ણ કથા વાત હઈડઇ આંણુ;
કુલદેવ્યા આડિ તે થઈ, તુ વસ્યા દ્વારકા જઇ.
જી૦ (૭૮)

રાજગૃહિ જરાસંધિ રાજ કરઇ રે, સૂરીપુર સમુદ્રવિજય રાજાનો,
આજ્ઞા માનિઇ જરાસંધ તણી રે, ત્રિણ ખંડ પૃથ્વીપાલો;
વસુદેવનઇ કંસસ્યું પ્રીતિ ઘણી રે, રહિવું એકઈ ઠામો,
કૃષ્ણઇ કંસનઇ મારીઓ રે, સાથિ બલદેવ રાયો. (૭૯)
સાથિ બલદેવ રાય તે જાણુઇ, ઉચાલા દ્વારિકા આંણુઇ;
બાર જોયણ નયરી તે વાસી, કૃષ્ણરાજ કરઇં તિહાં નાસી.
જી૦ (૮૦)

જરાસંધનઇ જાણ થયું રે, કૃષ્ણ કરઇ છઇ રાજો,
છપનકૂલ કોડિ યાદવ મિલા રે, જાણુઈ ઇંદ્ર સમાનો;
ગઢ મઢ મંદિર માલીયા રે, સોવનમઇ પ્રાસાદો,
સાગરદેવ સમરી કરી રે, સમુદ્રઇ દીધુ માગો. (૮૧)
સમુદ્રઇ દીધું માગ તે પાણી, જરાસંધિ આવ્યું તિહાં જાણી;
નીસાંણિ વલી આ તે થાય, સામ્હુ સાંચર્યો વાસદેવરાય.
જી૦ (૮૨)

કૃષ્ણસ્યું ક્લેશ માંડીઓ રે, જરાસંધ રાજાનો,
ઘણા દિવસનું યુદ્ધ થયું રે, તુહિ ન આવિ પારો;
જરાસંધિ મૂકી જરા રે, કટક કર્યું અચેતો,
ચિંતા ઉપની કૃષ્ણનઈ રે, નેમિનાથિ કહ્યું સંકેતો. (૮૩)

નેમિનાથઈ કહિઓ સંકેત તે જાણું, પારસનાથની પ્રતિમા આંણુ;
નમણુ કરીનઇ છાંટુ સાર, યાદવ દલ જીવાડણુહાર.

જી૦ (૮૪)

તે પ્રતિમા કિમ પામીઇ રે, તેહની કહુ મુજ વાતો,
ધરણેંદ્રનઇ દેહરાસરિ અછિ રે, રતનમઇ પ્રતિમા સાતો;
શ્રીપાસનો મહિમા અતિ ઘણુ રે, સીજઈ વંછિત કાજો,
સંકટ તુમ્હારાં તુટલઈ રે, ત્રણિ કરો ઉપવાસો. (૮૫)

ત્રણિ કરુ ઉપવાસ તિહાં થાપી, ધરણીધરિ પ્રતિમા તે આણી;
પૂજા કરીનઇ લાગા પાય, જરા નાઠી તવ યાદવરાય.

જી૦ (૮૬)

જરાસંધનઇ જીપીઓ રે, તુમ્હો વાસુદેવ કરિ રાજો,
નગર **સંખેશર** વાસીઓ રે, થાપ્યા **સંખેસર પાસો**;
ઉત્તંગ તોરણુ પ્રાસાદ કર્યો રે, જાણે સ્વર્ગ વિમાનો,
મહિમા પાર ન પામીઇ રે, **શ્રી સંખેસર પાસો.** (૮૭)

શ્રીસંખેસર પાસ તે કહીઈ, મહિમાનુ તો પાર ન લહીઈ;
પ્રગટ પ્રભાવિ પૂરઈ આસ, મન સમર્યું શ્રીપાર્શ્વનાથ.

જી૦ (૮૮)

જખ્ય રક્ષ ઉલગ કરઈ રે, સુરનર સેવઈ પાયો,
મહિમા મહિઅલિ વિસ્તાયો રે, દેવાંગના ગુણ ગાયો;
રોગ શોગ સંકટ ટલઈ રે, વિષમ વરાધિ ચઉરાશી વાયો,
સાસ ખાસ હિઆ હોડી રે, પાઠું ભગંદર જાયો. (૮૯)

પાઠું ભગંદર જાય તે જાણુઈ, રોગ સઘલાંનુ અંતજ આંણુઇ;
સાર કરઈ **શંખેસર** દેવ, કોઢ અઢાર જાઇ તે હેવ.

જી૦ (૯૦)

મૂરતિ મોહન વેલડી રે, જોતાં ત્રિપતિ ન હોયો,
શ્રીસંઘ આવઈ ઉલટયા રે, પૂજા અષ્ટ પ્રકારો;
સનાત સહૂ રંગિ કરઇ રે, સતર ભેદ વિસ્તારો,
નાટક નૃત્ય કરઇ ભાવના રે, અષ્ટમંગલ ઉદ્દારો.
જી૦ (૯૧)

અષ્ટ મંગલ ઉદ્દાર તે આંણું, ત્રણિ તત્ત્વ સૂધાં તે જાણું;
ચઉદ પૂર્વમાંહિ નુકાર તે સાર, સંસારસાગર ઉતારિ પાર.
જી૦ (૯૨)

જલાલપુર મુખ્ય મંડણો રે, શ્રીઋષભ શાંતિ પ્રાસાદો,
તસ પસાઇ મઈ સ્તવ્યો રે, **શ્રી સંખેસર પાસો;**
નવ નિધાન લહ્યાં મિ નિરમલાં રે, ચઉદ રયણ ગુણ ખાણ્યો,
સુખસાગર ઘરિ ઉલટયું રે, આણંદ અંગિ ન માયો. (૯૨)
આનંદ અંગિ ન માય તે લહીઇ, **હીરવિજયસૂરિ** ગુરુ તે કહિઈ;
વિજયસેનસૂરિ ગુરુ ગોયમ જાણુ, તસ પસાઈ **શ્રીપાસ**
વખાણું. જી૦ (૯૪)

અશ્વસેન કુલિ ચંદલુ રે, વામા કુખિ અવતારો;
નયરી **વાણારસી** જનમીઆ રે, પ્રભાવતી ભરતારો;
બાવીસ તીર્થંકર આગઈ હુઆ રે, ત્રેવીશમા શ્રીપાસો,
તેહનું તવન **રાજપાલિ** કર્યું રે, મનિ ધરી અતિ ઉલ્હાસો;
જી૦ (૯૫)

મન ધરી ઉલ્હાસ તે ગણીઇ, પ્રભાતિ ઉઠી તવન જ ભણીઈ;
સંવત સોલએકોતેરા (૧૬૭૧) સાર, શ્રાવણ સુદિ પંચમી
ગુરુવાર, તવન નીપનું તહીઇ ઉદાર. જી૦ (૯૬)

ઇતિ શ્રી સંખેશ્વરા પાર્શ્વનાથ ચંદ્રાઉલા સ્તવન સંપૂર્ણમ્
સં૦ ૧૬૭૪ વર્ષે ભાદ્રવા વદિ ૯ ગુરૌ લિખિતમ્

ચોઢાળિયું સ્તવન

[૫૫]*

શ્રીમુનિવિજયજી શિષ્ય શ્રીરત્નવિજયજી વિરચિત

શ્રી શંખેશ્વર પાર્શ્વજિન ચોઢાળિયું સ્તવન

॥ ૮૦ ॥ શ્રી જિનાય નમઃ

ઢાળ પહેલી

('સુરતિ મહિનાના'–એ દેશી)

શ્રીશંખેશ્વર સમરીનેં, શારદ ગુરુ સુપસાય;
હિંસા દુષણ ટાલતાં, સમકિત નિરમલ થાય. (૧)

પ્રણમું શ્રીપાસ જિણેસર, પરગટ પરતો જાસ;
તુજ મુરતિ અતિ સુંદર, દીઠેં દુઃખનો નાસ. (૨)

સમકિત શુધ સુનિરમલ, ઉગ્યો રવિ તમ દૂર;
મોહ મિથ્યામત દૂષણ, કૂમતિ તિમિર ચકચૂર. (૩)

અંગ ઉપાસક સાતમેં, સમકિત આણંદ લીધ;
'અણુત્થિય' પરીહારીય, જિન ચેઈયવંદન કીધ. (૪)

શ્રી વિજયધર્મલક્ષ્મી જ્ઞાનમંદિર, આગરાની અને રાધનપુર, તંબોળી શેરીમાંના શ્રી વિજયવીરસૂરીશ્વરજી મહારાજના જ્ઞાનભંડારની હસ્તલિખિત પ્રતિઓ પરથી ઉતાર્યું. અને શ્રી જૈનધર્મ પ્રસારક સભા ભાવનગરથી પ્રકાશિત 'પ્રકરણાદિ વિચાર ગર્ભિત શ્રી સ્તવનસંગ્રહ'માં છપાયેલ આ સ્તવન સાથે મેળવ્યું.

ભગવતી જંઘાચારણ, વિજ્જાચારણ સાધ;
ઉવાઈ સૂત્રે અંબડ નમે, જિનપ્રતિમા નિરાબાધ. (૫)
શાસ્વતી પ્રતિમા જગતમેં, તેહવી અશાસ્વતી જાણ;
ભેદ ન કોઈ તેહમાં, એહવી જિનવર વાણ. (૬)
અન્ય તિર્થી કિમ ગ્રહી શકે, શાસ્વતી પ્રતીમા જેહ;
અશાસ્વતી લેઈ જાયસેં, એહમાં નહીં સંદેહ. (૭)
પ્રતિમા પુસ્તક મોહપતિ, માલા ને રજોહરણ;
એ એકેંદ્રીય દલ અછેં, ધર્મને સદા ગુણકરણ. (૮)
ચિત્રિત જે ભોગાસન (૧), શસ્ત્ર (૨) ને અરિપત્ર (૩) દેખ;
વિષય (૧) ભય(૨) ક્રોધાદિક (૩), હિત મિત્રે પત્રે વિશેષ. (૯)
માતા (૧) ભગિની(૨) ને ભારજ્યા (૩), એહમાં સ્નેહનો ફેર;
તિમ એકેંદ્રી ગુણ ફળ, સમકિત ગુણ તે ઠેર. (૧૦)
દ્રવ્ય(૧) ભાવ(૨) પૂજા કરો, તો લહેસ્યો અપવર્ગ;
કર્મ સકલનેં ત્રાસવો, વાંછિત પામો સ્વર્ગ. (૧૧)
જલ(૧) ચંદન(૨) ફલ(૩) ફૂલ(૪) શું, દીપ(૫) ધૂપા(૬) ક્ષત(૭) ચંગ;
ગીત(૮) નૃત્ય(૯) વાજિત્ર(૧૦) શુદ્ધ, કરી પૂજો મનરંગ. (૧૨)
પૂજા ફલ ફુલાદિકેં, એકેંદ્રી હણેં કેમ;
તિહાં હિંસા નવિ નિપજેં, જિનવર વચન છે એમ. (૧૩)
પણ હિંસા ત્રિવિધે કહી, હેતુ(૧), સ્વરૂપ (૨), અનુબંધ(૩);
સાધુ શ્રાવક છાંડજો, ધમ્મી મહામતિવંત. (૧૪)
સાધુ સર્વથી રહિત છે, દયાવંત પ્રવીણ;
એકેંદ્રીની ના હિંસા કરેં, રહેતા ધ્યાનમાં લીણ. (૧૫)
લોકમાં સઘલેં સંપૂરિત, સૂક્ષ્મ એકેંદ્રી પાંચ;
તીમ બાદર વાયુ પ્રતેં, હણતાં ન ધરેં ખાંચ. (૧૬)

પડિકમતાં ગુરુ વાંદતાં, ઉઠતાં બેસતાં તેમ;
પડિલેહણુ કરતાં થકાં, હણેં છે જીવ તે કેમ. (૧૭)

હાથ પગ શરીરના, ફરસેં હણેં છે જીવ;
વિહારે નદી ઉતરે, તે કિમ પામશે શિવ. (૧૮)

વસ્તુ લેતાં ને મૂકતાં, માલા ગણુતાં હણેય;
એકેંદ્રી જે સૂક્ષ્મ બાદર, હિંસા કિમ ન ગણેય. (૧૯)

સાધુ શરીરથી નિસ્પૃહ, તપ કરી ગાલેં કાય;
પણ પારણું કરવા ભણી, વહોરવાને કિમ જાય. (૨૦)

શરીર રાખવા કારણેં, હિંસા કરે અતીવ;
પગ ઉપાડી મેલતાં, હણેં અસંખ્યાતા જીવ. (૨૧)

શ્રાવક વાંદે સાધુને, તિમ વોહરાવતાં આહાર;
ભાજન લેતાં ઉઘાડતાં, થાયેં જીવ સંહાર. (૨૨)

સામાયક લેતા નેં પારતાં, ઇરિયાવહી આલોય;
વંદન સાધુ વોહરાવીનેં, ઇરિયા ન કહેં કોય. (૨૩)

સૂક્ષ્મ બાદર જીવને, હણુસ્યો મા ભવી લોક;
એહવી અરિહંત વાણી છે, કેમ કરો છો ફોક. (૨૪)

ઇરિયાવહી આલોયતાં, લાખ અઢાર ચોવીશ;
સહસ એકસો વીસ તે, મિચ્છાદુક્કડ કહીશ. (૨૫)

ઉઠ બેસથી ફરી ફરી, કિમ જંતુ હણે તેહ;
જિન કેવલી શ્રાવક મુનિ, કહોને ઉત્તર એહ. (૨૬)

સાધુ શ્રાવક જીવ હણેં, તે કિમ જાસે પાપ;
કુણુ ગતિ જીવ જઈ ઉપજસ્યેં, તેહનો ભાખો જબાપ. (૨૭)

જલ ફલ ફુલના જીવનો, પાપ પૂજાઈ જાય;
શુભ ગતિ થાય તે જીવની, જિન અંગ ફરસન થાય. (૨૮)

જયણાયેં પાપ ન તેહનેં, પરિણામેં નથી દ્વેષ;
પૂજામાં શ્રાવક ગુણી, મન શુદ્ધ તેહવો લેખ. (૨૯)
હેતુ હિંસા અજયણાઇં, કહી આગમ અનુસાર;
રત્નવિજય ગુરુ સાનિધે, ધર્મ કરો નરનાર. (૩૦)

ઢાળ બીજી

('વાલાજીની વાટડી અમે જોતા રે'—એ દેશી.)

સર્વ લોકના જિનવર પૂજો રે, આદ્રકુંવરની પરેં બુઝો રે,
ભાવ ભક્તિમાં ઘણું જૂજો, વાલો પ્રભુ પાસજી મુજ મળીયો રે,
મારે ભવોભવનાં દુઃખ ટળીયાં, **શંખેશ્વર પાસજી** મુજ
મળીયા રે........એ આંકણી (૧)
પ્રભુદર્શને સમકિત પામો રે, પ્રભુદર્શને ચારિત્ર જામો રે;
પ્રભુદર્શને કર્મને વામો, વાલો૦ (૨)
સ્વરૂપ હિંસા વિચારો રે, ધર્મકારજમાં ન વિચારો રે;
લાભાલાભ તે સઘલો ધારો, વાલો૦ (૩)
આચારાંગ સૂત્રની સાખેં રે, દીક્ષા મોચ્છવ કરવા દાખેં રે;
મોચ્છવ તિહાં હિંસા ન ભાખે, વાલો૦ (૪)
દશાર્ણભદ્ર ભક્તિમાં માજી રે, ઘણા ઠાઠથી સેના જાજી રે;
વીર વાંદેં શિવસુખ કાજી, વાલો૦ (૫)
ઉવાઈમાં કોણિક રાય રે, બહુ સેનાઈ વાંદવા જાય રે;
વાટની હિંસા ન ગણાય, વાલો૦ (૬)
ભવિક જિન વાંદવા જાશે રે, વચમાં ચવે તો સુર થાશે રે;
પરિણામે પુન્ય બંધાશે, વાલો૦ (૭)
પહીલેં સતકેં સાતમે ઉદ્દેશે રે, ભગવતી અધ્યાયે કેશે રે;
ગર્ભેથી ચવી સુરપદ લેશે, વાલો૦ (૮)

નદી ઉતરતાં મુનિ ચવીઓ રે, નથી ઇરિયાવહી પડિકમીઓ રે;
શુક્લ ધ્યાની કહો કુણુ થઈઓ, વાલો૦ (૯)
દર્દુર દેવ જ્ઞાતામાં જાણો રે, ઘોડાની ખુરીઈ હણાણો રે;
પંચેંદ્રી જીવ ચંપાણો, વાલો૦ (૧૦)
શ્રેણિકને નહીં તિહાં પાપ રે, ઇમ ભાખેં શ્રીવીર આપ રે;
તિરજંચ ટલી સુર થાય, વાલો૦ (૧૧)
સાઠ સહસ સગરસુત ચવીયા રે, બારમે દેવલોકે ઠવીયા રે;
અષ્ટાપદ ધ્યાને રજો દલીયા, વાલો૦ (૧૨)
દેવદેવની આસાતના વરજો રે, અરિહંત શ્રુતદેવીની ન કરજો રે;
શ્રમણ સૂત્રેં તે આલોજ્યો, વાલો૦ (૧૩)
પ્રશ્ન વ્યાકરણેં ચઉદ ભેદ રે, સંવર દુઆરે કર્મ છેદ રે;
વિયાવચ્ચમાં ન ધરો ખેદ, વાલો૦ (૧૪)
જિનભક્તિમાં દેવતા લીણુ રે, પુન્ય બાંધે જે છેં પ્રવીણુ રે;
ધ્યાએ ગાએ નેં વાએ વીણુ, વાલો૦ (૧૫)
સુરિયાભાદિક સુર કરણી રે, રાયપસેણ્યાદિકેં વરણી રે;
સમકિતીઇં જે આચરણી, વાલો૦ (૧૬)
ઇંદ્ર મેરુએ ઓછવ કરતા રે, નમોથ્થુણં પાઠ ઉચ્ચરતા રે;
મોક્ષારથ ધ્યાને ધરતા, વાલો૦ (૧૭)
ત્રણુજ્ઞાનીની કરણી નિહાળો રે, સંગમાદિક સુરપરેં ટાલો રે;
પાપ છંડી પુન્ય ઉજાલો, વાલો૦ (૧૮)
ઇંદ્ર તે તો સમકિત ધારી રે, જિનવાણી રિદય સંભારી રે;
મિથ્યાત્વની કરણી નિવારી, વાલો૦ (૧૯)
જિનસંઘની વિયાવચ્ચ કીધેં રે, અવ્રત પચ્ચખાણુ ન લીધે રે;
પુન્ય બાંધે સુર પરસિધેં, વાલો૦ (૨૦)

સુર વ્રત પોતે નથી લેતા રે, વ્રત પ્રતિબોધેં નર કેતા રે;
અનુમોદનથી પુન્ય ગ્રહતા, વાલો૦ (૨૧)
કડુ તુંબ સમો કૃષ્ણુલેશી રે, તીર્થ જલે ધોયો ન ટલેસી રે;
અભવ્યની રીત જ એસી, વાલો૦ (૨૨)
સમકિતી જિન પૂજા કરશે રે, "ણ્હાયા કયબલીકમ્મા" કહસ્યે રે;
મિથ્યાત્વની કરણી ન વરશે, વાલો૦ (૨૩)
વર કન્યા જે દ્રુપદી રાણી રે, સમકિતધર શુદ્ધ વખાણી રે;
નારદ અણુવાંદેથી જાણી, વાલો૦ (૨૪)
છઠ છઠનેં આંબિલ કીધાં રે, જિનપૂજાથી કારજ સીધાં રે;
નમોથ્થુણું પાઠ પ્રસિધા, વાલો૦ (૨૫)
સાધુને રહેવાને કાજે રે, ઠામ કરાવેં ઘણેં હેજે રે;
છકાય હણેં તિહાં સેજે, વાલો૦ (૨૬)
દાનશાલાઈ દાનજ દેતાં રે, સાહમીવચ્છલ ભગતેં કરતાંરે;
છકકાય હણે ઉજમતાં, વાલો૦ (૨૭)
સાહમીવચ્છલ ભગવતી માંહે રે, શંખપુકખલી શ્રાદ્ધ ઉચ્છાહે રે;
અધિકાર જોજો છેં ત્યાંહે, વાલો૦ (૨૮)
વરસીદાન જિનવર દીધાં રે, મનવંછિત ભવીજનેં લીધાં રે;
સૂત્ર સાખેં જુઓ પ્રસિધાં, વાલો૦ (૨૯)
પ્રતિમા ને દેહરાં કરવા રે, મુનિ ઉપદેશે પુન્યફલ વરવા રે;
દાન ભેદથી ભવિયણ તરવા, વાલો૦ (૩૦)
દાનમાં પહેલી હિંસા કરશે રે, પછેં દાનનુ ફલ ભવી વરશે રે;
પુન્યબંધ તે પાપનેં હરસેં, વાલો૦ (૩૧)
દાનાદિક ચ્યાર છેં ધર્મ રે, તેથી લેહસ્યો શિવશર્મ રે;
પ્રભુપૂજામાં નથી ભર્મ રે, વાલો૦ (૩૨)

વાસી અન્ન ને પાણી વારો રે, બેઈંદ્રી જીવ ઉગારો રે;
ધર્મ કરણીઇં અભક્ષ વિચારો, વાલોં० (૩૩)
સમુર્ચ્છિમ પંચેંદ્રી ચૌદ સ્થાને રે, ઉપજે અસંખ્યાતા જ્ઞાને રે;
તે એઠ પીએ છે શાને, વાલોં० (૩૪)
ઋતુવંતી અપવિત્ર નારી રે, શાસ્ત્રમાંહિ જૂઓ વિચારી રે;
વહાણુમાં સમુદ્ર વિકારી, વાલોં० (૩૫)
હીંગુલાદી એકેંદ્રીનો રંગ રે, વિણસેં ઉછાયાનેં સંગ રે;
મંત્ર યંત્રાદિ ન ફ્લેં ચંગ, વાલોં० (૩૬)
પંચેંદ્રી સંગે વિગડે રે, અન્નાદિક આહારની સંગડે રે;
ઋતુવંતીથી ચારિત્ર બગડેં, વાલોં० (૩૭)
નીચ જાતિનો છાંડો આહાર રે, ભગવતી પ્રમુખેં અધિકાર રે;
'આહાર તિસો ઉડકાર', વાલોં० (૩૮)
સ્વરૂપ હીંસા કહી તેહ રે, જાણી જીવ ન મારેં જેહ રે;
પૂજામાં ન વિચારો તેહ, વાલોં० (૩૯)
અરિહંતની એહવી વાણી રે, મન શુદ્ધે ધરો ભવી પ્રાણી રે;
ગુરુ રત્ન થકી ધર્મ જાણી, વાલોં० (૪૦)

ઢાળ ત્રીજી

('મધુકર માધવને કેજો'–એ દેશી.)

શ્રીજિનવરની આંણા ધરીઈ, અનુબંધેં હિંસા નવિ કરીઈં;
તો ભવસાયર તરીઈ રે, શ્રાવકજી તુમેં ગુણવંતા;
જિન પૂજેં શિવરમણી વરીઈં રે, શુદ્ધા તમે સમક્તિવંતા,
શ્રાવકજી० (આંકણી) (૧)
સૂત્ર સિદ્ધાંતનો અક્ષર એક, ઓલવસ્યેં તે કહ્યો અવિવેક;
ભવનાં દુઃખ પામે તે અનેક રે, શ્રાવકજી० (૨)

જિનવિરહે જિનબિંબ બિરાજે, પૂજા કરવી શિવસુખ કાજે;
તે ઓલવતાં કિમ નવી લાજે રે, શ્રાવકજી૦ (૩)
સમોસરણમાં જિનબિંબ થાપે, ત્રિહૂ દિશ દેશના તે વલી આપે;
સુર નર મુનિ સેવે ગુણ વ્યાપે રે, શ્રાવકજી૦ (૪)
હેતુ સ્વરૂપ હિંસા ન વિચારો, અનુબંધે હિંસાને વારો;
સુખ આયુ ગુણને વધારો રે, શ્રાવકજી૦ (૫)
જૂઓ જમાલી દલાઈ નવિ તરીઓ, બહુ સંસારમાં વલી ફરીઓ;
મિથ્યા અવગુણથી ભરીઓ રે, શ્રાવકજી૦ (૬)
ભગવતી અંગમાં ઇમ જોઈ, ઉતરાધ્યયનાદિકમાં હોઈ;
પ્રત્યનીકપણે ગુણખોઈ રે, શ્રાવકજી૦ (૭)
પંચાંગીને જે ઓળવતો, પાઠ પદ અક્ષર ગોપવતો;
ખોટો અરથ મુખે લવતો રે, શ્રાવકજી૦ (૮)
જ્ઞાનાવરણી કર્મ બંધાઈ, મૃષાવાદ વ્રત બીજું જાઈ;
પાપીમાં પેહલ તો થાય રે, શ્રાવકજી૦ (૯)
જ્ઞાનના અતિચાર લાગે આઠ, કાલ વિનયાદિક સૂત્રે છે પાઠ;
તે વિચારોને અહોરાત રે, શ્રાવકજી૦ (૧૦)
પંચાંગીનો લોપક જેહ, સાધુ શ્રાવક ન કહ્યો તેહ;
નવી કરો તે સાથે સ્નેહ રે; શ્રાવકજી૦ (૧૧)
સમકિત હીણા તેહને કહીયા, તસ ઉપદેશ ક્યાંથી લહીયા;
ભગવતી સૂત્રે ઇમ સદ્દહીયા રે, શ્રાવકજી૦ (૧૨)
પહેલું જ્ઞાન ને પછે કિરીયા, મૂરખ કિરીયાઇં નવી તરીયા;
જ્ઞાન થકી બહુ ઉધરીયા રે, શ્રાવકજી૦ (૧૩)
પુસ્તક વિરોધને જે બોલે, તે આસાતનાઇં ભણવું ટાલે;
જિનપ્રતિમા આસાતના દુઃખ સાલે રે, શ્રાવકજી૦ (૧૪)

જ્ઞાન ઉથાપી ગુરુ ઉથાપી, જિનની આણા જેણે કાપી;
તેહને કહીએ મહાપાપી રે, શ્રાવકજી૦ (૧૫)
વસુ નૃપ કુડી સાખથી પડીઓ, નરક માંહેં જઈ રડવડીઓ;
દેવે હણીઓ તિણ ઘડીઓ રે, શ્રાવકજી૦ (૧૬)
ઈમ અનુબંધેં હિંસા ટાલો, આગમ આણા સૂધી પાલો;
ક્ષાયક સમકિત ગુણ અજૂઆલો રે, શ્રાવકજી૦ (૧૭)
જીવાભિગમ ને રાયપસેણી, જંબૂદ્વીપ પન્નતીઇં જાણી;
જિનપ્રતિમા તે ચૈત્ય કેવાણી રે, શ્રાવકજી૦ (૧૮)
શાસ્વતી ને અશાસ્વતી સરખી, ગુણવર્ણાદિક આકારેં નીરખી;
સિદ્ધાયતને જુઓ હરખી રે, શ્રાવકજી૦ (૧૯)
જિન અનેક તિહાં કણેં નિરખો, સિદ્ધાયતન ઈસ્યેં નામેં પરખો;
સિદ્ધસિલ્લા જિનદેવલ સરખો રે, શ્રાવકજી૦ (૨૦)
ત્રિણ ભુવનમેં ઉદ્યોત થાઈ, સઘલા જીવને શમસુખ દાઈ;
પાંચ કલ્યાણક સરીખા થાઈ રે, શ્રાવકજી૦ (૨૧)
કલ્પસૂત્રેં ગર્ભસ્થિતિ વદે, નમોથ્થુણં કહીએ સુરિંદે;
જિનજન્મ થકી સુર આણંદે રે, શ્રાવકજી૦ (૨૨)
ચોસઠિ ઇંદ્ર સપરીકર આવ્યા, કલસા કોડિ સાઠ લાખેં નવરાવ્યા;
ચંદન ફૂલેં ઘણું શોભાવ્યા રે, શ્રાવકજી૦ (૨૩)
બહુ પાણીથી પ્રભુ નવરાવ્યા, સૂત્ર સાખેં કયાંઈ વાંચ્યામાં આવ્યા;
ઇંદ્ર નિસંકે મેરુ કંપાવ્યા રે, શ્રાવકજી૦ (૨૪)
જલ પ્રવાહ તિહાં નથી વેતા, દેવ દેવીનીલશ્કરી (?) લેતાં;
નવ જલ ચાહેં કેતા રે, શ્રાવકજી૦ (૨૫)
અષ્ટમંગલ કરી શક્રસ્તવ ભાખેં, તિન્નાણ તારય સુર આખેં;
તિમ ભવિ જન પૂજા દાખેં રે, શ્રાવકજી૦ (૨૬)

ત્રણ્ય જ્ઞાની જે અતિશયવંતા, સમ્યક્ સુર નર પૂજંતા;
પાપ રહિત જિન રાજ કરંતા રે, શ્રાવકજી૦ (૨૭)
દીક્ષાભિષેક કેવળજ્ઞાન, સમોસરણુ બેઠા ભગવાન;
ફૂલપગર કરે જાનૂમાન રે, શ્રાવકજી૦ (૨૮)
છત્ર ચામર સિંહાસન છાજેં, ગયણેં દેવદુંદુભી ગાજેં;
ગીત નૃત નેં વાજિત્ર વાજેં રે, શ્રાવકજી૦ (૨૯)
સમવાયાંગ સૂત્રમાં કહીયા, ભવિજન પૂજામાં ચિત્ત ધરીયા;
પ્રતિમા રૂપથી ગુણુ વરીયા રે, શ્રાવકજી૦ (૩૦)
જિનવર શરીર અશાસ્વતાં કહીઇં, તેહનેં પૂજેં શિવપદ લહીઇં;
મૂર્ત્તિ અશાસ્વતી પૂજવી સદ્ધહીઇં રે, શ્રાવકજી૦ (૩૧)
પ્રતિમા દીઠેં ધ્યાનમાં આવેં, સિદ્ધ અરૂપી કિણુવિધ ધ્યાવેં;
બીજો કોઈ ઉપાય નવિ ફાવેં રે, શ્રાવકજી૦ (૩૨)
કુણુ અતિશય પ્રતિમામાં હિત, પાંત્રીસ વાણીના ગુણુ જિણુ પ્રીત;
પુસ્તક સિદ્ધ નમો ઉચ્ચિત રે, શ્રાવકજી૦ (૩૩)
સિલ્લાવટ મૂરતિ કરી લાવેં, જીમ નરભોગ મુનિનેં નીપાવેં;
તેથી જે ગુણુ બહુલા થાવેં રે, શ્રાવકજી૦ (૩૪)
દીક્ષાચ્છવેં ગુરુઇં કર ધરીઓ, તે નર સાધુપણાને વરીઓ;
પ્રતિમાનેં પ્રતિષ્ટોત્સવ તિમ કરીઓ રે, શ્રાવકજી૦ (૩૫)
પંચમેં શતકેં ચાર પ્રમાણુ, બારમે શતકેં પંચ દેવ જાણુ;
ભગવતી દેવાધિદેવ વાણુ રે, શ્રાવકજી૦ (૩૬)
થઈ ગયા જે દેવાધિદેવ, હોય તે ભવિક દ્રવ્ય જિનદેવ;
મરીચિને ભવે ભરત નમેવ રે, શ્રાવકજી૦ (૩૭)
વર્ત્તમાન જિનવર મન ધરતા, સાધુ શ્રાવક પાપને હરતા;
સાધુ પૂજા કિમ નથી કરતા રે, શ્રાવકજી૦ (૩૮)

સાધુનેં લોચ ભિક્ષા વિવહાર, શ્રાદ્ધની દ્રવ્ય દાન પૂજા પ્રકાર;
અભિગમ શોભેં ઉદાર રે, શ્રાવકજી૦ (૩૯)
સાધુ શ્રાવક જે પડિકમતા, 'કરેમીભંતે'નો પાઠ ઉચ્ચરતા;
એમ એક પાઠ નથી કહેતા રે, શ્રાવકજી૦ (૪૦)
સાધુ શ્રાવક કરણી ન કરસેં, વ્રત પાંચ ને બાર જ ધરસેં,
પણ એક કરણી કેમ નવી વરસેં રે, શ્રાવકજી૦ (૪૧)
ધર્મ થકી તો દોઈ જણુ સરીખા, જિન મુનિ રત્નવિજયગુરૂ નિરખ્યા;
ધર્મધ્યાને પ્રભુ આકર્ષ્યા રે, શ્રાવકજી૦ (૪૨)

ઢાળ ચોથી

("લાલ પીયારીનો સાહિબો રે"—એ દેશી.)

અતીત અનાગત વર્ત્તતા રે, જિન નમીઇં ત્રિહુ કાળે લાલ;
સૂત્ર અરથ તદુભઇ રે, ભગવતી પ્રત્યનીક ટાળે લાલ. (૧)
પાસ પ્રભુજીને વંદતા રે, સફલ કરો અવતારો લાલ;
દ્રવ્ય ભાવ પૂજા કરો રે, હિંસા દોષ ન ધારો લાલ. પાસ૦ (૨)
હેતુ સ્વરૂપ હિંસા ટલેં રે, આલોયણ ઉપચારો લાલ;
જ્ઞાન ક્રિયા જિનસેવના રે, ગુરુ ઉપદેશને ધારો લાલ. પાસ૦ (૩)
અનુબંધેં હિંસા નિવારતાં રે, તપ જપ ચારિત્ર ફળશે લાલ;
આગમ શુભ આણા ધારણા રે, જિન વિવહારમાં ભળસે લાલ.
પાસ૦ (૪)
આઠમેં શતક ઉપદેશમાં રે, ભગવતી પાંચ વિચારે લાલ;
વિષ્ણુકુમાર નમુચિનેં રે, હણીને પાપ નિવારે લાલ. પાસ૦ (૫)
દૃઢપ્રહારી જે પાપીઓ રે, સ્વરૂપ હિંસા બહુ કીધી લાલ;
પાપ હણીનેં મુગતેં ગયો રે, તેહ ભવે પામ્યો સિદ્ધિ લાલ.
પાસ૦ (૬)

એમ અનેક પાપી તર્યા રે, જે હુઆ સમકિત ધારી લાલ;
અવતિ શ્રેણિક રાજીઓ રે, જિનપદવી લહી પ્યારી લાલ.
પાસ૦ (૭)

જ્ઞાની વચન ઉથ્થાપતાં રે, પાપ હુઇં ઘણું ભારે લાલ;
તે પાતિક નવિ છૂટશે રે, તે ન તરે નવિ તારે લાલ. પાસ૦ (૮)
સુધ વચન જે ભાંખસે રે, પ્રભુ આંણા સિર ધરશે લાલ;
તપ ચારિત્ર કિરિયા વિના રે, ભવિજન તારેં નેં તરશે લાલ.
પાસ૦ (૯)

સુધ ભાવેં સવિ શુદ્ધ છેં રે, અવિશુદ્ધેં પાપી મોટો લાલ;
કાઉસગ્ગમાં પ્રશ્નચંદ્રજી રે, કર્મ બાંધીને છૂટો લાલ. પાસ૦ (૧૦)
ભરતાદિક મહારાજવી રે, નાગકેતુ એલાચી લાલ;
તપ વિણુ ચારિત્ર કેવલી રે, મરુદેવી માતા જે સાચી લાલ.
પાસ૦ (૧૧)

દ્રવ્ય દર્શન પ્રભુ મૂર્ત્તિથી રે, ભાવદર્શન મન મલીઓ લાલ;
સમોવસરણુ દેખી કરી રે, ઈંદ્રભૂતિ ગર્વ ગલીઓ લાલ. પાસ૦ (૧૨)
દ્રવ્ય વાણી જિનરાજની રે, સાધુ રૂપ દ્રવ્ય વેષે લાલ;
પ્રત્યેક બુદ્ધાદિ પ્રતિબુજિયા રે, દ્રવ્યથી પ્રત્યય દેખેં લાલ.
પાસ૦ (૧૩)

દ્રવ્ય ભાવેં જિનસેવના રે, 'કિત્તિય વંદિય મહિયા' લાલ;
લોગસ્સમાં અધિકાર છેં રે, તે કાઉસગેં ઉધરીયા લાલ. પાસ૦ (૧૪)
ચઉસરણેં ઇમ ભાખીઓ રે, 'થુઇ વંદણુમરિહંતા' લાલ;
અમરિંદ નરિંદ પૂજ્ય અરિહંતજી રે, અંતે ભવિક આદરતા લાલ.
પાસ૦ (૧૫)

પ્રતિમાથી પ્રભુ સાંભરે રે, ચિત્ત ઉપજે સમભાવો લાલ;
ભગવતી સૂત્રે સમભાવથી રે, સમકિત સુધ તે પાવો લાલ.
પાસ૦ (૧૬)

ચ્યાર ગતિ હરે સાથીઓ રે, ફલ ધરે શિવફલ હેતે લાલ;
દીપક જ્ઞાનને પામવા રે, ઉરધ ગતિ ધૂપ દેતે લાલ. પાસ૦ (૧૭)

ફૂલ પૂજે કમલા વરે રે, કેવળ ચંદન વાસે લાલ;
જલપૂજાઇં પવિત્રતા રે, દુઃખ અરિ કર્મ નિકાસે લાલ. પાસ૦ (૧૮)

અણાહારી પદ પામવા રે, જે નૈવેદ્યને ઢાસે લાલ;
ગીત નૃત્ય વાજિંત્રના રે, વાદતાં પાતિક ખોશે લાલ. પાસ૦ (૧૯)

રાવણેં જિનપદ બાંધીઓ રે, અષ્ટાપદેં ગૌતમ ચડીયા લાલ;
શ્રીવીરના ઉપદેશથી રે, વલતાં તાપસ જડીયા લાલ. પાસ૦ (૨૦)

સમકિત શુદ્ધસું દેહરો રે, થાપ્યા પાસ સુભગતેં લાલ;
ગુણઠાણેં ચઢતાં થકાં રે, ત્રિકરણ શુદ્ધ સુજુગતે લાલ. પાસ૦ (૨૧)

એકેંદ્રી આગેં પંચેંદ્રીઓ રે, નાચેં ભવિ સાચે ભાવે લાલ;
એકેંદ્રી સારુ પંચેંદ્રીઓ રે, ભમ્યો પરદેશે વિભાવે લાલ. પાસ૦ (૨૨)

ધનધાન્યાદિ એકેંદ્રીયા રે, નરકાદિક દૂખ આપે લાલ;
પુસ્તક મુહપતી મૂરતિ રે, રજોહરણાદિ દૂખ કાપે લાલ. પાસ૦(૨૩)

પચેંદ્રી આગેં પંચેંદ્રીઓ રે, નાચતાં જે ફળ પાવેં લાલ;
તસ મૂરતિ ધ્યાંનેં સેવતાં રે, તે દેવ સાનિધ આવે લાલ.
પાસ૦ (૨૪)

ભાવથી નાચેં મુનિવરા રે, દ્રવ્ય ભાવેં શ્રાવક નાચેં લાલ;
ધનાર્થી નાચેં રાજા કનેં રે, તિમ પ્રભુથી શિવ જાચેં લાલ.
પાસ૦ (૨૫)

ચમરેન્દ્રાદિક નાચીયા રે, ભગવતી ત્રીજે' સતકે' રાગે' લાલ;
જ્ઞાતાઇં દર્દુર દેવતા રે, તિમ સુરિઆભ વીર આગે લાલ.
પાસ.૦ (૨૬)

જિનની ચોરાસી આસાતના રે, ગુરુની તેત્રીશ વારો લાલ;
ગુરુ આસન પાટ પુસ્તિકા રે, ચાંપતાં દોષ નિરધારો લાલ.
પાસ૦ (૨૭)

કહે' મૂઢ પ્રતિમા નવી રહે' રે, બાવીસ સહસ્સ ઉપરાંતે લાલ;
તસ ઉત્તર શાસન દેવતા રે; પ્રયોગ્ગસા લેપ તે થાતે લાલ.
પાસ૦ (૨૮)

ઘણો કાળ પ્રતિમા રહે રે, પ્રયોગિક પ્રદેશ સંચરતે લાલ;
અષાઢ શ્રાવકે નીપાવીયા રે, તે **શંખેશ્વરજી** વરતે લાલ.
પાસ૦ (૨૯)

મૂઢ કહે' સિંહ હાથીયા રે, તસ મૂરતિ દેહરામાંહે લાલ;
પંડિત કહે' નવિ મારસે' રે, તો જિનમૂરતિ કિમ તારે' લાલ.
પાસ૦ (૩૦)

સમોસરણ જિન દેહરો રે, સરિખા હોય તે જાણો લાલ;
સિંહ મૃગાદિ પશુ એકઠા રે, રમે' સમોસરણે શ્રુતવાણો લાલ.
પાસ૦ (૩૧)

તિમ સિંહાદિ નવિ મારશે રે, જિન પ્રતિમાથી જિન ધ્યાશે લાલ;
ધ્યાનથી મૂરતિ તારશે રે, પ્રભુ ધ્યાને' પાપ જાશે લાલ. પાસ૦(૩૨)
ભક્તિ થકી લહો મુક્તિને રે, શુભ ધ્યાની શુભ લેશી લાલ;
સુખ સંતાન બહુ લહે' રે, પુન્ય ઉદય વીશેસી લાલ. પાસ૦ (૩૩)
અમૃત ક્રિયાનો ભેદ છે' રે, અનુભવ આવે' જિન ધ્યાવે' લાલ;
ધર્મ ને શુકલ ધ્યાનથી રે, મુક્તિતણાં સુખ પાવે લાલ. પાસ૦ (૩૪)

જરા નિવારી જાદવ તણી રે, ધ્યાનથી પાસ પધાર્યા લાલ;
ઘડીએ અલગા નવી રહો રે, દુઃખ દોહગ દૂરે વાર્યા લાલ. પાસ૦(૩૫)
જિનવર મુનિ ગુરુ સેવતા રે, વંછિત લક્ષ્મી વધારો લાલ;
રત્નવિજય ગુરુ નામથી રે, ધર્મને જસ જયકારો લાલ. પા. (૩૬)

(કલશ)

શ્રીપાસ જિનવર સકલ સુખકર, **સંખેશ્વર** નિત વંદીઈ,
તપગચ્છ નાયક **વિજયદેવસૂરિ**, **શ્રી સિંહસૂરિ** આનંદીઈ;
શ્રી ગજવિજય ગંભીર ગુણનિધિ, **શ્રીહિતવિજય** ચિંતામણિ,
તસ શીશ **શ્રીજિનવિજય** જયકર, **જસવિજય** ભુવિ મહામુણી;
તાસ શીશ શ્રી પ્રવર પંડિત, **રત્નવિજય** રંગે **નમો**,
શ્રી **સંખપુરી**નો સ્વામી સેહજેં, દીપતો સૂરજ સમો;
નવગ્રહ તે આપો રિદ્ધિ નવ નિધિ, સકલ સંકટ ટાલીઈં,
મિથ્યાત મોહની દૂર છંડી, ધર્મ સાથે મન વાલીઈ. (૩૭)

ઇતિ શ્રી હિંસાદોષનિવારણ, કુમતિમતિખંડણ, સમ્યક્ત્વ—
ગુણપ્રકાશકરણ, **શ્રીશંખેસરપાર્શ્વ** જિન—
સ્તવન ચોઢાલીઉ સંપૂર્ણમ્.

(આગરા, શ્રી વિજયધર્મલક્ષ્મીજ્ઞાનમંદિર સત્કપ્રતિને અંતે)
સં. ૧૯૨૪ ભાદરવા વદિ ૯ લિ. ધાંમી જૂમાંખી નાંમર .
શ્રી **ગઢ** નગરે.

(રાધનપુર, શ્રી વિજયવીરસૂરિ૦ની પ્રતિને અંતે)
લખિતં સં. ૧૯૦૪ કાર્તિક સુદ ૫.

ગૂજરાતી સ્તવનો

(૫૬)

શ્રી હંસભુવનસૂરિવિરચિત

શ્રી શંખેશ્વર પાર્શ્વજિન સ્તવન×

શાસન દેવી મનિ કરી એ, ગાઉં પાસ જિણુંદ;
સંખેસપુર મંડણુઉ એ, દીઠઈ પરમાણુંદ. (૧)
અશ્વસેન કુલ મંડણુઉ એ, વામા દેવી માતા;
નીલવરણુા સોહિ સદા એ, લંછન નાગ વિખ્યાત. (૨)
જેહનઉ મહિમા વિસ્તરઉ એ, જગમાંહિ પ્રધાન;
સંકટ સવિ દૂરિ ટલઇ એ, જપતાં જેહનું નામ. (૩)
મૂરતિ મોહન વેલડી એ, જોતાં તૃપતિ ન પામઈ;
હરખિ નયણે નિરખતાં એ, ઉપમા નવિ આવઈ. (૪)
મસ્તકિ મુકટ સોહામણુઉ એ, કાને કુંડલ સોહિઇ;
ભાલ તિલક દીપઈ ભલું એ, રૂપિં જનમન મોહિઈ. (૫)
લોચન અમીઅ કચોલડાં એ, નાસા વંશ સુચંગ;
વદન કમલ જિમુ ચંદલુ એ, અધર પ્રવાલા રંગ. (૬)
આરીસા સમ બિ કપોલ એ, ભુજ બિહુ અનોપમ;
રતનજટિલ દીપઈ બહિરખાં એ, તેજિઈ સસિહર રવિસમ. (૭)

× આ સ્તવન વઢવાણુ કેમ્પની શેઠ આણુંદજી કલ્યાણુજીની પેઢીના જ્ઞાનભંડારની હસ્તલિખિત પ્રતિ ઉપરથી ઉતાર્યું છે અને પાટણુમાંના મુનિરાજ શ્રી જસવિજયજી મ. ના ભંડારની પ્રતિ સાથે મેળવ્યું.

હીયડઈ હીસઈ બહિબહી એ, શ્રીવચ્છ સુચંગ;
હાર હિસઇ હીઈ નવલખો એ, બીજોરીઅ રંગ. (૮)
રતનજટિત બિહુ પાલડી એ, વલી ફૂલની માલ;
પરિમલ બહિકઇ કુસમના એ, ગુણુ ગાઇ રસાલ. (૯)
આવઈ શ્રી સંઘ ઉલટા એ, કરઈ પાસની જાત્ર;
ભાવઈસું પૂજા કરઈ એ, કરઈ નિર્મલ ગાત્ર. (૧૦)

(ઢાળ પહેલી)

મૃત્યુલોકિ જિન મૂરતિ આવી, સંઘપતિ **સંખેસર** ઠાવી;
શ્રાવિકા દિઈ નિતુરાસ ઉ. જય જય શ્રાવિકા દિઇ નિતુ રાસ. (૧૧)
પહિલઇ દેવલોકિ સુરરાજ, પૂછયા ચંદ્રપ્રભ જિનરાજ;
સ્વામી મુગતિનું રાજ ઉ. જય જય સ્વામી મુગતિનું રાજ. (૧૨)
કહિઇ હોસિ મુઝનિ દેવ, વલતું સ્વામી કહિઇ સુણિ હેવ;
દેવરાજ સંખેવ ઉ. જય જય દેવરાજ સંખેવ. (૧૩)
ત્રેવીસમા હોસઇ શ્રીપાસ, તહિંઈ હોસઈ મુગતિનિવાસ;
તસ ગણુધર હોસિ ઉ, જય જય તસ ગણુધર હોસિ. (૧૪)
હરિ હરિષુ દેવલોકિ જાઈ, પાસતણી પ્રતિમા નીપાઈ;
પૂજઈ મનિ ઉલ્લાસિ ઉ, જય જય પૂજઈ મનિ ઉલ્લાસિ. (૧૫)
ચઉપન લાખ વરસ હરિ પૂજઈ, પયપંકઇ પ્રણામઇ સુરરાજિ;
કંચણુબલાણુઈ મૂકી ઉ, જય જય કંચણુબલાણુઈ મૂકી. (૧૬)
ચંદસુરજ પૂછઇ તીર્થંકર, કહિઇ મોક્ષ જાસિ પરમેશ્વર;
ત્રેવીસમાની વારિ ઉ, જય જય ત્રેવીસમાની વારી. (૧૭)
સુણી વાત હરખ્યા રવિચંદ, કંચણુબલાણિ પાસ જિણંદ;
તિહાંથી પ્રતિમા આણી ઉ, જય જય તિહાંથી પ્રતિમા આણી. (૧૮)
ચઉપન લાખ વરસહ પરમાણુ, જૂજૂયા પૂજઈ ચદઈ નઇં ભાણુ;

વલી તિણઈ થાનકિ મૂકી ઉ, જય જય વલી તિણઈ થાનકી મૂકી. (૧૯)
ઘણું ઈંદ્રે ઈમ પૂજા કીધી, તેહનઈ અવિહડ સુગતિ જ દીધી;
સીઝઈ આઠઇ સિદ્ધિ ઉ, જય જય સીઝઇ આઠઈ સિદ્ધિ. (૨૦)
નાગનાથ કહઈ ધરણેંદ્રા, તિણઈ પૂછયા શ્રી જિનચંદા;
કહિઇ ભવનું પાર ઉ, જય જય કહિઈ ભવનું પાર. (૨૧)
મુજનઇ હોસઇ કહુ ભગવંત, તવ બોલા જગગુરુ અરિહંત;
પાર્શ્વનાથનઇ વારઈ ઉ, જય જય પાર્શ્વનાથનઈ વારઈ. (૨૨)
અસું કહી જિનવર જવ રહિયા, નાગરાજ હિયડિ ગહિગહીયાં;
આવઇ આપણઇ ઠામિ ઉ, જય જય આવઇ આપણિ ઠામ. (૨૩)
કંચણબલાણા માંહિ જાણી, પાસ તણી પ્રતિમા તે આણી;
દહેરાસર નિતુ પૂજઇ ઉ, જય જય દહેરાસર નિતુ પૂજઇ. (૨૪)

(ઢાલ બીજી)

હવઇ નિસુણઇ આવીઆ એ, શ્રી સંખેશ્વર પાસ ઉ;
તે સંખેપી હું કહૂં એ, જિન હુઇ વિઘન વિણાસ ઉ. (૨૫)
દ્વારિકા નયરી કૃષ્ણ નૃપ, રાજગૃહી જરાસંધ ઉ;
વયરભાવ બિહુનઈ હુઆ એ, પૂર્વકર્મ નિબંધ ઉ. (૨૬)
દૂત મોકલઈ જરાસંધનઈ, માનું માહારી આણ ઉ.
કહિ સજ થાઉ ઝૂઝવા એ, કઈ લઈ નાસુ પ્રાણ ઉ. (૨૭)
વચન સુણી વયરીતણાં એ, કેશવ કિધાં પ્રિયાણ ઉ;
કટક લેઈ નઈ સંચરઉ એ, જરાસિંધુ અઈ આણ ઉ. (૨૮)
દલ બેહુ ઝૂઝઈ ભલા એ, પાડિઈ સુભટની કોડિ ઉ;
કાયર કેતાઈ ઈમ કહિએ, સ્વામી સંકટ છોડિ ઉ. (૨૯)
જરાસિંધ મૂકી જરા એ, કટક કરઉ અચેત ઉ;
શ્રીપતિ મનિ ચિંતા થઈ એ, પૂછઈ જિન સંકેત ઉ. (૩૦)

નેમિનાથ કહિ કૃષ્ણ સુણુ એ, છઈ વિશમ વિરાધિ ઉ;
અન્નપાન સવિ પરિહરી એ, નાગરાજ આરાધિ ઉ. (૩૧)
તેહનઈ દેહરાસરિ અછઈ એ, પાર્શ્વનાથનું બિંબ ઉ;
તિણિ નમણિઈ જાસિઇ જરા એ, કાજ સીજઈ અવિલંબ ઉ. (૩૨)
સુણી વાત હરિ હરખિઆ એ, કીધા ત્રણિ ઉપવાસ ઉ;
નાગરાજ તવ આવીઆ એ, તુઠા આપઇ પાસ ઉ. (૩૩)
નવણ કરી છાંટિઉ સહુ એ, ઊઠી સુભટની કોડિ ઉ;
દામોદર પ્રણમી કરી એ, રહિયા બે કર જોડિ ઉ. (૩૪)
જરાસિંધુ જીપી કરી એ, કેશવ પાલઈ રાજ ઉ;
લખમી લીલા ભોગવઈ એ, કરી વલી ધર્મનું કાજ ઉ. (૩૫)
નગર **શંખેસર** વાસીઉ એ, તિહાં થાપ્યા શ્રીપાસ ઉ;
જે જિન પૂજઈ ભાવસું એ, પૂરઇ મનની આસ ઉ. (૩૬)
રોગ સોગ સંકટ ટલિઇ એ, નાસિઈ વિષમ વિકાર ઉ;
ભૂત-પ્રેત તે નવિ છલઈ એ, મહિમા ન લહું પાર ઉ. (૩૭)

(ઢાલ ત્રીજી)

પાસ મૂરતિ સોહામણી માલંતડિએ, પૂજા કરું મનરંગિ
સુણસુંદરીએ;
ગુણ ગાતાં સ્વામી તણાં મા૦, આણંદ ઉપજઈ અંગિ. સુ૦ (૩૮)
છપન કોટિ યાદવતણી મા૦, જરા ઉતારણહાર સુ૦;
કુષ્ટ અઢારિ ઉપસમઈ મા૦, વિશ્વનિ કરઈ ઉપગાર. સુ૦ (૩૯)
અગનિ ચોર ભય રાજના મા૦, જલનિધિ જલનાં પૂર સુ૦;
વાઘ સિંઘ ગજરાજના મા૦, ભય સવિ નાસઈ દૂર. સુ૦ (૪૦)
તુહ ગુણ રયણાયર સમુ મા૦, તુજ ગુણ ન લહું પાર. સુ૦
તાહરા ગુણ ગાઈ સદા મા૦, તેહ ઘરિ જયજયકાર. સુ૦ (૪૧)

કામગવી તું સુરતરુ મા૦, તું ચિંતામણિ સાર સુ૦;
તુજ સમવડી જગ કો નહિ મા૦, ગુણહતણું ભંડાર. સુ૦ (૪૨)
કર જોડીનઈ વિનવું મા૦, વિનતી સુણઉ મુજ દેવ સુ૦;
ભવસાગરમાંહિ હું ભમું મા૦, ભવિ ભવિ દિઓ તુમ્હ સેવ. સુ૦ (૪૩)
ત્રણિ કાલ પૂજઈ સદા મા૦, **સંખેસર શ્રી પાસા** સુ૦;
શ્રી હંસભુવનસૂરિ વિનવઈ મા૦, પૂરઈ મનની આસા. સુ૦ (૪૪)
સંવત **સોલ દાહોતરઇ** મા૦, તવન રચિઉં અતિસાર સુ૦;
સંભવનાથ પસાઉલિ મા૦, **છનીઆરી** નયર મઝાર. સુ૦ (૪૫)

(કલશ)

સંખેસરઉ શ્રીપાસ જિનવર વિશ્વસુખકર સુંદરૂ,
અશ્વસેન નરપતિ વંશમંડણુ દુરિતખંડણુ જયકરૂ;
જે જિન આરાહિઈ સ્વામી ધ્યાઈ પાપ જાઈ ભવ તણાં,
શ્રી **હંસભુવનસૂરિ** ઈમ જંપિઈ સાસ્વતાં સુખ લહિ ઘણાં. (૪૬)

[૫૭]

શ્રીસકલચંદ્રવિરચિત

શ્રી શંખેશ્વર પાર્શ્વજિનસ્તવન×

વામોદર સરોવર જિનહંસં, આસસેણુ નૃપ કુલ અવયંસં;
જસ મુખ સાસ હસઇ કજવાસં, ચિત સમરે **સંખેસર પાસં**.
રે ચિત! નૂતં સમરે પાસં. (૧)
સુર સવિ સુખ આપઈ જસ કાણું, ત્રિભુવનિ પ્રસરિઉં જસ અભિહાણું;
જો જિન પૂરઈ વંછિય આસં, રે ચિત૦ (૨)

×પાટણની મુ. જસવિજયજી મ. ના ભંડારની પ્રત ઉપરથી ઉતાર્યું.

જેણુઈ જિનઈ દીધું સમકિત ઠાણું, મન વંછિય દાણે ભવિયાણું;
સુરતરુ ચિંતામણિ સંકાશં, રે ચિત૦ (૩)
જસ નાણું જગિ કુણુઈ પ્રકાસં, હરઈ જો ભવ મરણુ પ્રયાસં;
પામીનઇ ભવ પ્રમુખ વિકાસં, રે ચિત૦ (૪)
હિમ પડલ જિમ રવિકર ગાલઈ, હિમ પડ્યું જિમ તરુવર બાલઇ;
તિમ જસ નામઈ સવિ વિષનાસં, રે ચિત૦ (૫)
જગિ જસ નામ તરઈ જિમ તુંબં, જસ ઘણુ રાહુ ગ્રસઈ નવિ બિંબં;
જો નવ રવિ પરિ કરઈ વિકાસં, રે ચિત૦ (૬)
જિમ અગનિ બાલઈ ખિણુ ઘાસં, યમ અય ગિરલઈ તણુ એક ગાસં;
તિમ જસ નાંમઈ રોગ વિણુાસં, રે ચિત૦ (૭)
વાઘ સિંઘ જર વિષધર નાસઈ, જસ નામઈ ભય નાવઈ પાસઈ;
જસ નાંમઈ ઘરિ હય ગય દાસં, રે ચિત૦ (૮)
જસ નિત થુતિ કરતા સુરદાનં, લોકપાલ નવગ્રહ સુખદાનં;
સુરરમણીસ્યું ભોગવિલાસં, રે ચિત૦ (૯)
જિણિ પૂજયઈ ત્રિભુવન જન પૂજયઈ, જસ નાંમઈ સવિ પાતક ધૂજઈ;
જસ નાંમઈ ઘરિ નવ નિધિવાસં, રે ચિત૦ (૧૧)
દુરિત દરિદ્ર હરઈ જસ વયણે, જાતાં વયણુ હરખિજઈ નયણે;
ગાઈ જસ સુરનર બહુ રાસં, રે ચિત૦ (૧૨)
શાકિણિ ડાકિણિ ભૂત પરેતં, નાસઇ સમ ઉવસગ્ગ સમેતં;
જસ મુખ વાસઇ મનિ નવિ હાસં, રે ચિત૦ (૧૩)
સુરસુંદરી જસ ચાંમર વીંઝઈ, તિણુ કારણિ હરિ હર સુર ખીજઈ;
જસ તણું કંતિ હસઈ શિખિયાસં, રે ચત૦ (૧૪)
જસ આસો ગત રૂપ હરઈ, સોગ વલિ તુદલિ ષટમાસં;
રોગ છૂટુઇ પરષદ નિજ ભાસં, રે ચિત૦ (૧૫)

જસ વાંણી ષટ જીવ પલાવઈ, કમઠાદિક સમ કુમતિ ગલાવઈ;
જો મંગલ કલ્લાણ નિવાસં, રે ચિત૦ (૧૬)
જસ નાંમઈ નહી ખાસં સાસં, વઈરી દૂરિ પલાઈ નિરાસં;
જસ જીત્યુ રવિ ચંદ્ર આકાસં, રે ચિત૦ (૧૭)
નાંમ હરઈ જસ જન કી નાસં, તિમ જસ નાંમઈ નાસઈ ત્રાસં;
જસ દરિસણ સુરભવણ વાસં, રે ચિત૦ (૧૮)
મભમસિમ ભણિસિ તીર્થ **પ્રભાસં**, કિસ્યું કરઇ તું તપ બહુ માસં;
જસ ધ્યાનઈ બહુ ફલ ઉપવાસં, રે ચિત૦ (૧૯)
સકલચંદ્ર સુરનરપતિ મોહઈ, કામધેનુ સો નિજ ઘરિ દોહઇ;
જો જસુ જોઈ નિજ નિય આસં, રે ચિત૦ (૨૦)
વિસહર કુલિંગમંતં, પોમાવઈ નાગરુયદ્યુતિજુત્તં;
સિરિપાસનાહથુત્તં કંઠ કય હવઇ સુહ જુત્તં રે ચિત૦ (૨૧)

[૫૮]

ઉપાધ્યાય કલ્યાણવિજયજીરચિત

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ સ્તવન*

સયલ જન શંકરં પ્રણય પુહવીસરં,
વિમલ ગુણસાગરં પાસ **સંખેસરં**;
થુણિસ હું ભત્તિ જુત્તિ કરી સામિઅં,
દિસઉ સિરિ ભારઈ વયણરસ કામિઅં. (૧)
જલધિ જલ પાર કિમ પામિઈ ભુજ કરી,
અહવ કિમ તોલીઈ કેણિ મંદરગિરી;
તહય પુણ કુણ ગુણઈ ગંગસિકતાકણા,
તહ કહં સંથુણ્યા જાઈ સામી ગુણા. (૨)

---

*પાટણની મુ. જસવિજયજીના જ્ઞાનભંડારની પ્રત ઉપરથી ઉતાર્યું.

તહવિ ગુણુ રાગીઓ હું અછું સામિઆ,
ગુણુતણો પાર તો યોગિ નવિ પામીઆ;
તે વિ જઈ તુજઝ ગુણુગણુબદ્ધાયરા,
તેણુ મુજ કોવિ દોસો ન **સંખેસરા.** (૩)

જઇ વિ જિનરાજ મુજ કિસું પંડિતપણું,
કિહાં વલી વિમલ ગુણુ સામિજી સંથુણું;
તહવિ મધુમાસિ જિમ કોકિલા અંબની,
લુંબિ મહિમા વદઈ ભત્તિ તિમ સામિની. (૪)

વિમલ જલ કમલિની દલિ રહ્યું જઇ લહઈ,
વિઉલ મુગહા ફૂલાં કંતિ પંડિત કહઈ;
તઉ ન કિં સામિ સુપસાયથી સંથવં,
ચતુર જન ચિત્ત આનંદસ્યઇ અભિનવં. (૫)

(રાગ—ગઉડી)

જિનવર તુજ ગુણુ વેલડી, મુજ માનસ વન માંહિ;
ફૂલી ફૂલ દિઈ નવનવાં, તે મુજ અધિક ઉચ્છાહી રે;
ત્રિભુવન રાજીઓ, પય પ્રણુમઇ જસુ ઈંદો રે, સુરસિરતાજીઓ. (૬)

તુજ મુખ શારદ ચંદ્રમા, મુજ મન બાલ ચકોર;
અનુદિન પીવઈ ચંદ્રિકા, હરખ્યો કરઇ બકોરો રે. ત્રિ૦ (૭)

પ્રભુ કીરતિ નવ માલતી, ફૂલી ત્રિભુવનમાંહિ;
તસ પરિમલ કવિ મધુકરા, પીવા અતિ ઉમાહઇ રે. ત્રિ૦ (૮)

તુજ પદ કમલ પરાગના, રસિઆ સુરનર ભૂપ;
મધુકર પરિ તે રુણુઝુણુઈ, ધરતા હરખિત રૂપો રે. ત્રિ૦ (૯)

યોગી જન મન મંદરો, તુજ ગુણ સુરની રે વેલિ;
જોતાં મૂરતિ તાહરી, મુજ મન દિઈ નિત હેલ્યો રે. ત્રિ૦ (૧૦)

(રાગ-કલ્યાણ)

જિન મહિમા ત્રિભુવનિ ગાજીઓ, **સંખેસર**પુરનઉ રાજીઓ;
જિન વદન અનોપમ રાજીઓ, દેખી તારાપતિ લાજીઓ. જિ૦ (૧૧)
જિન રૂપિં કામ પરાજીઓં, પ્રભુ ક્રોધ મહાભડ ભાંજીઓ;
ઉપગારી સબ સિરતાજીઓ, તઈ બલતઓ નાગ નિવાજીઓ જિ.(૧૨)
બહુ નગરી લોકિં તરજીઓ, સો કમઠ મરી સુર સરજીઓ;
ઉપસર્ગ કરઇ તે ખીજીઓ, ધરણિંદિં તે પુણ વરજીઓ. જિ૦ (૧૩)
પ્રભુજસ જગમાં વાજીઓ, તેણિં જાણે જલનિધિ માંજીઓ;
પ્રભુ આગલિ દુંદુભિ વાજીઓ, વર કેવલ તઈ ઉપરાજીઓ. જિ૦ (૧૪)

(રાગ-કેદારો)

મંદર ગિરિવર ધીરતા, તઈ ગ્રહી શ્રી જિન પાસ રે;
વિમલ જસ જલધિ ગંભીરતા, આવી રહી તુજ પાસ રે. મંદ૦ (૧૫)
વચન અમૃત રસ મધુરિમા, પુહવિ પરિ તું ખિમાવંત રે;
ચંદ્રપરિ તું જણાણંદણો, સૂરપરિ તું પ્રભાવંત રે. મંદ૦ (૧૬)
સુરતરુ સુરમણિ સુરગવી, કામકુંભાદિક જેહ રે;
તેહથી અધિક તુજ સમરણું, વંછિત પૂરવઇ પહ રે. મં૦ (૧૭)
તુજ ગુણવેલિ વિલગી રહિઓ, મુજ મન ભ્રમર નિસદિસ રે;
મંત્ર જિમ નામ જિન તાહરું, નિત જપું હું જગદીસ રે. મંદ૦ (૧૮)
તું ગુરો તું જિન શંકરો, તું પિતા તું જિન માત રે;
બંધવ તું જગજંતુનઉ, તું હિજથી હિત વાત રે. મંદ૦ (૧૯)

(રાગ-ધન્યાસી)

ઈંદ્ર મુકુટનઉ હીરલો, સામી સિરિ પાસો રે;
દીઠઈ દુરિત સવે ટલઈ, પુરવઇ વંછિત આસો રે. ઈંદ્ર૦ (૨૦)

અષ્ટ મહાભય ભંજણું, પાસ જિણેસર નામો રે;
ઇક્કોવિ સિદ્ધિસુહ દિઇ, ભાવઇ કર્યો પ્રણામો રે. ઇંદ્ર૦ (૨૧)
તું ભવસાગર પારગો, તું કરુણાનિધિ દેવો રે;
ચઉસઠિ ઈંદ્ર ભાવિ કરી, સારઈ તુજ પય સેવો રે. ઈંદ્ર૦ (૨૨)
તૃપતિ નહી જિન જોઅતાં, જઇ સહસ કિરણ સુરેશો રે;
ગુણ તણો પાર ન પામીઓ, જીહાં સહસ જોસેસો રે. ઈંદ્ર૦ (૨૩)
તું સિદ્ધો તું પારગો, તું સિવરમણી કઉ કંતો રે;
તુજ પદ કજહી લગી રહું, દિઈ સિવ મુજ ભગવંતો રે. ઈંદ્ર૦ (૨૪)

(કલશ)

ઇઅ સયલ સુખકર દુરિત તમહર ધ્યાઇઓ **સંખેસરો,**
સિરિ **વિજયસેનસૂરિંદ** સદ્ગુરુ સંપ્રતિ સોહમ ગણધરો;
તસ સયલ વાચક ચક્કચૂડા ચૂડામણિ સમ સુઅધરો,
શ્રી કલ્યાણવિજય ઉવજ્ઝાય સેવક ધર્મવંત સુહંકરો (૨૫)

[૫૯]

શ્રી વિમલહર્ષ ઉપાધ્યાય શિષ્ય મુનિવિજય વિરચિત

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ સ્તવન*

(તાલ રાગ–મેવાડઉ)

સરસતિ સરસ વયણરસ, માતા તું મુઝ દેયિ રે,
શ્રી શંખેશ્વરપાસજી, ગાસ્યું હું બહુ હેયિ રે. (૧)
જય જય પાસ જિનેસરૂ (એ આંકણી)

---

* શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી (પાલીતાણા) હસ્તકના શ્રીદેવર્ધિગણી ક્ષમાશ્રમણ જ્ઞાનભંડારની હસ્તલિખિત પ્રતિ ઉપરથી ઉતાર્યું.

અશ્વસેન ભૂમિપતિ, કુલ આકાસ વિસાલા રે;
દિનપતિ દીપઈ જિનવરૂ, ગુણ ગાઇ મુખી બાલા રે. જય૦ (૨)

કમઠ હઠી મદ ભંજનો, ત્રીસ વરસ ગૃહવાસ રે;
પ્રભાવતી રાણી સાથી, સુખ વિલસઇ ઉદાસ રે. જય૦ (૩)

અવસર લહી લોકાંતિક, કહઇ પ્રભુ સંયમભાર રે,
લીજઇ દાન દેઇ કરી, કીજઇ પર ઉપગાર રે. જય૦ (૪)

સરસ મહી કરીવર, દાન મેહ પ્રભુ વરસી રે;
ઉત્સવ મહોત્સવ બહુ કરી, સંયમ લીધું હરખી રે. જય૦ (૫)

એકાકી વિચરઇ જિન, તપ તપઇ વિકરાલ રે;
કેવલજ્ઞાન વરી તવ, પ્રતિબોધઇ જન સાલ રે. જય૦ (૬)

સમેતશિખર અણુસણુ કરી, પહુતા મુગતિ મઝાર રે;
ભવિજન અહનિશિ ચિત ધ્યાઓ, જગિ લહો જિમ જયકાર રે. જય૦ (૭)

પરતખિ પરતો પૂરતો, ચૂરતો આપદવૃંદ રે;
નાગેંદ્ર નિ પદમાવતી, સેવ કરઇ આણુંદ રે. જય૦ (૮)

ગજપતિ સિંહ દવાનલ, સર્પ સમર જલ આદિ રે;
જલોદર બંધન ભય ભંજઈ, મૃગદળ જિમ હરિ નાદિં રે. જય૦ (૯)

વિત્ત ખરચી પૂજા કરો, ભાવ ધરી હિય ઇ ચંગ રે;
પાસ વંદન નર જે કરઈ, તે લહઈ સુખ અભંગ રે. જય૦ (૧૦)

શ્રી હીરવિજયસૂરિસરૂ, **વિમલહરિખ** ઉવઝાય રે;
તાસ સીસ **મુનિ** ઈમ કહઇ, સેવા દિ તુઝ પાય રે. જય૦ (૧૧)

[६०]

શ્રી જયવિમલ ગણિ વિરચિત

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ સ્તવન*

સદ્‌ગુરૂ ચરણુ નમેવિ સેવિ કરી સરસતી માતા,
માગું મોટી મતિ છત્તિ આપો વિખ્યાતા;
સંખેસર પરમ મંડણો શ્રીપાસ જિણુંદ,
તાસ તણુા ગુણુ ગાઈવા મનિ અતિ આણુંદ. (૧)
અશ્વસેન કુલિચંદ ઈંદ નાગ સારઈ સેવ,
વામા રાણી માત જાસ પાસ નામઈ દેવ;
નવય હાથ પ્રમાણુ કાય નગરી વાણુારસી,
જખ્ખણી પદ્માવતી નામ તાસ ચરણે વસી. (૨)
આહટ્ટ દોહટ્ટ રુદ્દ ખુદ્દ ઉચ્ચાટ અનિદ્ધ,
કુડા આલપંપાલ જાલ કંકાલ કુછીદ્દ;
રોગ શોક દાલિદ્દ દુઃખ દોહિલ નવિ આવઈ,
જઉ **સંખેસર** પાસનાહ ગિરૂઆ ગુણુ ગાવઇ. (૩)
સાઈણી ડાઇણી ભૂત પ્રેત ભયંકર ભુંડા,
આહટ્ટ હાસ હસંત દંત પ્રસંત પ્રચંડા;
દુજ્જણુ દેખી લવડ ધાડ આવઇ નવિ પાસઇં,
જઉ **સંખેસર** પાસનાહ નામ હ્રદય પયાસઈ. (૪)
માન વિમોહની મંત તંત તાવિત અનેક,
મદલીયા મૂલી યમત મોહ રાવલી છેક;

---

* આ સ્તવન પાટણની મુ. મ. જસવિજયજી મ. ના જ્ઞાનભંડારની હસ્તલિખિત પ્રત ઉપરથી ઉતાર્યું.

વિદ્યાસિદ્ધ જપંત જાપ સીજ્જઈ સનમાનઇં,
જઉ **સંખેસર** પાસનાહ સમરઈ એક ધ્યાનઇં. (૫)

આદિત્ય સોમ મંગલ બુહ ગુરુ શુક્ર શનીશા,
રાહુ કેતુ દુટ્ઠ ગ્રહ નવં લગનાધીશા;
વિરુયા વિંતર વિધ દેવ દૈત્ય નવિ છલિઇં,
જઉ **સંખેસર** પાસનાહ નામિ જઇ મિલીઈં. (૬)

ચામુંડા છપ્પન કોડિ બ્રહ્માણી અઢાર,
કાય તણી છઈં નવહ કોડિ દસ અસુર કુમાર;
બાવન્ન વીર વિકમ્મ કમ્મ કરતા તે બીહઈ,
જઉ **સંખેસર** પાસનાહ નામ લીજઇ જીહઇ. (૭)

કાંણા કુંબડ ટુંટ મુંટ અનાસિક અંધા,
બહિરા બોબડ બુદ્ધિહીન વામન રાતંધા;
પંગુ મુંગા ખરણુ ખજ્જ ખોડિ નાવઈ અંગઇ,
જઉ **સંખેસર** પાસનાહ ગુણુ ગાવઇ રંગઈ. (૮)

રોહિણી રંધણી ખયન ખાસ ખજ્જ ખજ્જુવાલા,
દુટ્ઠ જલોદર કોઢ રોગ ઉપરિ કંઠમાલા;
અટ્ઠોત્તર સય વાહિ આહિ ગુંબડ પમુહાઇ,
શ્રી **સંખેસર** પાસનાહ સમરંતા જાઇં. (૯)

પાણિય પૂર પ્રચંડ ચંડ વાયઇ ગંડ ગડીઆ,
જલનિધિ જલ કલ્લોલ માલ માંહિ જે પડિઆ;
નાડિ નદ્દી નિવાણુ કૂપ આવઇ ઉપકંઠઇ,
જઉ **સંખેસર** પાસનાહ ગુણુમાલા ગઠંઇ. (૧૦)

કરંતિ તાપ સંતાપ વ્યાપ લેઇ જાલ કુરંતિ,
ચોરાસી લખ્ખ જીવાયોની બાલઈં બલવંતિ;

વનદાવાનલ અગનિ કોપ તતખિણુ ઉલ્લાઈ,
જઉ **સંખેસર** પાસનાહ નામ સમરઈ જાઈ. (૧૧)
સેષનાગ મહાપદ્મ પદ્મવાસગ મહાવાસગ;
તક્ષગ સંખ કુલિંગ નાગ નાથ તાસ ઉપાસગ;
કંકોલ મહાકંકોલ નોલ વીંછી વિષ નાસઇ,
જઉ **સંખેસર** પાસનાહ નામ રાખઈ જડી પાસઈ. (૧૨)
વાટઘાટ લુટત કેવિ અધારઈ આગસઈ,
ચોર અઘોર બકોર કરી રમતા રંગિ રાસઈ;
ગાવડી છોડ ભૂ ફોડ મોડ મુકીઉ જાઈ,
જઉ **સંખેસર** પાસનાહ નામ મંત્ર જપાઈ. (૧૩)
એક પઈઠા બઈઠા પુંઠિ ધરિ સાધઇ નિજ પાવક,
વયરિ વયર ધરંત જંતધાકર વાઘા ઈકિ;
લોચન લોલ કરંત રીસ મુખિ બોલાઈ વાણી,
તે **સંખેસર** પાસનાહ નામ થાઈ પાણી (૧૪)
કેસરી કેસર વન્ન કેસ લાંગુલ લહકાવઈ,
ભૂખિ ભીડયો ભીમ રૂપ બૂકંતો આવઈ;
સ્વાપદ સઘલા વાઘ વીર તે અજની સમાના,
જઉ **સંખેસર** પાસનાહ સમરઈ સાવધાના. (૧૫)
માતો મયગલ ઉચ્ચકાય કોપઈ કલકલતો,
દંતો સલમુંસલ પ્રાય સુંડા દંડ કરંતો;
ચાલંતો અતિવેગ વાય વિકરાલ ન દીસઈ,
જઉ **સંખેસર** પાસનાહ સમરઈ નીસદીસઇ. (૧૬)
કેવિય ડંડાઊધિ કેવિ કૃપાણુ કટારી,
કેવિય ફરસી કેવિ કુંત તલવાર અટારી;

ઝુઝઇ ઝુઝઇ ધસમસંત સંગ્રામઈ સૂરા,
જઉ સમરઇ શ્રી પાસનાહ પામઈ જય પૂરા. (૧૭)
રોગ સલિ સહુ હસ્ત સાપવર ચોર કઠોરા,
વયરી સીંહ ગજેન્દ્ર રણસંગ્રામ અઘોરા;
એહ મહાભય ભીમ ભડ ભયંકર હુંતિ,
શ્રી **સંખેસર** પાસનાહ સમરઈ પાસમંતિ. (૧૮)

હય હાથી વર હેમ હરખિ હાંસિલ હિયામતિ,
આવઇ આણંદ પુરિ લછિરામા રંગિ રમતિ;
માનઇ મોટો રાય પાય સેવઇ ભૂપાલા,
જઉ સમરઇં શ્રી પાસનાહ નાંમિં જપમાલા. (૧૯)

ભોજન કૂર કપૂર ઘૃત પીયરસ બોલા,
પૂગઈ પૂરા પડવડા મનવંછિત ડોહલા;
કોમલ કપ્પડ કવિઅરસ વર વાહન પામઈ,
જઉ **સંખેસર** પાસનાહ સમરી સર નામઈ. (૨૦)

વીસ ભૂવણવઇ ઇંદ દસ વેમાનિ ઈંદા,
બત્તીસ વિંત્તર જોતકી દોઇ સૂરજ ચંદા;
સોમરૂપ મુખિ મધુસ્વાણિ વખાણઇ તોરી,
શ્રી **સંખેસર** પાસનાહ ગુણ ગાવઇ ગોરી. (૨૧)

ચઉપન્ન લાખ વરસ પહુ પૂજ્યા હરિ હરખઇં,
જુજુઆ પૂજ્યા ચંદ ચઉપન્ન લાખ વરસઈ;
જરાસિંધે મૂકી જરા ઉત્તારવા કાજઇ,
શ્રી **સંખેસ્વરપુર** આવીયા નેમિસર રાજઇ. (૨૨)
કેસર કસ્તુરી કપૂર પૂર ચંદન ચંપક,
દલ જાઇ જૂઇ ગુલાબ લાલ મરુઉ અતિ નિર્મલ;

ઉત્તારઇ જિન આતિ મંગલ દીપ કી જઈ,
શ્રી **સંખેસર** પાસનાહ પૂજિ ફલ લીજઇ. (૨૩)

તું ઠાકર તું માયબાપ તું બંધવ મોરા,
તુહ મુહ દેખી મોહ મુજ જું ચંદ ચકોરા;
હું આવ્યો તુહ ચરણકમલ પરમાણંદ પામિ,
શિવપુર સુંદરરાજ આજ આપો મુજ સામિ. (૨૪)

ત્રીણ તિલક વિસાલ મન્નલદ્ધિહ નાણી,
એહ તણા અક્ષર આદિ લેયે સુહ જાણી;
વરમતિ કેલવી આપણી કવિતા અભિધાન,
પાસ જિણેસ સંથુણો સારદા ધરિ ધ્યાન. (૨૫)

વેદમદનબાણસોમકલા(૧૬૫૪)સંવચ્છર આંણો,
કાર્તિક માસનઈં પઢમ પખિખ દીપોત્સવ જાણો;
તવન રચઉ મઇં સાર ઇંદ્રપુરી માંહિ ચઉમાસઇ,
સાંભળતાં સુખ ઉપજઇ ભણતાં ભય નાસઇ. (૨૬)

(કલશ)

શ્રી પાર્શ્વજિણવર અમિત ગુણવર સંથુણો મનમોહનો,
સુર અસુર કિન્નર ચોતકીવર વખાણઇ મહિમા ઘણો;
તપગચ્છનાયક સુખદાયક શ્રી **વિજયસેનસૂરિસરો**,
તસ સીસ ગણિ **જયવિમલ** સેવક દિન દિન પતિ
જય જય કરો. (૨૭)

ઇતિ શ્રી પાર્શ્વનાથસ્તવ : લિખિત : શ્રી ઉત્તમવિજયગણિના.
संवत १७३४ वर्षे चैत्रवदि १ दिने पासा.

[६१]

શ્રી વિદ્યાચંદ્રમુનિવિરચિત

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ સ્તવન*

સરસતિ માત પસાઉલિ, એ તો પાઉલિએ રે પ્રણમી પ્રભુ પાસ તો;
શ્રી જિન પાસ **સંખેસરો** અલવેસરો રે, મુજ પૂરવઈ આસ તો.
જયો જયો પાસ સંખેસરો. (આંચલી.) (૧)

ગુણ ગાવા ગિરૂઆ તણા એ તો, અતિ ઘણા રે સોહામણા જાસ તો;
આજ મુજ એહ ઉમાહલો માહરો, નાહલો રે મિલિઓ જિન પાસ તો. જ૦ (૨)

આજ એણિ જગિ જાગતો એ તો, માગતો રે નિત નવનવા ભોગ તો;
મહિઅલિ મહિમા મ્હાલતો વલી, આલતો રે પરમ પદ ભોગિ તો. જ૦ (૩)

ચઉર ચાકર નિતુ તાહરા પ્રભુ,–માહરા રે સુર અસુર નર કોડિ તો,
ઓભલા ખરીચખજ મતિ કરઇ નિજ, શિર ધરઇ રે તુજ આણુ કર જોડિ તો. જ૦ (૪)

સામિ સુલતાન સાહિબ ખરો જિનજી, કરો રે મુજ સેવક સાર તો;
પુન્ય પૂરઇ પ્રભુ પામીઓ, શિરનામીઓ રે એક તુંહિ જ આધાર તો. જ૦ (૫)

વિષમ સંકટ પડયાં છોડવઇ જિનજી, તવઇ રે મનમાંહિ તુજ નામ તો;
સકલ સોહામણા કામણા મુજ, મનતણો રે નિત પૂરવઈ સ્વામિ તો. જ૦ (૬)

---

*પાટણની મુ. જસવિજયજીના ભંડારની હસ્તપ્રત ઉપરથી ઉતાર્યું.

જેહ બંધન પડચા પાપીઆ, સંતાપીઆ રે કરમ વ્યાપિઆ રોગિ તો,
મૂઢ મતિ મદ માનિભર્યા, તેહ ઉધર્યા રે કર્યા ભોગ સંયોગ તો.
જ૦ (૭)

શ્રીપતિ દલબલ બાંધીઓ, આરાધિઓ રે જવ દેવ દયાલ તો;
ન્હવણુ યાદવ જરા નીંગમી, એણિ સવિ સમી રે તસ આધિ
વિકરાલ તો. જ૦ (૮)

તેહ મૂરતિ તિહાં હરિ ઠવી, જગિ અભિનવી રે સદા સાર સુરવેલિ તો;
જાસ જસ દસ દિસઇ મસમસઇં, ભવિક ભમરલા રે કરઈ રંગ ન
ફ્રેરેલિ તો. જ૦ (૯)

ત્રિભુવનિ તેજ તાહરૂં તપઈ, સદા નવિ છિપઇ રે કિહાં રાતિનઈ દીસતો;
ઇસિ ચોગીસ જાણી જપઈ, સકલ લોકના થોક નિજ નામતા
સીસ તો. જ૦ (૧૦)

જય વર્યા રણિ જિકે રાજીઆ, સહુ હાજીઆ રે હોઇ તાહરઇ નામિ તો;
સજન વાલ્હાં મિલઇ વેગલિ, આસ્યા ફ્લઈ રે સરઇ સકલ
શુભ કામ તો. જ૦ (૧૧)

સંઘ આવી ઘણુા ઉલટ્યા, અતિ સાંમટા રે પ્રભુ ભેટવા કાજિ તો;
નંદિ જય જીવજીવન સદા, મુદા મેદિની માંહિ મોટો મહારાજ તો.
જ૦ (૧૨)

એક અરદાસ સુણિ ઠાકુરા, ગુણ આકરા રે કરુણાકરા દેવ તો;
હિયડુલુ હેજિ હીસઈ ઘણું, મુજ આવયો ભાગિ ભગવંતની સેવ તો.
જ૦ (૧૩)

દેવ દાણુવ તુજનઈ, ઇહાં ઇણિ સમફ્રરે ભવ કાંઇ ભમઇ કોય તો;
સોય સામી મિલ્યો આપણઇ, સહી થાપણઇ રે થયો કેવલ
હોય તો. જ૦ (૧૪)

કોડિ કુલ કનક કોડી તણી, ઘણી મઇં સુણી રે પદમિની નારી તો;
સાર સોભાગ જસ ઉજલા, જિમ હંસલા રે હોઇ સુગુણ સંસારિ તો.
જ૦ (૧૫)

રૂપ રૂઅડા એક પરવડા, અમૃત ઘડા રે મુખિ મીંઠડા બોલ તો;
ગીત ગાઈ ગુણ ઓરડી, સુખ ઓરડી રે તિહાં ઢમકતા ઢોલ તો.
જ૦ (૧૬)

થાલ સુવિશાલ સોનાતણાં, ઘણા સાંભણાં રે ભલીં પ્રીસીઆં સોલ તો;
એક ઘરિ ભોજન ભાવતાં, છતાં સાલિ નઇ દાલિ ઘૃતઘોલ તંબોલ તો.
જ૦ (૧૭)

પુત્ર પરિવાર એક પરવર્યા, બલબાધરા રે, બહુ બંધવાં જોડિ તો;
એહ સવિ પાસ પરમેસરા, પદ સેવતાં સંપજઈ વંછિત કોડિ તો.
જ૦ (૧૮)

નયરી વાણારસી જિમ સસી, અશ્વસેન રાજા જયો જગત્ર વિખ્યાત તો;
તાસ ઘરિ ઘરણી સુલખ્યણી, અછે દેવી વામા સતી તાહરી માત તો.
જ૦ (૧૯)

ધન્ય તે દેસ જિહાં તું રહ્યો, કવિયણ કહ્યો રે ધન માનવ દેવ તો;
અલવિંઉલગ કરઇ આસના, ભલી વાસના રે ગુણપાસના લેવિ તો.
જ૦ (૨૦)

શાકિની ડાકિની નવિ છલઇ, ટલઇ આરતિ ભૂત નઇ પ્રેત તો;
લાગતો રાગ ત્રિભુવન તણો, અતિ ઘણો તુજ ઉપરિ રે સુણ્યો
સહજ સોભાગ તો. જ૦ (૨૧)

દેવ ધરણેંદ્ર પદમાવતી તુજ, સારતી સેવસાનિધિ કરઇ ધ્યાનિ તો;
સંઘ સહુ સકલ સુખ મેલવઇ, વલી હેલવઇ રે મહાનંદ પદ
દાનિ તો. જ૦ (૨૨)

રાણી પ્રભાવતી વલ્લ્હો, મુજ મન રહો રે હવઇં અવિચલ વાસ તો;
ત્રાસ અપરાધ સવિ સાંસહો, મહોમાહરઇ તાહરો વિરહ જિહાં
સાસતો. જ૦ (૨૩)
તું ગુરૂ સુરતરુ સાચલો, અરે એકલો ત્રિભુવન ભોગવઇ રાજ તો;
સમરથ સામિ હું ઓલગું, અતિ અલ જયો રે દરિસન દેવ દઇ
આજ તો. જ૦ (૨૪)
સંવત સોલસાઠિં સહી, રહી **અહ્મદનગરિ** આસાઢ ચઉમાસ તો;
પાસ **સંખેસરો** ગાઇઓ, પ્રભુ પાઇઓ રે પરમ લીલવિલાસ તો.
જ૦ (૨૫)

(કલશ)

એહ સમરિ અમર નરિંદ વંદિઆ આધિવ્યાધિ વિનાસિની,
સંખેસરો શ્રીપાસ મૂરતિ પ્રગટ પુન્ય પ્રકાશિની;
શ્રી **વિજયસેનસૂરીશ** તપગચ્છરાજ આજ સહુ જપઇ,
વર વિબુધ **વીપાસીસ વિદ્યાચંદ્ર** કહઇ ચિહું દિસિ તપઈ.(૨૬)

[૬૨]

શ્રીકુંયરવિજયશિષ્યવિરચિત

શ્રી શંખેશ્વરજીનું સ્તવન×

પ્રહ ઉઠી પ્રણુમેં પાસમુદા, તે પામે પરમાનંદ સદા;
તસ દેસ વિદેસ જસ પ્રસરેં, **સંખેસર** સાહિબ જે સમરેં. (૧)
સુરનરપતિ અરચિત પદચરણું, ભવભયપીડિત જિન! તુમ શરણું;
તસ દોહગ સવિ દુઃખ દૂર હરે, સંખેસર૦ (૨)

× રાધનપુર, તંબોલીશેરીમાંના શ્રી વિજયવીરસૂરીશ્વરજી મહા-
રાજના જ્ઞાનભંડારની હસ્તલિખિત પ્રત ઉપરથી ઉતાર્યું.

તુજ દેહે વિભાવિત મેઘઘટાં, તુમ દરિસણ અમૃત જેમ છટાં;
તસ મંદિર લક્ષ્મી લીલ કરે, સંખેસર૦ (૩)

ગજ કેસરી દહન ફણીધરણું,, જલરાશિ મહોદર બંધ ઘણું;
એ સપ્ત મહાભય ભય ન કરેં, સંખેસર૦ (૪)

નિરખ્યો મહીમંડલ મેં તુજ થકી, અતિશય અધિક કોઇ દેવ નથી;
ભવજલનિધિ દુસ્તર તેહ તરે, સંખેસર૦ (૫)

પ્રભુ રૂપ સ્વરૂપ લિખિ ન સકેં, પર દરસણ નામેં તે ન ટકેં;
ઘેર બેઠાં તે હિજ જોખ કરેં, સંખેસર૦ (૬)

કંઠ ઠવે તુઝ સ્તુતિમાલા, તે પામેં સઘલેં જયમાલા;
ચિંતચિંત તેહનાં કાજ સરે, સંખેસર૦ (૭)

તેંહને ઉછરંગ સદૈવ ઘણાં, કાંઇ ઋદ્ધિવૃદ્ધિ સુખ પુત્રતણાં;
અતિ સંકટ વિકટથી તે ન ડરે, સંખેસર૦ (૮)

અતિ દુર્જય કાંમ નિઃકામ કર્યાં, ત્રીહું લોક લગેં ઉપગાર કર્યાં;
સુંદર શિવ રામા તેહ વરેં, સંખેસર૦ (૯)

અમૃત પેં મીઠી તુઝ વાણી, જે બિરુદ ધારેં પુરુસાદાણી;
જગ અવિચલ વાચા તાસ ફુરેં, સંખેસર૦ (૧૦)

ધન વામા જનની તુમ જાયા, અશ્વસેન નરેસર કુલ આયા;
તુમ નામ થકી બહુ સુખ પાયા, બુધ **કુંયરવિજયશિષ્ય** ગુણ ગાયા. (૧૧)

ઉક્ત પ્રતિને અંતેઃ—"સંવત ૧૮૮૮ ના વર્ષે જેઠ સુદ ૪ દને વાર શનિ શ્રી રાધિકાપુર (રાધનપુર) મધ્યે લખી આપ્યું છે શ્રી ચિંતામણિ પ્રસાદાત્."

[૬૩]

શ્રી શુભવિજયકૃત

શ્રી શંખેશ્વરપાર્શ્વનાથ સ્તવન[1]

સરસતિ સામિણિ માય, આપુ મુજનિં પસાય;
પાસ જિણુંદ તણાએ, કે દસ ભવ ગાયવા એ. (૧)
પોતનપુર અરવિંદ, રાજ કરઈ જિમ ઈંદ;
વિશ્વભૂતિ તસતણો એ, કે પુરોહિત ગુણનિલો એ. (૨)
ધરણી અનુદ્ધરા તાસ, પુત્ર જણ્યા બે ખાસ;
કમઠ મરુભૂતિ એ, કે બીજો સમકિતમતિ એ. (૩)
મરુભૂતિની નારિ, કમઠિ ભવન મઝારિ;
એકદા ભોગવી એ, કે રાય ખબરિ હવી એ. (૪)
રાયિં કાઢ્યું જામ, તાપસ હુઓ તામ;
ડુંગરિ તપ કરઈ એ, કે મનિ મત્સર ધરઈ એ. (૫)
કમઠ પાય પ્રણમેવિ, મરુભૂતિ ખામેવિ;
શિલા તલી ચાંપીઓ, કે પહિલો ભવ હૂઓ એ. (૬)
બીજો ભવ હવઇ જોઈ, મરુભૂતિ હાથી હોઈ;
અરવિંદ મુનિવરુ એ, કે દેખી સંયમ ધરુ એ. (૭)
જાતિસમરણ પામિ, મન રાખ્યું તિણઈ ઠામિ;
કમઠ કૂકડ અહિ એ, કે હાથી ડસ્યું સહી એ. (૮)
ત્રીજઈ ભવિ દેવલોક, આઠમિ અમર વિલોકિ;
નરગિ પંચમિ ગયું એ, કે કૂકડ સાપડુ એ. (૯)
ચઉથુ ભવ હવઇ જાણિ, જંબૂદ્વીપ વખાણિ;
પૂરવ વિદેહ જિહાં, કે સકચ્છવિજય તિહાં એ. (૧૦)

---

૧. પાટણની શ્રી જસવિજયજીના ભંડારની હસ્તપ્રત ઉપરથી ઉતાર્યું.

વૈતાઢય પરબત સાર, તિલકાપુરિ ભરતાર;
વિદ્દત ગતીસરુ એ, કે તિલકાવલી વરુ એ. (૧૧)
તાસ કૂખિ સુત સાર, અમરસ્તણું અવતાર;
કિરણવેગ વલી એ, નામ દિઇ મનિ રલી એ. (૧૨)
વિદ્યાધરનું રાય, સંયમસ્યું લય લાય;
ગિરિ કાઉસગ કરઇ એ, કે મનિ ઉપશમ ધરઇ એ. (૧૩)
પંચમ નરગથી આય, કમઠ જીવ અહિ થાય;
મુનિવર તિણિ ડસ્યું એ, કે ધ્યાનથી નવિ ખસ્યું એ. (૧૪)
બારમિ કલ્પિં જાય, કિરણવેગ સુર થાય;
નરગિ પંચમિ અહિ એ, પંચમ ભવ લહિ એ. (૧૫)

(ઢાલ)

છઠ્ઠુ ભવ ભવિઆં હવઇ સુણયો, જંબૂદીવ વખાંણિ;
પછિમ વિદેહિં સુગંધ વિજય, તિહાં શુભંકરા નગરી જાણ.
ગુણવંતા નિસુણો, પાસના દસ ભવસાર. (એ આંકણી) (૧૬)
વજ્રવીર્ય રાજા ષટખંડપતિ, લખમાવતી ભરતાર;
કિરણવેગ વિદ્યાધર દેવો, તાસ કૂખિ અવતાર. ગુણ૦ (૧૭)
માય તાય હરખિ કરી ઠવિઓ, વજ્રનાભ વર નામ;
તાત રાજ્ય સુતનઈ દેઈ નઈ, ચારિત્ર લ્યઈ અભિરામ. ગુણ૦ (૧૮)
ખેમંકર જિનવાણી સુણતાં, લાધુ ઉપશમ લાભ;
ચક્રાયુધ સુત રાજ્ય દેઇનિં, ચારિત્ર લ્યઇ વજ્રનાભ. ગુણ૦ (૧૯)
ચઉદ પૂરવ ભણી કરી જી, લબધિ લહી આકાશ;
ઊડી સકછવિજયમાં પહુઉ, દેખી જલણ ગિરિ ખાસ. ગુણ૦ (૨૦)
મુનિવર તિહાં કાઉસગિં રહીઉ, ધ્યાનિ ધરઇ નવકાર;
કમઠ જીવ નરગહથી આવી, પામ્યું ભીલ અવતાર. ગુણ૦ (૨૧)

કાઉસગિ દેખી વેર ઉલ્લસઇ, બાણિં હણ્યું મુનિરાય;
એક પખું એ વયર કરંતો, જિહાં તિહાં દુરગતિ જાય. ગુણ૦ (૨૨)
મધ્યમ ગ્રૈવેકિં ઉપન્નો, વજ્રનાભ મુનિસીહ;
ભીલ સાતમી નરગી પહુતુ, સાતમા ભવની લીહ. ગુણ૦ (૨૩)
આઠમું ભવ હવઇ જાણીઇ જી, જંબૂદ્વીપ વિશાલ;
પૂરવ વિદેહ વખાણીઇ જી, સુરપુર નયર રસાલ. ગુણ૦ (૨૪)
વજ્રબાહુ તિહાં રાજ્ય કરઈ જી, રાણી સુદર્શના તાસ;
એકદિન સુખભરિ સૂતી દેખઇ, ચઉદ સપન મુખવાસ. ગુણ૦ (૨૫)
વજ્રનાભ જીવ સુર આવી નઈ, તાસ કૂખિ ઉપન્ન;
સોવન્નબાહુ અભિધાન ઠવિઉ, તસ ઉપનું ચક્ર રતન્ન. ગુણ૦ (૨૬)
ષટ ખંડ તેણિ કરી નિંસાધઈ, એક દિન ગોખી બઇઠ;
દેવતણા ગુણ જાતા દેખી, પૂરવ ભવ તિણિં દીઠ. ગુણ. (૨૭)
જિનવર વાંદી વાણી નિસુણી, ઉપનો મનિ વયરાગ;
દીક્ષા લેઇ વીસથાનકની, આરાધઇ નિરાગ. ગુણ. (૨૮)
ખીરશિખરિ જઇ કાઉસગિ રહીઓ, હવઇ જુઓ ભીલ અબીહ;
સાતમી નરગ થકી નીસરિઓ, ખીર ગુહા હુઓ સીહ. ગુણ૦ (૨૯)
પૂરવ વૈરિં મુનિવર હણીઓ, દસમિં કલ્પિં જાય;
સીહ ગયું વલી ચોથી નરગિં, નૂમો ભવ ઇમ થાય. ગુણ૦ (૩૦)

(ઢાળ)

દશમો ભવ જિનવર તણું મનિ રંગિલા, ભાવિ સુણો નરનારિ લાલ. મન૦
જંબુદ્વીપ સોહામણુ મનિ૦, સઘલા દ્વીપ મઝારિ લાલ;
મને રંગિલા નિરંગિલા, પાસકુમાર પુણ્યવંતા લાલ. (૩૧)
દક્ષિણ ભરત વખાણીઈ મનિ૦ નયરી વાણારસી સાર લાલ;
અશ્વસેન નૃપ જાણીઇ મનિ૦ વામાદેવી ઉર હાર લાલ. (૩૨)

દસમા કલ્પ થકી આવી મનિં, આઉ પૂરી વીસ સાર લાલ;
ચૈત્રાસિત ચોથિં ચ્યોથી ચ્યવી મનિં,વામા કુખિ અવતાર લાલ. (૩૩)
ચઉદ સપન દેખી રાણી મનિં, હર્ષિં વિનવ્યું રાય લાલ;
સુપન વિચાર સુંદર જાણી મનિં, રાય મનિ હર્ષ ન માય લાલ. (૩૪)
સપનપાઠક પંડિત આણી મનિં, પૂછિં સુપન વિચાર લાલ;
સુત હોસિં ત્રિભુવન ધણી મનિં, સકલ લોક આધાર લાલ. (૩૫)

(ઢાલ)

પોસ વદિ દસમી દિન ભલિ રે, જનમ્યા પાસ જિણંદ,
છપ્પન્ન દિસિ કુમરી કરઈ રે, સુતિકરમ આણંદ;
રે ભવિકા પૂજો પાસ જિણંદ, જિણિ દીઠઇ પરમાણું,
જેહનિં સેવઇ સુરનર ઇંદ. ભવિ૦ (આંકણી) (૩૬)
સોહમપતિ તિહાં આવીઓ રે, લાગુ માયનિં પાય;
રતન કુખિ તું ધારણી રે, તિં જણ્યું ત્રિભુવનરાય રે. ભવિ૦ (૩૭)
મેરુ જઇ નવરાવસ્યું જી, કરસ્યું મહોચ્છવ કાજ;
તું મત બીહે માડલીજી, આણી આપસ્યું આજ. ભવિ૦ (૩૮)
ઇમિ કહી મેરુ પધરાવીઆ જી, પંચરૂપ કરી આપ;
ચઉસઠિ ઇંદ્ર ન્હવરાવીઆ રે, ટાળ્યા પાપના વ્યાપ રે. ભવિ૦(૩૯)
ઇંદ્ર જનમ મહોચ્છવ કરીજી, આણી આપ્યા માત;
પ્રભાતિ બહુ હરખિં કરઇ રે,જનમ મહોચ્છવ તાત રે. ભવિ૦(૪૦)

(ઢાલ)

શેરીમાંહિ રમતો દીઠો, પાસ કુમર નાનડીઓ રે;
રમઝમ કરતાં ચરણે નેઉર, હાથિ ઉછાલઇ દડીઓ રે.
હારે હાથિં સોવન ખડીઓ રે. સેરીમાંહિ૦ (૪૧)

શિર ટોપી ઓપઇ ખુંપાલી, કાનિ કડી વાંકડીઓ રે;
હઇયિ હાર અનોપમ સોહઇ, કડિ કંદોરો જડીઓ રે. સેરી૦ (૪૨)
ઘમઘમ કરતા ઘુઘરા પાએ, મચમચતી મોજડીઓ રે;
ઠમકઠમક એ પગલાં ભરતો, માતાનિ મનિ ચડીઓ રે. સેરી૦ (૪૩)
નાહના માંહિ રામત્ય રમતો, ફેરવઉ દડદડીઓ રે;
માતા કુમર બોલવઇ હર્ષઇ, આવઈ દેતુ દડબડીઓ રે. સેરી૦ (૪૪)
પૂનિમચંદ સમુ મુખ ટંકો, અણીઆલી આંખડીઓ રે;
કમલનાલ સમી બાંહડીઓ, પાંપિણિ કજપાંખડીઓ રે. સે. (૪૫)
સોહાગિણિ ખંપો લઈ ચડીઓ, કોટિ દીઈ પડપડીઓ રે;
કુંડલ તાણઇ માંમાં કરતાં, ઈંદ્રાણી કડિ ચડીઓ રે.સેરી૦ (૪૬)
સરખા સરખિ ટોલી મલીઓ, વાવરઉ સૂખડીઓ રે;
સેરી માંહિ ફેરી દેઉ, રસ ઘુંટઈ સેલડીઓ રે. સેરી૦ (૪૭)
ઈમ અનુક્રમઇ જગગુરુ વાધઇ, રૂપિં રતિપતિ ઘડીઓ રે;
પાસ કુમર જાયુ જિણિ વેલા, તે સફલો ચોઘડીઓ રે. સેરી૦ (૪૮)
સકલ મનોરથ પુણ્યિં ફલિઆ, સુત સુખરુ સાંપડીઓ રે;
શુભવિજય પ્રભુના ગુણ ગાયા, હમચો ભાગ્ય ઉઘડીઓ રે.સેરી૦(૪૯)

(ઢાલ)

નવ યૌવન પ્રભુ પામીઓ, પરભાવતી રાણી;
પરણી મનિ રંગિં કરી, જાણે ઈંદ્ર ઇંદ્રાણી રે. હાંરે. (૫૦)
એક દિન ગોખિ બઈઠો દેખઇ, પ્રભુજી બહુ જનનઇ;
સેવક પૂછ્યો ઇમ ભણઇ, પૂજવા તાપસનઇ. હાંરે. (૫૧)
કૌતક જોવા આવીઓ, અહિ બલતુ દીઠો;
અહો અજ્ઞાની દયા નહી, તાપસ થઈ બઈઠો. હાંરે. (૫૨)
કાષ્ટ વિદારી કાઢીઓ, પન્નગ તડફડતું;
નમસ્કાર સંભળાવીઓ, ઇંદ્ર પદવી પુહતુ. હાંરે. (૫૩)

કમઠ મેઘમાલી હુઓ, પાસ ઉપરિ રુઠો;
દીખ્યા સમય જાણી પ્રભુ, દાન દેવા બઈઠો. હાંરે. (૫૪)

(ઢાલ)

પોસ વદિ અગ્યારસિ દિન ભલિં રે લાલ, ચારિત્ર લ્યઇ મુનિચંદ
મેરુ પ્યારુ રે;
ચઉસઠિં ઈંદ તિહાં મિલઇ રે લાલ, ઉન્છવ કરઇ નર વૃંદ. મે૦ (૫૫)
પાસ જિણેસર સુંદરુ રે લાલ, વામાદેવી મલ્હાર; મે૦
અશ્વસેન રાયા કુલચંદલો રે, રૂપિં રતિ ભરતાર. મે૦ (૫૬)
ચૈત્ર વદિ ચોથિં કેવલી લાલ, ત્રિગડું રચઇ સુરઈંદ; મે૦
સંઘ ચતુર્વિધ થાપીઓ રે લાલ, દેશના દિઇ આણંદ. મે૦ (૫૭)
ચઉત્રીસ અતિશય શોભતું રે લાલ, વાણી ગુણ પાંત્રિસ; મે૦
પ્રાતિહાર્યે આઠઇ સહચરુ રે લાલ, ત્રણિ જગિ કેરુ ઇસ. મે૦ (૫૮)
શ્રાવણ સુદિ આઠમિ દિનઇ રે લાલ, મુગતિ પુહતાં પાસ; મે૦
સંમેતગિરિવર ઉપરિ રે લાલ, કરઇ ઈંદ્ર મહોચ્છવ ખાસ. મે૦ (૫૯)

(ઢાલ)

સુંદર સંથુણ્યો હો લાલ, પુર્ણિય પાસ જિણંદ.
સંખેસર પુર રાજીઓ રે, અશ્વસેન કુલચંદ;
દસમી ભવિ શિવવધૂ વરી રે, મોહનવલ્લી કંદ. સું૦ (૬૦)
અકબર સાહ પ્રતિબોધીઓ રે, તપગચ્છ પૂનિમચંદ;
શ્રી **હીરવિજયસૂરીસરુ** રે, સેવઇ સુર નર ઇંદ. સું૦ (૬૧)
તસ પદપંકજ મધુકરુ રે, **શુભવિજય** સુખકંદ;
સંકટ વિકટ નિવારતો રે, કરતો ભવિકાનંદ. સું૦ (૬૨)
શ્રી **વિજસેનસૂરિ** પટધણી રે, શ્રી **વિજયદેવસૂરીંદ**;
તસ રાજિયં સ્તવનં કરું રે, પ્રતિપો જિહાં રવિચંદ. સું૦ (૬૩)

(કલશ)

ઇમ પાસ જિણુવર ભવિક સુખકર યાદવ જરા નિવારણો,
અંભોધિ ગજ રસ શશી વરષિં અભયદેવ રોગ વારણો;
ધરણેંદ્ર પદ્માવતી પૂજિત ભવ મહોદધિ તારણો,
શ્રી હીરવિજયસૂરીંદ સીસિં શુણ્યો વંછિત પૂરણો. (૬૪)

મુનિ ગુણવિજયેનાલેખિ. સં. ૧૭૧-(?) વર્ષે શુચિ શુકલ ચતુર્થી ભાર્ગવ ઇતિ ભદ્રમ્ । પાસજિણે શ્રી નવાનગરે લિખિતમ્ ।

[૬૪]

શ્રી ગુણવિજયજીરચિત

શ્રી શંખેશ્વર પાર્શ્વજિનસ્તવન*

સકલ મંગલ સદા અતુલ સુખ સંપદા, પાસજિન નામિ શુભ કામ થાઈ;
જગજનાધાર દીદાર તુજ દેખતાં, દુરિત દોભાગ દુઃખ દૂરિ જાઈ.
સકલ૦ (૧)

આજ મુજ અંગિ આનંદ ઉલટ ઘણો, આજ રુડી દશા ઉદયવંતી;
આજ જિનરાજ મુજ કાજ સઘલાં સરિઆં, આજ સઘળી ફલી મનહ ખંતી. સકલ૦ (૨)

સુરવરા નરવરા અસુર વિદ્યાધરા, જાસ નિતુ દાસ પરિ કરતિ સેવ;
તાહરું ધ્યાન સનમાન કરિ જે ધરઈ, તે તરઇ ભવજલધિ નિત્યમેવ.
સકલ૦ (૩)

તુજ મુખચંદ અરવિંદને જીપતું, દીપતું સૂરપરિ નૂર ઝાઝઇ;
રંગની રેલિ શુભ વેલિ ચઢતી સદા, પુત્ર પરિવાર સુખકાર છાજઈ.
સકલ૦ (૪)

* પાટણની મુ. શ્રી. જસવિજયજીના જ્ઞાનભંડારની હસ્તલિખિત પ્રત ઉપરથી ઉતાર્યું.

તુંહિ જ મુજ માત તું તાત વિખ્યાત જગિ, માત વામાઉરિ રાજહંસ;
અવનીપતિ અશ્વસેનાન્વયે અંબરિ, ઉગીઓ ભવિ કમલવિમલ હંસ.
સકલ૦ (૫)

સામિ સંખેસરા પાસ પરમેસરા, તરણિ પરિ તેજ તુજ અધિક દીસેં;
તાહરું નામ અભિરામ જપતાં સદા, હર્ષ ભરિ હીઅડલું હેજી હીસેં.
સકલ૦ (૬)

પૂરિ મુજ કામિતં કામિતસુરતરુ, તાહરી ચાકરી વિજયવંતી;
વિનયવંતા વિનેયાદિ લચ્છી ઘણી, હોઇ તુજ નામથી વૃદ્ધિવંતી.
સકલ૦ (૭)

શુદ્ધ સમકિત મતિ ધરણુ પદ્માવતી, પાસની સેવ નિતમેવ સારેં;
અહનિશિં માનસિ જેહનેં તું વસેં, તેહનાં દુઃખ દારિદ્ર વારેં.
સકલ૦ (૮)

(કલશ)

ઇમ થુણ્યો સુખકર પાસ જિનવર સંખેસરપુર દિનકરુ,
પરિવાર સાર ઉદાર લચ્છીકરણુ સુંદર સુરતરુ;
સંસાર પારાવાર તારક દંદદોહગ દુઃખહરુ,
શ્રી **જયવિજય** કવિ ચરણુ સેવક **ગુણુવિજય** વંછિત કરુ. (૯)

ઇતિ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ સ્તવનમ્ શ્રી રાધનપુરે લિખિતં. ૧૭૩૨.

[૬૫]

મુનિ લાલવિજયવિરચિત

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ સ્તવન×

આજસખી સંખેસરો નયણે મેં નિરખ્યો,
દેખત પેખત પાસજી મોરો જીવ હરખ્યો.
હાંરે મોરો જીવ હરખ્યો. (૧)

×પાટણુની મુ. જસવિજયજીના ભંડારની હસ્તપ્રત ઉપરથી ઉતાર્યું.

મનમોહન મોહી રહ્યો, જિન જોવા સરીખો;
દેવ સરવમાં દીપતો, મેં પુન્યે પેખ્યો. હાંરે મેં૦ (૨)
પદ્માસન આસનેં ભલો, સહુ વધુ મીલાવેં;
ભાલ તિલક દીપેં ભલો, નાસા વંશ સુહાવેં. હાંરે ના૦ (૩)
વદન સરીખો ચંદલો, ભવિયણ મનમોહિં;
મસ્તક મુગટ સોહામણો, કાનેં કુંડલ સોહિં. હાંરે કા૦ (૪)
જે ભાવેં ભવિયણ વાંદસે, તેહને સુખ દેવઇ;
અલ્પ સંસારી હોઈ, જે પ્રભુને સેવઇ. હાંરે જે૦ (૫)
મેં તું સાહિબ પામિયો, હવેં અવર ન ધ્યાવું;
રાત્ય દિવસ તો જાગતો, તોરા ગુણ ગાવું. હાંરે તોરા૦ (૬)
પરતા પૂરે પરિપરિ રે, અધિષ્ટાયક દેવા;
ધરણીધર પદમાવતી, કરે તોરી સેવા. હાંરે કરે૦ (૭)
તુજ દીઠે દુ:ખ વીસર્યા, મુજ દાહડો વલીઓ;
ભવભીતનો ભો ટલ્યો, મુજ સાહિબ મલીયો. હાંરે મુજ૦ (૮)
રાય રાણા આવી મળ્યા, પ્રભુ સેવા કાજે;
ભારીકર્મા જે હોઇ, દેવ દેખી લાજે. હાંરે દેવ૦ (૯)
શુભવિજય સુખ વીનતી, પ્રભુ સુણજો કહીઈ;
લાલવિજય કહિં ભવિ ભવિ,તુમ ચરણઇ રહીઇ. હાંરે તુમ૦(૧૦)

[૬૬]

શ્રીપુણ્યસૂરિશિષ્ય મોતીસાગરરચિત

શ્રી શંખેશ્વર પાર્શ્વજિન સ્તવન

(દેસી–બિંદલીની)

શ્રી સંખેસર પાસ, તુમ ગુણ ગાઉ હું ઉલ્લાસ હો;
જિનજી વિનતડી અવધારો, ધન પિતા જસ જાણું ઈસિ,
અશ્વસેન વખાણું હો. જિ૦ (૧)

વામાદેવીનો નંદ, તુજ સેવા કરે સુર ઈંદ્ર હો; જિ૦
ભરાવિ દામોદર વારે, પ્રભુ પાસ પ્રગટયા તિ વારે હો. જિ૦ (૨)
ગંગા જમુના માંહે, ઘણા કાલ રહ્યા પ્રભુ ત્યાંહે હો; જિ૦
ચંદ સૂરજ વૈમાનેં કલ્પે, સોહમ ઇશાને હો. જિ૦ (૩)
બારમા દેવલોકે સ્વામી, લવણસમુદ્ર માંહે ગુણધામી હો; જિ૦
ભુવનપતિ વ્યંતર નગરેં, ઇંમ અરચી ઘણે અમરે હો. જિ૦ (૪)
હરીયેં અઠમ કીધો, તવ જાદવ હર્ષ પ્રસિદ્ધો હો; જિ૦
પદ્માવતી દેવી તુઠી, **સંખેસર** મૂરત દીઠી હો. જિ૦ (૫)
હરીયે નમણ જ કીધો, તવ યાદવેં અમૃત લીધો હો; જિ૦
જય જયકાર થયો પ્રભુ ત્યાંહિ, સંખેશ્વરેં થાપ્યા ઉચ્છા હેં હો. જિ૦(૬)
તું પ્રભુ દેવાધિદેવ, ચોસઠિં ઈંદ્ર કરેં તુમ સેવ હો; જિ૦
તું પ્રભુ અકલ સ્વરૂપી, થાંઇ દિનમાંહે ત્રણરૂપી હો. જિ૦ (૭)
ચૈત્રી પુનમે પાસ, ભેટયા પ્રભુ અધિક ઉલ્લાસ હો; જિ૦
નિશારત્ન પ્રભુ તુમ્હ મુંખ, જે ભેટે તે લહે સુખ હો૦ જિ૦ (૮)
પન્નગ લંછન પ્રભુપદ સેવા, માગું હું તુમ પય સેવા હો; જિ૦
અનુચર તુમ હું દાસ, નિશદિન રહે તુમ પાસ હો. જિ૦ (૯)
જે નરનારી ગુણ ગાસેં, તેહને ઘરે નવેં નિધ વાસે; જિ૦
શ્રીપુણ્યસૂરિ સુપસાઇં, કહે કિંકર **મૂગતાઅબ્ધિ**[1] હો. જિ૦*(૧૦)

---

૧ આ સ્તવનની આ છેલ્લી કડીમાં કર્તાએ 'શ્રી પુણ્યસૂરિ સુપસાંઇ, કહે કિંકર મુગતાઅબ્ધિ હો,' એમ લખીને પોતાના નામનો નિર્દેષ કર્યો લાગે છે. આમાં 'મુગતા' એટલે 'મોતી' અને 'અબ્ધિ' એટલે 'સાગર' એવો પર્યાય મૂકીએ તો 'મોતિસાગર' એવું નામ નીકળે છે. અને એ સમજણના આધારે આના કર્તા તરીકે 'મોતીસાગર' નામ લખ્યું છે. સંભવ છે કે એમાં ભૂલ પણ હોય.

* પાટણની મુ. જસવિજયજીના ભંડારની હસ્તપ્રત ઉપરથી ઉતાર્યું.

[૬૭]

શ્રી રાજવિજય ઉપાધ્યયરચિત

શ્રી શંખેશ્વર પાર્શ્વજિન સ્તવન.*

સરસતી માતા પદપંકજ નમી, શ્રી **સંખેશ્વર** પાસ જિણેસર;
ગુણગાતાં સુખસંપત્તિ પાંમીઈ, પોહતી મનની રે આસ જિણેસર.
શ્રી **સંખેશ્વર** જિનવર ભેટીઈ, (આંકણી) (૧)

નવમે વાસુદેવે સંખ વગાડીઓ, **સંખપુર** વાસ્યું રે ગામ; જિ૦
પાસ જિણેસર તિહાંકને થાપીયા, **સંખેસર** તિણેં નામ.
જિ૦ શ્રી૦ (૨)

કાસી દેસે નગરી વણારસી, અશ્વસેન તિહાં રાય; જિણે૦
લક્ષણ લક્ષિત અંગે શોભતી, વામાદેવી રે માય. જિ૦ શ્રી૦ (૩)
અહિ લંછન જસ ચરણે શોભતો, વિઘન હરણ તતકાલ; જિ૦
ધરણેંદ્ર પદ્માવતી જેહની, નિતનિત પ્રતેં રખવાલ. જિ૦ શ્રી૦ (૪)
સંવત અઢાર ત્રીસે સંવચ્છરે, વદિ નવમી માઘમાસ; જિ૦
શ્રી **વિજયસેનસૂરેંદ્રે** ભેટીયા, શ્રી **સંખેસર** પાસ. જિ૦ શ્રી૦ (૫)
ધરમી ધામી હો શ્રાવક **વીરજી**, સંઘ સહિત પરિવાર; જિ૦
જાત્રા કરાવી હો શ્રી જિને ભાવસ્યું, સાથેં બહુ અણગાર. જિ૦ શ્રી૦ (૬)
આજ મનોરથ ફલીઆ **અમૃત**તણા, લાધું ચિંતામણિ હાથ; જિ૦
સુરતરૂફલીઓ ઘરનેં આંગણેં, ભેટયા શ્રી જગનાથ. જિ૦ શ્રી૦ (૭)
શ્રી **વિજેધર્મસૂરિ** તપગચ્છ ધણી, અહનિસ ધરે જસ ધ્યાન; જિ૦
દિન દિન દોલત વધતી જેહની, આપે સહુ બહુ માન. જિ૦
શ્રી૦ (૮)

---

*પાટણની શ્રી. જસવિજયજીના ભંડારની હસ્તપ્રત ઉપરથી ઉતાર્યું.

જૂનું તિરથ જગ જાણીઈં, મહિમા મોટો રે જાસ; જિ૦
યાત્રા કરંતાં હો શ્રી જિનરાજની, સફલ ફલી મનઆસ. જિ૦
શ્રી૦ (૯)

તપગચ્છપતિ શ્રી **ધમ્મર્સૂરેન્દ્ર**ના, ચરણ સેવક ઉવજ્ઝાય; જિ૦
ભાવેં શ્રી **સંખેશ્વર** પાસના, **રાજવિજય** ગુણ ગાય. જિ૦
શ્રી૦ (૧૦)

[૬૮]

શ્રી વિજયાનંદસૂરિ શિષ્ય વિરચિત

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ સ્તવન[૧]

પ્રણમીય પરમ ગુરુપાય મન ધરી શારદ માય,
જસ નામિ નવનિધિ થાય ગાયસ્યું તે જિનરાય;
ગાયસ્યું તે જિનરાય નાયક **સંખેસર** પુર વર ધણી,
શ્રી વિજયાણંદસૂરિંદ સેવક ભણૈ ચિંતિત સુરમણિ. (૧)
સુરમણિ સુત પરિવાર સૂરિજન સુજન જનસાર,
સુવિણય વિણેય નિવાર તું દીઈ જગદાધાર;
તું દીઈ જગદાર જિનવર **સંખેસર** જિન પાસ એ,
શ્રી વિજયાણંદસૂરિંદ સેવક કહે પૂરે આસ એ. (૨)
અશ્વસેન નરવરવંસ આકાસ ભાસન હંસ,
નતસુર સુરેસવતંસ વર વિબુધરચિત પ્રસંસ;
વર વિબુધ રચિત પ્રસંસ સામી સેવતાં સુખ પાઇઈં,
શ્રી વિજયાણંદસૂરિંદ સેવક ભણૈ પ્રભુ મન ધ્યાઇઈં. (૩)
ધ્યાઇઈં મનહ મઝારિ નિદ્રા પ્રમાદ નિવારિ,
સત્ત એકર્નિ આઠવારિ પ્રહ ઊઠી ભગતિ ઉદારિ;

---

૧ પાટણની મુ. જસવિજયજીના ભંડારની હસ્તપ્રત ઉપરથી ઉતાર્યું.

પ્રહ ઊઠી ભગતિ ઉદાર સુંદર સંખેસર જિન જે જપે,
શ્રી વિજયાણુંદસૂરિંદ સેવક કહેં ત્રિભુવન તે તપે. (૪)

તે તપે ત્રિભુવન માંહેં દિન દિન વધે ઉચ્છાહિ,
તે તરી ભવજલમાંહે જે ગ્રહ્યા તેં નિજ બાંહિ;
જે ગ્રહ્યા તેં નિજ બાંહિ સાહિબ તેહને નરપતિ નમેં,
શ્રી વિજયાણુંદસૂરિંદ્ર સેવક ભણે દોહગ ઉપસમેં. (૫)

ઉપસમિ અતિ ઉત્તમ પરબત પરેં તનુ ચંગ,
મદ મારિ લોલુપ ભૃંગ જે કરી કોપ અભંગ;
જે કરિ કોપ અભંગ મહામૃગ સમોવડિ તે લહે,
શ્રી વિજયાણુંદસૂરિંદ સેવક કહે પ્રભુ મન જે વહે. (૬)

જે વહે કોપ પ્રચંડ પૂંછ છટા ઉદ્દંડ,
કરિ કલભ સુંડા દંડ સહસા કરે સતખંડ;
સહસા કરે શતખંડ જિનવર સિંહ બીહ તે નવિ કરે,
શ્રી વિજયાણુંદસૂરિંદ સેવક ભણે પ્રભુ મન જે ધરે. (૭)

જે ધરે ગયણસ્યું વાદ વાજી સમી રસ નાદ,
સવિ જીવ કરતા સાદ નાસે તજી ઉનમાદ;
નાસે તજી ઉનમાદ જેહથી દાવાનલ જલ તે ગણે,
શ્રી વિજયાણુંદસૂરિંદ સેવક કહેં પ્રભુ મુખ જે ભણે. (૮)

ભણે વદન કુંકુંકાર દો જીહ જિસિ અસિધાર,
ભીષણ નયણ વિકાર જે રીસનો ભંડાર;
જે રીસનો ભંડાર ફણિધર સિંદરા સરિખો હૂઈ,
શ્રી વિજયાણુંદસૂરિંદ સેવક ભણે પ્રભુ જેહને જૂઈ. (૯)

જેહનેં જૂઈ દેવિંદ જિહાં ભડિ સિંધુરવૃંદ,
થરહરે પેખી મંદ નાસે સુભટ આણુંદ;

નાસે સુભટ આણુંદ જિણિરણિ તિહાં જયલચ્છી વરે,
શ્રી વિજયાણુંદસૂરિંદ સેવક કહે પ્રભુ મન સાંભરે. (૧૦)
સાંભરે માય અને તાય અતિચંડ વાજેં વાય,
કલ્લોલ લોલ નિકાય ઉછલી ગયણસ્યું ધાય;
ઉછલી ગયણસ્યું ધાય જલનિધિ **સંખેસર** જિન જાપ એ,
શ્રી વિજયાણુંદસૂરિંદ સેવક ભણે ટલૈ સંતાપ એ. (૧૧)
સંતાપ કારક જેહ ખસ સ્વાસ ને પરમેહ,
ગડ ગુંબડાદિક દેહ પાસ નામ ઔષધ તેહ;
પાસ નામ ઔષધ તેહ રોગા વેગથી નાસેં સહી,
શ્રી વિજયાણુંદસૂરિંદ સેવક કહે તસ આપદ નહીં. (૧૨)
નહિ કો જિહાં આધાર ગિરિ દરી ગુહીર અંધાર,
વટ કુટ નેં સહકાર જનનો નહિ સંચાર;
જનનો નહિ સંચાર જિણિ વનિં ચોર મિત્ર થઈ મિલૈ,
શ્રી વિજયાણુંદસૂરિંદ સેવર ભણૈં તસ એ ભય ટળૈ. (૧૩)
ભય ટળે આઠેં એહ સમરંતાં શ્રી જિનનેહ,
કલ્યાણ કમલા ગેહ નવજલધરોપમ દેહ;
નવ જલધરોપમ દેહ જેહનું નાગ લંછણ સોહએ,
શ્રી વિજયાણુંદસૂરિંદ સેવક કહૈં ત્રિભુવન મોહએ. (૧૪)
મોહન **સંખેસર** ગામ દીપે જિહાં પ્રભુ ધામ,
મિલી સંઘ આવેં સ્વામી તુજ ભેટવાને કામ;
તુજ ભેટવાને કામ અંગિ જેહને ઉલટ થયો,
શ્રી વિજયાણુંદસૂરિંદ સેવક ભણૈં ત્રિભુવન તે જયો. (૧૫)
તે જયો ત્રિભુવન દેવ જિણ લહી તુમચી સેવ,
મુજ મન એહ જ ટેવ સેવા કરું નિતમેવ;

સેવા કરું નિતમેવ તાહરી એટલી મુજ મનરલી,
શ્રી વિજયાણુંદસૂરિંદ સેવક કહે સેવું વલી વલી. (૧૬)
વલી વિનવું જિનરાજ મન માંહિ આણે આજ,
દરિસન દીયો મહારાજ પૂરવો વંછિત કાજ;
પૂરવો વંછિત કાજ માહરાં વામાનંદન સુંદરુ,
શ્રી વિજયાણુંદસૂરિંદ સેવક ભણૈં વંછિત સુરતરુ. (૧૭)

(કલશ)

ઈય ધરણિ પઉમાવઇય સેવીય સંખેસર જિનનાયગો,
મઈ પરમ ભક્તિ જહાસક્તિં સંથુઓ સુહદાયગો;
તવગચ્છગયણદિવાયરોવમ સિરિ **વિજયાણુંદસૂરીસરો,**
તસ સીસ કહેં જે ભણે ભાવેં કુસલ કમલા તે વરો.

ઇતિ શ્રી શંખેશ્વરપાર્શ્વનાથ સ્તવન લિખિતં સંવન્નિધિનગસંયમવર્ષે.

[૬૯]

શ્રી લક્ષ્મીવિજયજીવિરચિત

શ્રી શંખેશ્વર પાર્શ્વજિન સ્તવન×

શ્રી સંખેશ્વર પાસજી, અલબેલા જિનવરજી,
ત્રેવીશમો જિનરાજ રે, વાલો મારો એહી રે જિનવરજી;
ત્રેવીશ વિષય દૂરે કરી અલબેલાજી, ત્રેવીસ સૂયઘડ જાણઈ. વા૦ (૧)
અસંખ પ્રદેશ નીરમલા કરી અલ૦, ગુણ અનંતની ખાણ રે; વા૦
તેહમાં આઠ મોટા કહ્યા અલ૦, અષ્ટમી ગતિ દાતાર રે. વા૦ (૨)
જ્ઞાનાવરણીયે કરી અલ૦, જ્ઞાન અનંત જિણંદરે; વા૦
દસનાવર્ણી અભાવથી અલ૦, દર્શન દેખે અનંત રે. વા૦ (૩)

× પાટણની મુ. જસવિજયજીના ભંડારની હસ્તપ્રત ઉપરથી ઉતાર્યું.

વેદના કરમ દૂરે કરી અલ૦, અવ્યાબાધ સુખ થાય રે; વા૦
મોહની કરમને ટાલીને અલ૦, ખાયક ચારિત્ર ધાર રે. વા૦ (૪)
આયુ કરમના નાસ્યથી અલ૦, અક્ષય સ્થિતિ ભંડાર રે; વા૦
નામ કરમના નાસ્યથી અલ૦, અગુરુરૂપી પ્રગટાય રે. વા૦ (૫)
ગોત્ર કરમ ટાલી કરી અલ૦, અગુરુલઘુ જિનરાજ રે; વા૦
અંતરાય સવિ ટાલીયો અલ૦, અનંત વીરજ્ય ભગવંત રે. વા૦ (૬)
એમ અનંત ગુણ જાણીએ અલ૦, કેવલી પીણ ન કહાય રે; વા૦
જિન**ઉત્તમ**પદ સેવતાં અલ૦, સીવરૂ**પલક્ષ્મી**નિરધાર રે. વા૦ (૭)

[૭૦]

શ્રી દાનવિજયજીવિરચિત

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ સ્તવન*

પાસ સંખેશ્વર ભેટીયે સાહિબજી, જગગુરુ જગદાનંદ રે;
મન માન્યો જિણંદરાય તુમથકી સા૦, સંખેસર પુર મંડણો સા૦
વદન ઈંદ નરિંદો રે. મન૦ (૧)
અશ્વસેન કુલચંદલો સા૦, વામા માત મલ્હાર હો; સ૦
કમઠ હઠી મદ ગંજણો સા૦, ભંજણો કુમતિ કુઠાર હો. મ૦ (૨)
જાદવ જરા નિવારણો સા૦, સેવક જન સાધાર હો; સ૦
સમર્યા સાહાજ્ય દિયેં સદા સા૦, અડવડીયાં આધાર હો. સા૦ (૩)
સકલ દેવસિરસેહરો સા૦, નિલવરણ દ્યુતિ ધાર હો. સા૦
તનમનથી કરી સેવીયેં સા૦, ઉતરીયેં ભવપાર હો. સા૦ (૪)
કેસર ચંદન ઘોલીયેં સા૦, પૂજીયેં જિનવર અંગ હો; સા૦
દાનવિજયકહેં ભાવથી સા૦, પામેં તે સિવસુખ ચંગ હો. મ૦ (૫)

*પાટણની મુ. જસવિજયજીના ભંડારની હસ્તપ્રત ઉપરથી ઉતાર્યું.

[૭૧]

મુનિ દીપવિજયજી વિરચિત

શ્રી શંખેશ્વર પાર્શ્વજિન સ્તવન*

સાહેબા **શ્રીસંખેસર પાસજી**, પ્રભુજી ભવોદધિતરણ જહાજ;
સંદેશો સુણજો વામાનંદજી (આંકણી)
સાહિબા ધારક તારક બિરુદનો, પ્રભુજી અહો અહો ગરીબ નિવાજ.
સંદેશો૦ (૧)
સાહિબા અતીત ચોવીસીમાં વર્તતા, પ્રભુજી દામોદર ભગવંત; સં૦
સાહિબા તેસલી જીવ ગણધર તેણે, પ્રભુજી બિંબ ભરાવ્યો ગુણવંત.
સં૦ (૨)
સાહિબા ધ્યાન ધર્યું જબ આપનું, પ્રભુજી **સંખેસર** રાય; સં૦
સાહિબા પ્રગટ થયા પાતાલથી, પ્રભુજી વિઘ્ન હર્યા સહુ જાય.
સં૦ (૩)
સાહિબા જન્મમરણ ભય સવિ હરો, પ્રભુજી તો એ ઉપદ્રવ કુણ માત્ર; સં૦
સાહિબા ઈંદ્ર ચંદ્ર નાગિંદ્રથી, પ્રભુજી રૂપ અનંતગણું ગાત્ર.
સં૦ (૪)
સાહિબા પ્રાતિહાર્ય સવિ સુંદરુ, પ્રભુજી શોભિત ગુણવૃંદ; સં૦
સાહિબા સુરપતિ નરપતિ મુનિવરા, પ્રભુજી સેવિત પદઅરવિંદ.
સં૦ (૫)
સાહિબા અહોનિસ પદકજ સેવના, પ્રભુજી ચાહું છું દરિસ દેદાર; સં૦
સાહિબા **દીપવિજય** કહે દીજીયેં, પ્રભુજી તુમ દરિસણ સુખકાર.
સં૦ (૬)

---

* "જૈન પ્રબોધ" પુસ્તક, ભાગ પહેલામાંથી ઉતાર્યું.

[૭૨]

રૂપવિબુધશિષ્ય મોહનવિજયજી વિરચિત

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ સ્તવન*

(ઓલે પડવે સસરો સૂતો, પહેલે પડવે માજી–એ દેશી.)

રહેને રહેને અલગી રહેને, હાંજી કાંઇ કુમતિ પડી છે કેડે;
હાંજી કાંઈ તુજ દૂતિને કોણ તેડે. અલગી૦
હાંજી તું મુજને શાને છેડે. અલગી૦ (૧)

તેં મુજ મોહ મહામદ પાયો, તેણે હું થયો મતવાલો;
તૃષ્ણા તરુણી આણી પેલી, વચમાં કરીય દલાલો. અ૦ (૨)

કામ નટવો તું તેડી આવી, તેણે પણ માંડી બાજી;
મિથ્યા ગીત તણે ભણકારે, મુજને કીધો રાજી. અ૦ (૩)

નરક નિગોદ તણા મંદિરમેં, પાતક પલંગ બિછાયો;
મુજને ભોલવી ત્યાં બેસાડયો, પણ સુમતિએ સમજાવ્યો. અ૦ (૪)

તવ મેં મદિરા છાક નિવારી, સમકિત સુખડી ચાખી;
ઉપશમરસ સુધારસ પીધો, ચિત્તે ચેતનતા રાખી. અ૦ (૫)

શ્રી **સંખેસર** ચરણ સરોરુહ, લાગી ધ્યાનની તાલી;
રૂપવિબુધનો મોહન પભણે, જિનગુણ સૂત લટકાળી. અ૦ (૬)

---

* શ્રી જ્ઞાનપ્રસારક મંડળ, મુંબઇથી પ્રકાશિત 'શ્રી પંચપ્રતિક્રમણ સૂત્ર'ની ચોપડીમાંથી ઉતાર્યું.

[૭૩]

શ્રી જ્ઞાનવિમલસૂરિવિરચિત

શ્રી શંખેશ્વર પાર્શ્વજિન સ્તવન *

પાસ જિન ગાઇએ; જિણંદ ગુણ ગાઈએ;
શ્રી સંખેસર જિનરાય, જિણંદ ગુણ ગાઈએ. (૧

કમઠ હઠી હઠ ભંજણો રે, રંજણો રે જગત આધાર;
મંગલવેલી વધારવા, પ્રભુ નવ પુષ્કર જલધાર. જિ૦ (૨)

ત્રિભુવન તિલક સમોવડો રે, દીપે તું જિન ભાણુ;
યાદવ જરા નિવારણો, પ્રભુ ભાવ મનોગત જાણુ. જિ૦ (૩)

તુમ્હ પદ પૂજે પ્રેમસ્યું રે, તસ પાતિક દૂરે પલાય;
અષ્ટ મહાસિદ્ધિ સંપજે, પ્રભુનામે નવનિધિ થાય. જિ૦ (૪)

જલણે જલંતો ઉગારિઓ રે, નાગ તે નાગકુમાર;
ઇંદ્ર તણે પદ થાપીઓ, પ્રભુ એ તારો ઉપગાર. જિ૦ (૫)

પુરિસાદાણી પાસજી રે, પાવન પરમ કૃપાળ;
જગજીવન જગવાલહો, પ્રભુ શરણાગત પ્રતિપાળ જિ૦ (૬)

સુરનર માનવ દાનવા રે, સારે તોરી સેવ;
જ્ઞાનવિમલ કહે જગતમાં, પ્રભુ તુંહિ જ દેવનો દેવ. જિ૦ (૭)

+ નં. ૭૩ થી ૭૯ સુધીનાં શ્રી જ્ઞાનવિમલસૂરિજીએ રચેલાં સાતે સ્તવનો શ્રીયુત શેઠ જમનાભાઈ ભગુભાઈ, અમદાવાદથી પ્રગટ થયેલ "પ્રાચીન સ્તવન રત્નસંગ્રહ" ભાગ પહેલામાંથી ઉતાર્યાં છે.

[૭૪]

શ્રી જ્ઞાનવિમલસૂરિરચિત

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ સ્તવન

(રાગ—વાલ્હેસરની દેશી)

પાસ **શંખેશ્વર** ભેટીયે રે લોલ, એ વિઘ્ન વિકાર રે વાલ્હેસર;
અદ્‌ભુત કીર્તિ કળિયુગે રે લોલ, ભવિજનને આધાર રે. વા૦
પાસ૦ (૧)

દેશ દેશના જન ઘણા રે લોલ, યાત્રા કરવા કાજ રે; વા૦
આવે અતિ ઉલટ ભર્યા રે લોલ, લેઇ લેઇ પૂજ સમાજ રે. વા૦
પાસ૦ (૨)

નવરંગી આંગી રચે રે લોલ, ભવિ અંગે ધરી ભાવ રે; વા૦
એહિ જ ભાવના ભાવતાં રે લોલ, ભવજલ તરવા નાવ રે. વા૦
પાસ૦ (૩)

કમઠ હઠી હઠ ભંજણો રે લોલ, રંજણો જગ જન ચિત્ત રે; વા૦
સાથ મિલ્યો હવે તાહરો રે લોલ, કીધો જન્મ પવિત્ત રે. વા૦
પાસ૦ (૪)

વામાનંદના વાલહા રે લોલ, પ્રભાવતીના નાથ રે; વા૦
જ્ઞાનવિમલ ગુણ બાંહ્યથી રે લોલ, અહીને કરી સનાથ રે. વા૦
પાસ૦ (૫)

[૭૫]

શ્રી જ્ઞાનવિમલસૂરિવિરચિત

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ સ્તવન

દરિસણ દ્યોજી દ્યોજી દ્યોજી, **શંખેશ્વર** સાહિબ દરસણ દ્યોજી;
ત્રિભુવનના નાયક દરિસણ દ્યોજી, મ્હેં છા તુમપદના પાયક દરિ૦
જિમપ્રકટે સમકિત ક્ષાયક, દરિ૦ (એ આંકણી)
આશ કરી ઉમાહ્ય ધરીને, અલગાંથી અમે આવ્યા;
મહેર ધરી જો દરસણ આપો, તો અમે સવિ સુખ પાયા. દરિ૦ (૧)
એકણુ ચિત્તે શુભ વિધિ રીતે, અવિચલ પ્રીતિ ધ્યાતા;
ગતિ મતિ થિતિ છતી તુંહિ તુંહિ, ઈમ બહુ વિધ ગુણજ્ઞાતા. દરિ૦ (૨)
લોચન લીલે અનુભવ શીલે, ખલક પલકમેં તારી;
તો એવડી શી ઢીલ કરો છો, આજે અમારી વારી. દરિ૦ (૩)
દરિસણથી દર્શન હુએ નિર્મળ, દર્શન ગુણ પણ આવે;
દર્શન મુદ્રા તેહી જ શુદ્ધિ, ત્રિકરણ તુમ ગુણ ગાવે. દરિ૦ (૪)
જ્ઞાનવિમલ લીલાએ જાણો, વાત અમારી સ્વામી;
તુમ આણા અનુસારે સાચું, એ પ્રતીત મેં પામી. દરિ૦ (૫)

[૭૬]

શ્રી જ્ઞાનવિમલસૂરિવિરચિત

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ સ્તવન

(રાગ વાલ્હેસરની-દેશી)

પ્રભુજી પાસ સંખેશ્વરો રે લોલ, ભેટયે ભવ ભય જાય રે જિણંદરાય;
દીન દયાકર ઠાકુરા રે લોલ; નિરખ્યે હરખિત થાય રે.
જિણંદરાય. પ્રભુ૦ (૧)

મહિયલમાં મહિમા ઘણો રે લોલ,તાહરો અગમ અપાર રે જિણંદરાય;
વચન ગુણે કહેવા થકી રે લોલ, કુણ પામે તસ પાર રે
જિણંદરાય. પ્રભુ૦ (૨)
નવનિધિ ઋદ્ધિ સિદ્ધિ સંપદા રે લોલ, આવી માહરે હાથ રે જિણંદરાય;
અંતર અનુભવ જે લહ્યો રે લોલ, તેહ સુખનો કોણ સાથ રે
જિણંદરાય. પ્રભુ૦ (૩)
તાહરે માહરે પ્રીતડી રે લોલ, લૌકિક રીતિ ન હોય રે જિણંદરાય;
જેહ અભેદપણે રહે રે લોલ, અવર ન એ સમ કોય રે
જિણંદરાય. પ્રભુ૦ (૪)
અશ્વસેન નૃપ કુલ જલધિમાં રે લોલ, વિધુસમ વામાનંદ રે જિણંદરાય;
જ્ઞાનવિમલગુણ વાધતા રે લોલ, હોવે પરમાનંદ રે
જિણંદરાય. પ્રભુ૦ (૫)

[૭૭]

શ્રી જ્ઞાનવિમલસૂરિવિરચિત

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ સ્તવન

સમતા રાણીના વાલિમ છો રસિયા, આપ ગુણે છકે છકીયા;
મેં હું તુમ્હારે હાજર નજરે, તુંહિ જ મેરે મન વસીયા. સ૦ (૧)
હું તુમ્હ ચાહું ગોદ બિછાઉં, પ્રેમકી કસવટી કશિયા. સ૦ (૨)
આતમકંતા તું મતિવંતા, નિરખિત રોમ ઉલ્લસિયા. સ૦ (૩)
તેરી દોલત અક્ષય સ્વભાવે, દેખી મોહાદિક અરિ ખસીયા. સ૦ (૪)
તુમ્હ આણા વિણું તેવે કાંઈ, ભાગ અસંખ બદામ. સ૦ (૫)
તે ખસિયા પરે હાથ ઘસે નર, દુઃખ લહે જેમ ગદ પામ. સ૦ (૬)
પાસ **શંખેશ્વર** પરતા પૂરણ, પુહવીએ દશશત ધામ. સ૦ (૭)
જ્ઞાનવિમલ પ્રભુ સંગતિ એહી જ, લાખકોડિનિધિ દામ. સ૦ (૮)

[૭૮]

શ્રી જ્ઞાનવિમલસૂરિવિરચિત

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ સ્તવન

(આવો અમચે દેશ સોભાગી–એ દેશી)

આવો અમચે ચિત્ત સોભાગી, જિનજી આવો અમચે ચિત્ત;
ત્રિભુવનજનના ચિત્ત સોભાગી, આવો૦ (એ આંકણી)
સુખકર શ્રી સંખેશ્વર નામે, નવનિધિ ઋદ્ધિ સંપત્તિ; સો૦
સુરવર દાનવ માનવ નાયક, પાયકપરે પ્રણમંતિ. સો૦ આવો૦ (૧)
કામિત દાયક નાયક ભવિનો, સુરતરુ અધિક પ્રભાવ; સો૦
ભવજલનિધિને તરવા હેતે, નિરુપમ તુમ પદ નાવ. સો૦ આવો૦ (૨)
પુરિસાદાણી ગુણમણિખાણી, રાણી વામાનંદ; સો૦
અવનીતળમાં અનોપમ દીસે, મહિમાનો માકંદ. સો૦ આવો૦ (૩)
નીલવરણ તનુ નવકર માને, અશ્વસેન નૃપ તાત; સો૦
યાદવ જરા નિવારણ તુંહી, એ મહા અવદાત સો૦ આવો૦ (૪)
આણ વહું અહનિશ તુમચી, એહી જ પરમ નિધાન; સો૦
જ્ઞાનવિમલથી સકલ ભવિનો, ભાવ લહો ભગવાન. સો૦ આવો૦ (૫)

[૭૯]

શ્રી જ્ઞાનવિમલસૂરિવિરચિત

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ સ્તવન

(તાપી નાહ્યાનું પુણ્ય–એ દેશી)

એહિ જ ઉત્તમ કામ, બીજું મને કાંઇ ન ગમે;
સુકૃત કમાઇ ફલપત પાઈ, પામું પ્રભુનું નામ. બીજું૦ (૧)

ધન પખવાડો ધન તે દહાડો, ધન તે ઘડી લયજામ; બીજું૦
સાર સંસારમેં એહી જ જાણું, જે જપિયે જિનનામ. બીજું૦ (૨)
ધન તે ગામાગરવર પટ્ટણ, પુર સંબાધન ઠામ; બીજું૦
તેહિ જ ભુવન વિમાન અમાન ગુણ, જિહાં હોય જિણવર ધામ.
બીજું૦ (૩)
કષ્ટ ક્રિયા સવિ તુમ વિણ નિષ્ફલ, જ્યું ગગને ચિત્રામ; બીજું૦
જે તુમ ચ્યાર નિક્ષેપે ધીઠા, કરણી તસ સવિ વામ. બીજું૦ (૪)
તુમ આણા વિણુ તેવે કાંઈ, ભાગ્ય અસંખ બદામ; બીજું૦
તે ખસીયા પરે હાથ ઘસે નર, દુ:ખ લહે જિમ ગદ પામ.
બીજું૦ (૫)
પાસ **સંખેસર** પરતાપૂરણ, પુહવિયે દશશત ધામ; બીજું૦
જ્ઞાનવિમલ પ્રભુ સંગતિ એહી જ, લાખ કોડી નિધિ દામ.
બીજું૦ (૬)

[૮૦]

પં. નયસાગરશિષ્ય પં. ચારિત્રસાગરરચિત

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ સ્તવન*

ઐંદ્રપદપ્રિયરૂપભૂપરંજનવચનામૃત,
બ્રહ્મસુતે મમ દેહિ દેહિ વસુધાધવવંદિત;
સંખેસરપુરવાસ વાસ પાસપ્પહૂ,
થુણસ્યું ભત્તિભરેણ તેણ વયણેં અવતરિ લહૂ. (૧)

---

* આગરા શ્રી. વિજયધર્મલક્ષ્મી જ્ઞાનમંદિરની હસ્તલિખિત પ્રત ઉપરથી ઉતાર્યું.

ચઉદસ રજ્જુ પમાણુ લોઅ તસ રેણુ પમાણું,
કો વિ ગણેં તેસિ વિભજ્જ ખંડગ પરિમાણું;
લોઅગ્ગંમિ વિલગ્ગ સિદ્ધ વગ્ગાણુલિહાણું,
જાણેં કોઇ અણંતનાણુદંસણુગુણુઠાણું. (૨)

સંખાઈ અસમુદ્દ રુંદદગબિંદુમવિજ્જઇ,
જેણુ સેયંભૂરમણુ સિંધુજલ જીવ ગણિજ્જઇ.;
કેવલનાણુ બલેણુ તેણુ વયણેં વન્નિજ્જઇ,
તહ વિહૂ જિણુગુણુ વારપાર પાર ન પામિજ્જઇ. (૩)

જે ગિરિ ગહ્વર વિસમ ભૂમિ જંઘાલ ન લંઘઇ,
પંગુ પતંગ વિભંગ અંગ તે કિમ ઉલ્લંઘઇ;
જત્થ મહારથ ધીર વીર સમરંગણિ નાસઈં,
તત્થ કહૂં કિમ કાયરેણુ રહિઇ ઉલ્લાસઇં. (૪)

તિમ મહતીક મહંત જેહ પુરિસુત્તમ પંડિત,
તે પુણુ જિણુગુણુ થુણુણુ સત્તિ લહંતિ અખંડિત;
તઉ મઇં નાહ અયાણુ નાણુ હીણુઇ કિમ થુણિઇં,
પૂરણુ તુહ ગુણુ તહ વિ ભત્તિપેરણુયા ભણિઇં. (૫)

કજ્જાકજ્જ વિભાગ માગ નવિ જાણેં સુંદર,
સત્તિઅસત્તિ વિચાર સાર ન કરેં તે નરવર;
જે નર નારીરાગરત્ત મયમત્ત પવત્તઇ,
કિં કિં નેહ કુણુંતિ તેહ મહિલા આસત્તઇ. (૬)

તિમ પૂરણુ પ્રભુચરણુ ભત્તિ સુદત્તી ઉ દેખ્યૌ,
પૂરવ પુણ્ણુ પવિત્ત પ્રીતિ પસયત્થી પેખ્યૌ;
હૂં પભણું ગુણુથુણુણુ કિં પિ **શંખેસર** પુરવર,
પાસ પુરંદર તુહ પસાય પામી પરમેસર. (૭)

વિજયાદિ વસઇં વિજયવંત વસુધાધવવાસવ,
જરાસંધ જીપી હૂઓ વસુદેવ સુધાસવ;
શ્રીપુરુષોત્તમ વાસુદેવ જસ પાસ પસાઇં,
તે પૂજઇં હરિ પાર્શ્વનાથ પ્રતિબિંબ સદાઇં. (૮)

પઉમાવઇ વયણાણુસારિ સિતપલ્લી ઠામૈં,
શંખેસર પુરવર મુરારિ ઠાવઇં ઇણિ નામઇં;
ગઢ મઢ મંદિર પોલિઓલિ તોરણિ ધોરણિયા,
કાણુ વણુ ઉજ્જાણુ ઠાણુ કંચન કોરણિયા. (૯)

જત્થ વસઇં વ્યવહારિવૃંદ વૃંદારક સુંદર,
ભોગ પુરંદર દાન માન સનમાન સદાદર;
સોના જલહર બિરુદધારિ ધીરત્તણિ મંદિર,
મીર હમીર ગભીર પીર વડવીર સહોદર. (૧૦)

સુકૃત સમુદ્ર તરંગ ચંગ ઉત્તંગ સુરંગઇ,
હરિ હરસિઅ કારાવિઊણુ સુખમા આલિંગઇ;
શ્રીજિનપુંગવ ભવન તત્થ પ્રભુ બિંબ સંઠાવઇ,
શ્રીશંખેસર પાર્શ્વનાથ નામૈં સુખ પામઇં. (૧૧)

જાસ પતાકા લહલહતિ અંબરિ ઉચ્છલતી,
બારવતી બયઠા મુરારિ દેખઇં સુખદિંતી;
લોક લાખ લોચન ચકોર ચંદ્રાતપ લહરી,
માનેં સફલ પ્રયાસ આસ આવાસઇં નૃહરી. (૧૨)

શ્રીચંદ્રપ્રભ સ્વામિ નામ અટ્ઠમ જિન વચનઇં,
આદિમ સુરભવનેં મહેંદ્ર પૂજઇં બહૂ રચનૈં;
હરિબંધવ સિરિનેમનાથ વારેં અનુરૂપઇં,
માનવલોક પવિત્ત કીધ પ્રભુજી પ્રતિરૂપઇં. (૧૩)

આજ લગેં તે દિવસ આદિ અતિસય બલવંત,
મહિમાવંત ભદંત સંત ભાવિત ભગવંત;
ભારતલગત ભવિક લોક કેરા પ્રભુનિબ્ભર,
પૂરેં વંછિઅ અત્થ સત્થ પરમત્થ પવિત્થર. (૧૪)

તે **શંખેસર પાર્શ્વનાથ** મૈ નયણેં દીઠો,
સરસ સુધારસ પૂર તૂર મધુર સ્વર મીઠો;
સફલ હુઓ મુજ મણુઅ જમ્મ જમ્મંતર સંચિઅ,
દૂરિ દુરિત દુરંત દુઃખ દલહુ અપવંચિઅ. (૧૫)

ફલ દલ પલ્લવ પટલ પૂર પૂરિઅ કપ્પદુમ,
મુજ ઘરિ અંગણિ અજ્જ સજ્જ પામ્યૌ અબ્ભુદ્દગમ;
ઉજ્જલ મુગતાફલ વિશાલ ધારઈ ધારાધર,
વૂઠો તૂઠો પાર્શ્વનાથ જઉ દીઠો સુહંકર. (૧૬)

હરસિઅ લોઅણ પુલકિ અંગ વિઅસિઅ કમલાણણ,
હસિઅ કપોલ વિશાલ ભાલ અપ્પિઅ અંજલિ પુણ;
કિં પિ ભણુ નિઅ ચિત્ત વત્ત વિન્નત્તી અવસર,
પામી સ્વામી નઇ હજૂર સેવાકર કિંકર. (૧૭)

પ્રણત સુરાસુર કોટિ કોટિ મુકુટદ્યુતિ મંડિત,
ચરણ નખચ્છવિ રસ તરંગ પરકાલિઅ પંડિત;
શ્રીશંખેસર પાર્શ્વનાથ ત્રિભુવન મન વારણ,
સુણિ વિન્નત્તી મહ મહેશ સેવય સુહકારણ. (૧૮)

એ ભવસાગર દુઃખલક્ખ લહરીનો આગર,
ભીમ ભયંકર ભૂત પ્રેત બોલ્યા બહુ નાગર;
પૂર્યો જન્મ જરાપમૃત્યુ જલભર કલ્લોલેં,
અતિ આસંગે એહ છેહ જાતાં તે બોલેં. (૧૯)

હું ભમિયો ભવ કોડિ કોડિ એ માંહિ પડિઓ,
રડવડિઓ ભડિઓ અખંડ આખડિઓ નડિઓ;
નરસુર નારય તિરિઅ નામ ચઉ ગઇ ગરિ ચટિઓ,
લ્હડથડિઓ દડ વડ કરંત કરતૂતેં ઘડિઓ. (૨૦)
વિષય કષાય વિશેષ દોષ જલચારી જીવેં,
કરડ્યૌ મરડ્યૌ સંપહૂત્ત એ નર દીવેં;
નિર્યામક નિકલંક એક સદ્ગુરુ મુજ મિલિઓ,
તસ ઉપદેશેં તૂંહિ સ્વામી તારક સાંભલિઓ. (૨૧)
તેં તારક તાર્યા અનંત અપરાધી ગાઢા,
અમ્હ વેલાં સાહિબ ઉદાસ કાં દીસો તાઢા;
ગિરિપક્ખાલણુ ભુવણુભરણુ ઘણુદાહ સમાવણુ;
ઘણ વરસંતિ કિં પિ લોઅ સમવિસમ ઘરંગણુ. (૨૨)
અશરણુશરણુ અનાથનાથ તિહૂઅણુ નયણુંજણુ,
નિ:કારણુ અવરોવયાર કરુણાઇ પરાઇણુ;
કુસુમંજલિ વાસઇ દોઇ દાહિણુ દાહિણુકર,
પુરિસાદાણી પાસનાહ તિમ કરહૂ નિરંતર. (૨૩)
સંમુહ મગ્ગણુ ધોરણીણુ સંમુહ જે થાઇં,
તેહ જ સૂરસુ વીર ધીર જગમાંહિં કહાઇં;
તિમ મહ મગ્ગણુમગ્ગિ અપ્પ પૂરો પરમેસર,
સાહસવંત શિરોવતંસ અવિચલ અલવેસર. (૨૪)
સેસપરિં નિજ સીસ ઇસિ તુજ આણુ ન રાખી,
સુંહિણેં પણિ ગુણ થુણુણ તુજઝ ન કર્યૌ પ્રિયભાષી;
તુજ પયપંકજ સેવ સેવ રેખેં નહૂ ચાખી,
તુજ મુખ સુખદાયક ન દીઠ તિહાં તુંહિ જ સાખી. (૨૫)

જે જે નાવેં આવઇણુ સાહસાણું સેણી,
નવ નવ ભવ દવ પલ્લવ ભૂમ ધૂમાવલિ વેણી;
તે તે જાણું કુણુ તેણુ અહિ નાણેં પણુઈ,
કમ્મે શુભાશુભ ફલ દિઅંત વારીજે જેણે. (૨૬)

કુણુ કુણુ કેરી લાલિપાલિ ન કરી મૈં નિ:ફલ,
કુણુ કુણુ આગલિ દીણુ બોલ બોલ્યા નહિ દુર્લભ;
કુણુ કુણુ કેરા ગુણુ વખાણુ અછતાઈ ન બોલ્યા,
કુણુ કુણુ ઘર આગલિ દયાલ જલકુંભ ન ઢોલ્યા. (૨૭)

તઉહિ ન કામહ કજ્જ સિદ્ધિ સંપત્તી કામિત,
સાહમું અભિનવ દુઠ્ઠ કઠ્ઠ મેં દિઠ્ઠ અચિંતિત;
કપ્પ કુહાડૈ ધોઅતાં કિમ હોઇ અખંડિત,
દધિ કાલિંગાહારવંત નર હૂવઇં કિમ પંડિત. (૨૮)

દસ અંગુલિ મુંહિ દેવિ દેવ વીનવીઇં વચ્છલ,
દુચ્છીઅ દીન દયાલ બાલ સાહમું દલિઅચ્છલ;
સરસ સુધારસ પૂરિ એહિ નયણેહિં નિહાલો,
પૂરવ પાપ વિપાક પંક સંતાપ પખાલો. (૨૯)

સકલ મનોરથસિદ્ધિ બુદ્ધિબલવૃદ્ધિ મહાબલ,
પુત્ર કલત્ર પવિત્ર મિત્ર સંયોગ સદા ફલ;
જિમહું પાવન પરમ પુણ્ય પદવી પણિ પાઓ,
શ્રીશંખેસર પાર્શ્વનાથ તોરા ગુણુ ગાઓ. (૩૧)

તુજ ઉપરિ મુજ અધિક રાગ રંગીલા લાગો,
દૂર થકી ઉજ્ઝાય આય તોરઇં પય લાગો;
હૂં ભગવંત ભમંત જંત મગ્ગં ભય ભાગો,
સંપ્રતિ કામિત પૂરણાય સાહિબજી જાગો. (૩૧)

બાલ દિવાકર બિંબ દેખી ચકવી–ચકવા કુલ,
જિમ હુવઈ અતિઉલ્લાસ હાસ લીલારસ સંકુલ;
તેહ થકી કોડિ ગુણુઈ વિશેષ જગદીસર મુજ મન,
પામઇ પરમાનંદ વૃંદ દીઠઇં તુજ આનન. (૩૨)

પુનિમચંદ ચકોરબાલ હરખઈ દેખંતો,
તિમ હું પામું સુખ વિશેષ તુજ મુખ પેખંતો;
મોર ચકોર કરંત મેઘનાદઇ જિમ નાચઈ,
તિમ મુજ મન તુજ ગુણ સુણંત મોહનજી માચઈ. (૩૩)

તું તો નાહ નિરીહ સીહ નિસનેહી લીહા,
માહરે મન તું એક તૂંહિ તૂંહિ જનિમિ દીહા;
કહૂ કિમ સ્વામી સેવયાણ ઇમ પૂગૈં ઈહિા,
તડ તડ તઈતાવડ કયાવિઠા હરે ઘણ્રેહા. (૩૪)

તાલી વાજૈં એક હાથિ કબહી બલ કરતાં,
એક પખી તો પ્રીતિ રીતિ વરતે જગ ફિરતાં;
તા કારણિં કરુણાનિધાન દિલ ભરી દિલ રાખો,
જાણી જગ વિવહાર સાર દરશન સુખ દાખો. (૩૫)

તાં ઉત્તંગ અભંગ મેરુતાં દુસ્તર સાગર,
તાં વડવાનલ જાલ જાલ વિકરાલ ભયંકર;
કજ્જ ગઈ તાં વિસમ સામિ મહતી કઅબીહ,
જાન પવનજેં ધીર વીર સાહસ–ધર સીહ. (૩૬)

સાહસિક સીમાપાલ તિમ તું જગિ જાણ્યો,
મેં પણિ તું બંભંડપિંડ ઉદ્દંડ પિછાણ્યો;
ત્રિભુવન પ્રભુતા સુભગ લોગ અવિચલ પદ જોગ,
તૂં તૂં મેં તો મોહિ દેઇ સુખસુખમા લોગ. (૩૭)

શ્રીસંખેસર પાર્શ્વનાથ સમરથ તુજ સરિખે,
નાથેં માથેં ગાજતેં ત્રિભુવન જન હરખેં;
અપરાં કેરી કરું આસ તઉ તૂંહિ જ લાજૈ,
મુજ માથેં તુજ હાથ નાથ સવિ સંપત્તિ છાજૈ. (૩૮)

રયણાયર સેવંત જંતુ જં હોઇ દરિદ્દહ,
લજ્જા સા રયણાયરસ્સ નહૂ હોઈ મણુસ્સ;
હત હમહ ઇત્થિ અંજન હોઈ તુહ પય સેવંતાં,
સા લજ્જા તુહ ચેવ દેવ નહૂ મોહિ મહંતાં. (૩૯)

કિં કિજ્જે મણિ મંત તંત જંતાઈ વિયારઇં,
કિં વા હરિહરવર વિરંચિ હેરમ્બ પયારઇં;
ચઉરક્ખર ઇગ 'પાગનાહ' ઇય નામ સરિજ્જે,
નિઅ ઘરવર ચઉરંગ સિદ્ધિ રિદ્ધિ હિં ભરિજ્જઈ. (૪૦)

સુરતરુ સુરમણિ કામકુંભ માહપ્પ મણોરમ,
સિરિ **સંખેસર પાસનાહ** નામક્ખર નિરુવમ;
જો સમરઇં વિસહરકૂલિંગમંતં વ નિરંતર,
તસ્સ મહાગહ દુટ્ઠ અટ્ઠ ભય ભંજે દુદ્ધર. (૪૧)

જિહાં સમરંગણિ સુહડ કોડિ દોડઇં દંતાલા,
શૂલ ત્રિશૂલ મહંત કુંભ કરવાલ કરાલા;
હય ગય રય બહૂ જોહ કોહ દુસ્સહ દલડંબર,
દેખી બીહેં પુષ્પદંત ન રહેં થિર અંબર. (૪૨)

ભીષણ ઘણ રણ તૂરપૂર વજ્જઇ ગયણંગણિ,
ગજ્જઇ જિમ ઘણઘોર જોર તુદ્દઈ ગુણ સીંગણિ;
કાયર કોડિ પડેં પરાંણ શ્રવણઈ રવ પડતાં,
પિક્ખવિ સુરવર શિર ધુણંતિ ઉદ્ભડ ભડ ભડતાં. (૪૩)

જિહાં જોધા તરસ્યા પ્રતીપ રુધિરાસવ પીઈ,
ભૂખ્યા ભડ તે પઇં ભિડાણ પિશિતાસવ લીઈ;
તિણિ રણિ જે જણ પાસનાહ નામકૂખર પાકર,
પહિરઈ વિહરઇ જગ જયંત તે જયલચ્છીવર. (૪૪)

(ઇતિ ૧ રણ ભય નાશ)

જિહાં ચઉરાસી વાયુ વાયુ વાયઈ સંવર્ત્તક,
જત્થ ફિરઇં બત્તીસ કોડિ સાઇણિ સંહારક;
તિમ હુઆ બત્તીસ ભેઅ અડવીસઈ ફુલ્લી,
હરિસા વાલય પમુહવાહિ આવલિ વિસવલ્લી. (૪૫)
મારુ અપિ તજ્જર જલંત દાવાનલ જલએ,
શંઘણિ વાઘણિ વેગવંત ફાલેં ઉપ્ફુલએ,
જાતિ અઢારઇં કોઢ પોઢ કોલ કલકલએ,
ગૂઢ જલોદર કંઠમાલ કાકોદર કલએ. (૪૬)
ગડ ગૂંબડ ભૂતડ પ્રચંડ ધૂંબડ ધડહડએ,
ભૂરિ ભગંદર ઉદર દુઃખ ઉંદર રડવડએ;
નયણ શ્રમણ વેઅણ કઠોર કુંજર જડફડએ,
ખુદ્દ ખયન ખસ ખાસ સાસ કાસકૂખડએ. (૪૭)
એ આઇ સબહૂ વિહ કુરોગ ભર સુણ અરણુઈ,
જે પડિઆ નડિઆ રડંત બહૂ જંતુઅ પુણ્ણે;
તે પીવૈ જો પાર્શ્વનાથ નામ સમરણામૃત,
વાહિ વિદ્દિત્ત સુદ્દિત્ત ગત્ત તે હૂંતિ પુણ્ણુન્નત. (૪૮)

(ઇતિ ૨ રોગ ભય નાશ)

પોઢા પર્વત ઉન્નતંગ મદમત્ત મત્તંગજ,
ઉનમૂલેં દઢ મૂલ રુંખ જિમ કોમલ નીરજ;

ઉલ્લાલિઅ કર કલકલંત કોપઇં જિમ રૂપઈ,
ધાવંતો આવંત દેખિ ખેચર પણિ કંપઈ. (૪૯)
જે ઉદ્દંક પ્રચંડ તુંડ દંતૂસલ મૂંસલ,
મંસલ પેસલ ઉગ્ર અગ્ર ખંડિઅ ભૂમંડલ;
તે કુંજર કાને ધરેવિ કિંકર પરિ કીજે,
સિરિ **સંખેસર પાસનાહ** જેણિં સમરીજે. (૫૦)

(ઇતિ ૩ ગજ ભય નાશ)

જે ગિરિ ગહ્વર કંદરાસુ માલ્હેં મલ્હપંતો,
ઘ્રૂરાકર્ણિત મેઘનાદ વાદઇં ગાજંતો;
કાસકૃખ નિચર ક્રૂર સૂર સૂઅર ચીતર ધુરિ,
જીવ વનેચર કરત રીવ ત્રાસઇં જેહનેં ડરિ. (૫૧)
મૂંસા ગયતાવિઅ સુવન્ન આવત્ત વિભીષણુ,
ઉભ્ભડ તડિદિવ તગતગંત લોઅણુ અતિ રોષણુ;
તે હરિણાધિપ હરિણબાલ લીલાઈ દમિઇં,
જેણેં પાસ જિણંદ ચંદ પદપંકજ નમિઇં. (૫૨)

(ઇતિ ૪ સિંહ ભય નાશ)

શૈલ ઇલાતલ બદ્ધમૂલ જસ ફૂંકે ફાટૈ,
ખેચર ભૂચર તિરિઅ કોઈ ન ચલે જસ વાટઈં;
મંત જડંત ન તંત જંત મણિબલ જસ ડંકે,
જીવાડેં નવિ ગરુડવંશ પણિ તિણિ આતંકે. (૫૩)
ગિરિ સિરિ છત્રાકાર જાસ ફણિ ડંબર દીપઈ,
થાવર જંગમ વિસ વિસેસ બલવત્તર જીપઇ;
મોટો મગર પરિં મૃદંગ મસ્તક મૂંછાલો,
આશીવિષ દષ્ટી વિશેસુ પહિલો પૂંછાલો. (૫૪)

કજ્જલકાલ કરાલકાય અંબર ઉચ્છલતો,
જીહા જુઅલી જલહલંત ફિરકાવેં ફિરતો;
તે વિસહર હરહાર હાર પરિ કંઠ ધરીજે,
જો સિરિ પાસ જિણંદ નામ વિજ્જા સમરિજ્જે. (૫૫)

(ઇતિ ૫ અહિ ભય નાશ)

પરધણુ હરણુ પરાણુ પાંણુ ઘણુ સોણિઅ પાણી,
નિઠુર દુઠ્ઠ અણિઠ્ઠ કઠ્ઠકારણુ જસ વાણી;
સુણુ અરણ્ય કઠોર ઘોર ભુજજોર દિખાંડે,
પંથિ વહંતાં પંથિ સાથ નરનાથ નસાડે. (૫૬)
લૂંટે કુટઇ કડકડંત આવે ઉચ્છલતા,
ભિલ્લ ભયંકર ભૂત દૂત યમના જિમ છલતા;
ચોર બકોર કરંત તેવિ તસ કિંકર થાઇં,
ધ્યાઇ જે પ્રભુ પાસનાહ ધરણેન્દ્ર સહાઈ. (૫૭)

(ઇતિ ૬ ચોર ભય નાશ)

જે દાવાનલ પજ્જલંત વનરાજી જાલેં,
પૂર પત્તન જે લાય થાઇ તે મંદિર બાલેં;
ફાર ફુલ્લિંગ તરંગ વેગિ જે જગિ સંહારઇ,
તે જલ શીતલ અનલ પાસ જાંણિ હુવે ત્યારઈ. (૫૮)

(ઇતિ ૭ અગ્નિ ભય નાશ)

પ્રલય પયોનિધિપૂર દૂર દુસ્તર મકરાકર,
જલધર જલભર અચલ મૂલ ભેદેં જે ભૂધર;
થરહર કંપે જંપ લોઇ નર તિરિઅ ભયાતુર,
તેહ મહાજલ પાસનાહ નામઈ ખેમંકર. (૫૯)

(ઇતિ ૮ જલ ભય નાશ)

એવં અટ્ઠ નિક્કિઠ્ઠ પુઠ્ઠ દુજ્જય ભયહર જય,
સાઇણિ ડાઇણિ રોસ દોસ સોસગ તિજગપ્રિય;
ભૂઅ પેઅ વેઆલ દુઠ્ઠ ગ્રહ રોગ વિહંડણ,
સિરિ **સંખેસર પાસનાહ** ભારહભૂમંડણ. (૬૦)
ઉજ્જલ લોઅણ દાણ દીધ અંધાણ ગુણાલય,
જન-મન રંજન વચન કીધ જે મોહ મહાશય;
રજ્જવિહીણ સુરજ્જસજ્જ પઈ નિમ્મિઅ જિણવર,
પુત્ત કલત્ત પવિત્ત કિત્તિ સંપત્તિ સુહંકર. (૬૧)
નમ્રાખંડલમૌલિ મૌલિમંડલ મિલિદુજ્જ્વલ,
પરિમલ પૂરિત વામ દામ મહિત ક્રમ જ્યામલ;
કમઠ મહાશઠ હઠ કુકઠ જાલણ જલણોવમ,
મમ સકલ વિ સિરિ પાસ આસ કામિત કલ્પદ્રુમ. (૬૨)
આણંદણ સિરિ આસસેણકુલકમલદિવાયર,
વામાદેવિ વિમલ કૂખિ રયણુજ્જલ જયકર;
પૂરણ પુણ્ણપભાવ પીઅ જીવણ જીલણ,
નવકરમાણ તણૂપમાણ માણવમણમોહણ. (૬૩)
સિરિ **શંખેસર પાસનાહ** મેં ભત્તિભરેણં,
વિન્નત્તઓ વિણએણ એમ હરિસેણ રસેણં;
પઉમાવે ધરણિંદ પાસ સુરવર સંસેવિઅ,
ઇહ ભવિ પરભવિ પૂરિ પૂરિ કવિજણમનવંછિઅ. (૬૪)

(કલશ)

તવગણ મંડણ **વિજયદેવ** ગુરુપટ્ટપ્રભાકર,
વિજયસિંહસૂરિંદ દોઈ પ્રતપો જિહાં રવિકર;
સિરિ **શંખેસર પાસનાહ** થુણિઉ કરુણાકર,
પંડિય **નયસાગર** વિનેય **ચારિત્ર** સુહંકર. (૬૫)

[८१]

શ્રી ઉદયરત્નવિરચિત

શ્રી શંખેશ્વર પાર્શ્વજિન સ્તવન*

આપ અરૂપી હોય કૈ પ્રભુ માહરા, જગતનાં જૂઈ રૂપ હો;
અકલ લીલા પ્રભુ તાહરી પ્રભુ માહરા, કુણ કલિ તુજ સરૂપ હો;
દેવમાં નગીનો માહરો, કેસરભીનો માહરો, ધ્યાનમાં લીનો
માહરો સાહિબો પ્ર૦, રતિ એક રૂપ દેખાડ હો. (૧)

વિશ્વમાં ગુણ વ્યાપી રહ્યા પ્ર૦, નિરગુણ નામ ધરાવિ હો;
અરાગી સહુ નિરાગી કરી પ્ર૦, એ મુનિ અચરિજ આવિ હો. દે૦ (૨)

નામ નિરંજન તાહરો પ્ર૦, પરગટ રૂપ પૂજાવિ હો;
લિખ્યો ન જાઈ કાગલિ પ્ર૦, તો કિમ દર્શ દિખાવિ હો. દે૦ (૩)

અચલ ચલાવ્યો નવિ ચલૈ પ્ર૦, જિહાંતિહાં તાણ્યો તાણુઈ હો;
ધરતાં નાવિ ધ્યાનમાં પ્ર૦, જગમાં જાય જયાય હો. દે૦ (૪)

બહુ રૂપે રમી રહ્યો પ્ર૦, રમતાંસ્યુ નહિ રાજી હો;
મનવિણ સહુ નામ ન હરિ પ્ર૦, એ સીમાડાં છઈ બાજી હો. દે૦ (૫)

પરમ પ્રભુતા ભોગવિ પ્ર૦, નિર્ધન નામ ધરાવિ હો;
દુનિયાની દેખી રહેં પ્ર૦, બેપરવાહી કરાવિ હો. દે. (૬)

સંખેસર પુર મંડણો પ્ર૦, વામનંદન દેવા હો;
ઉદય સદા સુખ આપીયૈ પ્ર૦, તુજ પયપંકજ સેવા હો.
દે૦ કે૦ ધ્યા૦ (૭)

---

* પાટણની શ્રી જસવિજયજીના ભંડારની હસ્તપ્રત ઉપરથી ઉતાર્યું.

[૯૨]

શ્રી લબ્ધિવિજયવિરચિત

શ્રી શંખેશ્વર પાર્શ્વજિન સ્તવન*

શ્રી સંખેસ્વરમંડણ પાસજી, ધરમિ તણા ધીર;
આતમ તણા મન ઘણા વસીયા, અરિહંત જિન વીર. (૧)
મણિ માણેક મોતી જડ્યાં, રતનેસર ધીર;
ભાલ તિલક તિહાં દીપતા, તેની મૂરત ધીર. (૨)
સમયસુંદર પ્રભુ ઈમ કહે, **સંખેસ્વર** સાચો;
જિન તીરથ જિન વિસ્તરી, પાતાલમાં જાસે. (૩)
જે દિન તે નર દેખસે, મહા દુઃખીયો થાસે;
દલ વાટે પડસે ઘણી, ખડતાલમાં જાસે; (૪)
ભલા ભલા નગર ભાજસે, મનખો અવટાસે;
ઉત્તમની લખમી વલિ, મધ્યમ ઘરે જાસે. (૫)
પાપીનો પોરો લોપસે, એકાકારજ થાસે;
મહિ પર્વત ડોલસે, ભયંકાર વરતાસે. (૬)
સોલ કલા સૂરજ ઊગસે, રવિ તાપ જ પડસે;
માનવી કષ્ટ પામસે, ભુંઈરા માંહે જાસે. (૭)
હલવા કરમિ જીવ ચેતજો, ધરમ ગાંઠ બંધાસે;
એહવું જાણીને જીવ ધારજો, મુગતિ ઠાંમ થાસ્યે. (૮)
શ્રી શેત્રુંજો સદ્દગુરુ, ભરત ક્ષેત્ર માંહી;
ભણ્યા ગણ્યાં વલિ સાધર્મી, દક્ષણ દેસે જાસે. (૯)
સુણો ચક્રવર્તિ દેવતા, પાંચમાના રે લોભી;
રાજ કરો જિનરાજનું, અંદ્રાસન કોપી. (૧૦)

*પાટણની મુ. શ્રી જસવિજયજીના ભંડારની હસ્તપ્રત ઉપરથી ઉતાર્યું.

ખતરીનું ખતરાવટ્ટુ, કુલમાં પેસી જાસ્યે;
સાવક વલી જિનધર્મનો, મિથ્યા ઉપદેસે. (૧૧)
ગઢનારે ડુંગર ડોલસે, સવા ગજ રહેસે;
સાડાબાર દોકડાની પુંજી વાલો, ધનવંત શેઠ કહેવાસે. (૧૨)
મહાકલિકાલ લોપસે, ઇંદ્રાસુરી રાય;
બુજીનેં જિનધર્મ આદરો, જય જયકાર થાસે. (૧૩)
સોનાના બિંબ તિલક તિહાં, વલિઆ ભગવંત;
આજ અરિહંત સમરતાં, મોટા જન પંથ. (૧૪)
સંવત સત્તર નેઉઆ મધ્યે, અષાઢ સુદિ બીજ;
પાસ **સંખેશ્વર** પૂજતાં, પોકે મન કેરી આસ. (૧૫)
લબ્ધિવિજય મુનિ ગાવતા, **ઉદયરત્ન**ની સાખે;
ભાવે ભવિયણ સાંભળો, ઇમ કવિયણ ભાખે. (૧૬)

[૮૩]

શ્રી અમરરત્નસૂરિવિરચિત

શ્રી શંખેશ્વર પાર્શ્વજિન સ્તવન×

સખી ચાલ્ય **સંખેસ્વરા** દેવ વદું, સવે વિઘનડાં દુખડાં દુરિ કંદુ;
જઉ દસમિ કલ્યાણક પોસ માસિ, પ્રભુ પ્રણમી આજ નમીઆ
નયર કાસી. (૧)
શ્રી અશ્વસેન કુલદેવી વામા, ××× કુખડી માડીઈ પૂજ કામા;
યસ્યુ રુઅડુ ગારુડી રત્નવાનિ, તસ દીપએ તે નવ હસ્તવાનિ. (૨)
સતી દેવ પરભાવતી નાયભાવ, કરી સારસિંણગાર વલી
ભિણું આવ્યું;
ભલાં ફૂલ અમૂલખ ભોગ લાવું, મહાપૂજ **સંખેસ્વરા**ની રચાવ્યું. (૩)

×પાટણની મુ. જસવિજયજીના ભંડારની હસ્તપ્રત ઉપરથી ઉતાર્યું.

તિહાં નમણુનઈ જરા દુરિ નાઠી, તુમ્હ દેવ દીઠઈ નાઠા પરાઠી;
તુમ્હ ભામણિ રે ભલી ભેટિ લાધી, તુમ્હ સેવતાં સુખની
વેલી વાધી. (૪)

તુમ્હ દરિસણ મુજ મતિ એહ બુદ્ધિ, તુમ્હ નામિ લહિઈ
પ્રભુ સકલ સિદ્ધિ;
તુમ્હ પાસ **સંખેસ્વરા** હર્ષપૂરઓ, તુમ વિનવું શ્રી
અમરરત્નસૂરિ. (૫)

[૮૪]

શ્રી રત્નવિજયજીવિરચિત

શંખેશ્વર પાર્શ્વનાથ સ્તવન

મંગલકારી **શ્રીશંખેસ્વર, પાર્શ્વનાથ** જગ જયવંતા;
વિઘ્નનિવારક ભવનિધિતારક, જય જય શિવકર ભગવંતા.
મંગલ૦ (૧)

જાદવ કુલની જરા નિવારી, નવણ નીરથી સુખકંદા;
મંત્ર મહાનવકાર સુણાવી, કર્યો ધરણપતિ મુખચંદા. મંગલ૦ (૨)

ધ્યાઇએ નિશદિન નિર્મલ, તુમ નામ શાંતિ સુખ દેનારા;
હાથ જોડી સંગાથ નાથજી, વિનવીએ દુઃખ દલનારા. મંગલ૦ (૩)

ચરણશરણ ભય મરણ નિહંતા, કરણ કોડ કલ્યાણ તણું;
ભવ્ય નાથ મમ હાથ ગૃહીને, કરો દાસ અરદાસ ભણું. મંગલ૦ (૪)

અમૃત સમ અમપર તુમ છાયા, ભવોભવ હોજો સુખકારી;
રત્ન રમણતા કરતાં એક દિન, શિવ લક્ષ્મી છે વરનારી. મંગલ૦ (૫)

[૮૫]

શ્રી પદ્મવિજયજીવિરચિત

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ સ્તવન*

(હો રાસ રમવા જાઉં રે વાહલા—એ દેશી)

સંખેશ્વર વંદો રે વંદો, ભવભવ કેરાં પાપ નિકંદો; સંખે૦
પુરિસાદાણી રે પાસ, સુરપતિ સિરખા જિહના દાસ. સંખે૦ (૧)
કમઠ હઠી હઠ વાર્યો, બલતો નાગ જઈ ઊગાર્યો; સંખે૦
નાગપતિ નાગ કીધો, એ જગમાં જસવાદ પ્રસિદ્ધો. સંખે૦ (૨)
ઈમ ઉપાય કરી પોતેં, તાર્યાં નરનારી સહુ જોતે; સંખે૦
તારક સાંભળી રે નામ, હું પણિ આવ્યો તાહરે ઠાંમ. સંખે૦ (૩)
ઓલગૂ જો રહી જાય, એ કુંણ ન્યાય કહો કહેવાય; સંખે૦
સેવક કહો એક વાર, તો સવિ સીઝેં કાજ ઉદાર. સંખે૦ (૪)
સાહિબનો જસેં, સેવકનું પણિ કાજ સુધારસેં; સંખે૦
એક પંથ દોય કાજ, એહવું કુણ ન કરે મહારાજ. સંખે૦ (૫)
વીસલનગરના સંઘ સંઘાતેં, દિનદિન અતિ ઉચ્છરંગ તે થાતે; સંખે૦
સંવત અઢાર ચોત્રીસા વરસે, યાત્રા કીધી અતિ ઘણું હરખે. સંખે૦ (૬)
માગસીર વદિનો સાર, પાંચમો દિન શુક્રવાર; સંખે૦
દુરલભ દરિસણ રે દીઠું, જિમ જોઇયે તિમ લાગે મીઠું. સંખે૦ (૭)
વિરહ મ થાજો રે સ્વામી, ફિરી ફિરી માગું તુજ સિરનામી; સંખે૦
ઉત્તમવિજયનો સીસ, **પદ્મવિજય** કહે પૂરવો જગીસ. સંખે૦ (૮)

---

* પાટણના શ્રી જસવિજયજીના ભંડારની હસ્તપ્રત ઉપરથી ઉતાર્યું.

[८६]

શ્રી કાંતિવિજયજીવિરચિત

શ્રીશંખેશ્વર પાર્શ્વનાથ સ્તવન×

(નયડીની દેશી)

તત થેઈ તત થેઈ રાજ નાચે રે, ઇંદ્રાણી ગાઇં જિન ગુણ ભાસ;
મારા સાંઇ છોજી રાજ, પૂજો રે ભાવસ્યું ભવિ **શંખેસર** પાસ. (૧)
ત્રિવિધ પૂજા રે ત્રિહું ટંક કરે સાર; વાજે રે નોબત ભેરી ઘંટ
ઝણુકાર. મા૦ (૨)
સંઘ બહૂલા આવે પ્રભુ દરબાર; ગાય રે નાચે રે કરે થેઇ
થેઈકાર. મા૦ (૩)
કેસર કુસુમ અગર ઘનસાર; દીવો રે મંગળ ફલ નીવેદ
ઉદાર. મા૦ (૪)
અક્ષત ધૂપ પત્ર શુદ્ધ જલધાર; કરે રે પૂજા ભવિ આઠ
પ્રકાર. મા૦ (૫)
અતીત ચોવીસી દામોદર દેવ, વારે રે આશાઢેં થાપ્યા પાસ
સ્વયમેવ. મા૦ (૬)
ઈંદ્ર ચંદ્ર ધરણેન્દ્ર પૂજી જેહ; આણી રે માધવે મૃત્યુલોકે
ધરી નેહ. મા૦ (૭)
નમણુ જલે જરા કુષ્ટ જ્વર જાય; પૂજે રે ક્ષાયિક ભાવે શિવ સુખ
થાય. મા૦ (૮)
પ્રેમેં નિહાલી **કાંતિ** જિનની સુભક્ત, વાજે રે તસ ઘર જીત જસ
નોબત. મા૦ (૯)

× પાટણની મુનિરાજ શ્રી જસવિજયજી મહારાજના ભંડારની એક હસ્તલિખિત પ્રત ઉપરથી ઉતાર્યું અને રાધનપુરના શ્રી વિજયગચ્છના જ્ઞાનભંડારની હસ્તલિખિત પ્રત સાથે મેળવ્યું.

[૮૭]

શ્રી મલુકચંદવિરચિત

શ્રી શંખેશ્વર પાર્શ્વજિન સ્તવન*

(તું ત્રિભુવનમાં દીવો, ધરમજિન તું ત્રિભુવનમાં દીવો—એ દેશી)

શંખેશ્વર પાસજિન વંદો, ભવિક જન શંખેશ્વર પાસ જિન
વંદો; ભવિ૦
સૂરત મંડન દુરિત વિહંડન, એહ સાહેબ ચિર નંદો. ભવિ૦ (૧)
અશ્વસેનકુલગગનદિણયર, વામા કુંખે કજ ચંદો; ભવિ૦
નીલકમલદલ નવકર કાયા, સેવત લંછન ફણિંદો. ભવિ૦ (૨)
પ્રભુ મુખ દીઠે તિરિય ગતિ છેદી, પદ પાયો ધરણિંદો; ભવિ૦
જિનપડિમા જિનવર સમ ભાવત, પાવત પરમાનંદો. ભવિ૦ (૩)
અશુદ્ધ પૂંજ વિકલ્પને છાંડે, પ્રગટ્યો સમરસ કંદો; ભવિ૦
શુદ્ધ સ્વરૂપી સહજાનંદી, ધ્યાવો અસંગ અફંદો. ભવિ૦ (૪)
સંવત અઢાર છેંતાલે માધવ, સિત દશમી જિન વંદો; ભવિ૦
પંડિત **વીરચંદ** કૃપાથી, **મલુકચંદ** દુઃખ છંદ્યો. ભવિ૦ (૫)

[૮૮]

શ્રી રંગવિજયજીવિરચિત

શ્રી શંખેશ્વર પાર્શ્વજિન સ્તવન.+

તાહરાં નેણાં રે પ્યારા પ્રેમનાં ભર્યાં છે, તા૦
પ્રેમનાં ભર્યાં છે, દયા રસનાં ભર્યાં છે; તા૦

---

* ભીમસિંહ માણેક મુંબઈ તરફથી છપાયેલ ‘જૈન કાવ્ય પ્રકાશ’ ભાગ ૧ માંથી ઉતાર્યું.

+ પાટણની મુ. જસવિજયજીના ભંડારની હસ્તપ્રત ઉપરથી ઉતાર્યું.

જે કોઈ તાહરી નિજરે ચઢી આવે;
કારજ તેહનાં સકલ સર્યાં છે. તા૦ (૧)
પ્રગટ થઈ પાતાલથી પ્રભુ તેં;
યાદવનાં દુઃખ દૂર કર્યા છે. તા૦ (૨)
પન્નગપતિ પાવકથી ઉગાર્યો;
જનમ મરણ ભય તેહનાં હર્યાં છે. તા૦ (૩)
પતિત પાવન સરણાગત તુંહી;
દરિસણ દીઠે માહરાં ચિત્તડાં ઠર્યાં છે. તા૦ (૪)
શ્રી શંખેશ્વર પાસ જિનેસર;
તુજ પદપંકજ આજથી ધર્યાં છે. તા૦ (૫)
જે કોઈ તુજને ધ્યાને ધ્યાવે;
અમૃતસુખ તેણે રંગથી વર્યાં છે. તા૦ (૬)

[૮૯]

શ્રી રંગવિજયજીવિરચિત

શ્રી શંખેશ્વર પાર્શ્વજિન સ્તવન*

જી પ્રભુજી પાસજી પાસજી કીજીઈ જી,
પ્રભુજી પાસજી છો પરમ આધાર રે, વાલા પ્રભુ;
જાસ પસાયથી પાંમીઈ જી, નવનિધ ઋદ્ધિસુખકાર રે, વાલા પ્રભુ;
દરિસણનો સુખ દીજીઈ જી, પ્રભુજી કીજીઈ મહેર મહારાજ રે.
વાલા૦ જી૦ (૧)

ચારિત્ર જ્ઞાન તુમે કહ્યાં જી, આતિમના ગુણ ગેહ રે; વા૦
દરિસણ વિણ નવિ શુદ્ધ છે જી, જિમ દુરિજનનો નેહ રે. વા૦ જી૦ (૨)

---

* પાટણની મુ. જસવિજયજીના ભંડારની હસ્તપ્રત ઉપરથી ઉતાર્યું.

તે અનુભવરસ રીઝથી જી, જોયા દેવ અનેક રે; વા૦
તત્ત્વ ન પામ્યો તેહથી જી, મિથ્યા રમણ અવિવેક રે. વા૦ જી૦(૩)
આપ અનંત ઋદ્ધના ધણી જી, દાયક સૂણી જિન દેવ રે; વા૦
પુણ્યપસાયથી આસથી જી, આવ્યો લહી તુમ સેવ રે. વા૦ જી૦ (૪)
ગુણીસેવા ગુણ સંપજે જી, એ જગ સાચી વાત રે; વા૦
લોહ કનક હોય સંગથી જી, પારસ જગ વિખ્યાત રે. વા૦ જી૦ (૫)
શંખેશ્વર પુરના ધણી જી, તારણ તરણ જીહાજ રે; વા૦
રંગવિજય કહે દીજીઈ જી, સેવકને શિવરાજ રે. વા૦ જી૦(૬)

[૯૦]

શ્રી રંગવિજયજીવિરચિત

શ્રી શંખેશ્વર પાર્શ્વજિન સ્તવન×

(રાગ—વેલાઉલ)

કૃપા કરો સંખેશ્વર સાહિબ, ગુનધામી અંતરયામી; (ટેક)
સંખેસર પૂરમાંહે બિરાજે, છાજે તખત પરે શિવગામી. કૃપા૦(૧)
મહાનંદ પદદાયક નાયક, પરમ નિરંજન ધન નામી;
તું અવિનાશી સહેજ વિલાસી, જીત કામી ધ્રુવ પદ રામી. કૃપા૦(૨)
પરમ જ્યોતિ પરમાતિમ પૂરણ, પૂરણાનંદમઈ સ્વામી;
પ્રગટ પ્રભાકર ગુણમણિઆગર, જગજનના છો વિસરામી. કૃપા૦(૩)
કાલ અનાદિ આનંદે સાહિબ, તુમ મૂરત પુન્યે પામી;
અબ દ્યો મુજ **અમૃત** પદ સેવા, **રંગ** કહે નિજ સીર નામી. કૃપા૦(૪)

× પાટણની મુ. મ. શ્રી. પુણ્યવિજયજી મહારાજ પાસેની એક હસ્તલિખિત પ્રત ઉપરથી ઉતાર્યું.

[૯૧]

શ્રી રંગવિજયજીવિરચિત

શ્રી શંખેશ્વર પાર્શ્વજિન સ્તવન*

(મુનિસુવ્રત જિન અરજ હમારી—દેશી)

શ્રી શંખેસર સાહિબ વંદો, ભવનાં પાપ નિકંદો રે;
અશ્વસેન કુલ કમલ દિણુંદો, વામા માતાનો નંદો રે. શ્રી૦ (૧)
કરુણાકર ઠાકર પ્રભુ મેરો, હૂં સેવક છું તેરો રે;
નેહ નીજર કરી સાહિબ મેરો, મેટો ભવનો ફેરો રે. શ્રી૦ (૨)
આસ કરી આવ્યા દરબારે, તુમ વિણુ કહો કુણુ તારે રે;
મિથ્યાતમ આતમ દુઃખદાયી, પ્રભુ વિના કુણુ નિવારે રે. શ્રી૦ (૩)
સકલ તીરથના નાયક સ્વામી, પૂરવ પુન્યેં પાયા રે;
શ્રી તપગચ્છ નાયક ગુણુલાયક, વિજયજિણુંદ સૂરિરાયા રે. શ્રી૦ (૪)
સંવત કરસ(શ)ર ગજ શશિમાંહિ, શુદિ સાત સોમવાર રે;
શ્રી મહારાજે મેહર કરીનેં, સહુ માજન તેડાવ્યાં રે. શ્રી૦ (૫)
વિધિસ્યું સહૂનો વેધ મિટાવી, જુગતેં ભેલા જિમાયા રે;
જસ લીધો કારજ સવિ સીધો, શ્રી પ્રભુજીનેં પસાઇં રે;
કૃષ્ણુવિજય ગુરુ રાયનો સેવક, **રંગવિજય** ગુણુ ગાયા રે. શ્રી૦ (૬)

[૯૨]

શ્રી શુભવિજયજી શિષ્ય
પં. શ્રી વીરવિજયજીવિરચિત

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ સ્તવન

સારકર સારકર સ્વામી **શંખેશ્વરા**,
વિશ્વ વિખ્યાત એકાન્ત આવો;

* લીંબડી જ્ઞાનભંડારની હસ્તલિખિત પ્રત ઉપરથી ઉતાર્યું.

જગતના નાથ મુઝ હાથ ઝાલી કરી,
આજ કિમ કાજમાં વાર લાવો. સા૦ (૧)
હૃદય મુઝ રંજણો શત્રુ દુઃખ ભંજણો,
ઇષ્ટ પરમિષ્ટ મોહે તુંહિ સાચો;
ખલક ખિજમત કરે વિપતિ સમે ખિણુ ભરે,
નવિ રહે તાસ અભિલાષ કાચો. સા૦ (૨)
યાદવા રણુજણે રામ કેશવ રણે,
જામ લાગી જરા નિંદ સોહી;
સ્વામી **શંખેશ્વરા** ચરણુજલ પામીને,
યાદવાની જરા જાય રોતી. સા૦ (૩)
આજ જિનરાજ ઊંઘે કિશ્યું આ સમે,
જાગ મહારાજ! સેવક પનોતા;
સુબુદ્ધિ મર્ધે ટલે ઘૂતે દોલત હરે,
વીર હાકે રિપુવૃંદ રોતા. સા૦ (૪)
દાસ છું જન્મનો પૂરીયે કામના,
ધ્યાનથી માસ દશ દોય વીત્યા;
વિકટ સંકટ હરો નિકટ નયણાં કરો,
તો અમે શત્રુ નૃપતિકું જીત્યા. સા૦ (૫)
કાલ મુંઘે અશન શીત કાલે વસન,
શ્રમ સુખાસન રણે ઉદક દાઈ;
સુગુણુનર સાંભરે વિસરે નહિ કદા,
પાસજી તું સદા છે સુખાઈ. સા૦ (૬)
માત તું તાત તું ભ્રાત તું દેવ તું,
દેવ દુનિયામાં દૂજો ન વહાલો;
શ્રી **શુભ વીર** જગ જીત ડંકો કરે,
નાથજી નેક નયણે નિહાલો. સા૦ (૭)

[૯૩]

શ્રી શુભવિજયજીશિષ્ય પં. શ્રી વીરવિજયજીવિરચિત

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ સ્તવન×

સુણો સખી શંખેશ્વર જઇએ, વિશ્વંભરને શરણે રહિએ;
દુઃખ છંડીને સુખીયાં થઇએ, સુણો સખી શંખેશ્વર જઇએ. (૧)
નમીએ દેવાધિદેવા, સાચે શુદ્ધે કરું સેવા;
ચિત્ત વસે સાચું જ કહેવા, સુણો૦ (૨)
આણી કષ્ટ થકી તો આરે, સેવક સાહિબ દિલ ધારે;
ભરાવી દામોદર વારે, સુણો૦ (૩)
પડિમા પાર્શ્વનાથ તણી, ગંગા જમના માંહે ઘણી;
કાલ અસંખ્ય જિનેન્દ્ર ભણી, સુણો૦ (૪)
લવણોદધિ વ્યંતર નગરે, ભુવનપતિમાં એમ સઘલે;
પૂજી ભાવ ઘણેરે અમરે, સુણો૦ (૫)
ચંદ્ર સૂય વિમાને કલ્પે, સૌધર્મ ઈશાને;
અર્ચી બારમા ગીર્વાણે, સુણો૦ (૬)
જાદવ લોક જરા વાસી, રામ હરિ રહ્યા ઉદાસી;
અઠ્ઠમ ધ્યાન ધરે આસિ, સુણો૦ (૭)
પદમાવતી દેવી તુઠી, શંખેશ્વર પ્રતિમા દીધી;
જાદવ લોકની જરા નીઠી, સુણો૦ (૮)

× શા. શિવનાથ લુંબાજી, પૂના સીટીથી પ્રકાશિત "શ્રી ચૈત્ય-વંદન-સ્તુતિ-સ્તવનાદિ સંગ્રહ" ભાગ ત્રીજાથી ઉતાર્યું.

પાર્શ્વ પ્રભુજીનો જશ વ્યાપે, **શંખેશ્વર** નગરી થાપે;
સેવકને વંછિત આપે, સુણો૦ (૯)
ગામ ગામે ઓચ્છવ થાવે, થોકે ગુણી જન ગુણ ગાવે;
શંખેશ્વર નગરી પાવે, સુણો૦ (૧૦)
તે પ્રભુ ભેટણને કામે, શા **મૂલચંદ** સુત શ્રી પામે;
સંઘવી **માણેકશા** નામે, સુણો૦ (૧૧)
વંશ વડા છે **શ્રીમાલી, ઈચ્છાચંદ માણેક** જોડ ઝાલી;
ગુર્જર દેશનો સંઘ મલી, સુણો૦ (૧૨)
અઢાર સો સીતોતેર વરસે, માગશર વદ પડવા દિવસે;
વિશ્વંભર ભેટ્યા છે ઉલસે, સુણો૦ (૧૩)
સાહિબ મુખ દેખી હસતા, શ્રી **શુભ વીર** વિઘ્ન હરતા;
પ્રભુ નામે કમલા વરતા, સુણો સખી **શંખેશ્વર** જઈએ. (૧૪)

[૯૪]

શ્રી શુભવિજયજીશિષ્ય
પં. શ્રી વીરવિજયજીવિરચિત
શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ સ્તવન*

(વિમલાચલ વિમલા પ્રાણી, અથવા—મહાવીર પ્રભુ ઘેર આવે—એ દેશી.)
નિત્ય સમરું સાહેબ સયણાં, નામ સુણતાં શીતળ વયણાં;
ગુણ ગાતાં ઉલ્લસે નયણાં રે, **શંખેશ્વર** સાહેબ સાચો.
બીજાનો આશરો કાચો રે. શંખે૦ (૧)

---

* માસ્તર ઉમેદચંદ રાયચંદ, અમદાવાદથી પ્રકાશિત "જૈન વાર્ષિક ઉત્તમ પર્વો" પૃ. ૪૯૭થી ઉતાર્યું.

દ્રવ્યથી દેવ દાનવ પૂજે, ગુણસંચિત શે। પણુ લીજે;
અરિહા પદ પર્યવ છાજે, મુદ્રા પદ્માસન રાજે રે. શંખે० (૨)
સંવેગે તજી ઘરવાસો, પ્રભુ પાસના ગણુધર થાશો;
તવ મુક્તિપુરીમાં જાશો, ગુણુ લોકમાં વયણે ગવાશો રે. શંખે० (૩)
એમ **દામોદર** જિન વાણી, **અષાઢા** શ્રાવક જાણી;
જિન વંદી નિજ ઘર આવે, પ્રભુ પાસની પ્રતિમા ભરાવે રે. શંખે० (૪)
ત્રણુ કાળ તે ધૂપ ઉખેવે, ઉપકારી શ્રી જિન સેવે;
પછી તેહ વૈમાનિક થાવે, તેહ પ્રતિમા પણુ તિહાં લાવે રે. શંખે० (૫)
ઘણો કાળ પૂજી બહુમાને, વળી સૂરજ ચંદ્ર વિમાને;
નાગલોકનાં કષ્ટ નિવાર્યાં, જ્યારે પાર્શ્વ પ્રભુ પધાર્યા રે. શંખે० (૬)
યદુ સૈન્ય રહ્યો રણુ ઘેરી, જીત્યા નહિ જાયે વૈરી;
જરાસંધે જરા તવ મેલી, હરિ બલ વિના સઘળે ફેલી રે. શંખે० (૭)
નેમીશ્વર ચોકી વિશાળી, અઠ્ઠમ કરે વનમાળી;
તુઠી પદમાવતી બાળી, આપે પ્રતિમા ઝાકઝમાળી રે. શંખે० (૮)
પ્રભુ પાસની પ્રતિમા પૂજી, બળવંત જરા તવ ધ્રુજી;
છંટકાવ ન્હવણુ જળ જોતી, જાદવની જરા જાય રોતી રે. શંખે० (૯)
શંખ પુરીને સૌને જગાવે, **શંખેશ્વર** ગામ વસાવે;
મંદિરમાં પ્રભુ પધરાવે, **શંખેશ્વર** નામ ધરાવે રે. શંખે० (૧૦)
રહે જે જિનરાજ હજુરે, સેવક મનવંછિત પૂરે;
એ ભેટણુ પ્રભુજીને કાજે, શેઠ **મોતીભાઈ**ના રાજે રે. શંખે० (૧૧)
નાના માણેક કેરા નંદ, **સંઘવી પ્રેમચંદ વીરચંદ**;
રાજનગરથી સંઘ ચલાવે, ગામોગામના સંઘ મિલાવે રે. શંખે० (૧૨)
અઢાર અઠ્ઠોતેર વરસે, ફાગણુ વદિ તેરસી દિવસે;
જિન વંદીને આનંદ પાવે, **શુભ વીર** વચન રસ ગાવે રે. શંખે० (૧૩)

[૯૫]

શ્રી શુભવિજયજીશિષ્ય પં. શ્રી વીરવિજયજીવિરચિત

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથનું સ્તવન*×

સહજાનંદી શીતલ સુખ ભોગી તો, હરિ દુઃખ હરી, ઈશતા વરી.
કેશરચંદન ઘોલી પૂજો રે કુસુમે,
અમૃત વેલીના વૈરીની બેટી તો;
કંત હાર તેહનો અરિ. કેશરચંદન૦ (૧)

---

* રાધનપુર નિવાસી, પ્રજ્ઞાચક્ષુ શ્રાદ્ધવર્ય દેવચંદજી પાસેથી પ્રાપ્ત.

× જો કે આ સ્તવનમાં ઇતિહાસ નથી, પરંતુ આ સ્તવન અંતર્લાપિકા સાથે શબ્દલાલિત્યવાળું છે. તેમજ આમાં શબ્દાલંકાર સાથે અર્થાલંકાર પણ મોજૂદ છે. કવિએ આ સ્તવનની રચના ભક્તિરસની લાગણીપૂર્વક બહુ ઊંડી ઊંડી કલ્પનાઓ કરીને કરેલી હોવાથી ગૂઢાર્થવાળા આ સ્તવનનો ભાવાર્થ બુદ્ધિશાળી મનુષ્યોના પણ સમજવામાં એકદમ આવે તેમ નહીં હોવાથી તેનો સંક્ષિપ્ત અર્થ અહીં આપવામાં આવ્યો છે. આ સ્તવનમાંથી " **श्री शंखेश्वर पार्श्वनाथ** " આવા શબ્દો નીકળે છે. તે આ પ્રમાણેઃ—

(૧) સહજાનંદી અને શીતલ સુખદના ભોગી એવા શ્રી પાર્શ્વનાથકુમારે હરિ—સર્પના દુઃખને હરણ કરીને પ્રભુતા પ્રાપ્ત કરી. અમૃતવેલી—વેલડીનો વૈરી—શત્રુ હિમ (હિમાલય), તેની પુત્રી પાર્વતીનો કંથ—પતિ મહાદેવ, તેનો હાર સર્પ, તેનો અરિ—શત્રુ ગરુડ,

(૨) તેનો સ્વામી કૃષ્ણ, તેની કાંતા—શ્રી લક્ષ્મી, તેનું એક અક્ષરવાળું નામ **શ્રી** તેને સૌથી પ્રથમ સ્થાપીને પછી આગળ

તેહના સ્વામિની કાંતાનું નામ તો,
એક વરણેં લક્ષણ ભરી; કેશરચંદન૦
તે ધુર થાપીને આગલ ઠવી એ તો;
ઉષ્માણ ચંદ્ર ક ખં ધરી. કેશરચંદન૦ (૨)

ફરસનો વરણ તે નયન પ્રમાણે તો,
માત્રા સુંદર શિર ધરી; કેશરચંદન૦
વીશરાજ સુત દાહક નામે તો,
તિગ વરણ આદિ દૂરે કરી. કેશરચંદન૦ (૩)

ઉષ્માણ-ઉષ્માક્ષર-'શ ષ સ હ,' તેમાંનો ચંદ્ર-પહેલો અક્ષર 'શ' તેના ક-કેશ (શિર)પર, ખં-આકાશ-પોલ-મીંડું ચડાવીને **शं** મૂકવો. તેની પછી

(૩) ફરસ-સ્પર્શ વ્યંજન ક થી મ સુધીના પચ્ચીશ અક્ષરો, તેમાંથી નયન-બે-બીજા નંબરનો 'ખ' તેના માથે માત્રા ચડાવીને **खे** મૂકવો. પછી

વિ+ઈશ=વીશ. વિ-પક્ષી, તેનો ઈશ-સ્વામી ગરુડ, તેનો રાજ-રાજા કૃષ્ણ, તેનો પુત્ર પ્રદ્યુમ્ન-કામદેવ તેનો દાહક-બાળનાર શંકર, તેનું તિગવર્ણ-ત્રણ અક્ષરનું નામ ઈશ્વર, તેમાંથી આદિ-પહેલો અક્ષર 'ઈ' દૂર કરીને બાકીના **श्वर** એ બે અક્ષરો મૂકવા. ત્યાર પછી

(૪) એકવીશમા ફરશે-સ્પર્શ વ્યંજન 'પ'ની પાસે કરણ-કાનો કરીને **पा** મૂકવો. પછી અર્થ-ધન તેનું અભિધ-બીજું નામ સ્વ, તેની સમ-તુલ્ય અક્ષર 'શ્વ' લઈને પછી, અંતસ્થ-'ય ર લ વ,' તેના બીજા અક્ષર 'ર'માંથી સ્વર દૂર કરીએ એટલે 'ર્' તેની શિવ-ગામી-મોક્ષગામિની ગતિ અર્થાત્ ઊર્ધ્વગતિ કરાવવી. એટલે શ્વ ને માથે રેફ ચડાવીને **र्श्व** મૂકવો. તેની પછી

એકવીશમે ફરસે ધરી કરણ તો,
અર્થાભિધ તે સમ હરી; કેશરચંદન૦
અંતસ્થે બીજો સ્વર ટાલી તો,
શિવગામી ગતિ આચરી. કેશરચંદન૦ (૪)
વિશ ફરસ વલી સંયમ માને તો,
આદિ કરણ કરી દિલ ધરી; કેશરચંદન૦
ઇણે નામે જિનવર નિત્ય ધ્યાઉં તો,
જિન હર જિનકું પરિહરી. કેશરચંદન૦ (૫)

---

(૫) વીશમો ફરશ–સ્પર્શ 'ન' અને સંયમ–સત્તર પ્રકારનું હોવાથી સત્તરમો 'થ', એ બેમાંથી આદિ–પ્રથમના અક્ષર 'ન'ની પાસે કરણ–કાનો કરીને '**નાથ**' એવા અક્ષરો દિલમાં ધારણ કરીને મૂકવા. જિન શબ્દનું (અર્થનું નહીં) હર–હરણ કરનાર જિન–શંકર વગેરે દેવોનો ત્યાગ કરીને ઉપર્યુક્ત (**શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ**) નામવાળા સાચા જિનવર (મોહને જીતનારાઓમાં શ્રેષ્ઠ)નું હમેશાં સ્મરણ કરું.

(૬) લોકો કહે છે કે–ત્ર્યંબકે–મહાદેવે વૃષ–કામને બાળી નાંખ્યો છે, પણ એ વાત ગળે ઊતરતી નથી. કેમકે અજ–નહીં ઉત્પન્ન થયેલ એવા ઈશ્વર–શંકરે પણ સીતા–પાર્વતીની આગળ કામને વશ થઇને નટતા ધારણ કરી હતી–નૃત્ય કર્યું હતું.

(૭) માટે તે–મહાદેવ વગેરે તો 'જિન' શબ્દના ચોર છે અને તમે તો જિન–મોહને જીતનારાઓમાં રાજા છો. તેથી હરિ–ઈંદ્રો તમારા ચરણોમાં પડીને નમસ્કાર કરે છે. બાલપણામાં તમે ઉપકાર કર્યો હતો, માટે હરિપતિ–નાગરાજ (ધરણેન્દ્ર), તમારા ચરણમાં સર્પના લંછન–ચિહ્નના બહાનાથી તમારી હમેશાં સેવા કરે છે.

(૮) આ પ્રભુના પદપંકજ–ચરણરૂપી કમળમાં અલિ–ભ્રમર થઇને રહીએ તો ભવોભવમાં કદી પણ દુઃખી ન થઇએ. આ મહારાજ જો

ત્ર્યંબકે દાહ્યો વૃષ જન બોલે તો,
વાત એ દિલમાં ન ઊતરી; કેશરચંદન૦
અજ ઈશ્વર પણ સીતાની આગે તો,
જાસ વિવશ નટતા ધરી. કેશરચંદન૦ (૬)

તે જિન તસ્કર તું જિનરાજ તો,
હરિ પ્રણમેં તુજ પાઉં પરી; કેશરચંદન૦
બાલપણે ઉપગારે હરિપતિ,
સેવન છલ લંછન ધરિ. કેશરચંદન૦ (૭)

પ્રભુ પદ પંકજ અલિ હોત રહિએ તો,
ભવ ભવમાં નહિ શલી ક્લી; કેશરચંદન૦
મન મંદિર મહારાજ પધારે તો,
હરિ ઉદયે ન વિભાવરી. કેશરચંદન૦ (૮)

સારંગમાં સંપા જર્યું ઝરકત,
ધ્યાન અનુભવ લેહરી; કેશરચંદન૦
શ્રી **શુભ વીરવિજય** શિવવહુને તો,
ઘર તેડંતાં દોય ઘરી. કેશરચંદન૦ (૯)

મનરૂપી મંદિરમાં પધારે તો, જેમ હરિ–સૂર્યનો ઉદય થવાથી વિભા-વરી–રાત્રિ રહેતી નથી તેમ તે મનરૂપી મહેલમાં અજ્ઞાનરૂપી અંધકાર રહેતો નથી.

(૯) સારંગ–મેઘ અથવા રાત્રિમાં જેમ સંપા–વીજળી ઝબકી ઊઠે છે તેમ, જો અનુભવ ધ્યાનની લહેરો ઊછળે તો પં. શ્રી શુભ-વિજયજી મહારાજના શિષ્ય પં. શ્રી વીરવિજયજી મહારાજ કહે છે કે–શિવવહુ–મુક્તિરૂપી વધૂને પોતાને ઘેર લાવતાં–પ્રાપ્ત કરતાં ફક્ત બે જ ઘડીની વાર લાગે. અર્થાત્ જલદી મોક્ષ મળે.

[૯૬]

શ્રી રૂપવિજયજીરચિત

શ્રી શંખેશ્વર પાર્શ્વજિન સ્તવન

સુંદર પાસ જિણુંદ છબી રાજે છે,
પ્રભુ મેરુ મહીધર ધીર ભાવલી ભાજે છે;
અશ્વસેન કુલ અંબરે રવિ સોહે છે,
જસ નીલ કમલ દલ કાય ભવિ મન મોહે છે. (૧)

નિજ ગુણ શુદ્ધ સ્વરૂપમાં રતિ કીધી છે,
અલબેલી નિજ વધૂ સાર નિજ વશ કીધી છે;
જ્ઞાન અનંત પ્રકાશથી જે દીપે છે,
ભામંડલ તેજે સૂર શશિને જીપે છે. (૨)

શૈલેશી ગુણ દહનમાં તે બાળ્યાં છે,
જે ભવોપગ્રાહિક કર્મ મૂલથી ટાળ્યાં છે;
સાદિ અનંતે ભાંગે સદા સુખ વરીયા છે,
પ્રભુ નિરુપમ અવ્યાબાધ ગુણના દરીયા છે. (૩)

આઠ કરમના નાશથી ગુણ પાયા છે,
એકત્રીસ મનોહર નાથ શિવપુરે ઠાયા છે;
ધ્યાતા ધ્યેયના ધ્યાનથી ધ્યેય પામે છે,
પ્રભુ તિણે તુજ સેવા નિત્ય મુજ મન કામે છે. (૪)

મહિમા મહીમાંહે ઘણો નિત છાજે છે,
પ્રભુ સૂરય કોડિ પ્રતાપ અધિકો રાજે છે;
શંખેશ્વરપુરમંડણો મન મોહે છે,
કહે રૂપ શંખેસરો પાસ અતિ ઘણું સોહે છે. (૫)

[९७]

શ્રી રૂપવિજયજીવિરચિત

શ્રી શંખેશ્વર પાર્શ્વજિન સ્તવન×

જિનપતિ અવિનાસી કાસીધણી રે, કે મનની રે આશા પૂરણહાર હો;
જિનપતિ ઓલગડી રે;
જિનપતિ અશ્વસેન કુલચંદલો રે, વાલો રે વામા માત મલ્હાર હો.
જિન૦ (૧)
જિનપતિ ત્રણ્ય ભુવન સિર સેહરો રે, કે સેવે રે ચોસઠિ સુરપતિ
પાય હો; જિન૦
જિનપતિ નાચે નવનવ છંદથી રે, કે સુરવધુ મધુર સ્વરે વલી
ગાય હો. જિન૦ (૨)
જિનપતિ તુજ રૂપે રતિપતિ ધસ્યો રે, કે અંગથી લાજી થયો છે
અનંગ હો; જિન૦
જિનપતિ તુજ ઉપમ કોઇ જગ નહીં રે, કે તું છે ગુણની રાસી
નિસંગ હો. જિન૦ (૩)
જિનપતિ નાગપતિ કર્યો નાગને રે, કે કરુણા રે કરી દીધો
નવકાર હો; જિન૦
જિનપતિ સોલ સહસ અણગારને રે, કે સાહુણી અડતીસ સહસ
નિસ્તાર હો. જિન૦ (૪)
જિનપતિ ધરણરાય પદમાવતી રે, કે સેવે રે પાસ જક્ષ વલી
પાય હો; જિન૦
જિનપતિ જાદવની નાસી જરા રે, કે તો હવે અમને કરો
સુપસાય હો. જિન૦ (૫)

---

*પાટણની શ્રી. જસવિજયજીના ભંડારની હસ્તપ્રત ઉપરથી ઉતાર્યું.

જિનપતિ પાસ આસ મુજ પૂરવેં રે, સાચો રે **સંખેસરો**
મહારાજ હો; જિન૦
જિનપતિ શ્રીગુરુ **પદ્મવિજયતણો** રે, કે માગેં રે **રૂપવિજય**
શિવરાજ હો. જિન૦ (૬)

[૯૮]

શ્રી રૂપવિજયજીવિરચિત

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ સ્તવન*

(સખી પડવે તે પહેલી જાણો રે—એ દેશી)

ત્રેવીશમો શ્રી જિનરાજ રે, નામેં સુધરેં સવિ કાજ રે;
લહેં લીલા લચ્છી સમાજ, **શંખેશ્વર** પાસજી જયકારી રે.
જૂની મૂરત મોહનગારી રે. શંખેશ્વર૦ (૧)
અતીત ચોવીસી મઝાર રે, નવમા દામોદર સાર રે;
જિનરાજ જગત સાણગાર, શંખેશ્વર૦ (૨)
પેઢાલ સાવક ગુણધારી રે, જિનવાણી સુણી મનુહારી રે;
પાસ તીરથેં મુગતિ સંભારી, શંખેશ્વર૦ (૩)
પ્રભુ પડિમા ભરાવી રંગે રે, સસી સૂરજ પૂજી ઉમંગે રે;
નાગીંદ્ર ઘણે ઓછંગે રે, શંખેશ્વર૦ (૪)
સુરનર વિદ્યાધર વૃંદ રે, કરી સેવના અધિક આણંદ રે;
યદુવારેં પૂજી ધરણેંદ રે, શંખેશ્વર૦ (૫)
યદુસેના જરાઈ ભરાણી રે, જિન નેમ ને સારંગપાણી રે;
કરાવી ભત્તિ ભાવના આંણી, શંખેશ્વર૦ (૬)
જરાસિંધુ જરા દુઃખ ભારી રે, તુમ્હ વીણ પ્રભુ કુણ નીસ્તારી રે;
તુમ્હેં જગત જંતુ હિતકારી, શંખેશ્વર૦ (૭)

* પાટણની શ્રી. જસવિજયજીના ભંડારની હસ્તપ્રત ઉપરથી ઉતાર્યું.

હરિ અઠમે તે ધરણીંદ રે, આપ્યા શ્રીપાસ જિણંદ રે;
જિન નવણ ગયું દુઃખ દૂર રે, શંખેશ્વર૦ (૮)
શંખસ્વરે આણ્યા જેણે રે, **શંખેશ્વર** નામ છે તેણે રે;
મહીમા ગવરાયે કેણે રે, શંખેશ્વર૦ (૯)
દ્વારામતી અથીરતા જાણી રે, વઢીયાર માંહી ગુણખાણી રે;
સંખેસ્વર ભૂમી પ્રમાણિ રે, શંખેશ્વર૦ (૧૦)
મધ્યલોક ઓઠ્ઠરી(?) પાસ રે, ત્રણ્ય ભુવનની પૂરે આસ રે;
દુસમનની કાઢે કાસ રે, શંખેશ્વર૦ (૧૧)
પદમાવતી પરતો પૂરે રે, ધરણિંદ વિઘન સવી ચૂરે રે;
સેવકનું વધારે નૂર રે, શંખેશ્વર૦ (૧૨)
શ્રી જિન **ઉત્તમ** જે ધ્યાવે રે, તે પરમ મહોદય પાવે રે;
કવિ **રૂપવિજય** ઈમ ગાવે રે, શંખેશ્વર૦ (૧૩)

[૯૯]

શ્રી રૂપવિજયજીવિરચિત

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ સ્તવન×

(ગોકુલમાંહી પધારજો મોરારી જી—એ દેશી)

દિલભરીયા દરીસણ દીજીઈ જિણંદજી, દિલભર દરિસણ દીજીઈ;
સેવક પાવન કીજીઇ જિણંદરાય, દિલભર દરિસણ દીજીઈ.
કાલ અનાદિની ગોદમાં વસીયો, રસીયો પુદ્ગલ સંગે; જિ૦
સુહુમ બાયર વણકાયનો વાસી, ભીનો ન દરીસણ રંગે. જિ૦ (૧)
ભૂ જલ અનલ અને વાયું, કાલ અસંખેવ ભંગેં; જિ૦
તુજ દરિસણ ફરસન નવી કીધો, લીનો મમતા રંગે રે. જિ૦ (૨)

× પાટણની મુ. શ્રી. જસવિજયજીના ભંડારની હસ્તપ્રત ઉપરથી ઉતાર્યું.

વિગલગતિ તુજ સકલ રૂપેં, દીઠા નહિ ગુણ રંગે; જિ૦
અસન્ની સન્ની ભવ પામી, ષજ ગતિ ન કરું ઢંગે. જિ૦ (૩)
નરનારક તિરિ સુર ભવ પામી, કીધી ન ભગતિ ઉમંગે; જિ૦
આરજમાંહી અનારજ જેહવો, થયો મતભેદેં પ્રસંગે. જિ૦ (૪)
તથા ભવપરણતિનેં જોગેં, સદ્‌ગુરુ ધ્યાન ન સંગે; જિ૦
મતમત ભેદ કુવાસના છારી, દૃષ્ટિ પિપરાને (?) રંગે. જિ૦ (૫)
પાસ પ્રભુ **સંખેસર** સાહિબ, દીઠો પુણ્ય તરંગે; જિ૦
રૂપા કહેં પ્રભુના પદ **પદ્મ**ની, સેવના કરું દૃઢ રંગે. જિ૦ (૬)

[૧૦૦

શ્રી કૃષ્ણવિજયશિષ્યરચિત

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ સ્તવન×

(દેશી–મેદિની)

પ્યારા લાગો પ્રભુ પાસજી રે, મ્હારા આતમના આધાર;
પ્યારા લાગો છો રે.
અશ્વસેન કુળ દિનમણિ, પ્રભુ વામા માત મલ્હાર; પ્યારા૦
અજર અમર અકલંક તું, દાયક શિવ સુખ દાન. પ્યારા૦ (૧)
પ્રેમ પ્રસન્ન પ્રભુતામઈ, પ્રભુ જગ ઉપગારી દેવ; પ્યારા૦
યાદવ જરા નિવારવા રે, પ્રભુ આવ્યા સ્વયમેય. પ્યારા૦ (૨)
માહરેં તો એક તાહરો રે, પ્રભુ છે મોટો આધાર; પ્યારા૦
સેવકને કરુણા કરી રે, પ્રભુ ભવસાગરથી તાર. પ્યારા૦ (૩)
શિવગામી સાહિબ વિના રે, પ્રભુ એ વિનતી કિહાં થાય; પ્યારા૦
મહેર નજર હોય તાહરી રે, પ્રભુ અશુભ કરમ મટી જાય.
પ્યારા૦ (૪)

× પાટણની મુ. મ. શ્રી. પુણ્યવિજયજી મહારાજ પાસેની એક હસ્તલિખિત પ્રત ઉપરથી ઉતાર્યું.

શ્રી શંખેશ્વર પાસજી રે, પ્રભુ દ્યો દરિસન જગદીસ; પ્યારા૦
કરજોડીને વિનવે રે, પ્રભુ કૃષ્ણવિજયનો સીસ. પ્યારા૦ (૫)

[૧૦૧]

શ્રી ન્યાયસાગરવિરચિત

શ્રી શંખેશ્વર પાર્શ્વજિન સ્તવન*

(રાગ કેદારુ : સુમતિ સદા દિલ મઇ ધરુ–દેશી)

સકલ મિલી સોહાસિણી સજી સોલઈ સિણગાર સલૂણી,
પરગટ પાસ જિણંદ સોહાગી તૂં પ્રભુ પરતા પૂરવઈ;
સેવઈ ઈંદ્ર નરિંદ્ર સોહાગી તૂં સુખદાઈ,
ઘસી કેસરિ પૂજની ચલી પાસ તણઈ દરબારી સલૂણી
તું સુખદાઇ **સંખેસરા.** (૧)

(રાગ–કાફી; અલબેલાની દેશી)

કરિ કંચન ચૂડી ભલી રે લાલ,
જેહ રણજણકારિ શશિવયણી રે;
નાકઇ મોતી નાચતઈ રે લાલ,
રતિરાણી અણુહારિ મૃગનયણી રે. (૨)
તું સુખદાયી **સંખેસરા** રે લાલ,
પરગટ પાસજિનંદ મુજ સ્વામી રે;
તૂં પ્રભુ પરતા પૂરવઇ રે લાલ,
સેવઈ ઈંદ્ર નરિંદ્ર સિર નામી રે. (૩)

(કરજોડી આગલી રહી–તું સુખ૦ એ દેશી)

કેસર મૃગમદ લેપિનઈ, કંઠ કંદલી ઠવી માલા રે;
ચાંપાવેલિ ગુલાબની, સરસ ઘણી સુકમાલા રે. તું સુખ૦ (૪)

---

*લીંબડી જ્ઞાનભંડારની એક હસ્તલિખિત પ્રત ઉપરથી ઉતાર્યું.

(સાધુનઈ જાઉં હુલામણુઇ–એ દેશી)

અગર ઉખેવી આગલિ હું ઉઆરી લાલ,
રંગમંડપ સુવિશાલ રે હું ઉઆરી લાલ;
ભામિની લેતી ભામણા રે હું ઉઆરી લાલ,
નૃત્ય સરઈ વર બાલ રે હું ઉઆરી લાલ. તું સુખ૦ (૫)

(પૂરવ ભવ મણિ કુંડલી–એ દેશી)

ઠમ ઠમ ઠમ ઠમ ઠમકતી, માનિની મંડી પાયે રે;
ઘમ ઘમ ઘમકતઈ ઘુઘરી, દિ ભમરી ભલભાયે રે. તું સુખ૦ (૬)

(સાહિર ભલઉ પણિ સાંકડુ રે–એ દેશી)

પાસજી આગલિ પ્રીતિ શું રે ભાવઇ ભાવના એમ,
શશિવયણી પાસજીનું ચિત રિઝવઈ હો લાલ,
પૂરઇ વંછિત જેમ મૃગનયણી. તું સુખ૦ (૭)

(રાગ–જયંતસિરિ; દુહલઉ પૂરો નારિનઉ–એ દેશી)

ભગતવચ્છલ ભગવંતજી, દિ તુઠા સબ સિદ્ધિ સ્વામી;
સુત સંપદ પરિવારની આપઈ, અવિચલ ઋદ્ધિ. સ્વામી,
તું સુખ૦ (૮)

(રાગ સારિંગ મલ્હાર; ઢાલ–નણદલની)

વંછિત દાયક સુરતરુ, વિનતડી અવધારિ હો;
સ્વામી પ્રારથના સફલી કરી, જનમ જરા દુઃખ વારિ હો.
સ્વામી તું સુખ૦ (૯)

(રાગ–ધન્યાસી; પાસજિનંદ જુહારિઇ–એ દેશી)

મુજ સેવકની સાહિબા, પૂરણ પૂરો આસો રે;
ન્યાયસાગર કહી પાસજી, દેજો લીલવિલાસો રે. સ્વામી
તું સુખ૦ (૧૦)

[१०२]

શ્રી પુણ્યસાગરસૂરિવિરચિત

શ્રી શંખેશ્વર પાર્શ્વજિન સ્તવન+

(ઉઠ રે દાસી દીવડીઓ અજુયાલ–એ દેશી)

સેવો **સંખેશ્વરો** મહારાજ, આરતિ સવિ હરે મનતણી જી
મારા રાજ;
સેવે ઈંદ ચંદ નાગેંદ, સેવેં મુનિવર બહુગુણિ જી
મારા રાજ. (૧)

કાશી દેસમેં નગર વણારસી નામ, રાજ કરે વષ(સ)તિવડો જી
મારા રાજ;
સઘલા મહિપતિ માંહે સિરદાર, અશ્વસેન મુગટ સમોવડો જી
મારા રાજ. (૨)

રાણી વામા દેવી નામ, તેહ તણી કુખેં ઉપના જી
મારા રાજ.
કુલ ઉદ્ધારણ તું જિનચંદ, વંદિત સુરનરપતિ ગુણી જી
મારા રાજ. (૩)

પહેલી ચોવીસી વારે એ જિનરાજ, દામોદર નવમા જિનપતિ જી
મારા રાજ.
આષાઢ શ્રાવકેં ભરાવ્યા મહારાજ, શ્રી **શંખેશ્વર** ધણી જી
મારા રાજ. (૪)

સઘલે ઠિકાંણે જઈ જિનરાજ, પછેં પ્રથવી પાવન કરી જી
મારા રાજ.

+ લીંબડી જ્ઞાનભંડારની એક હસ્તલિખિત પ્રત ઉપરથી ઉતાર્યું.

ભીડભંજન એ મહારાજ, મન ઈચ્છા પૂરણ કરે જી
મારા રાજ. (૫)
અઠમ કરિ કૃષ્ણ નરેંદ, ધરણેંદ્ર જિન પ્રતિમા દિયે જી
મારા રાજ;
સ્નાત્ર મહોચ્છવ કરિ અતિસાર, નમણ લેઇને સંઘલે છાંટિઓ જી
મારા રાજ. (૬)
જરાનિવારક તું જિનરાજ, હર્ષ સહિત ત્રિખંડા પતિ જી
મારા રાજ;
જિત હુઈ તવ કૃષ્ણ નરીંદ, જિત શંખ તવ પૂરતો જી
મારા રાજ. (૭)
નાઠો જરાસિંધ નૃપસેન, દહો દિસે તે ગયો જી
મારા રાજ;
તવ હુઓ નવમો વાસુદેવ, સવિ સંકટ દૂરે ગયો જી
મારા રાજ. (૮)
શ્રી અંચલગચ્છ સિણગાર, શ્રી પુન્યાબ્ધિસૂરીસરુ જી
મારા રાજ;
જે સેવે શ્રી **શંખેશ્વર** મહારાજ, મુક્તિરમણી વરે સુંદરુ જી
મારા રાજ. (૯)

[૧૦૩]

શ્રી કુશલવર્ધનવિરચિત

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ સ્તવન*

બહુ ભગતિ રે પણમિય શ્રી ગુરુતણા પાય,
મનરંગિ રે સમરિય સરસતિ દેવિ માય;

* પાટણની મુ. જસવિજયજીના ભંડારની હસ્તપ્રત ઉપરથી ઉતાર્યું.

સુખદાયક રે થુણુસ્યું પાસ જિણુંદરાય,
જસનામિં રે અલિય વિઘન સવ દૂરિ જાય. (૧)

વર જાય જૂહી કુસુમ ચંદન ઘસી ઘનસાર એ,
જિનરાજ પૂજા કરઈ જે નર સાર સમકિત ધાર એ;
તે લહઈ કમલા પુણ્ય વિમલા વિજયવંત મોહાધરા,
સંસારસાગર પારગામિ થાઈ સિદ્ધિવધૂસરા. (૨)

ઈંદ્ર વચને રે ધનદિવાસી જાણીઇં,
વર નગરી રે બારવતી મનિ આણીઈ;
તિહાં રાજા રે રાજ કરે ગોવિંદ નામ,
તિણિ અવસરિ રે જરાસંધ સાંભલિય ઠામ. (૩)

ઠર ઠામ જાણિ વેગિ આણી સબલ સેના અતિ ઘણી,
તવ વીર માની સાથ ચાલઈ મગધદેશતણું ધણી;
તે વાત નિસુણીય બલ જોહિ સયલ જાદવસ્યું મલી,
શ્રી કૃષ્ણરાય સુવેગિ ચાલિઇ સજન મન પૂગી રલી. (૪)

દોય સેના રે ઝૂઝ કરઇં ન્યાઈ કરી,
નવિ એકુ રે પગ પાહુઓ તવ ઉસરી;
તવ ખેદિં રે જરાસંધ મૂકઈ જરા,
તવ સઘલા રે જાદવ જાણુઈ ડાકેરા. (૫)

ડાકરા જાણી સંખપાણી સબલ ચિંતા મનિ કરઈ,
બાવીસમુ શ્રી નેમિજિણુવર અસિ અવસરિ ઉચરઈ;
ભવનપતિ ધરણિંદ મંદિર પાસ બિંબ અછિ સદા,
તસ નવણુ નીરિં છંટા દીજઈ વેગિ નાસઈ આપદા. (૬)

(ઢાલ–ઉલાલાની)

ઇમ નિસુણી જાદવ પતિ, આરાધઇ ધરણીપતિ,
મૂરતિ પાસ તણી તિહાં આણીઈ એ;
સહી મૂરતિ પાસ તણી તિહાં આણીઇ એ. (૭)
તવ બોલિ ધરણિંદુ એ, પાસઈ નેમિ જિણંદુ એ;
ચંદુ એ સયલ લોક સુખકારકુ એ, સહી૦ (૮)
જસ નામિ સંકટ ટલઈ, સંપદ સવિ આવી મિલઈ;
સાંભલી જિણવર બેહુ સરખા ભણુ એ, સહી૦ (૯)
તવ બોલિ નારાયણુ, હંમ તિસહ જિઅયાણુ એ;
જાણુ એ નેમિસર જગિ જાણુ એ, સહી૦ (૧૦)
ઈમ કહિઓ ગોવિંદુ એ, પૂજઇ પાસ જિણંદુ એ;
કંદૂ એ મંગલસુરપાદપતણું એ, સહી૦ (૧૧)
નવણુ નીર હાથિ ધરી, જાદવ સિંચઈ તવ હરિ;
મનિ ધરી હરખ સવે તે ઊઠીઆ એ, સહી૦ (૧૨)
અનુકરમિ ઝૂઝંઉ એ, જરાસંધ બલ હરઉ એ;
વરઉ એ જયલખિમિ હરિરાજીઓ એ, સહી૦ (૧૩)
હરખિ સંખ વજાવઇ એ, **સંખેસરપુર** ઠાવઇ એ;
ભાવએ મન સુધી રુડિ ભાવના એ, સહી૦ (૧૪)
જિણહર પવર કરાવી એ, પાસ બિંબ તિહાં ઠાવી એ;
આવીઇ યાત્રા કારણિ નરવરુ એ, સહી૦ (૧૫)

(ઢાલ)

શ્રી સંખેસર પાસનાહ મહિયલિ દીપતું,
વામાનંદન સામિ સાલ અરિદલ જીપતું;
સપ્તફણામણિ જાસ સીસ સાતઇ ભય ટાલઇ,
ભવભયભંજણુ સયલ લોક છોરુ પરિ પાલઈ. (૧૬)

જગબંધવ જગનાયકુ એ, જય જય તું જસવંત;
અશ્વસેન કુલ ચંદલુ, પ્રભાવતી વરકંત. (૧૭)
નીલ રયણુ સમ તેજપુંજ સાહેઈ તુમ દેહ,
મસ્તકિ રાજઈ મુકુટ સાર કમલાનું ગેહ;
કાને કુંડલ અતિ વિસાલ પૂંઠિ ભામંડલ,
જીતા જાણુએ ચંદ સૂર દીઠા જાણુઇ સુહમંગલ. (૧૮)
હિએ હાર અતિ નવ લખું એ, કંઠિ નીગોદર ચંગ;
બાહિં બાજુ બહરખા, પેખતાં મનિ રંગ. (૧૯)
રયણુ જડિત પાલઠી સાર દેખી મન મોહઇ,
મણિ કંચણુમય બીજપૂર કરમાંહિ સોહઇ;
અવર વિભૂષણુ છઇં અનેક નવિ દૂષણુ એક,
મહિમા મેરુ સમાન દેખી આણુ સુવિવેક. (૨૦)
શ્રી **સંખેસર** પાસ જિણુ, ગૂજર દેસિ વચાલિ;
મનવંછિત સુખ પૂરવઈ, ઇણિ કુડિ કલિકાલિ. (૨૧)

(ઢાલ–માલતંડેની)

સકલ મનોરથ પૂરણું એ માલંતડે, શ્રી **સંખેસર** પાસ
સુણિ સુંદરી;
તુમ દરસન દેખી કરીય મા૦, ભવિયણુ મનિઉ હુલાસ
સુણિ૦ (૨૨)
દૂરિ થકી ભવિયણુ જના એ મા૦, જે તુંમ નામ જપંતિ;
સુણિ૦
તેહ તણાં દુઃખ દાલીદ્દ એ મા૦, તતખિણિ દૂરિય જંતિ.
સુણિ૦ (૨૩)
સાસ કાસ અરિસાદિકુ એ મા૦, કુઠ જળોદર રોગ; સુણિ૦
વાતપિત્ત જર ખરજૂઆંઈ મા૦, વેલાજર વિષ જોગ.
સુણિ૦ (૨૪)

ગંડમાલ વાલાદિકુ એ મા૦, નાસઈ રોગ કિલેસ; સુણિ૦
અગનિ ચોર ભય સવ ટલઈ મા૦, તુમ નામિ સવિસેષ.
સુણિ૦ (૨૫)

જે ભવિયણુ ભાવિં કરી એ મા૦, પૂજ કરઇ અતિસાર. સુણિ૦
સૂખડિ કેસરસ્યું ઘસી એ મા૦, લેલી ઘન ઘનસાર.
સુણિ૦ (૨૬)

ગૂજર માલવ સોરઠી એ મા૦, મારુઆડના લોક; સુણિ૦
તુમનઇં ભેટણુ આવતા એ મા૦, દીસઇ છઇ બહુ થોક.
સુણિ૦ (૨૭)

તેહતણા મનવંછીઉ મા૦, સીજઇ છંઈ સવિ કાજ; સુણિ૦
જે તુમ સેવા મનિ ધરઈ એ મા૦, પામઈ અવિચલ રાજ.
સુણિ૦ (૨૮)

ચિંતામણિ કલપ્પતરુ એ મા૦, કામકુંભ જયદાય; સુણિ૦
કામધેણુ ઘરિ તસતણુઇ એ મા૦, જે વંદિય તુમ પાય.
સુણિ૦ (૨૯)

તુમ નામિ સુખ સંપદા એ મા૦, તુમ નામિ જયકાર; સુણિ૦
તુમ નામિ ભાવટિ ટલઇ એ મા૦, તુમ નામિ ભવપાર.
સુણિ૦ (૩૦)

તુમ નામિ ધરણીપતિ એ મા૦, સેવ કરઇ કર જોડિ; સુણિ૦
તુમ નામિં મણિ માણિકુ એ મા૦, તુમ નામિં ધન કોડિ.
સુણિ૦ (૩૧)

ગોલા માહિં મઇ તવ્યું એ મા૦, શ્રી **સંખેસર** પાસ; સુણિ૦
ઋદ્ધિ વૃદ્ધિ કરજ્યો ઘણી એ મા૦, પુરઉ મનની આસ.
સુણિ૦ (૩૨)

(કલશ)

ઇય પાસ જિણવર નમિય સુરવર શ્રી **સંખેસર** રાજીઓ,
ઇમ થુણ્યું ભગતિં લાભ જાણી અતુલ મહિમા ગાજીઓ;
તપગચ્છમંડન દુરિયખંડન શ્રી **હીરવિજયસૂરીસરો**,
તસ પાય સેવી **કુશલવર્દ્ધન** સીસ વંછીય સુહ કરો. (૩૩)

[૧૦૪]

શ્રી દેવવિરચિત

શ્રી શંખેશ્વર પાર્શ્વજિન સ્તવન×

(રાગ–ધન્યાશ્રી)

વામાકુ નંદન સેવું, સેવું જગદાનંદન સાહિબ;
નરખત અતિહિં મનોહર દેવઉ દેવઉ. વામાકુ નંદન.
(આંચલી) (૧)

સંકટ વિકટ ચૂરણ તુંહિ, કુમતિ કુમદ ગાલિઓ;
સેવકકુ શુભ પદવી દેઈ, રોગાંગી રોગ ટાલિઓ રે.
વામાકું૦ (૨)

ઋદ્ધિ વૃદ્ધિ સવિ સંપદ આલુ, ભવ ભવ ભીતિ નિવારુ;
દેવઉ કહઈ સંખેસર સામી, સેવક નિજ કારઉ રે.
વામાકુ૦ (૩)

[૧૦૫]

શ્રી ધર્મચંદ્રવિરચિત

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ સ્તવન

ધરણીંદા કરે સેવના પ્રભુ તારી, પૂજે પદ્માવતી જગ પ્યારી રે.
વામાદેવી માત મલાર, ઘનઘાતી ચારેને ટાળ;

× પાટણની મુ. જસવિજયજીના ભંડારની હસ્તપ્રત ઉપરથી ઉતાર્યું.

પામ્યા જ્ઞાન દર્શન શ્રીકાર, તજીઆ ઘાતી લહ્યા ભવપાર રે.
ધરણીંદા૦ (૧)
એનું જોગમુદ્રાનું રૂપ, દેખી મોહ્યા સુર નર ભૂપ;
પૂજતાં મુંધો ભવજળકૂપ, વળી પ્રગટયો સહજ સ્વરૂપ રે.
ધરણીંદા૦ (૨)
જિનજી શ્રી **શંખેશ્વર** પાસ, પૂરી જાદવ લોકની આશ;
કીધો **શંખેશ્વર**પુર વાસ, જસ ધ્યાતા હોયે અઘ નાશ રે.
ધરણીંદા૦ (૩)
ગણધર વાચક મુનિ સમુદાય, દેવ ચતુર્વિધ તુમ ગુણ ગાય;
વંછિત કારજ એહનાં થાય, કરજોડી નમે સહુ પાય રે.
ધરણીંદા૦ (૪)
કારણથી જેમ કારજ હોય, તેમ મેં સમર્યા પ્રભુજીને જોય;
જીવપ્રદેશે મળને ધોય, **ધર્મચંદ** કેવળ લહે સોય રે.
ધરણીંદા૦ (૫)

[૧૦૬]

શ્રી ખુશાલચંદ્રવિરચિત

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ સ્તવન[1]

શ્રી **સંખેસર** સુખકારિ, પ્રભુ મૂરત મોહનગારી હો; સાહિબ સુખકારી,
દેખી મુજ મન મોહે, ત્રિભુવનમાં સબળો સોહે હો. સાહિબ સુખકારી. (૧
અશ્વસેન કુલચંદા, પ્રભુ વામાજિકા નંદા હો; સા૦
નગરી વણારસી જાણો, વહે ગંગાજલ સપરાણો હો. સા૦ (૨)
ચઉદે સુપને જાયા, છપન કુમરી હુલરાયા હો; સા૦
જાદવકુલમાં જાણો, ત્રણ ખંડમાં કાનડ રાણો હો. સા૦ (૩)

---

૧ પાટણની મુ. જસવિજયજીના ભંડારની હસ્તપ્રત ઉપરથી ઉતાર્યું.

વાસુદેવ પ્રતિવાસુ ઝૂઝે, એક એકથી કોય ન ખૂઝે હો; સા૦
જરાસંઘે જરા મેલી, બલભદ્ર ને કાનડ બેલિ હો. સા૦ (૪)
ગયા નેમ જિનેસર પાસે, કહો નેમજી શું હવે થાશે હો; સા૦
અઠમનો તપ કીજે, નાગરાયનો ધ્યાન ધરીજે હો. સા૦ (૫)
ત્રીજે દન નાગરાય, કૃષ્ણજીને લાગે પાય હો; સા૦
પ્રતિમા પાસજી કેરી, તુમે આપો નવલ નવેરી હો. સા૦ (૬)
જૂની મૂરત દીપે સારી, પ્રભુ નમણે જરા નિવારી હો; સા૦
સંખપુરી સુખપાયા, **સંખેસર** નામ ધરાયા હો. સા૦ (૭)
નગર **સંખેશ્વર** વાસી, પ્રભુ બેઠા જોત વિલાસી હો; સા૦
દીઠે દોલત આપે, દુઃખિયાનાં દાલિદ્ર કાપે હો. સા૦ (૮)
ભાગ્યચંદ્ર ગુરુરાયા, નિત નમતાં પાતક જાયા હો; સા૦
ખુશાલચંદ્ર ગુણ ગાવે, પ્રભુ જપતાં નવનિધ આવે હો. સા૦ (૯)

[૧૦૭]

શ્રીમાન્ વિજયધર્મસૂરીશ્વરજી ગુરુવર્યવિરચિત

શ્રી શંખેશ્વર પાર્શ્વજિન સ્તવન

શ્રી **શંખેશ્વર** પાર્શ્વ, સુણો મુજ વિનતિ;
આવ્યો છું હું આજ, આશા મોટી ધરી. (૧)
લાખ ચોરાશી જીવા-યોનિ દ્વારા ભમ્યો;
તે માંહે મનુષ્ય-જન્મ, અતિ હિ દુલ્લહો. (૨)
તે પણ પૂર્વ પુણ્ય-પસાયે અનુભવ્યો;
તો પણ દેવગુરુ ને, ધર્મ ન ઓળખ્યો. (૩)

શું થાશે પ્રભુ મુજ, તુજ કરુણા વિના;
રઝળ્યો રાંકની પેરે, પામ્યો વિટંબના. (૪)
ન દીધું શુદ્ધ દાન, સુપાત્રે ભાવથી;
ન પાળ્યું વળી શીયલ, વિટંબ્યો કામથી. (૫)
તપ તપ્યો નહીં કોઈ, આતમને કારણે;
શું ઝાઝું કહું નાથ, જાવું નરક બારણે. (૬)
કીધા મેં જે કર્મ, જો તે વિવરી કહું;
તો લાગે બહુ વાર, ભજન ક્યારે કરું. (૭)
પૂર્વ વિરાધક ભાવથી, ભાવ ન ઉલ્લસે;
ચારિત્ર ડોળ્યું નાથ, કર્મ મોહની વસે. (૮)
ક્ષણ ક્ષણમાં બહુ વાર, પરિણામની ભિન્નતા;
તે જાણો છો મહારાજ, મારી વિકલતા. (૯)
નહિ ગુણનો લવલેશ, જગત ગુણી કહે;
તે સુણી મારું મન, હરખે અતિ ગહગહે. (૧૦)
પણ થયું મુજ આજ, દર્શન દેવ અતિ ભલું;
પૂર્વ પુણ્ય પ્રયોગે, કલ્પવૃક્ષ ફળ્યું. (૧૧)
માગું દીન-દયાળ, ચરણની સેવના;
હોજો **વૃદ્ધિ-ધર્મ**ની, ભવોભવ ભાવના. (૧૨)

[૧૦૮]

શ્રી શંખેશ્વર પાર્શ્વજિન સ્તવન*

શ્રી સંખેસર પાસ જિનેસર ભેટિયે,
ભવનાં સંચિત પાપ પરા સબ મેટિયે;

* 'રત્નસાગર' ભાગ પહેલો, પૃ. ૧૩૪ માંથી ઉતાર્યું.

મન ધર ભાવ અનંત ચરણ યુગ સેવતા,
અણુહુંતેં ઇક કોડિ ચતુરવિધ દેવતા. (૧)
ધ્યાન ધરું પ્રભુ દૂરથકી હું તાહુરો,
જલ જિમ લીનો મીન સદા મન માહુરો;
ભવ ભવ તુમહીજ દેવ ચરણ હૂં સિર ધરું,
ભવસાયરથી તાર અરજ આહીજ કરું. (૨)
ભૂખ ત્રિષા તપ સીત આતમ એ નવિ સહૈ;
તપ જપ સંયમ ભારતણો નવિ નિરવહૈ;
પણ જિણવરના નામતણી આસત ઘણી,
એહિ જ છે આધાર જગતગુરુ અમ્હ મણી. (૩)
તુમ દરસણ વિન સામ ભવોદધિ હું ફિર્યો,
સહિયા દુઃખ અનેક ન કારજ કો સર્યો;
મિલિયા હિવ પ્રભુ મુજ સદા સુખ દીજીયૈ,
ચઉગઇ સંકટ ચૂર જગત જસ લીજીયે. (૪)
યાદવપતિ શ્રીકૃષ્ણતણી આરતિ હરી,
સેના કીધ સચેત જરા દૂરૈ કરી;
પરચા પૂરણ પાસ રયણ જિમ દીપતો,
જયવંતો જિણચંદ સયલ રિપુ જીપતો. (૫)

[૧૦૯]

શ્રી શંખેશ્વર પાર્શ્વજિન સ્તવન

(રાગ—વેલાઉલ)

સુખદાતા સંખેસરો, લછી લીલા આપૈં;
અરિઅણ દલ અલગા કરૈં, જગમેં જશ થાપૈં. સુખદાતા૦ (૧)

તેજી તુરંગમ વાલિમા, મયગલ મલપંતા;
સંખેસરો સંભારતા, જયલછી વરંતા. સુખદાતા૦ (૨)

મનવંછિત મહિલા મિલૈં, બંધવની જોડી;
ભાવેં જિનજી ભેટતાં, ધણુ કંચન કોડી. સુખદાતા૦ (૩)

પૂજા પરતિખ પૂરતો, સેવકની આસ;
મન મનોરથ પૂરવૈ, **સંખેસર** પાસ. સુખદાતા૦ (૪)

[૧૧૦]

શ્રી શંખેશ્વર પાર્શ્વજિન સ્તવન*

શ્રી **શંખેશ્વર** પાસ જિણેશ્વર વંદિઇ રે, મહીમાં મહિમાવંત;
જેહનઇ પ્રણુમઇ સુરનર કિન્નર વિંતરા રે, શ્રી **સંખેશ્વરુ** રે. (૧)

વાણારીસિ અમરાપુરી સરીખિ જાણીઇ રે, અશ્વસેનનઇ રાજ;
વામાદેવી તસ ધરણી સોનાવરણી રે, અવતરઇ શ્રી જિનરાજ. શ્રી૦(૨)

અનુક્રમિ જિનવર યતિપતિ જનમિઆ રે, નામ દીધું શ્રી પાસ;
રાવ પાલીનઈ...........×..........., થાસ્યું કેવલ ખાસ. શ્રી૦ (૩)

જગજન શંસ હેલી જિનવર સવિ સહે રે, ટાલઈ બહુ મિથ્યાત;
ત્રિગડઇ બઇસિ શ્રી જિનવર ઘેઇ દેશના રે, સુણિ કરઇ નવિ પાત શ્રી૦(૪)

સમેતશિખર શ્રી જિનવર પહુંતા શિવપુરી રે, જે અછઇ
અવિચલ વાસ;
.........×.....કરું રે, પૂજો શ્રી જિનપાસ. શ્રી **સંખેશ્વર**૦ (૫)

---

*પાટણની મુ. જસવિજયજીના ભંડારની હસ્તપ્રત ઉપરથી ઉતાર્યું.
× આ સ્થળે પાઠ ખંડિત છે.

[१११]

શ્રીઅમરચંદ્રમુનિવિરચિત

શ્રી શંખેશ્વર પાર્શ્વજિન સ્તવન×

ઈમિ વદઇ વાણિ વાહિણ બઇઠા દીના,
દેવ દેવીનઈ ભોગ યોગ માનઇ સહુ બીના. (૧૫)
ગજઇ જલહર ખવઇ વીજ નવિ દીસઇ તરણી,
સમરે જો જિન પાસ તામ પામઇ ઘરઘરણી;
કુષ્ઠ ભગંદર કુઠ ખેયન સવાય,
ચઉરાસિ હીક હરસ અંધગડ સગવીસ. (૧૬)
પાણુપીહો કર્ણરોગ હીઆહોડી જેહ,
પીનસ પાઠઉં અડવૃદ્ધિ અંતર્ગડુ તેહ;
ગડ ગુંબડ નઇ દેહ દાહરાં ઘણુ સનિપાત,
કઠોદર હાડગંભીર જેહ નિર્બલ હુઇ ઘાત. (૧૭)
સાતપડો નઇ સોફ કમલ સંગ્રહણી કહઇ,
એગંતર મુખ બારઇ તાવ જેણુ દેહ દહીઇ;
ઇત્યાદિક જે દેહરોગ દૂરઇ સહી નાસઇ,
શ્રી સંખેસર પાસ નામ જપતાં ઉલ્લાસઇ. (૧૮)
ચરણુથકી જે કંઠતાંઇ લોહ સાંકળ જડિયા,
નિગડત પગિ અઠિલ જાસ સંકટ વસિ પડિયા;
કોપ રૂપ તવ ભૂપ પુરુષ ઉપરિ વલી માલઇ,
છૂટઇ તે બંધદુઃખ તાંમ જો પાસ સંભારઇ. (૧૯)

× પાટણની મુ. શ્રી. જસવિજયજી મ. ના ભંડારની હસ્તલિખિત પ્રત ઉપરથી ઉતારેલું આ સ્તવન અધૂરું મળ્યું છે; તેની શરૂઆતની ૧૪ાા કડી નથી મળી. પાછલો ભાગ સંપૂર્ણ મળ્યો છે.

ઇમ અટ્ઠ મહાભય હરણુ ચરણુ સરણે હું આયો,
તું સમરથ જિનરાજ આજ પૂરવ પુન્યે પાયો;
સાહિબ સાચો તેહ જેહ નિય સેવક પાલઈ,
મુજ કેરી તું આધિ વ્યાધિ આપદ ભર ટાલઇ. (૨૦)
શાકની ડાકણી ભૂત પ્રેત જોટીંગ પ્રચંડા,
ખયસ બાવન વીર કોડિ છપન્ન ચામુંડા;
કાત્યાયની સાઠિચ્ચારિ યોગિની ગ્રહપીડા,
નવિ હોઈં જિન પાસ નામ દુ:ખ નાવઇ નીડા. (૨૧)
વર્ણ અઢારઇ દેવ સેવ તુજ કેરી આવઇ,
નાનાવિધિ તે ભોગ યોગ સજોગઇ લ્યાવઇ;
પરતખ પરતા પૂરવઇ એ ચૂરઇ દુ:ખદાહ,
ધન ધન તે જન જાણિએ જેહનઇ તું નાહ. (૨૨)
સુંદર ગુર્જ્જર દેશ સહુ દેશ શૃંગાર,
વિનય વિવેક વિચાર સાર ગુણરયણુ ભંડાર;
તિહાં બઈઠો પ્રભુ પાસ આસ પૂરઇ મન કેરી,
સકલ સુરાસુર લોક થોક સેવા સારઇ તેરી. (૨૫)
શશિ જલનિધિ રસ ચંદ્રમાન સંવતની ભાસ,
કાર્તિકથી ધુરિ ગણુત જેહ હોઇ બારમો માસ;
ઈંદુ બિંદુ દોઇ લિખીય જોઇં સિતતિથિ અભિધાન,
તિણિ દિન થુણિઓ પાસદેવ રવિવાર પ્રધાન. (૨૪)
તપગણગયણવિભાસણિક દિણયર સમ દીપઈ,
વિજયસેનસૂરિ સીહ વાદિ દલ જીપઈ;
શાંતિચંદ્ર ઉવજ્ઝાય રાય પાય સેવા પામી,
અમરચંદ્ર ઇમ વદઇ વાણી ભગતઇ સિરનામી. (૨૫)

ઇતિ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ સ્તવનં સંપૂર્ણમ્। મુનિ શિવવિજય વાચનાર્થમ્। શ્રી રસ્તુ.

[११२]

શ્રીવિદ્યાચંદ્રગણિવિરચિત

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ સ્તવન×

વીપડિઓહી સંઘ ચતુરવિધિ જાણી;
એતલઉએ પરિકર થાપી શ્રી જિન પાસ,
સંમેતશિખર ગિરિ પુહતા લીલવિલાસ. (૩૭)
સઉ વરસ આઊખુ પાલી એ પરિમાણુ,
શ્રાવણુ સુદિ આઠમી પુહતા જિન નિરવાણુ;
તેત્રીસ મુનિસર સાથઈ અણુસણુ કીધ,
તે મુનિવરકેરા સકલ મનોરથ સીધ. (૩૮)
ઈમિ પાસ જિનેસર કેરી દસ ભવ જોડ,
ભણુતાં નિત ભાવઇ ઘરિ ઘરિ વંછિત કોડ;
સંખેસર મંડન જાગઈ પાસ દયાલ,
સમરથ મુજ સાહિબ સમરું સબલ ત્રિકાલ. (૩૯)
ભાવઠિ ભય ભંજઇ રંજઇ વરણુ અઢાર,
મહિમા મહિમંડલિ મોટઉ આજ અપાર;
વડ વિસહર કેસરી ચોર અગનિ જલ રોગ,
ગજ રણુ ભય નાસઈ પાસ નામ સંયોગ. (૪૦)
શશધરભાષાયુગમુનિ સંવત્સર જાણુ,
આસો વદિ સાતમિ **સમી** નયર મંડાણુ;

---

* લીંબડી જ્ઞાનભંડારની એક હસ્તલિખિત પ્રત ઉપરથી ઉતારેલ આ સ્તવનખ શરૂઆતની ૩૬ કડી નથી મળી. ૩૭ મી કડીથી પછીનો ભાગ સંપૂર્ણ છે.

ઇમ થુણીઓ શ્રીજિન વામાનંદન પાસ,
ભવિ ભવિ મુઝ હોજ્યો તુજ પદપંકજ વાસ. (૪૧)
જગગુરુ જયવંતુ **વિજયદાન**ગુરુસીસ,
શ્રીતપગછદિનકર **હીરવિજય**સૂરીસ;
પંડિતવર **વીપા** હસ્ત લહી સુપસાય,
કવિ કહઈ **વિદ્યાચંદ** જય જય જય જિનરાય. (૪૨)

(કલશ)

ઇમ થુણ્યું જિનવર સંઘ સુખકર પાસ જિનવર ત્રેવીસમઉ,
મુનિરાજ આજ જિણંદ વંદી દુરિત દુરઈ નીગમઉ;
સંખેસરુ શ્રી પાસ આશા પૂરવઇ એ ગુણનિધઉ,
વર વિબુધ**વીપા**સીસ **વિદ્યાચંદ** કહઈ જય જગતિલઉ. (૪૩)

ઇતિ શ્રીશંખેશ્વર પાર્શ્વજિન સ્તવનં સંપૂર્ણ. વ્યલેખિ પંડિત **વિદ્યાચંદ્ર** ગણિના સંવત ૧૬૬૩ વર્ષે શુભં ભવતાત્ ।
વિજયસેનસૂરિરાજ્યે.

[૧૧૩]

વાચક શ્રીપુણ્યકલશવિરચિત

શ્રી શંખેશ્વર પાર્શ્વજિન સ્તવન+

તું મુજ આતમ, તું મુજ પ્રાણ આધાર;
તુજ સમવડિ વાલ્હો કો નહી, અલવેસર અવધાર. મો.૦ (૫)
સયસ તેરહ હો આઠ ઉપરિ ભલા, સંવત સરસ વખાણ;
મગસિર વદિ હો બારસ શુભ દિને, યાત્રા ચઢી પરમાણ. મો૦ (૬)
બે કરજોડી હો અરજ કહું એતી, ભવિભવિ સાનિધિ સામ;
પુણ્યકલશ હો વાચક ઇમ ભણે, પ્રહિ સમરું રૂપ પ્રયાંમ. મો૦ (૭)

× પાટણની મુ. શ્રી જસવિજયજીના ભંડારની હસ્તપ્રત ઉપરથી ઉતારેલ આ સ્તવનની શરૂઆતની ચાર કડી મળી નથી.

हिन्दी स्तवन

[११४]

उपाध्याय श्रीयशोविजयजीविरचित

श्रीशंखेश्वर पार्श्वनाथ स्तवन*

अब मोहे ऐसी आय बनी ।
श्री संखेश्वर पास जिनेसर, मेरे तुं एक धनी॥ अब० (१)

तुं बिनु कोउ चित्त न सुहावे, आवे कोडि गुणी ।
मेरो मन तुज उपर रसियो, अलि जिम कमल भणी ॥ अब० (२)

तुम नामे सवि संकट चूरे, नागराज धरणी ।
नाम जपुं निशि वासर तेरो, ए शुभ मुज करणी॥ अब० (३)

कोपानल उपजावत दुर्जन, मथन वचन अरनी ।
नाम जपुं जलधार तिहां तुज, धारुं दुःखहरनी॥ अब० (४)

मिथ्यामति बहु जन है जगमें, पद न धरत धरनी ।
उनतें अब तुज भक्ति प्रभावें, भय नहि एक कनी॥ अब० (५)

सज्जन-नयन सुधारस-अंजन, दुरजन रवि भरनी ।
तुज मूरति निरखे सो पावे, सुख जस लील घनी ॥ अब० (६)

---

* 'ગૂર્જર સાહિત્ય સંગ્રહ' પૃ૦ ૧૦૦ માંથી ઉતાર્યું.

[११५]

श्रीमाणिक्यविजयजीविरचित

श्रीशंखेश्वर पार्श्वनाथ स्तवन*

(नर मोहीडा तोसें अबहि रे बोलूं रे
चलजा रे जीवडा बताई दे कांनीया. नर मोहिडा–ए देशी)

प्रीत बनी निभाईय बनेंगी, सुनो अब मेरे **संखेश्वर** सांईयां । प्री०
और ठोर बहु प्रीत करत हैं, भक्तकी रीत कठिन करीईया ॥ प्री० (१)

बालक गोद पर्यो बहु गुंदे, उर थल लायकें ले तबलीया । प्री०
गौवा चरत बन मन बछुवायें, तहि पयपान हि पोस धरीया ॥ प्री० (२)

जल चरती चलति जो जोवत, निज तनु तनुरथपाल तह हईयां । प्री०
पनीहारी कुंभ पेंर छपालत, चाले लटकति तारी दैयां ॥ प्री० (३)

सेव्यो निज जांनी नावपे तारत, तारक बिरुद ए आप वरैया । प्री०
सकल जगत कौ जलद जोवावत, दाम म मांगत दान नभईया ॥ प्री० (४)

भानु उद्योत करे महिमावत, किते जन देत हैं रोक रूपैया । प्री०
इसे न्याय केंते ज्यो कहावत, आप तरे अब मोहि तरैया ॥ प्री० (५)

विजयजिनेन्द्रसूरि संग उमंगे, श्री **संखेश्वर** सार करैयां । प्री०
चिर रवि हुय मेरु जुं प्रतपो, ठकुराई थिर थापैयां ॥ प्री० (६)

त्रिहु जगमां हि जिन तेरो ही महिमा, जय जय बोलत जगजनैयां । प्री०
माणिक कहें अब एतनो ही मांगु, बीज चरन सेवा फल पईयां ॥ प्री० (७)

---

* પાટણની મુ. જસવિજયજીના ભંડારની હસ્તપ્રત ઉપરથી ઉતાર્યું.

[११६]

श्रीरंगविजयजीविरचित

श्रीशंखेश्वर पार्श्वनाथ स्तवन+

श्री**शंखेश्वर** पास जिनेसर अरज सुनोजी,
कर मेरबांनी हां रे मेरी अरज० (आंकणी)
तारक बिरुद सुनी में आयो, तुम चरणें सरनां जानी ॥ श्री० (१)
सोल सहस मुनि आदि जुगति, तारें तुम अमृत बांनी।
उनकुं आतिमऋद्धि भर सिद्धे, पाए परम प्रभुजी दानी॥ श्री० (२)
पन्नग पावक जलतो उगार्यो, ज्ञान दिसा तुम पहेंचानी।
उनकुं दरस सरस भयो तेरो, सुरपति पदवी छहेरानी। श्री० (३)
में आयो एह कीरत सुंनकें, विनति एक सुनिये ज्ञानी।
भवोभव तुम चरनांकी सेवा, साहीब दीजें दिल मानी ॥ श्री० (४)
अश्वसेन वामाजीको नंदक, वंदत जगके सुल्तानी।
अब तो लेहेर मेहर मोय कीजें. **रंग** सदा शिव सुखदानी ॥ श्री० (५)

[११७]

श्रीरूपविजयजीविरचित

श्रीशंखेश्वर पार्श्वनाथ स्तवन*

सरस चरण शरण ग्रहे श्री जिनराज के.
याकी सेव करन सन आवैं हांजी जिहां,
नमत इंद देववृंद पुन्यकंद दलितदंद।

+ પાટણની મુ. જસવિજયજીના ભંડારની હસ્તપ્રત ઉપરથી ઉતાર્યું.
* પાટણની મુ. જસવિજયજીના ભંડારની હસ્તપ્રત ઉપરથી ઉતાર્યું.

भक्ति सार गुण अपार धरत प्यार,
काम छार दुरित दूर डारके ॥ श्री जिन० (१)
सजि शिणगार मनीह अंगे हांजी जिहां,
करत ग्यांन धरत ध्यांन मिटत मान होत तांन।
देव ललित भक्ति कलित पाप गलित दुरित चलित,
तत थेई थेई हावभाव नृत्य करत धारकें॥ श्री जिन० (२)
हस्तक सुंदर द्वादश किरणें हांजी जिहां,
सघट घाट करत नाट त्यजि उचाट देवि घाट।
ललित हार हृदय सार धरत प्यार गुन अपार,
वाजे वंश भेरी ताल दुंदुभि अपारके ॥ श्री जिन० (३)
शंखेश्वरपुर मंडन सोहैं हांजी जिहां,
पार्श्वनाथ मोक्ष साथ अखय आथ देत हाथ।
दान सूर चढत नूर पाप पूर करत दूर,
पद्मविजश शिष्य **रूपविजय** सार कारकें॥ श्री० जिन० (४)

[११८]

श्रीप्रभुविरचित

श्रीशंखेश्वर पार्श्वनाथ स्तवन*

(ठुमरीनी चाल)

जगजीवनकी छबी देख सखी, मेरे नयन में छवि बाह रही।
अने हां हां जगजीवनकी० (१)

---

* પાટણની મુ. જસવિજયજીના ભંડારની હસ્તપ્રત ઉપરથી ઉતાર્યું.

हां रे मति लीन भई तद ग्यांन मई,
अब रंग सुरंग में लीन सखीरी प्रेम फंद में आन परी।
अने हां हां जगजीवन० (२)

चंद्र चकोर ज्युं लीन भई, दग जोतमें जोति मिलाय रही।
अने हां हां जगजीवनकी० (३)

प्रभु कहे प्रभु पास शंखेश्वर, देखत सुरवधू मोही रही।
अने हां हां जगजीवनकी० (४)

[११९]

श्रीचिदानंदजी विरचित

श्रीशंखेश्वर पार्श्वनाथ स्तवन*

(चाल—नथणीसे ललकारुंगी)

श्री शंखेसर पास जिणंदके, चरण कमल चित्त लागी।
सुणजो रे सज्जन नित्य, ध्याउंगी (आंकणी)

एहवा पण दढ धारी हियामें, अन्य द्वार नहि जाउंगी ॥ सुण० (१)
सुंदर सुरंग सलुणी मूरत, निरख नयन सुख पाउंगी ॥ सुण० (२)
चम्पा चमेली अरु मोगरा, अंगीया अंग रचाउंगी ॥ सुण० (३)
शीलादिक शणगार सजी नित्य, नाटक प्रभुकुं दिखाउंगी ॥ सु० (४)
चिदानंद प्रभु प्राण जीवनकुं, मोतीयन थाल वधाउंगी ॥ सुन० (५)

---

* શા. શિવનાથ લુંબાજી, પૂના તરફથી પ્રકાશિત "ચૈત્યવંદન-સ્તુતિ-સ્તવનાદિ સંગ્રહ" ભાગ પહેલામાંથી ઉતાર્યું.

[१२०]

श्री विजया-ंद्सूरि (आत्मारामजी) म० रचित

श्री शंखेश्वर पार्श्वनाथ स्तवन

मोरी बैंयां तो पकर **शंखेश** श्याम, मोरी० ।
करुणारस भरे तोरे नयन श्याम, मोरी बैयां० (१)
तुम तो तार फणींद जग साचे, तुम तो० ।
हमकुं विसार न करुणाधाम, मोरी बैयां० (२)
जादवपति अरति तें कापी, जादव० ।
धारित जगत **शंखेश** नाम, मोरी बैयां० (३)
हम तो काल पंचम वश आये, हम तो० ।
तुमेरो ही शरण जिनेश नाम, मोरी बैयां० (४)
संयम तप करणे शुद्र शक्ति, संयम० ।
न धरुं कर्म झकोर पाम, मोरी बैयां० (५)
आनंद रस पूरण सुख देखी, आनंद० ।
आनंद पूरण **आत्माराम**, मोरी बैयां० (६)

[१२१]

श्रीविजयानंदसूरि (आत्मारामजी) म० रचित

श्री शंखेश्वर पार्श्वजिन स्तवन

(राग—कलींगडा)

पास प्रभु रे तुम हम सोर के मोर, पास प्रभु० (ए आंकणी)
जो कोई सिमरे **शंखेश्वर** प्रभु रे ।
डारेगा पाप नीचोर ॥ पास० (१)

तुं मनमोहन चिद्घन स्वामी रे ।
साहिब चंद चकोर ॥ पास० (२)
तुं मन विकसे भविजन केरा रे ।
फारेगा कर्म हिंडोर ॥ पास० (३)
तुंमज सुनेगा दिलकी बातां रे ।
तारोगा नाथ खरोर ॥ पास० (४)
तुंमज **आतम** आनंद दाता रे ।
ध्याता हुं तुमग किसोर ॥ पास० (५)

[१२२]

श्रीविजयानंदसूरि (आत्मारामजी) म० रचित

श्री शंखेश्वर पार्श्वजिन स्तवन

(राग- कलिंगडानी ठुमरी)

तोरी छबी मनोहारी **शंखेश** श्याम,
नीलांबुजवत तोरे नयन श्याम, तोरी छबी० (ए आंकणी)
चंद्र जू वदन जगत तूम भासे ।
कलमल पंक पखारे नाम ॥ तोरी० (१)
नील वरण तनु भवि मन मोहे ।
सोहे त्रिभुवन करुणाधाम ॥ तोरी० (२)
पारस पारससम करे जनको ।
हाटक करनन तुमरो काम० ॥ तोरी० (३)
अजर अखंडित मंडित निज गुन ।
ईश निरंजन पूरे काम ॥ तोरी० (४)

अनघ अमल अज चिद्‌घनराशि ।
आनंदघन प्रभु **आतमराम** ।। तोरी० (५)

[१२३]

श्री ऋषिविजयजी महाराजविरचित

श्री शंखेश्वर पार्श्वजिन स्तवन

(भाईजी कृत–जिनंदा तोरे चरण कमलकी रे–ए देशी)

श्रीशंखेश्वर दरशन कर रे, कर रे कर रे कर रे कर रे (ए आंकणी)
अद्‌भुत रूप मनोहर सुंदर, देखत तन मन हर रे ।
अकल सरूपी जगत जयंकर, काम क्रोध सब झर रे ।। श्री० (१)
कमठासुरको मान भंजन कर, जगत जयकार तुं कर रे ।
जादव संकट दूर करीने, नाम **शंखेश्वर** धर रे ।। श्री० (२)
देश देशांतर संघ आवे, पूजा नवनवी कर रे ।
अंगकी रचना पापकी कटना, सकल कर्म दूर टर रे ।। श्री० (३)
राधनपुर संघ मली अति सुंदर, ओछव रचना भर रे ।
संघपति **शिवचंद**भाई हर्षी, जन्म जन्म दुःख हर रे ।। श्री० (४)
वदी कार्तिक पंचमीने दिवसे, यात्रा करी मनहर रे ।
सकल संघकुं महानंद उपजे, ओछव मंगल वर रे ।। श्री० (५)
वामानंदन जगदुःखखंडन, चंद वदन सम धर रे ।
मूर्ति प्यारी मोहनगारी, निरखत आनंदभर रे ।। श्री० (६)
संवत सागर चार अंग विधु, ऊर्ज मास वदी खर रे ।
पास **शंखेश्वर** प्रभु अलवेसर, मुक्तिरमणीकुं वर रे ।। श्री० (७)
क्रोध लोभ सब दूर निवारी, पास प्रभु चित्त धर रे ।
आत्म लक्ष्मी ते पद पामी, आनंद **हर्ष** तुं वर रे ।। श्री० (८)

સ્તુતિઓ

[૧૨૪]

શ્રીધનહર્ષમુનિવિરચિત

શ્રી શંખેશ્વર પાર્શ્વજિન સ્તુતિ*

શ્રી શંખેશ્વર પાસજી સોહેં, મહિમા મોટો મહિયલ મોહેં,
માને નરવર કોડિ,
બહુ ભવકેરાં પાતિક ધ્રૂજે, ચંપક કેતકી કુસુમેં પૂજે,
વાસવ પરિકર જોડી;
અતિ નિરમલ સુંદર ગુણભરીઓ, સંયમ લેઇ કેવલ વરીઓ,
અષ્ટ કરમદલ મોડિ,
ધનહર્ષ સેવક ઈણિપરેં કહવેં, તુજ પદ પંકજથી સુખ લહવેં,
સ્વામી ભવભય છોડી. (૧)
નામ જિણા જિણનામસરૂપ, ઠવણ જિણા જિણપડિમારૂપ,
શ્રી સિદ્ધાંતે કહીઆ,
દવ્વ જિણા જિણવરના આખ્યા,ભાવ જિણા જિણ જે બહુ માહખ્યા,
કેવલનાણે લહિઆ;
જે છે જે હુઆ જે થાસ્યેં, તે તિત્થયરા જે નર ધ્યાસ્યેં,
તેણેં આણા વહિઆ,
સિવ પદ હોવે જસ સંપદ વંદિ, તે વલિ જિનવર સયલ સુરંદિ,
કિત્તિય વંદિય મહિઆ. (૨)
ત્રિપદી જવ ગણધરને આપે, દુવાલસંગિ તતખિણ થાપેં,
જિનવર મહિમા એહ,

---

* પાટણની મુ. જસવિજયજીના ભંડારની હસ્તપ્રત ઉપરથી ઉતાર્યું,

તિહાં કહીઓ મુનિજન આચાર, નવતત્ત્વાદિક ભેદ વિચાર,
વારિં સવિ સંદેહ;
યોગ વહિ ગુરુ પાસે ભણિઈ, ઈમ ભવ સંચિત પાતિક હણિઇ,
બોધિ બીજ તરુ મેહ,
ભણતાં ગુંણતાં સાંભળતાં, જે કહિ કરણી તે આચરતાં,
નિર્મલ થાઈ દેહ. (૩)
શ્રી શંખેશ્વર પાસની સેવા, અહનિસ કરવા જેહને હેવા;
તે શ્રી ધરણ કહાવે,
વલી દેવી પઉમાવઈ નામ, પ્રભુ સેવકનાં સારેં કામ,
વંછિત ભોગ લહાવે;
તે સુર સુરિ સયલ સુખ પૂરેં, વિઘન વલી તે ભવિનાં ચૂરે,
યે યાત્રાઈ આવે,
હીરવિજયસૂરિ નિર્જિતકામ, તસ શીસુ **ધર્મવિજય** બુધ નામ,
તાસ સીસ ઇમ બોલે. (૪)

[૧૨૫]

શ્રીહંસરત્નવિરચિત

શ્રી શંખેશ્વર પાર્શ્વજિન સ્તુતિ×

કલ્યાણ કારક, દુઃખ નિવારક, સકલસુખ આવાસ,
સંસાર તારક, મદન મારક, **શ્રી સંખેશ્વર પાસ;**
અશ્વસેન નંદન, ભવિ આનંદન, વિશ્વ વંદન દેવ,
ભવ ભીતિ ભંજન, કમઠ ગંજન, નમીજે નિત્યમેવ. (૧)

× શા. શિવનાથ લુંબાજી, પૂના સીટીથી પ્રકાશિત "શ્રી ચૈત્યવંદન–સ્તુતિ–સ્તવનાદિ સંગ્રહ" ભાગ ત્રીજામાંથી ઉતારી.

ત્રયલોક દીપક, મોહ ઝીપક, શિવસરોવર હંસ,
મુનિ ધ્યાન મંડન, દુરિત ખંડન, ભુવન શિરઅવતંસ;
દ્રવ્ય ભાવ થાપન, નામ ભેદન, જસ નિખેવા ચાર,
તે દેવદેવા, મુક્તિ લેવા, નમો નિત્ય સુખકાર. (૨)
ષટ્ દ્રવ્ય ગુણ– પરજાય નયગમ, ભેદ વિશદ વાણી,
સંસાર પારા–વાર તરણી, કુમતિ કંદ કૃપાણી;
મિથ્યાત્વ ભૂધર, શિખર ભેદન, વજ્ર સમ જેહ જાણી,
અતિ ભગતિ આણી, ભવિ પ્રાણી, સુણો તે જિનવાણી. (૩)
જસ વદન શારદ, ચંદ સુંદર, સુધાસદન વિશાલ,
નિકલંક સકલ, કલંક તમહર, અંગ અતિ સુકુમાલ;
પદમાવતી સા, ભગવતી સવિ, વિઘ્ન હરણ સુજાણી,
શ્રી સંઘને કલ્યાણકારણી, **હંસ** કહે હિત આણી. (૪)

[૧૨૬]

શ્રીનયવિમલજીવિરચિત

શ્રી શંખેશ્વર પાર્શ્વજિન સ્તુતિ

શંખેશ્વર પાસજી પૂજીએ, નર ભવનો લાહો લીજીએ;
મન વાંછિત પૂરણ સુરતરુ, જય વામાસુત અલવેસરુ. (૧)
દોય રાતા જિનવર અતિ ભલા, દોય ધોલા જિનવર ગુણનીલા;
દોય નીલા દોય સામળ કહ્યા, સોલે જિન કંચનવર્ણ લહ્યા. (૨)
આગમ જે જિનવરે ભાખીયો, ગણધર તે હિયડે રાખીયો;
તેહનો રસ જેણે ચાખીયો, તે હુઓ શિવસુખ સાખીયો. (૩)
ધરણીધર રાય પદ્માવતી, પ્રભુ પાર્શ્વતણા ગુણ ગાવતી;
સહુ સંઘનાં સંકટ ચૂરતી, **નયવિમલ**ના* વાંછિત પૂરતી. (૪)

---

* આ કવિનું બીજું અને વધુ પ્રસિદ્ધ નામ જ્ઞાનવિમલસૂરિ છે.

[૧૨૭]

ઉપાધ્યાય શ્રીતેજરુચિવિરચિત

શ્રી શંખેશ્વર પાર્શ્વજિન સ્તુતિ+

શ્રી શંખેશ્વર પાસ જિણંદ, દરિસણ દીઠે અતિ આનંદ,
મોહનવલ્લી કંદ,
પ્રત્યક્ષ મહીમા જેહનો જાણી, આવે સુરનર ઉત્તમ પ્રાણી,
ભાવ ભક્તિ મન આણી;
પુરિસાદાણી પુહવી પ્રસિદ્ધ, નામ જપંતા સઘળી રિદ્ધ,
દરિસણથી નવે નિદ્ધ,
મહિમાવંત મન મોહન સ્વામી, પૂરવ પુન્યપસાયે પામી,
સેવો અહોનિશ ધામી. (૧)

સિત્તેર સો જિન સમરણ કીજે, માનવ ભવનો લાહો લીજે,
કારજ સઘળાં સીજે,
પન્નરે ક્ષેત્રે એહ જિણંદ, સેવ કરે જસ સુરનર ઈંદ્ર,
ટાલે દોહગ દંદ;
સંપ્રતિ કાલે જિનવર વીશ, સીમંધરાદિક નામું શીશ,
ભાવ ભલે જગદીશ,
સિત્તેર સો જિન યંત્ર પસાય, અલીય વિઘન સવી દૂરે જાય,
મનવાંછિત ફલ થાય. (૨)

સાધુ સાધ્વી વૈમાનિક દેવી, અગ્નિ ખુણે એહ પર્ષદા લેવી,
જિનવાણી નિસુણેવી,
ભુવનપતિ વળી વ્યંતર દેવી, જ્યોતિષી દેવી એમ કહેવી,
નૈઋત ખુણે રહેવી;

+ શ્રી જાલોરગઢ નિવાસી, ગોરુમલજી ઉમેદરામજીએ છપાવેલ "ચૈત્યવંદન સમુચ્ચય"માંથી ઉતારી.

વાયવ્ય ખુણે વળી વ્યંતર દેવા, ભુવનપતિ જ્યોતિષી કરે સેવા,
બોધિબીજ ફળ લેવા,
વૈમાનિક દેવ રાજા રાણી, ઈશાન ખુણે એહ કહાણી,
ઈમ સુણે સહુ જિનવાણી. (૩)
ઘમ ઘમ કરતી ઘુઘરી ઘમકે, કટીલંકે કટીમેખલા ખલકે,
બાંહે બહેરખાં ઝલકે,
મસ્તક વેણી વાસે વસીઓ, સાર શરીરે કંચુક કસીઓ,
જિનચરણે ચિત્ત વસીઓ;
ધરણેંદ્ર જાયા રંગ રસાલી, અતિયશા જાણે સાર મરાલી,
પાસશાસન રખવાળી,
શ્રી **તપગચ્છ** સુવિહિત સુખદાઈ, **તેજરુચિ** વિબુધ વરદાઈ;
દ્યો દોલત મુજ માઇ. (૪)

[૧૨૮]

શ્રી નયવિજયજીવિરચિત

શ્રી શંખેશ્વર પાર્શ્વજિન સ્તુતિ*

શ્રી સંખેસર પાસ જિણંદ, જસ મુખ સોહે પુનિમચંદ,
સાચો સુરતરુ કંદ,
અશ્વસેન કુલ કમલ દિણંદ, વામા રાણી કેરો નંદ,
નામે પરમાણંદ;
ચરણ કમલ સેવે નાગિંદ, તુઠો આપે પરમાનંદ,
ટાળે ભવ ભય ફંદ,
જેહને સેવે સુર નર ઇંદ, જસ સમરણ લહીઈ આણંદ,
વંદો પાસજિણંદ. (૧)

* પાટણની મુ. જસવિજયજીના ભંડારની હસ્તપ્રત ઉપરથી ઉતાર્યું.

શેત્રુંજે શ્રી ઋષભ જિનેશ, અષ્ટાપદ જિનવર ચઉવીસ,
સમેતશિખર જિન વીસ,
આબૂઈ શ્રી આદિ જિણેસ, તારંગે વંદુ અજિત જિણેસ,
ગિરનારેં નેમિશ;
સંખેસર શ્રી પાસ જિણેશ, અંતરિક પ્રણમું જગદીશ,
વિહરમાન જિન વીસ,
અવર જિકે છે જગદીશ, સ્વર્ગ મૃત્યુ પાતાલ જગીસ,
તે વંદુ નિશ દિસ. (૨)

અંગ ઇગ્યાર ઉપાંગ વલી બાર, દશ પઇનાં છ છેદ સાર,
નંદિ અનુજોગદ્વાર,
વારુ મૂલ સૂત્ર ચાર, જેહ માંહે છેં સકલ વિચાર,
શિવસંપત્તિ દાતાર;
જિનવર ભાખે અરથ ઉદાર, ગણધર સૂત્ર રચે અતિસાર,
જીવાજીવ વિચાર,
જેહથી લહિઈ ભવનો પાર, તે સિદ્ધાંત સુણો નરનાર,
આણિ ભાવ અપાર. (૩)

ચરણે નેઉર રમઝમકાર, કાંકણિ સબદ સમૂહ સફાર,
કટિ મેખલ ખલકાર,
ઉર વર સોહે મનોહર હાર, ભૂષણ ભૂષિત અંગ ઉદાર,
શોભિત સોલ શૃંગાર;
પાસ જિણેસર ચરણાધાર, સેવક જનને દિઈ આધાર,
સંઘ સકલ સુખકાર,
પદ્માવતી દેવી મનોહાર, પંડિત **જ્ઞાનવિજય** સુખકાર,
નયવિજય જયકાર. (૪)

[१२९]

શ્રી રંગવિજયજીવિરચિત

શ્રી શંખેશ્વર પાર્શ્વજિન સ્તુતિ*

શ્રી શંખેશ્વર પાસ જિણેસર, વીનતી મુજ અવધારો જી,
દુરમતિ કાપી સમકિત આપી, નિજ સેવકને તારો જી;
તું જગનાયક શિવસુખદાયક, તું ત્રિભુવન સુખકારી જી,
હરિ હિતકારી પ્રભુ ઉપગારી, યાદવ જરા નિવારી જી. (૧)

શ્રી શંખેસરપુર અતિ સુંદર, જિહાં જિન આપ વિરાજે જી,
સુરગિરિ સમ અતિધવલ પ્રાસાદેં, દંડ કલશ ધ્વજ રાજે જી;
ચિહુ દિસિ બાવન જિન મંદિરશેં, ચોવીસેં જિન વંદોજી,
ભીડભંજન જગગુરુ મુખ નિરખો, જિમ ચિર કાલેં નંદોજી. (૨)

શ્રી શંખેશ્વર સાહિબ દરીસન, સંઘ બહુ તિહાં આવેં જી,
ઘન કેકી જિમ જિનમુખ નિરખી, ગોરી મંગલ ગાવેં જી;
આઠ સતર એકવીસ પ્રકારેં, અઠોત્તર બહુ ભેદેં જી,
આગમ રીતેં જે જગગુરુ પૂજે, તે કર્મ કઠિનનેં છેદેં જી. (૩)

શંખેશ્વરજીનેં જિમણેં પાસેં, મા પદમાવતી દીપેં જી,
સુરપતિ ધરણુરાજ પટરાંણી, તેજેં રવિશશી જીપે જી;
તપગચ્છપતિશ્રીવિજયજિણેંદસૂરિ, અહનિસિ તસ આરાધેં જી,
કૃષ્ણવિજય જિનેસવા કરતાં, **રંગ** અધિક જસ વાધેં જી. (૪)

ઇતિ શ્રી શંખેશ્વર જિનરાજની સ્તુતિ છે. લિ. શ્રી સૂરતિનગરે
શ્રી શંખેશ્વર પાર્શ્વજિન પ્રસાદે.

---

* પાટણની મુ. જસવિજયજીના ભંડારની હસ્તપ્રત ઉપરથી ઉતાર્યું.

[૧૩૦]

મુનિ તત્ત્વવિજયજીવિરચિત

શ્રી શંખેશ્વર પાર્શ્વજિન સ્તુતિ×

શ્રીપાસ જિણેસર ભુવન દિણેસર, **સંખેસ્વરપુર** સોહે જી,
ભાવનાચંદન ઘસી ઘણું ભાવે, પૂજંતાં મન મોહે જી;
પુરસાદાણી વામા રાણી–જાયો એહ જિણંદો જી,
કમઠા હઠ એહ સઠ નિવારિ, નાગ કીયો ધરિણેંદો જી. (૧)

ઋષભાદિક ચોવીસે જિનવર, ભાવ ધરીનેં વંદો જી,
વર્તમાન જિન મૂર્તિ દેખી, હઇડે હોએ આણંદો જી;
અઢી દ્વીપમાં હુઆ વલી હોસે, જિનવર કરું પ્રણામ જી,
કર્મ ક્ષય કરી મુગતે પોહતા, ધ્યાઉં તસ જિન નામ જી. (૨)

જિનવરવાણી અમીય સમાણી, સકલ ગુણની ખાણી જી,
ઇગ્યાર અંગ ને બાર ઉપાંગ જ, ગણધરદેવ ગુંથાણી જી;
જે જે લોકો સુણો રે ભવિકા, રુદયે ઉલટ આણી જી,
ભવોદધિનો પાર ઉતરવા, નાવા રુડી જાણી જી. (૩)

રજનીકરમુખી મૃગલોચની, દેવી શ્રી પદ્માવતી જી,
ઉપદ્રવ હણતી વંછિત પૂરતી, પાસના ગુણ જે ગાવતી જી;
ચઉવિહ સંઘને રખ્યાકારી, પાપ તિમિરનેં કાપે જી,
દેવવિજય કવિ સીસ **તત્ત્વને**, વંછિત તેહ જ આપે જી. (૪)

× પાટણની મુ. જસવિજયજીના ભંડારની હસ્તપ્રત ઉપરથી ઉતાર્યું.

લાવણી, રાજગીતા, પદ વગેરે

[૧૩૧]

પં. શ્રી રૂપવિજયજીવિરચિત

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ લાવણી*

નમત અમર નર નિકર ચરણ જસ પરમ જ્યોતિ પાવનકારી,
કેવળજ્ઞાન વિરાજિત પરમાનંદકંદ જનહિતકારી;
નિરુપમ વદન રદન દ્યુતિ દિપેં નેન સોહે પંકજવારિ,
વામાનંદન ચંદનચરચિત **પાસ સંખેસર** સુખકારી.
(એ આંકણી) (૧)

સિદ્ધ બુદ્ધ ગુણ ઈદ્ધિ નિરંજન પરમજ્યોતિ તું અવિકારી,
નિર્મળ પરમાતમ પરમેસર પરમરૂપ જનહિતકારી;
આવિર્ભૂત યથાસ્થિત કેવળજ્ઞાન–ચરણ–દર્શનધારિ,
વામા૦ (૨)

ગત નિદ્રા તંદ્રા ભય ભ્રાંતિ રાગ દ્વેષ સંશય પિડા,
સોક મોહ પુનિજન્મ જરા મૃતિ ક્ષુધા તૃષા શ્રમ તેં જિતા;
મદન્માદ મૂર્છના કૌતિક વર્જિત તું પ્રભુ અવિકારિ,
વામા૦ (૩)

અકલ સ્વરૂપિ અરૂપિતિ સકલ કરણ રહિત કલ્પન ટારી,
અનંત વીર્જ પ્રગટયું તુજ ક્ષાઈક તુંહિ દેવ જગ ઉપગારિ;
સકલ પુરણતા ઘટમાં પ્રગટિ તુંહિ સનાતન ગુણધારિ.
વામા૦ (૪)

---

* શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી (પાલીતાણા) હસ્તકના શાહ અંબાલાલ ચુનીલાલના જ્ઞાનભંડારની હસ્તલિખિત પ્રત ઉપરથી ઉતારી.

પંચ હ્રસ્વાક્ષર ગુણુ સૈલેસિ થઇ અલેસિ તું સ્વામિ,
સાદિ અનંત અનોપમ અક્ષય નિજ ગુણુ થિરતા તેં પામિ;
રોગ સોગ ગતલોગ કૃતારથ પરમધામ ગુણુગણુધારિ,
વામા૦ (૫)

ભિમ ભગંધર કોષ્ટ અઢારહ નામ જપ્યાં સવિ દૂર ટલેં,
હિક હરસ નાસૂર ન થાએ જઠર ગાંઠ તે દૂર ટલે;
નમણુજલેં જાદવ પરેં દેહ કરે સોભાકારિ,
વામા૦ (૬)

જલન જલોદર જલભય વિષધર હરિ કરિ અરિયણુ જાય પરા,
ડાકિણી સાકિણિ પીડ કરે નહિ જે તુજ ધ્યાએ ધ્યાન નરા;
રિદ્ધિ સિદ્ધિ પ્રગટેં તસ મંદિર જે જન તુજ સેવાકારિ,
વામા૦ (૭)

દેહધુતિ દિનકર સમ દિપેં જિપેં કુવાદીકરીંદ્રઘટા,
પુર્વાપર અવિરોધિ સ્યાત્પદલંછિત વરસે વચનછટા;
નિરુપમ ચોત્રીસ અતિશય સોભિત ત્રણ્ય જગત જન નિસ્તારિ,
વામા૦ (૮)

કાશી દેશ વણુારસિ નગરિ અશ્વસેન કુલ દિવસમણિ,
ત્રણ્ય ભુવનમાં સુંદર રાજે કીરતી ઉજલ નાથ તણિ;
સેવક જન મનવંછિત પૂરણુ રયણુ ચિંતામણિ મનોહારિ,
વામા૦ (૯)

નાગરાય સેવા કરેં અહનિસિ પદમાવતી પરતો પૂરેં,
પાર્શ્વજક્ષ પરગટ થઇ ભવિના વિઘનકોડ ક્ષણુમાં ચૂરેં,
ચોસઠી ઈંદ્ર કરે જસ સેવા શિવસુખ લેવા મનોહારિ.
વામા૦ (૧૦)

સંખેસરપુર મંડણુ સાહિબ પાપવિહંડણુ તું સાચો,
ઉત્તમ તુજ પદ **પદ્મ**ની સેવા ભક્તિ કરેં ,તે નર સાચો;
રૂપવિજય ક્હે ગાય લાવનિ જિનની તે વરેં શિવનારિ,
વામાનન્દન ચન્દનચરચિત પાસ **સંખેસર** સુખકારી. (૧૧)

ઇતિ શ્રી શંખેશ્વર જિન લાવની સમાપ્ત.

પાઠનાર્થં અંબારામ શ્રી શુભ છે. અમદાવાદમાં લખી.

[૧૩૨]

શ્રી ઉદયવિજય વાચકવિરચિત

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ રાજગીતા×

સકલ મંગલતણી કલ્પવેલી, તીર્થંકર લચ્છીની જે સહેલી;
સરસતિ વરસતિ સરસ વાણી, આપી હિતહેતુ તે ચિત્ત આંણી. (૧)
સકલ સંપત્તિતણો જે વિધાતા, સકલ ભવિ જાસ ગુણ રંગ રાતા;
પાસ સંખેસરો તેહ દીપેં, હેજ તેજે સસી સૂર જિપેં. (૨)

(ફાગ)

તે સાહિબ સોભાગી નીરાગી ભગવંત,
થુણવા મુજ મતિ જાગી ભાગી ભાવઠ તંત;
હવે આલસ પરિછંડુ મંડુ પ્રભુસ્યું નેહ,
જેહ થકી દુઃખ નીકસઈ વિકસઈ સુખ અચ્છેહ. (૩)

(દુહા)

એક સુવિવેક પ્રભુ તુંહી દીસઈ, તુઝથી હિયલડું માહરું હેજ હીસઈ;
એક તું કલ્પતરુ રાય રોપ્યો, અમ્હતણો પુણ્ય અંબાર ઉપ્યો. (૪)

× પાટણની મુનિરાજ શ્રી જસવિજયજીના જ્ઞાનભંડારની એક હસ્તપ્રત ઉપરથી ઉતારી અને ત્યાંની જ બીજી બે હસ્તપ્રતો તથા રાધનપુર અખીદોશીની પોળમાંના શ્રી લાવણ્યસૂરિ જૈનજ્ઞાનભંડારની પહેલી નવ કડીવાળી અધૂરી હસ્તપ્રત સાથે મેળવી.

(ફાગ)

ધન્ય દિવસ ધન્ય તે ઘડી ધનવેલા મુજ તેહ,
જબ સુખદાયક નાયક ત્રાયક નિરખસ્યું હેજ;
સરવર જિમ કમલાકર દિનકર કરેં તેજ,
મન વિકસેં તિમ માહરું તાહરું નિરખત હેજ. (૫)

(દુહા)

બુદ્ધ ભગવંત અરિહંત સાંમી, સિદ્ધસિમંતિની ભોગ કામી;
આજ તું એક આધાર મિલિઓ, આજથી માહરો દિવસ વલીઓ. (૬)

(ફાગ)

સાહિબ સાંભળો વિનતિ જે હૂંતી બહુ દીન ચિત્ત,
આજ મિલ્યો કરુણાકર તારક તું જગમિત્ત;
એતા દિન તુજ સેવના દેવનાદેવની કીધ,
કેવલ આસથી પ્યાસથી મોહસુરા મેં પીધ. (૭)

(દુહા)

મોહ માયા મહારંભ ખાણી, પ્રીતની મોહમાયા નિસાણી;
મોહમાયા વસેં વિશ્વ પડીયો, મોહનેં તંતુ જગતંતુ જડીયો. (૮)

(ફાગ)

માયા જગ ધૂતારી ઉતારી નવિ જાય,
એ સંસારની માયા છાયા નવિ મુકાય;
એ માયાઈ હરિ હર સુર નર સસીધર સૂર,
મોહ મહાસવ પાનેં વાનેં પ્રગટયો નૂર. (૯)

(દુહા)

આજ હું પ્રભુતણે રંગ રાતો, આજ હું પ્રભુતણેં મોહ માતો;
આજ એ કામઘટ મેંહિં પાયો, સુરમણિ આજ અણચિંત આયો. (૧૦)

(ફાગ)

ભાવઠના દિન નાઠા માઠા દુશમન દૂર,
મંગલ માલિકા બાલિકા રંગ સુરંગ સનૂર;
કામગવી ઘર આંગણે અતિ ઘણે હેજ હસંત,
ઉત્તમ નર લીલા કરે જય વરે સુખ વિલસંત. (૧૧)

(દુહો)

ભુવનપતિ ધરણુ પાયાલલોકે, મન્મથપતિ ચક્રિ તે મનુયલોકે;
શક્ર સુરલોક તે રાગ વાહ્યો, નારી પાયે પડી ઉર ઉમાહ્યો. (૧૨)

(ફાગ)

નગન નચાવ્યો હો શંકર કિંકર પરિ ગિરિબાલ,
ઉપરિ અવધરી શિર સુરસરિતા અસરાલ;
વિષ્ણુતણી જે લીલા તે સવિ જાણે લોક,
બ્રહ્માની નિજપુત્રી સવિત્રી તસ ભોગ. (૧૩)

(દુહો)

રામ સીતાવિયોગે વિલાપી, રોહિણીલીન ચંદો સરાપી;
નલ,જિસ્યા તેહ પણિ મોહચોરે, રંકપરિ રાખીઆં આપ જોરે. (૧૪)

(ફાગ)

મોહતણે કટકે ભટ ઉદભટ રીણુ સીણુગાર,
ક્રોધ માન માયા મદ લોભ જિસ્યા જુજાર;
તે માંહિ પીણુ સમરથ મનમથ અતિ ભડવાય,
મોહ વસ્યે જગવાવ્યો ઉથાપ્યો નવિ જાય. (૧૫)

(દુહો)

ચક્રધાર હલધરા વાસુદેવા, દોય વણુ અવર દેવાધિદેવા;
મોહ માયા તણે જોર વાહ્યા, ભોગફલ સીમ ચારિત્ર ન પાયા. (૧૬)

(ફાગ)

નંદિષેણુ પીણુ સરિખા પુરુષા બાવન વીર,
આષાઢાદિક ગાઢા રાઢા રાખણુ ધીર;
મોહ જોહ અતુલી બલ તેણિ મનાવી આણુ,
રાંક ઢિંક કુણુ આસિરેં જગિ સરઈ મોહમંડાણુ. (૧૭)

(દુહો)

મોહેં મરુદેવિ સુત દુઃખ રેલી, મોહે રાજીમતી પણુ ગહેલી;
મોહ લીલાહ સઘળી પહેંલી, મોહની આણુ કોણે ન ઠેલી. (૧૮)

(ફાગ)

મોહે જોવન જાગે લાગઇં તવ રતિપ્રીત,
મોહતણી જગ એક જ ટેક જગે જગદીશ;
રાગેં જોર અથાગેં ભાગેં શિલની લીહ,
એકાદશ ગુણુઠાનેં ટાંણેં મોહની લીહ. (૧૯)

(દુહો)

મોહ તે એમ મિથ્યા ભમાડેં, આપણેં ફંદ જગ જંતુ પાડેં;
દંપતી દોઇ રંગે રમાડેં, સંત પણિ દોષ તસ નવિ દેખાડેં. (૨૦)

(ફાગ)

મોહતણે રસિ પરવસ એ સઘલો સંસાર,
આદિ અનાથ નીગોદથી ભમતાં દોહિલો પાર;
રામા હામા ધન ધન એ દોય જાંણે સાર,
સાર ધરમ તે નવિ કહેં તે ગતિ લહે કિરતાર. (૨૧)

(દુહો)

એક એ મોહ તે મહામાયા, એક એ મોહ સંસારછાયા;
મોહ આરામની નીક રામા, તેહના લોકનેં ફુટકે ભામા. (૨૨)

(ફાગ)

પાપણી સાપણી કાંમણી દાંમણી જિમ ચમકંત,
વિષમ વિષય વિષધારી પ્યારી રમઠમકંત;
ભોલા ભરમેં ભમાડે પાડઈ માયાપાશ,
કુડ પ્રપંચે વંચઈ ખંચઇ નિજ મતિ રાશિ. (૨૩)

(દુહો)

પેખિ ચુલણી મહામોહ માતી, પુરુષ પર પ્રેમસ્યું રંગિ રાતી;
કર્મ ચંડાલનું કરણુ લાગી, પુત્ર વધવાતણી કુમતિ જાગી. (૨૪)

(ફાગ)

પરદેશી નૃપ ભોલવ્યો રોલવ્યો દુષ્ટ જ્યું દાસ,
નારિ દુરગતિ મેલવે કેલવે કપટ વિલાસ;
તોહિ જ તસ મુખ દીઠે નિઠે પુણ્યની રાશિ,
સ્રીરૂપેં મોહભૂપેં ભવરૂપે ધર્યો પાસ. (૨૫)

(દુહો)

ધન્ય તું જેહ તેં મોહ જીત્યો, મોહ વેરી ગંજણો તું વદિ તો;
મેં હવે તોહિ દિદાર પાયો, માનું ગંગાજલે આજ નાહ્યો. (૨૬)

(ફાગ)

મોહ અરિમદમૂરણુ પૂરણુ પરમ પસાય,
શંખેસર પરમેસર કેસર ચરચિત કાય;
દેવ દયા કર ઠાકર ચાકર નજરિ નિહાલિ,
દુઃખટાલક જગપાલક નિજ બાલક પ્રતિપાલિ. (૨૭)

(દુહો)

એટલા દિવસ દુઃખ માંહિ દીઠા, આજથી સર્વ તે દુઃખ નીઠા;
હવેં પ્રભુ સાર સંભાર કીજે, સુખ નીરાબાધ વલિ બોધિ દીજેં. (૨૮)

(ફાગ)

ફરિ ફરિ મીનતિ વીનતિ જિન પતિ કેતિ કરાય,
ગિરુયા સાહિબ આગલિ લાગ લહિ કહેવાય;
સ્વામી હુઇ તે જાંણેં આણે નિજ ભણી નેહ,
સેવક વંછિત પૂરીઈ ચૂરીઇં દુરિત અચ્છેહ. (૨૯)

(દુહો)

મેહથી મોર જિમ મોહ માચેં, મુજ મન તુજથી રંગિ રાચેં;
માનુ હવિ મુજ તું સહી તૂઠો, માહરેં અંગિ આણંદ વૂઠો. (૩૦)

(ફાગ)

મુજ સમકિત અજુઆલિંઈ ટાલીઇં દુ:ખજંજાલ,
સેવક જન સંભાલીંઈ પાલીંઇં પરમ કૃપાલ;
મૃગતૃષ્ણા મદ મોડીઇં જોડિઈ સુખ ભરપૂર,
નાણરયણ મુજ દીજેં કિજે અદ્‌ભુત નૂર. (૩૧)

(દુહો)

જ્ઞાનધર નૂર તે વિશ્વ દીપો, જ્ઞાનધર પુરુષ તે ચિરંજીવો;
નાણ તેજઈ કરી રાગ વાહેં, શાંતિસુધારસ કુંડ નાહે. (૩૨)

(ફાગ)

દાલિદ્ર દુ:ખ તે તબ લગે જબ લગેં જ્ઞાન ન હોઇ,
જ્ઞાનતણા જે દરીઆ તે તરીયા સહુ કોઈ;
ભોગી ભમર ભરતેસરી સો થયો જાણતો,
આરીસા ભવનમાંઈ પામ્યો કેવલનાણ તો. (૩૩)

(દુહો)

જ્ઞાન પરણુત થકી યોગ પામેં, સિદ્ધ લીલા સતિ જેહ કામેં;
તેહ તીર્થંકર સતી જેહ...., તેહથી વાંણી અદ્યાપિ પીજઈ. (૩૪)

(ફાગ)

નાંણુવેલ અલવેસર **શંખેશ્વર** મંડાણુ,
મંગલકમલા કારણુ તારણુ ત્રિભુવન ભાંણુ;
જે ઈંમ ભાવઈ ગાવઈ પાવેં નિત કોડિ,
નિત નિત રંગ વધામણાં અતિઘણા પૂરેં કોડિ. (૩૫)

(દુહો)

શ્રી **વિજયદેવ** તપગચ્છ રાજા, શ્રી **વિજયસિંહ** ગુરુ વડ દિવાજા;
વાચક **ઉદયવિજય** પ્રણીતા, પાસ જિનવરતણી **રાજગીતા**. (૩૬)

[૧૩૩]

શ્રી વીરવિજયજીવિરચિત

શ્રીશંખેશ્વર પાર્શ્વનાથ પદ*

(રાગ–રામકલિ)

તુમ દેખો માઈ, અજબ જોતિ મેરે જિનકી.
કોડ સૂરજ જો એકઠા કીજૈ, હોડ ન હોવે રતનકી;
તુમ દેખો માઇ, અજબ જોતિ મેરે જિનકી. (૧)

ઝિગામિગ જોતિ ઝલાહલ ઝલકૈ, કાયા નિલવરણુકી;
તુમ દેખો માઇ, અજબ જોતિ મેરે જિનકી. (૨)

વીરવિજૈકે પાસ **શંખેસર**, આસ્યા પૂરોની મેરે મનકી;
તુમ દેખો માઈ, અજબ જોતિ મેરે મનકી. (૩)

---

* પાટણની મુ. જસવિજયજીના ભંડારની હસ્તપ્રત ઉપરથી ઉતાર્યું.

[૧૩૪]
શ્રી શંખેશ્વર પાર્શ્વજિન વિનતિ×
(દેશી—કડખાની)

આજ જિનરાજ સિરતાજ સુખ સાજસ્યો,
છાજતો ગાજતો ગુહિર ગાજી;
પાસ **સંખેસરો** પ્રગટ પરમેસરો,
ભેટિ ભય મેટિ બહુ ભયો રાજી. આજ૦ (૧)
દેખિ સવિશેષ અનિમેષ મુખ સુખકરુ,
પ્રભુતણો હું ઘણો ધન્ય એહો;
દિવસ વેલા ઘડી પુણ્ય સો પડવડી,
વડી વડી ભાંતિ વિકસેં સનેહો. આજ૦ (૨)
સાર સુખકાર દિદાર તુજ નિરખતાં,
પરમ પાવન ભયો ભુવનસ્વામી;
તેણુ ગુણુ લીણુ સુકુલીણુ પ્રભુ સેવવા,
હેવ હિવેં દેવનાદેવ પામી. આજ૦ (૩)
અંગ ઉમંગસ્યો પ્રભુતણે રંગસ્યો,
ચરણુ સુખ સંગસ્યો ચિત્ત વલગું;
નયનસુખ નયનમુખ નિરખિ હરખિત ઘણો,
એક ખિણુ પિણુ રહે નાંહિ અલગું. આજ૦ (૪)
શ્રવણુગુણુ શ્રવણુ વિણુ પ્રવણુ ખિણુ નવિ ગણે,
નિત ભણે નામ રસના રસીલી;
ધ્યાંન સંધાન કરિ આણિ મનમાં ધર્યો,
ધારીઈ તુંહિ પ્રભુ અગમશીલી. આજ૦ (૫)

× પાટણની મુ. જસવિજયજીના ભંડારની હસ્તપ્રત ઉપરથી ઉતારેલ આ વિનતિની શરૂની ૧૪ કડી મળે છે, તે પછીની નથી મળતી. એટલે તેના કર્તા કે રચનાસંવત સંબંધી કશો નિર્ણય કરી શકાતો નથી.

આણુ પરમાણુ જિનભાણુ ઈણુ પર ભવેં,
તાહરી તારણી ભવતણી જે;
એમ બહુ પ્રેમરસ ભાવીઓ,
આવીઓ ભવેં પ્રભુ નયણુ નીચે. આજ૦ (૬)
સકલ સંસાર સુખકાર દીદારને,
આવી દરબાર દુઃખપાર પાયો;
સુકૃત અંકુર શુભ નૂરે પેદા થયો,
ગહગહ્યો સુજસ જગમાં સવાયો. આજ૦ (૭)
દેવનાદેવની સેવના વિણુ જિકે,
દિન ગયા તેહ સહી નાંહિ લેખે;
આજથી નેહ મહારાજથી નિત નવો,
મુજ હવો તેણુ સુખસ્વામી દેખે. આજ૦ (૮)
ધન્ય જન જિન તિકે ચરણુ શરણે જીકે,
નિકટ અટકે ટકે ભક્તિ ભાવેં;
સુકૃત કૃત ગેહ નિજ દેહ સુખ લહી,
અનુભવ ભુવન પ્રભુતા સવાઈ. આજ૦ (૯)
અષ્ટ મહાસિદ્ધિ સવિ ઋદ્ધિ નિધિ નવ સવે,
બુદ્ધિ બહુ લબધિ પ્રભુચરણ સેવે;
મોજ મહિરાણુ જિનભાણુ નિજ જાણીનેં,
નિજ ભણી તેણુ બગસેં સદૈવ. આજ૦ (૧૦)
ભંજવા ભીતિ ભવભવતણી ભવિતણી,
નાદ દુંદુભિતણે ગયણુ ગાજે;
ધમ ચક્રી જયો જગતમેં જિનપતિ,
ધર્મચક્રતણે આગેં વિરાજે. આજ૦ (૧૧)
સ્વસ્તિ કરવા સદાકાલ નિજ બાલનેં,
સ્વસ્તિકાદિક ધરેં દેવ આગેં;

નૃતિ કરેં બહુપરેં સરસ સુરસુંદરી,
રંજવા ભક્તિ મન ભક્તિ રાગેં. આજ૦ (૧૨)
એમ જગ ખેમ કરવાભણી બહુ ગુણી,
જિનતણી લાછિ લખ ભાંતિ માંણે;
અસુર સુર કોડિ કર જોડિ આગેં ખડા,
પ્રભુતણી પરમ પ્રભુતા પ્રમાણેં. આજ૦ (૧૩)
અલખ લખિ લાખ અભિલાખ સુખ સાખિસ્યોં,
ઈણિ પરિં પરમ ઉપગાર કારી;
પ્રભુતણો ચરણુ પરિચરણુ હિવેં અણુસર્યો,
તેણે ત્રિકરણુ કરી એક તારી. આજ૦ (૧૪)
કુમતિ મલિ વા....(અહીંથી આગળનો પાઠ નથી મળતો.)

[૧૩૫]

શ્રીરંગવિજયજીવિરચિત

શ્રી શંખેશ્વર પાર્શ્વજિન કવિત્ત*

(કવિત્ત–છપ્પય)

જય જય જય જગતાત ભ્રાત ભવતાપનિવારન,
સરણાગત સિરધાર તરણુ જગજનકે તારન;
કમલાપતિકે કાજ પ્રગટ જિનરાજ પધારે,
જરા નિવારી જીત સકલજન કાજ સુધારે.
ગુન અમિત લાખ પાતિક હરન, હરિતબરન જન સુખકરન;
કર જોર રંગ વંદત, **શ્રી શંખેશ્વર** અસરનસરન. (૧)

સંપૂર્ણ. સં. ૧૮૭૬ કા૦ વ૦ ૧૪

*પાટણની મુ. શ્રી જસવિજયજીના ભંડારની હસ્તપ્રત ઉપરથી ઉતાર્યું અને પાટણની મુ. શ્રી. પુણ્યવિજયજી મ. પાસેની પ્રત સાથે મેળવ્યું.

૪ ગુજરાતી ઉદ્ધૃત વિભાગ

[૧૩૬]

વઢવાણિ ન વિલંબુ કિઉ જિમિઉ કરીરે ગામિ,
મંડલિ હોઇઉ **પાડલએ** નમિયઉ એ નમિયઉ **નેમિસું**
જીવિતસામી;
શંખેસર સફલીયકરણુ પૂજિઉ પાસ જિણિંદો,
સહજુસાહુ તહિં હરષિયઉં એ દેખિઉ એ દેખિઉ
ફણિમણિવૃંદો. (૫)

'સમરારાસુ' ઢાલ-૧૨, કડી. ૫, 'પ્રાચીન ગુર્જર કાવ્યસંગ્રહ' પૃ. ૩૭ થી ઉદ્ધૃત.

[૧૩૭]

સંભારું **શંખેશ્વર** ઠામઈ, પ્રથમ અઠોત્તર સઉ પરણામઈ;
નવનિધિ સિદ્ધિ થાઇં જિનનામઇં, પ્રભુ પૂજાઈ જન સુખ
પામઈ. (૪)

ઉપાધ્યાય શ્રીમેઘવિજયજીવિરચિત 'પાર્શ્વનાથ નામમાલા' ઢાલ ૧, કડી ૪, 'શ્રીપ્રાચીન તીર્થમાલા સંગ્રહ' ભાગ પહેલો, પૃ. ૧૪૯ થી ઉદ્ધૃત.

[૧૩૮]

ઇણુપરિ પાસજિણુંદજી એ, ઠવડણા દેસઇં દેસ,
સંખેસર સુરતરુ એ;

નામમાલા એ નિત ભણુઈએ, તસ દિઈ લચ્છિ અસેસ,
જિણેસર જયકરુ એ. (૨૬)
ધન્ય દિવસ મુઝ આજનો એ, સફલ થયો અવતાર; સંખે૦
નામ મંત્ર કરી હું જપું એ, પ્રભાવતી ભરતાર. જિણે૦ (૨૭)
ધરણિંદ નઈ પદ્માવતી એ, પાસયખ્ખ જિનપાસ; સંખે૦
દેવ અનેક સેવા કરઈ એ, પૂરઈં સેવક આસ. જિણે૦ (૨૮)
ૐ ह्रीं श्रीं अर्हं ભણી એ, માંહિ વરણુ અઢાર; સંખે૦
ધ્યાઈ ધવલઈ ધ્યાનસું એ, તે લહઈ કેવલ સાર. જિણે૦ (૨૯)
કોહ લોહ મદ ગોહસું એ, બાંધ્યાં કરમ દુરંત; સંખે૦
દેવ દિણેસર દરિસણુઈ એ, છોડઈ તે સવિ સંત. જિણે૦ (૩૦)
સત્તર પ્રકારઈ પૂજના એ, કરિ જિનની નવરંગ; સંખે૦
લખમી લાહઉ લીજિઈં એ, જિમ થાઈ સિવસંગ. જિણે૦ (૩૧)
શ્રીવિજયપ્રભસૂરિવરુ એ, જયવંતો નિસદિસ; સંખે૦
ગુરુ વચનિ સમકિત લહી એ, સેવઉ સબલ જગદીસ. જિણે૦ (૩૨)
નવનવ રાગઈં જિનતણી એ, નામમાલ ગુણગીત; સંખે૦
ગાઈં ધ્યાઈં ભાવસુ એ, તે થાઈં જગજીત. જિણે૦ (૩૩)

[કલશ]

શ્રીપાસ જિનવર વિનતસુરનર હરિહરસેવિતપાદ એ,
ભયભીડભંજન ભવિકરંજન સેવકજન સુપ્રસાદ એ;
તપગચ્છ સુંદર મુનિપુરંદર **વિજયપ્રભસૂરિ**રાય એ,
તસ પુણ્ય રાજઈ પંડિત છાજઈં **કૃપાવિજય** જસવાય એ. (૩૪)
તસ સીસ બંધુર દીવબંદિર, **મેઘવિજય** જય કરી;
એ નામમાલા ગુણવિશાલા, રચી ગુરુપદ અનુસરી. (૩૫)

ઉપાધ્યાય શ્રી મેઘવિજયજી વિરચિત 'શ્રી પાર્શ્વનાથ નામમાલા' ઢાલ ૫, 'શ્રી પ્રાચીન તીર્થમાલા સંગ્રહ' પ્રથમ ભાગ પૃ. ૧૫૩ થી ઉદ્ધૃત.

[१३९]

પં. શ્રી ૫ શ્રીવિનયકુશલ ગણિ શિષ્ય ગ૦ શ્રી ૩
શ્રીકીર્તિકુશલગણિક્રમાબ્જયુગલેભ્યો નમઃ ।

(પ્રથમ મોટનક છંદ)

પણમિ પયકમલ વર વિમલ નિઅ ગુરુતણા,
થુણિસુ પહુ પાસના સુગુણ સોહામણા;
સંખપુરાધીશ તુહ સબલ મહિમા સુણી,
હેજ ધરી હું ધસ્યો કુમતિ ગતિ અવગણી. (૧)

ભૂરિ ભુંઈ લંઘતો ભત્તિ આંણી ઘણી,
આવિઓ સામી તુહ ચરણ ભેટણ ભણી;
દેખી દીદાર સિરિકાર પણ હું હસ્યો,
તામ તુહ ગુણ થુણણ કરણ મણ ઉલ્લસ્યો. (૨)

આદિં દસ ભવિ ભણિસુ હું પહુ પાસના,
બિંબ ઉતપત્તિ પુણ તિત્થની થાપના;
હુઇઅ તિમ બોલી નિઅ ચિત્ત રમાડિઈ,
દુટ્ઠ કમ્મટ્ઠ રિઉ જેમ નમાડિઇ. (૩)

ચ્યારિ વરખંડ બ્રહ્માંડ પરિ વિસ્તરેં,
ઢાલ સુવિસાલસ્યું રંગ રસ બહુ તરેં;
કરિસુ ઈમ પાર્શ્વ પ્રબંધની વર્ણના,
સુણહ લો ભવિજના ઉંઘ આલસ વિના. (૪)

સયલ દીવોદહી મજ્ઝિ જંબૂ ભણું,
લંબ પિહુલપણઈ દીવ લખ જોઅણું;

ભરહ પણુ સય છવ્વીસ જોઅણુ છકલાતણું,
તત્થ પુર પોઅણું સગ્ગ સમ હું ગણું. (૫)

શ્રીજ્ઞાનકુશલરચિત 'શ્રી પાર્શ્વનાથ ચરિત્ર' (શંખેશ્વર પાર્શ્વ પ્રબંધ) નો પ્રારંભ ભાગ. 'જૈન ગુર્જર કવિઓ' ભાગ બીજો, પૃ. ૧૭૪ થી ઉદ્ધૃત.

[૧૪૦]

પંચાસરામાં પાસજી રે લો૦, **શ્રીસંખેસર** ભૂપ રે, સાહેલી.
પૂરવ દેહરિ જાણીઈ રે લો૦, એક સો બિતાલીસ રે, સાહેલી.

પં. મહિમાવિરચિત–ચૈત્યપરિપાટી ઢાળ ૧, 'પ્રાચીન તીર્થમાલા સંગ્રહ' ભાગ ૧, પૃ. ૫૭ થી ઉદ્ધૃત.

[૧૪૧]

શ્રી શંખેશ્વર પાસ પ્રભુ, મહિમા ત્રિજગવાસ;
યક્ષ જેહનો જાગતો, પૂરે વાંછિત આસ. (૧)
